

સર રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર કૃતા

# સુબોધ સંસ્કૃત માર્ગોપદેશિકા

૧

પ્રેરક

વૈરાગ્ય વારિધિ, આયડ તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભ

શ્રી કુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

સર રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર કૃતા

# સુબોધ સંસ્કૃત માર્ગોપદેશિકા



* પ્રેરક *

સિદ્ધાન્ત મહોદધિ, કર્મ સાહિત્ય નિષ્ણાત

સ્વ. પ.પૂ.આ.ભ.

શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના

અંતિમ શિષ્ય રત્ન

વૈરાગ્ય વારિધિ, આયડ તીર્થોદ્ધારક

પ.પૂ.આ.ભ.

શ્રી ફુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

✻ પ્રાપ્તિ સ્થાન ✻

**દિવ્ય દર્શન કાર્યાલય**
૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા-૩૮૭ ૮૧૦
જી. અમદાવાદ (ગુજરાત)

**શ્રી ઉમરા જૈન ઉપાશ્રય**
સોમનાથ મહાદેવ મંદિર રોડ, મલબાર હીલ,
સરગમ શોપીંગ સેન્ટરની પાછળ,
ઉમરા, સુરત. (ગુજરાત)
ફોન : ૦૨૬૧-૬૫૫૨૬૧૪, ફેક્સ : ૨૬૬૯૭૧૨

**મૂલ્ય : શ્રમણ સંઘ પઠન-પાઠન**

(આ પુસ્તક સાધુ, સાધ્વી અને જ્ઞાનભંડાર માટે જ્ઞાનનિધિમાંથી
છપાયેલ હોવાથી શ્રાવકોએ માલિકી કરવી નહીં.
જો માલિકી કરવી હોય તો
જ્ઞાન દ્રવ્યમાં ૭૦ રૂા. જમા કરાવવા.)

- આવૃત્તિ-પ્રથમ, નકલ-૫૦૦, વિ. સં. ૨૦૫૬
- આવૃત્તિ-દ્વિતીય, નકલ-૫૦૦, વિ. સં. ૨૦૫૮
- આવૃત્તિ-તૃતીય, નકલ-૫૦૦, વિ. સં. ૨૦૫૯
- આવૃત્તિ-ચતુર્થ, નકલ-૧૦૦૦, વિ. સં. ૨૦૬૪

✻ મુદ્રક ✻
રાજુલ આર્ટસ્
ઘાટકોપર, મુંબઇ-૪૦૦ ૦૭૭.
ફોન : ૨૫૧૧ ૦૦૫૬, ૨૫૧૪ ૯૮૬૩



# આશીર્વચનની અમીધારા

સિદ્ધાન્ત મહોદધિ, કર્મસાહિત્ય નિષ્ણાત
સ્વ. પ.પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.**

વૈરાગ્ય વારિધિ, આયડ તીર્થોદ્ધારક
પ.પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય ફુલચન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

સમતાનિધિ, વાત્સલ્ય વારિધિ
પ.પૂ. ગણિવર્ય
**શ્રી રશ્મિરાજવિજયજી મ.સા.**



।। શ્રી કુંથુનાથાય નમઃ ।। ।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

જ્ઞાન નિધિમાંથી આ ગ્રન્થના
પ્રકાશનનો લાભ

# શ્રી ઉમરા શ્વે. મૂ. પૂ.
# જૈન સંઘ
# ઉમરા સુરત

તરફથી લેવાયો છે.

# જેમની કૃપા અનરાધાર વરસી રહી છે એવા પ્યારા ગુરુદેવો

- જેમણે શીલ્પી બની અનેક સાધુઓને ઘડયા.
- જેમણે જિનશાસનને વિશાળ સાધુ સમુદાયની ભેટ ધરી.
- જેમણે વિપુલ કર્મ સાહિત્યનું નવનિર્માણ કર્યું.
- જેમણે ઉત્કૃષ્ટ નિર્મળ સંયમ પાળ્યું.



સિદ્ધાન્તમહોદધિ સ્વ.પ.પૂ.આ.ભ.
શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ



- જેમનો વૈરાગ્ય ઉત્કૃષ્ટ કક્ષાનો હોવાથી ''વૈરાગ્ય વારિધિ'' નું બીરૂદ અપાયું.
- જેમનું અપાર વાત્સલ્ય સર્વેને માટે વશીકરણ મંત્ર છે.
- જેમનો સદાય એક જ વ્યવસાય છે : પઠન-પાઠન (સ્વાધ્યાય).
- જેઓ સુવિશુદ્ધ ચારિત્રનું પાલન કરીને આશ્રિતોને અજોડ આલંબન આપી રહ્યા છે.

વૈરાગ્ય વારિધિ પ.પૂ.આ.ભ
શ્રી કુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

# પ્રસ્તાવના

અનંત ઉપકારી શ્રીજિનેશ્વર ભગવંતોનો પરમ તારક ઉપદેશ જે ગણધર ભગવંતો દ્વારા ગ્રથિત છે, તે આચારાંગ આદિ આગમ સાહિત્ય પ્રાકૃત ભાષામાં છે.

તેમાં પ્રવેશ માટે તથા પછીના મહાપુરુષો દ્વારા રચિત સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથોના અભ્યાસમાટે પણ સંસ્કૃત ભાષા શીખવી અનિવાર્ય છે.

આ સંસ્કૃત ભાષાના અભ્યાસ માટે પાણિની, ચન્દ્રિકા, સિદ્ધહેમ વિગેરે અનેક વિસ્તૃત વ્યાકરણ ગ્રંથો છે.

જે શીખવા માટે પૂર્ણ ધીરજ તેમજ લાંબા સમયના શ્રમની દરેક પાસે અપેક્ષા રાખી શકાય નહીં. આ સ્થિતિમાં ભાષા-નિષ્ણાતોએ ઓછી મહેનતે અને ટુંક સમયમાં સંસ્કૃત ભાષા શીખી શકાય તે માટે સરળ પદ્ધતિઓ અપનાવીને પાઠ્ય પુસ્તકો તૈયાર કર્યા છે.

આવા પુસ્તકોમાં શ્રી ભાંડારકરજીના પાઠ્ય પુસ્તકોનું આગવું સ્થાન છે.

આ પુસ્તકોના નામ છે:

(૧) સંસ્કૃત માર્ગોપદેશિકા અને (૨) સંસ્કૃત મન્દિરાન્તઃ પ્રવેશિકા

પ્રસ્તુત પુસ્તક "સંસ્કૃત માર્ગોપદેશિકા" નું જ સુંદર રૂપાંતર છે. એને વધુ સુબોધ બનાવવા માટે મુનિ શ્રી રત્નરાજવિજયજીએ તેના નિયમોને ભાષાકીય દૃષ્ટિએ સરળ બનાવીને, પ્રત્યેક પાઠના કોશને પુંલિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ આદિ અલગ પાડીને, અકારાદિ (આલ્ફાબેટિકલ) ક્રમથી ગોઠવીને મૂક્યા છે, તથા પુસ્તકના અંતે પણ અગત્યના નિયમોને ટુંકમાં મૂકી દીધા છે.

આ નિયમોને સુગમ બનાવવા માટે સ્વ. પ. પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભુવનભાનુ સૂરિજી મ.સા. તથા સ્વ.પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી પદ્મવિજયજી મ.સા. દ્વારા સંકલિત નિયમાવલીનો ડગલે ને પગલે ઉપયોગ કરાયો છે.

આ પુસ્તકને અનુરૂપ તેનું નામ "સુબોધ સંસ્કૃત માર્ગોપદેશિકા" રાખેલ છે તે ઉચિત જ છે.

મુમુક્ષુઓ આનો લાભ લઈ આગળ વધે એ જ શુભાભિલાષ.

→ વિ. કુલચન્દ્રસૂરિ
૨૦૫૬, ચૈત્ર વદ-૧૨
અમદાવાદ

## સ્વ=આત્મા અને અધ્યાય=અધ્યયન
## સ્વાધ્યાય = આત્માનું અધ્યયન

**પાણી વિના જેમ વૃક્ષનો વિકાસ શક્ય નથી,**
**સુમાતા વિના જેમ બાળકની પ્રગતિ શક્ય નથી,**
**સુશિલ્પી વિના જેમ મૂર્તિનો આકાર શક્ય નથી,**
**ભક્તિ વિના જેમ ગુરુની કૃપા શક્ય નથી,**

બસ...... તે જ રીતે,

જ્ઞાન વિના સાધુનું સાધુપણું શક્ય નથી.

એટલા માટે જ,

ગણધર ભગવંતો, પૂર્વાચાર્યો વડે રચાયેલ સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યનો બહોળો ખજાનો જૈન શાસનમાં ઉપલબ્ધ છે.

તેનો અભ્યાસ કરવા માટે અને સાધુપણાના પ્રાણ એવા સ્વાધ્યાયની મસ્તી માણવા માટે સંસ્કૃત ભાષાનો અભ્યાસ અનિવાર્ય છે.

કહ્યું પણ છે કે,

"सज्झाओ समो तवो नत्थि"

અર્થાત્

સ્વાધ્યાય જેવો કોઈ તપ નથી.

**રે ! વર્તમાનમાં જ્યારે ચારેય બાજુ મોહનું તાંડવ નૃત્ય ચાલી રહ્યું છે ત્યારે આ સ્વાધ્યાય જ સાધુને સાધુપણામાં સ્થિર કરી શકે છે.**

વળી,

આ સ્વાધ્યાય જ દ્રવ્ય સંયમથી ભાવસંયમની કેડી બતાવી શકે છે.

**ધનના અભિલાષીને જેમ ખાવાનું પણ ભાન રહેતું નથી,**
**પ્રભુભક્તિ કરનારને જેમ સમયનું પણ ધ્યાન રહેતું નથી,**

બસ...... તે જ રીતે,

**સ્વાધ્યાયની રુચિવાળાને બાહ્યપ્રવૃત્તિઓમાં રસ રહેતો નથી**

જેનાથી,

*સાધુપણું અખંડ-સુરક્ષિત રહી શકે છે.*

સ્વાધ્યાયનો મહિમા તો એટલો બધો છે કે,

**આ દુનિયાના તમામ સમુદ્રના પાણીની શાહી બનાવીને,**
**બધાય વૃક્ષોની કલમો બનાવીને,**
**આ પૃથ્વીને કાગળ માનીને તેની ઉપર લખવામાં આવે તો,**
**તે શાહી પણ ખૂટી જાય,**
**તે કલમ પણ ઘટી જાય,**
**રે ! તે પૃથ્વી પણ ઓછી પડે.**

આ જ સ્વાધ્યાય માટે સંસ્કૃત ભાષાના માર્ગનો ઉપદેશ કરાવતું પુસ્તક એટલે જ :

**"સુબોધ સંસ્કૃત માર્ગોપદેશિકા"**

આ પુસ્તકનું મહદ્અંશે સંશોધન કરી આપનાર મુનિશ્રી ચિરંતન રત્ન વિજયજીને આ પ્રસંગે હું કેવી રીતે ભૂલી શકું ?

આ પુસ્તકમાં છદ્મસ્થપણાના દોષથી જે કાંઈ ક્ષતિ રહી ગઈ હોય તે સુજ્ઞ પાઠકોએ સુધારવી.

સર્વે પુણ્યાત્માઓ આ પુસ્તકનો અક્ષરશઃ ઉપયોગ કરી પોતાના જીવનમાં સ્વાધ્યાયની મસ્તી માણો,

અને.........

રત્નત્રયીની આરાધનામાં આગળ વધી પરંપરાએ અનંત સુખમય મોક્ષને પામો એ જ એક અભિલાષ.

**→ મુનિ રત્નરાજ વિજય**
**૨૦૫૬, વૈશાખ સુદ-૫**
**અમદાવાદ**

# Master Key

૧.નામના રૂપો ગોખવાની સરળ ફોર્મ્યુલા :

**(A)** પહેલા પ્રથમા અને દ્વિતીયા વિભક્તિના રૂપો ગોખવા.

| દા.ત. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્રથમા | राम : | रामौ | रामा : |
| દ્વિતીયા | रामम् | रामौ | रामान् |

**(B)** પછી એ.વ.ના તૃતીયાથી માંડીને સપ્તમી સુધીના રૂપો ગોખવા.

| | તૃતીયા | ચતુર્થી | પંચમી | ષષ્ઠી | સપ્તમી |
|---|---|---|---|---|---|
| એ.વ. | रामेण | रामाय | रामात् | रामस्य | रामे |

**(C)** પછી દ્વિ.વ.ના તૃતીયાથી માંડીને સપ્તમી સુધીના રૂપો ગોખવા.

| | તૃતીયા | ચતુર્થી | પંચમી | ષષ્ઠી | સપ્તમી |
|---|---|---|---|---|---|
| દ્વિ.વ. | रामाभ्याम् | रामाभ्याम् | रामाभ्याम् | रामयो : | रामयो : |

**(D)** પછી બ.વ.ના તૃતીયાથી માંડીને સપ્તમી સુધીના રૂપો ગોખવા.

| | તૃતીયા | ચતુર્થી | પંચમી | ષષ્ઠી | સપ્તમી |
|---|---|---|---|---|---|
| બ.વ. | रामै : | रामेभ्य : | रामेभ्य : | रामाणाम् | रामेषु |

**(E)** પછી સંબોધનના રૂપો ગોખવા.

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| સંબોધન | राम | रामौ | रामा : |

૨. નિત્ય થયેલા પાઠનું પરાવર્તન દિવસમાં ઓછામાં ઓછું બે વાર કરવું જેથી તે પાઠ આત્મસાત્ થઈ શકે.

૩. નિત્ય રાત્રે સ્વાધ્યાય કાળમાં ૨૫ નામના અને ૨૫ ધાતુના દશેય કાળના રૂપોનો મુખપાઠ કરવો. જેથી ભાષામાં ઝડપી ગતિ થઈ શકે.

# અનુક્રમણિકા


| પાઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| - | સામાન્ય પરિચય | ૧ |
| - | જોડાક્ષર | ૪ |
| ૧ | ક્રિયાપદ વર્તમાનકાળ પરસ્મૈપદ-એકવચન | ૬ |
| ૨ | ક્રિયાપદ વર્તમાનકાળ પરસ્મૈપદ-બહુવચન | ૮ |
| ૩ | ક્રિયાપદ વર્તમાનકાળ પરસ્મૈપદ-દ્વિવચન | ૧૧ |
| ૪ | સમગ્ર વર્તમાનકાળ-પરસ્મૈપદ | ૧૩ |
| - | ઉપસર્ગ | ૧૬ |
| ૫ | નામ **अ** કારાંત ( પુંલિંગ,નપુંસકલિંગ ) પ્રથમા વિભક્તિ | ૧૮ |
| | નામ **इ** કારાંત ( પુંલિંગ,નપુંસકલિંગ ) પ્રથમા વિભક્તિ | ૨૧ |
| ૬ | નામ **अ** કારાંત ( પુંલિંગ,નપુંસકલિંગ ) દ્વિતીયા વિભક્તિ | ૨૪ |
| | નામ **इ** કારાંત ( પુંલિંગ,નપુંસકલિંગ ) દ્વિતીયા વિભક્તિ | ૨૬ |
| ૭ | નામ **अ** કારાંત અને **इ** કારાંત (પુંલિંગ,નપુંસકલિંગ ) તૃતીયા વિભક્તિ | ૨૯ |
| ૮ | નામ **अ** કારાંત અને **इ** કારાંત (પુંલિંગ,નપુંસકલિંગ ) ચતુર્થી,પંચમી વિભક્તિ | ૩૨ |
| ૯ | નામ **अ** કારાંત અને **इ** કારાંત (પુંલિંગ,નપુંસકલિંગ ) ષષ્ઠી, સપ્તમી અને સંબોધન વિભક્તિ | ૩૬ |
| - | અવ્યયો | ૪૧ |
| ૧૦ | વર્તમાનકાળ આત્મનેપદ - એકવચન | ૪૨ |
| ૧૧ | વર્તમાનકાળ આત્મનેપદ - દ્વિવચન અને બહુવચન | ૪૬ |
| ૧૨ | કર્મણિ અને ભાવે રૂપ | ૪૯ |
| ૧૩ | **आ** અને **ई** કારાંત સ્ત્રીલિંગ નામો પ્રથમા અને દ્વિતીયા વિભક્તિ | ૫૪ |
| ૧૪ | **आ** અને **ई** કારાંત સ્ત્રીલિંગ નામો તૃતીયા, ચતુર્થી અને પંચમી વિભક્તિ | ૫૭ |
| ૧૫ | **आ** અને **ई** કારાંત સ્ત્રીલિંગ નામો ષષ્ઠી, સપ્તમી અને સંબોધન વિભક્તિ | ૬૧ |
| ૧૬ | હ્યસ્તન ભૂતકાળ પરસ્મૈપદ - એકવચન અને દ્વિવચન | ૬૬ |
| ૧૭ | હ્યસ્તન ભૂતકાળ પરસ્મૈપદ - બહુવચન અને આત્મનેપદ- એકવચન | ૬૯ |

| | | |
|---|---|---|
| ૧૮ | હ્યસ્તન ભૂતકાળ આત્મનેપદ - દ્વિવચન અને બહુવચન | ૭૨ |
| ૧૯ | **उ** અને **ऋ** કારાંત પુંલિંગ, નપુંસકલિંગ નામો પ્રથમાથી ચતુર્થી વિભક્તિ | ૭૬ |
| ૨૦ | **उ** અને **ऋ** કારાંત પુંલિંગ, નપુંસકલિંગ નામો પંચમીથી સંબોધન વિભક્તિ | ૮૧ |
| ૨૧ | **ई,उ,ऊ** અને **ऋ** કારાંત સ્ત્રીલિંગ નામો | ૮૬ |
| ૨૨ | આજ્ઞાર્થ - પરસ્મૈપદ | ૯૨ |
| ૨૩ | આજ્ઞાર્થ - આત્મનેપદ | ૯૫ |
| ૨૪ | કેટલાંક બહુ ઉપયોગી કૃદંત | ૯૮ |
| ૨૫ | વ્યંજનાંત નામ **च्** , **त्** , **द्** , **वत्** , **मत्** , અંતવાળા નામ | ૧૦૭ |
| ૨૬ | **अन्** , **इन्** , અંતવાળા નામ | ૧૧૫ |
| ૨૭ | **स्** , **वस्** અને **इयस्** અથવા **एयस्** અંતવાળા નામ | ૧૨૨ |
| ૨૮ | વિધ્યર્થ | ૧૨૯ |
| ૨૯ | સર્વનામ | ૧૩૪ |
| ૩૦ | પહેલો તથા બીજો પુરુષ સર્વનામ | ૧૪૦ |
| ૩૧ | **अदस्** અને **इदम्** ના રૂપો | ૧૪૪ |
| ૩૨ | સુભાષિત સંદોહ | ૧૫૦ |
| - | સંસ્કૃત ગુજરાતી શબ્દ કોશ | ૧૫૩ |
| - | ગુજરાતી સંસ્કૃત શબ્દ કોશ | ૧૮૪ |
| | **નિયમવલિ** | |
| ૧ | સ્વર સંધિ | ૨૧૪ |
| ૨ | વ્યંજન સંધિ | ૨૧૫ |
| ૩ | વિસર્ગ સંધિ | ૨૧૭ |
| ૪ | અનુસ્વાર સંધિ | ૨૧૮ |
| ૫ | ધાતુ રૂપ નિયમો | ૨૧૯ |
| ૬ | વિભક્તિના નિયમો | ૨૨૦ |
| ૭ | સામાન્ય નિયમો | ૨૨૨ |
| ૮ | કર્મણિના નિયમો | ૨૨૩ |
| ૯ | કૃદંતના નિયમો | ૨૨૫ |

# સામાન્ય પરિચય

૧. **કુલ વર્ણ** - ૪૬

સ્વર - ૧૩

વ્યંજન - ૩૩ = ૪૬

અનુસ્વાર :- **દા.ત.** **अं**

વિસર્ગ :- **દા.ત.** **अः**

૨. **વ્યંજનનું વર્ગીકરણ** - (૧) ૧૩ અઘોષ
૨૦ ઘોષ
૩૩

(૨) ૨૫ સ્પર્શ વ્યંજન
૩ ઉષ્માક્ષર
૪ અંતઃસ્થ
૧ મહાપ્રાણ
૩૩

**વર્ગીય વ્યંજન**

**(સ્પર્શ - વ્યંજન)**

| | | | | | | અંતઃસ્થ | |
|---|---|---|---|---|---|---|---|
| કંઠ્ય | क् | ख् | ग् | घ् | ङ् | ↓ | ह् ← મહાપ્રાણ |
| તાલવ્ય | च् | छ् | ज् | झ् | ञ् | य् | श् |
| મૂર્ધન્ય | ट् | ठ् | ड् | ढ् | ण् | र् | ष् |
| દંત્ય | त् | थ् | द् | ध् | न् | ल् | स् |
| ઓષ્ઠ્ય | प् | फ् | ब् | भ् | म् | व् | ↑ |
| | | | | | ↑ અનુનાસિક | | ઉષ્માક્ષર |

૩. **સ્વર વિચાર**

સ્વર - ૧૩ તેમાંથી....

હ્રસ્વ સ્વર - ૫
દીર્ઘ સાદા સ્વર - ૪
દીર્ઘ સન્ધ્યક્ષર - ૪
૧૩

૧. **હ્રસ્વ સ્વર - अ, इ, उ, ऋ, लृ**

૨. **દીર્ઘ સ્વર - સાદા - आ, ई, ऊ, ॠ ( ॡ )**

| સન્ધ્યક્ષર - ए, | ऐ, | ओ, | औ |
|---|---|---|---|
| ( अ, आ + इ, ई ) | ( अ, आ, + ए, ऐ ) | ( अ, आ + उ, ऊ ) | ( अ, आ + ओ, औ ) |

૩. <u>ગુણ-વૃદ્ધિ</u>

| સ્વર | अ | इ, ई | उ, ऊ | ऋ, ॠ | ऌ, ॡ |
|---|---|---|---|---|---|
| ગુણ<br>વૃદ્ધિ | अ<br>आ | ए<br>ऐ | ओ<br>औ | अर्<br>आर् | अल्<br>आल् |

૪. **(A) અઘોષ વ્યંજન** - વર્ગીય વ્યંજનના દરેક વર્ગના પ્રથમ ૨ મળીને ૧૦ તથા ૩ ઉષ્માક્ષર મળીને કુલ ૧૩ અઘોષ વ્યંજન છે.

**(B) ઘોષ વ્યંજન** - અઘોષ વ્યંજન સિવાયના બાકીના ૨૦ ને ઘોષ વ્યંજન કહે છે.

૫. **(A) ૨૪ની સંજ્ઞા** - અનુનાસિક સિવાયના ૨૦ વર્ગીય વ્યંજન + ૩ ઉષ્માક્ષર + ૧ મહાપ્રાણ = ૨૪

**(B) ૨૦ની સંજ્ઞા** - અનુનાસિક સિવાયના વર્ગીય વ્યંજનોને ૨૦ ની સંજ્ઞા કહે છે.

૬. **ધાતુના ૧૦ ગણ (સમુદાય = વર્ગ)**

આ પુસ્તકમાં ૪ ગણ આપેલ છે.

| ગણ<br>નિશાની | ૧<br>**अ** | ૪<br>**य** | ૬<br>**अ** | ૧૦<br>**अय** |
|---|---|---|---|---|

અવિકારક (૪, ૬)

વિકારક (૧, ૧૦)

**વિકારક** - ગણની નિશાની લાગતા પૂર્વે ધાતુમાં ગુણ-વૃદ્ધિ રૂપ થતા ફેરફાર.

૭. **સુબોધ સંસ્કૃત માર્ગોપદેશિકા નામની આ પુસ્તકમાં** (૧) વર્તમાનકાળ (૨) હ્યસ્તન ભૂતકાળ (૩) આજ્ઞાર્થ (૪) વિધ્યર્થ. આ ચાર પ્રયોગ આવશે.

૮. **રૂપ કેવી રીતે બને ?**

૧. ધાતુ + ગણની નિશાની = અંગ

<u>દા.ત.</u> **वद् + अ = वद ।**

૨. અંગ + પ્રત્યય = રૂપ

<u>દા.ત.</u> **वद + ति = वदति ।**

૩. ધાતુ + ગણની નિશાની + પ્રત્યય = રૂપ

<u>દા.ત.</u> **वद् + अ + ति = वदति ।**

## ૯. કેટલીક અગત્યની સંજ્ઞાઓ

| | |
|---|---|
| આ. / આત્મને. - આત્મનેપદી | પ. / પરસ્મૈ. - પરસ્મૈપદી |
| ઈ. - ઈત્યાદિ | પં. - પંચમી |
| ઉપ. - ઉપસર્ગ | પ્ર. - પ્રથમા |
| ઉભ. - ઉભયપદી | બ.વ. / બહુ. - બહુવચન |
| એ. વ. - એકવચન | ભૂ.કૃ. - કર્મણિ ભૂતકૃદંત |
| કર્મણિ - કર્મણિરૂપ | વ.કૃ. - કર્મણિ વર્તમાનકૃદંત |
| ગ. - ગણ | વિશે. - વિશેષણ |
| ચ. - ચતુર્થી | ષ. - ષષ્ઠી |
| તૃ. - તૃતીયા | સ. - સપ્તમી |
| ત્રિ. - ત્રિલિંગ | સં. - સંબોધન |
| દ્વિ. વ. - દ્વિવચન | સર્વ. - સર્વનામ |
| ન. / નપું. - નપુંસકલિંગ | સ્ત્રી. - સ્ત્રીલિંગ |

**स सुहृद् व्यसने यः स्यात् । - જે વિપત્તિમાં સહાય કરે, તે જ મિત્ર.**

**सहस्त्रेषु च पण्डितः । - હજારમાં એક પંડિત હોય છે.**

**क्रोधो वैरस्य कारणम् । - ક્રોધ વેરનું કારણ છે.**

# જોડાક્ષર

નોંધ - બોલવા સરળ પડે માટે અંત્યાક્ષરમાં अ કાર મેળવી જોડાક્ષર આપ્યા છે.

દા.ત. ज् + ञ = ज्ञ

મુખ્ય સંયુક્ત વ્યંજન કે જોડાક્ષર નીચે પ્રમાણે છે :

| | | | |
|---|---|---|---|
| क्क ક્ - ક | ङ्क ઙ્ - ક | त्त ત્ - ત | द्व દ્ - વ |
| क्त ક્ - ત | ङ्क्त ઙ્ - ક્ - ત | त्त्र ત્ - ત્ - ર | द्व्य દ્ - વ્ - ય |
| क्त्व ક્ - ત્ - વ | च्च ચ્ - ચ | त्थ ત્ - થ | द्व्र દ્ - વ્ - ર |
| क्न ક્ - ન | च्छ ચ્ - છ | त्न ત્ - ન | ध्न ધ્ - ન |
| क्म ક્ - મ | च्छ्र ચ્ - છ્ - ર | त्प ત્ - પ | ध्म ધ્ - મ |
| क्र ક્ - ર | च्छ्व ચ્ - છ્ - વ | त्प्र ત્ - પ્ - ર | ध्य ધ્ - ય |
| क्य ક્ - ય | च्म ચ્ - મ | त्फ ત્ - ફ | ध्र ધ્ - ર |
| क्ल ક્ - લ | च्य ચ્ - ય | त्म ત્ - મ | ध्व ધ્ - વ |
| क्व ક્ - વ | ज्ज જ્ - જ | त्र ત્ - ર | न्न ન્ - ન |
| क्ष ક્ - ષ | ज्र જ્ - ર | त्र्य ત્ - ર્ - ય | न्म ન્ - મ |
| क्ष्ण ક્ - ષ્ - ણ | ज्व જ્ - વ | त्व ત્ - વ | न्य ન્ - ય |
| क्ष्म ક્ - ષ્ - મ | ट्ट ટ્ - ટ | त्स ત્ - સ | न्व ન્ - વ |
| क्ष्य ક્ - ષ્ - ય | ट्य ટ્ - ય | त्स्न ત્ - સ્ - ન | प्त પ્ - ત |
| क्ष्व ક્ - ષ્ - વ | ट्र ટ્ - ર | त्स्य ત્ - સ્ - ય | प्त्य પ્ - ત્ - ય |
| ख्य ખ્ - ય | ठ्य ઠ્ - ય | त्थ्य ત્ - થ્ - ય | प्न પ્ - ન |
| ग्ध ગ્ - ધ | ठ्र ઠ્ - ર | द्ग દ્ - ગ | प्म પ્ - મ |
| ग्न ગ્ - ન | ड्ग ડ્ - ગ | द्द દ્ - દ | प्य પ્ - ય |
| ग्र ગ્ - ર | ड्म ડ્ - મ | द्ध દ્ - ધ | प्र પ્ - ર |
| ग्र्य ગ્ - ર્ - ય | ड्य ડ્ - ય | द्ब દ્ - બ | प्ल પ્ - લ |
| ग्ल ગ્ - લ | ड्व ડ્ - વ | द्ब्र દ્ - બ્ - ર | प्स પ્ - સ |
| ग्व ગ્ - વ | ढ्य ઢ્ - ય | द्भ દ્ - ભ | ब्ज બ્ - જ |
| घ्य ઘ્ - ય | ण्ण ણ્ - ણ | द्म દ્ - મ | ब्द બ્ - દ |
| घ्न ઘ્ - ન | ण्म ણ્ - મ | द्य દ્ - ય | ब्ध બ્ - ધ |
| घ्र ઘ્ - ર | ण्य ણ્ - ય | द्र દ્ - ર | ब्य બ્ - ય |
| घ्व ઘ્ - વ | ण्व ણ્ - વ | द्र्य દ્ - ર્ - ય | ब्र બ્ - ર |

भ्ण ભ્ - ણ
भ्न ભ્ - ન
भ्य ભ્ - ય
भ्र ભ્ - ર
भ्व ભ્ - વ
भ्म ભ્ - મ
भ्र ભ્ - ર
म्य મ્ - ય
म्ल મ્ - લ
म्व મ્ - વ
य्य ય્ - ય
र्ण्य ર્ - ણ્ - ય
र्ध्य ર્ - ધ્ - ય
ल्क લ્ - ક
ल्ग લ્ - ગ

ल्प લ્ - પ
ल्म લ્ - મ
ल्य લ્ - ય
ल्ल લ્ - લ
ल्व લ્ - વ
व्य વ્ - ય
व्र વ્ - ર
श्च શ્ - ચ
श्न શ્ - ન
श्म શ્ - મ
श्य શ્ - ય
श्र શ્ - ર
श्ल શ્ - લ
ष्क ષ્ - ક
ष्क्र ષ્ - ક્ - ર

ष्ट ષ્ - ટ
ष्ट्य ષ્ - ટ્ - ય
ष्ट्र ષ્ - ટ્ - ર
ष्ट्व ષ્ - ટ્ - વ
ष्ठ ષ્ - ઠ
ष्ठ्य ષ્ - ઠ્ - ય
ष्ण ષ્ - ણ
ष्प ષ્ - પ
ष्प्र ષ્ - પ્ - ર
ष्म ષ્ - મ
ष्य ષ્ - ય
ष्व ષ્ - વ
स्क સ્ - ક
स्ख સ્ - ખ
स्त સ્ - ત

स्थ સ્ - થ
स्न સ્ - ન
स्प्र સ્ - પ્ - ર
स्फ સ્ - ફ
स्म સ્ - મ
स्य સ્ - ય
स्र સ્ - ર
ह्ण હ્ - ણ
ह्न હ્ - ન
ह्म હ્ - મ
ह्य હ્ - ય
ह्र હ્ - ર
ह्ल હ્ - લ
ह्व હ્ - વ

# પાઠ - ૧

## ક્રિયાપદ

## વર્તમાનકાળ : પરસ્મૈપદ

## એકવચન

પ્રત્યય : પુરુષ ૧ - **मि**, પુરુષ ૨ - **सि**, પુરુષ ૩ - **ति**

## ભૂમિકા

૧. સંસ્કૃતમાં ક્રિયાપદના રૂપાખ્યાનોના પ્રત્યય બે પ્રકારના છે : પરસ્મૈપદ અને આત્મનેપદ. કેટલાક ધાતુ ફક્ત પરસ્મૈપદ પ્રત્યય લેનારા એટલે પરસ્મૈપદી. કેટલાક ફક્ત આત્મનેપદ પ્રત્યય લેનારા એટલે આત્મનેપદી અને કેટલાક બે પ્રકારના પ્રત્યયોમાંથી ગમે તે પ્રકારના પ્રત્યય લેનારા એટલે ઉભયપદી હોય છે.

૨. ગણકાર્ય થતાં એટલે વિકરણ પ્રત્યય અથવા ગણની નિશાની લાગતાં કેટલાક ધાતુઓનું જે વિશેષરૂપ [ જેમ કે **गम्** ને બદલે **गच्छ्** ] અથવા આદેશ [ જેમકે **दृश्** ને બદલે **पश्य्** ] થાય છે. તેને કાટખૂણ [ ] કૌંસમાં બતાવેલ છે.

૩. સ્વરવિકારને લીધે ધાતુમાં જે રૂપ થાય છે તે અર્ધચંદ્ર ( ) કૌંસમાં આપ્યા છે.

૪. બીજા ગણના ધાતુઓનું રૂપાખ્યાન ઘણું કઠણ હોય છે. તેથી આ ચોપડીમાં બીજા ગણના બે જ ધાતુ આપ્યા છે. બીજો ગણ બીજી ચોપડીમાં સવિસ્તાર આપ્યો છે. આ ગણના ધાતુઓને પુરુષબોધક પ્રત્યય લાગલા જ લગાડાય છે.

## નિયમો

૧. પહેલા ગણના ધાતુઓને ગણની નિશાની **अ** લાગતા અન્ત્ય કોઈ પણ સ્વર તથા ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

દા.ત. **बुध् = बोध् + अ + ति = बोधति ।**

૨. **ए, ऐ, ओ, औ** પછી કોઈપણ સ્વર આવે તો તેના બદલે અનુક્રમે **अय्, आय्, अव्, आव्,** થાય છે.

દા.ત. **नी = ने + अ = नय् + अ + ति = नयति ।**

૩. સંસ્કૃતમાં બે સ્વર લગોલગ આવે તો સંધિ થાય છે.

૪. **म्** કે **व्** થી શરૂ થતા પ્રત્યયો પૂર્વે અંગના અન્ત્ય **अ** નો **आ** થાય છે.

દા.ત. **चर् + अ + मि = चरामि ।**

૫. ૨૦ + અઘોષ = સ્વવર્ગનો પ્રથમ + અઘોષ

દા.ત. ककुभ् + प्रान्तः = ककुप्प्रान्तः । दृशद् + पतति = दृशत्पतति ।

## ધાતુઓ

### પહેલો ગણ

गम् [गच्छ्] - ગમન કરવું, જવું

चर् - ચરવું, ચાલવું

जीव् - જીવવું

त्यज् - ત્યાગ કરવો, તજવું

दह् - દાહ કરવો, બાળવું

नम् - નમવું

नी ( नय् ) - લઈ જવું, દોરવું

पच् - પકવવું, રાંધવું

पत् - પતન પામવું, પડવું

बुध् ( बोध् ) - બોધ થવો, જાણવું

भू ( भव् ) - હોવું, થવું

रक्ष् - રક્ષણ કરવું, બચાવવું, સંભાળવું

वद् - બોલવું, વદવું

वस् - વસવું, રહેવું

सृ ( सर् ) - સરકવું, ખસવું જવું

### બીજો ગણ

अद् - ખાવું

अस् - હોવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

| | | | |
|---|---|---|---|
| ૧. वदामि । | ૫. सरसि । | ૯. गच्छति । | ૧૩. भवति । |
| ૨. रक्षसि । | ૬. नयामि । | ૧૦. अद्मि । | ૧૪. अत्ति । |
| ૩. पतति । | ૭. वससि । | ૧૧. नयति । | ૧૫. अस्ति । |
| ૪. बोधसि । | ૮. सरामि । | ૧૨. बोधामि । | |

**પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.**

| | | |
|---|---|---|
| ૧. (તું) બોલે છે. | ૧૦. (તું) દોરે છે. | ૧૯. (હું) રાંધું છું. |
| ૨. (તે) બોલે છે. | ૧૧. (તે) ખસે છે. | ૨૦. (તું) બાળે છે. |
| ૩. (તું) જાય છે. | ૧૨. (હું) થાઉં છું. | ૨૧. (હું) બચાવું છું. |
| ૪. (હું) જાઉં છું | ૧૩. (તું) ખાય છે. | ૨૨. (તે) ચાલે છે. |
| ૫. (તે) રહે છે. | ૧૪. (હું) છું. | ૨૩. (હું) જીવું છું. |
| ૬. (હું) રહું છું. | ૧૫. (તું) છે. | ૨૪. (તે) રાંધે છે. |
| ૭. (તું) પડે છે. | ૧૬. (તે) રહે છે. | ૨૫. (હું) તજું છું. |
| ૮. (તું) ચાલે છે. | ૧૭. (તે) તજે છે. | |
| ૯. (તે) જાણે છે. | ૧૮. (તું) નમે છે. | |

# પાઠ - ૨

## ક્રિયાપદ

## વર્તમાનકાળ : પરસ્મૈપદ

## બહુવચન

પ્રત્યય : પુરુષ ૧ - **मस्**, પુરુષ ૨ - **थ**, પુરુષ ૩ - **अन्ति**

## ભૂમિકા

૧. સંસ્કૃત ભાષામાં દ્વિત્વ (બે - પણું) દર્શાવવું હોય તો દ્વિવચન વાપરવામાં આવે છે.આ દ્વિવચન નવા વિદ્યાર્થીઓને કેવળ નવતર હોવાથી ત્રીજા પાઠમાં આપ્યું છે. ખરો અનુક્રમ એકવચન, દ્વિવચન અને બહુવચન એવો છે.

## નિયમો

૧. દ્વિવચનના તથા બહુવચનના પુરુષબોધક પ્રત્યયોની પહેલાં **अस्** (ગ.૨) ધાતુમાંના પહેલા **अ** નો લોપ થાય છે.

દા.ત. **स्वः । स्मः ।**

૨. (A) પુરુષબોધક પ્રત્યય લગાડતા પહેલા ચોથા ગણના ધાતુને **य** અને છઠ્ઠા ગણના ધાતુને **अ** લગાડવો.

દા.ત. **तुष् = तुष् + य + ति = तुष्यति ।** (ગ. ૪)

**सृज् = सृज् + अ + ति = सृजति ।** (ગ. ૬)

(B) ચોથા અને છઠ્ઠા ગણમાં પહેલા ગણની જેમ ધાતુના સ્વરનો ગુણ થતો નથી.

દા.ત. **नृत् = नृत्यति ।** (ગ. ૪), **विश् = विशति ।** (ગ. ૬)

૩. પદાંતે **स्** હોયતો એનો વિસર્ગ થાય છે, તેમજ પદાંત **र्** નો અઘોષ વ્યંજનની પહેલાં, અગર કશુંય ન આવે તો વિસર્ગ થાય છે.

દા.ત. **वद् + अ + मस् = वदामः ।**

**पुनर् + पुनर् = पुनः पुनः ।**

૪. **अ** થી શરૂ થતા પ્રત્યયો પૂર્વે અંગના અન્ત્ય **अ** નો લોપ થાય છે.

દા.ત. **बोध् + अ + अन्ति = बोध् + अन्ति = बोधन्ति ।**

## ધાતુઓ

### પહેલો ગણ

**जि ( जय् )** - જય પામવો, જીતવું
**दृश् [ पश्य् ]** - દર્શન કરવું, જોવું
**धाव्** - ધાવું, દોડવું
**पा [पिब्]** - પાન કરવું, પીવું
**यज्** - યજ્ઞ કરવો, પૂજવું
**वह्** - વહેવું, વાવું, લઈ જવું.
**स्मृ ( स्मर् )** - સ્મરણ કરવું, સંભારવું
**हृ ( हर् )** - હરણ કરવું, લઈ લેવું, લઈ જવું

### ચોથો ગણ

**अस्** - ફેંકવું
**कुस्** - ભેટવું
**तुष्** - સંતોષપામવો, સંતુષ્ટ થવું, રીઝવું
**नश्** - નાશ પામવું
**नृत्** - નૃત્ય કરવું, નાચવું
**पुष्** - પોષવું, પોષણ કરવું
**मुह्** - મોહ પામવું, મૂંઝાવું, ઘેલા થવું, બેભાન થવું
**लुट्** - લોટવું, આળોટવું
**लुभ्** - લોભ કરવો
**शुष्** - સુકાઈ જવું, સોસાવું

### છઠ્ઠો ગણ

**इष् [ इच्छ् ]** - ઈચ્છવું
**क्षिप्** - ફેંકવું
**तुद्** - પીડવું, કનડવું, સતાવવું
**दिश्** - દેખાડવું, બતાવવું
**प्रच्छ् [ पृच्छ् ]** - પૂછવું
**मुच् [ मुञ्च् ]** - મૂકવું, છોડવું
**विश्** - પ્રવેશ કરવો, પેસવું
**सिच् [ सिञ्च् ]** - સીંચવું, છાંટવું
**सृज्** - છોડી દેવું, પેદા કરવું
**स्पृश्** - સ્પર્શ કરવો, અડકવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

| | | | |
|---|---|---|---|
| ૧. वदामः । | ૭. गच्छन्ति । | ૧૩. बोधथ । | ૧૯. जयामः । |
| ૨. भवथ । | ૮. वसन्ति । | ૧૪. स्थ । | ૨૦. अदन्ति । |
| ૩. दहामः । | ૯. सन्ति । | ૧૫. जीवथ । | ૨૧. नमन्ति । |
| ૪. पुष्यामः । | ૧૦. नश्यन्ति । | ૧૬. नृत्यथ । | ૨૨. मुह्यामः । |
| ૫. लुभ्यन्ति । | ૧૧. स्पृशामः । | ૧૭. सृजथ । | ૨૩. इच्छति । |
| ૬. पृच्छथ । | ૧૨. विशन्ति । | ૧૮. मुञ्चामः । | |

**પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.**

૧. (તમે) બોલો છો.
૨. (તેઓ) સમજે છે.
૩. (તેઓ) થાય છે.
૪. (તમે) ખાઓ છો.

૫. (તેઓ) બાળે છે.
૬. (તેઓ) પીડે છે.
૭. (અમે) જઈએ છીએ.
૮. (તમે) દોરો છો.
૯. (અમે) રહીએ છીએ.
૧૦. (અમે) છીએ.
૧૧. (અમે) જીવીએ છીએ.
૧૨. (તમે) જીવો છો.
૧૩. (તેઓ) પોષે છે.
૧૪. (તેઓ) નાચે છે.
૧૫. (અમે) લોભ કરીએ છીએ.
૧૬. (અમે) જીતીએ છીએ.
૧૭. (તેઓ) જુએ છે.
૧૮. (અમે) પીએ છીએ.
૧૯. (તેઓ) વહે છે.
૨૦. (તમે) ફેંકો છો.
૨૧. (અમે) સંતોષ પામીએ છીએ.
૨૨. (તમે) આળોટો છો.
૨૩. (અમે) નાશ પામીએ છીએ.
૨૪. (તમે) ઘેલા થાઓ છો.
૨૫. (તેઓ) અડકે છે.
૨૬. (તમે) હરી જાઓ છો.
૨૭. (અમે) ફેંકીએ છીએ.
૨૮. (તમે) યજ્ઞ કરો છો.
૨૯. (અમે) સંભારીએ છીએ.
૩૦. (તેઓ) ભેટે છે.
૩૧. (તેઓ) સુકાય છે.
૩૨. (તમે) છાંટો છો.

---

**विद्या आलस्योपहता । - આળસ વિદ્યાનો નાશ કરે છે.**

**विद्याया आभरणं क्षमा । - ક્ષમા વિદ્યાનું ભૂષણ છે.**

**विद्यासमो न बन्धुः । - વિદ્યા સમાન કોઈ ભાઈ નથી.**

# પાઠ - ૩

## ક્રિયાપદ

## વર્તમાનકાળ : પરસ્મૈપદ

## દ્વિવચન

પ્રત્યય : પુરુષ ૧- **वस्**, પુરુષ ૨- **थस्**, પુરુષ ૩- **तस्**

## નિયમો

૧. દશ મા ગણના ધાતુમાં વિકરણ પ્રત્યય **अय** ઉમેરાય છે. સામાન્યથી આ ગણના ધાતુઓ ઉભયપદી છે.

દા.ત. **कथ् = कथ् + अय + ति = कथयति ।**

૨. દશમા ગણના ધાતુમાં **अय** લાગતાં અન્ત્ય કોઇ પણ સ્વર તથા ઉપાન્ત્ય **अ** ની વૃદ્ધિ થાય તથા ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

દા.ત. **घुष् = घोषयति ।** (ઉપાંત્ય ગુણ), **तड् = ताडयति ।** (ઉપાંત્ય વૃદ્ધિ), **दृ = दारयति ।** (અંત્ય વૃદ્ધિ)

અપવાદ - **कथ्, गण्, रच्, प्रथ्, स्पृह्, मृग्** આ ધાતુઓમાં ઉપરોક્ત ફેરફાર થતો નથી.

## ધાતુઓ

### પહેલો ગણ

**अट्** - અટન કરવું, ભટકવું
**चल्** - ચાલવું, ખસવું
**जल्प्** - બબડવુ
**निन्द्** - નિંદવું
**शंस्** - પ્રશંસા કરવી, કહેવું

### ચોથો ગણ

**कुप्** - કોપ કરવો, ગુસ્સે થવું
**क्षुभ्** - ખળભળવું, ગભરાવું
**श्लिष्** - ભેટવું

### છઠ્ઠો ગણ

**उञ्छ्** - વીણવું
**कृष्** - આકર્ષણ કરવું, ખેંચવું, ખેડવું
**स्फुर्** - સ્ફૂર્તિ થવી, ધડકવું, ફરકવું, તરફડવું

### દશમો ગણ

**कथ्** - કથન કરવું, કહેવું
**गण्** - ગણવું
**घुष् ( घोष् )** - જાહેર કરવું
**चिन्त्** - ચિંતન કરવું, વિચારવું
**चुर् ( चोर् )** - ચોરવું
**पीड्** - પીડવું, દુઃખ દેવું

**पूज्** - પૂજવું
**प्रथ्** - પ્રસિદ્ધ કરવું
**प्री [ प्रीण् ]** - પ્રેમ ઉપજાવવો, ખુશ કરવું
**रच्** - રચવું, ગોઠવવું
**वर्ण्** - વર્ણવવું, વખાણવું
**स्पृह्** - ઝંખવું, સ્પૃહા કે તૃષ્ણા રાખવી.
**सान्त्व्** - શાંત પાડવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

| | | | |
|---|---|---|---|
| ૧. चोरयावः । | ૭. अद्वः । | ૧૩. नयावः । | ૧૯. नश्यतः । |
| ૨. पीडयथः । | ૮. घोषयथः । | ૧૪. विशतः । | ૨૦. नृत्यावः । |
| ૩. कथयतः । | ૯. स्पृहयावः । | ૧૫. नमथः । | ૨૧. इच्छतः । |
| ૪. गणयावः । | ૧૦. चिन्तयतः । | ૧૬. स्तः । | |
| ૫. प्रथयावः । | ૧૧. प्रीणयथः । | ૧૭. स्मरावः । | |
| ૬. रचयतः । | ૧૨. गच्छतः । | ૧૮. जयथः । | |

**પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.**

૧. (તમે બે) ચોરો છો.
૨. (અમે બે) કહીએ છીએ.
૩. (તેઓ બે) જુએ છે.
૪. (તમે બે) ઝંખો છો.
૫. (અમે બે) વિચારીએ છીએ.
૬. (તેઓ બે) ખુશ કરે છે.
૭. (તેઓ બે) પીડે છે.
૮. (તમે બે) ગણો છો.
૯. (અમે બે) રચીએ છીએ.
૧૦. (તેઓ બે) જાહેર કરે છે.
૧૧. (તમે બે) પ્રસિદ્ધ કરો છો.
૧૨. (અમે બે) નિંદીએ છીએ.
૧૩. (તમે બે) કોપો છો.
૧૪. (આપણે બે) પૂજીએ છીએ.
૧૫. (તેઓ બે) ગભરાય છે.
૧૬. (તમે બે) વર્ણવો છો.
૧૭. (તમે બે) બબડો છો.
૧૮. (અમે બે) વખાણીએ છીએ.
૧૯. (તેઓ બે) થાય છે.
૨૦. (અમે બે) સમજીએ છીએ.
૨૧. (અમે બે) સંતોષ પામીએ છીએ.
૨૨. (તેઓ બે) લોટે છે.
૨૩. (તમે બે) પૂછો છો.
૨૪. (તેઓ બે) ખેડે છે.
૨૫. (તમે બે) ભટકો છો.
૨૬. (અમે બે) વીણીએ છીએ.
૨૭. (અમે બે) ભેટીએ છીએ.
૨૮. (તેઓ બે) શાંત પડે છે.
૨૯. (તમે બે) બોલો છો.
૩૦. (તમે બે) રાંધો છો.
૩૧. (તેઓ બે) ખાય છે.
૩૨. (તમે બે) લોભ કરો છો.
૩૩. (અમે બે) અડકીએ છીએ.

# પાઠ - ૪

## સમગ્ર વર્તમાનકાળ : પરસ્મૈપદ

### ધાતુઓ

#### પહેલો ગણ

**क्षि ( क्षय् )** - ક્ષય થવો, ઘસાઈ જવું
**द्रु ( द्रव् )** - ભીંજાવું, પીગળવું
**रुह् ( रोह् )** - ઊગવું
**स्था [ तिष्ठ् ]** - સ્થાનમાં રહેવું, સ્થિતિમાં હોવું, ઊભા રહેવું
**ह्वे ( ह्वय् )** - બોલાવવું

#### ચોથો ગણ

**मद् [ माद् ]** - મસ્ત થવું, ગાંડા થવું, ભૂલવું, ચૂકવું
**शम् [ शाम् ]** - શાંત હોવું, શાંત રહેવું, શાંત થવું
**श्रम् [ श्राम् ]** - શ્રમ લાગવો, થાકી જવું

#### દશમો ગણ

**क्षल् ( क्षाल् )** - પખાળવું, ધોવું
**तड् ( ताड् )** - તાડન કરવું, મારવું, માર મારવો
**तुल् ( तोल् )** - તોળવું, જોખવું
**भूष्** - આભૂષણ પહેરાવવું, શણગારવું, સુશોભિત કરવું

### સ્વાધ્યાય

**પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

| | | | |
|---|---|---|---|
| ૧. वदसि । | ૧૪. वसथ । | ૨૭. अत्थः । | ૪૦. पृच्छथः । |
| ૨. पतामि । | ૧૫. नयन्ति । | ૨૮. विशामः । | ૪૧. स्पृशति । |
| ૩. नश्यन्ति । | ૧૬. नृत्यति । | ૨૯. मुञ्चथ । | ૪૨. लुट्यन्ति । |
| ૪. मुह्यति । | ૧૭. इच्छामि । | ૩૦. सिञ्चति । | ૪૩. शंसथ । |
| ૫. स्मरथ । | ૧૮. वहतः । | ૩૧. कथयामि । | ૪૪. तिष्ठामि । |
| ૬. तुष्यामि । | ૧૯. अस्यथः । | ૩૨. पूजयति । | ૪૫. अद्मि । |
| ૭. ताडयसि । | ૨૦. रोहन्ति । | ૩૩. क्षयतः । | ૪૬. पुष्यामि । |
| ૮. स्पृहयथ । | ૨૧. क्षालयति । | ૩૪. पचन्ति । | ૪૭. पश्यावः । |
| ૯. जीवामः । | ૨૨. त्यजथ । | ૩૫. पिबन्ति । | ૪૮. श्राम्यामि । |
| ૧૦. हरतः । | ૨૩. जयसि । | ૩૬. यजामः । | ૪૯. द्रवन्ति । |
| ૧૧. ह्वयति । | ૨૪. पीडयन्ति । | ૩૭. कृषामः । | |
| ૧૨. घोषयथ । | ૨૫. गणयति । | ૩૮. रक्षति । | |
| ૧૩. चिन्तयति | ૨૬. बोधामः । | ૩૯. सन्ति । | |

**પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.**

૧. (તું) પોષે છે.
૨. (હું) નાચું છું.
૩. (તમે) લોભ કરો છો.
૪. (તું) ઈચ્છે છે.
૫. (તું) કનડે છે.
૬. (અમે) બોલાવીએ છીએ.
૭. (તેઓ) સંતોષ પામે છે.
૮. (તમે) જાઓ છો.
૯. (હું) ઈચ્છું છું.
૧૦. (તમે) બાળો છો.
૧૧. (તે) ઘસાઈ જાય છે.
૧૨. (તે) તોલે છે.
૧૩. (તમે) ગોઠવો છો.
૧૪. (હું) સંભારું છું.
૧૫. (અમે) હરી જઈએ છીએ.
૧૬. (તું) અડકે છે.
૧૭. (તમે બે) જાઓ છો.
૧૮. (આપણે બે) છીએ.
૧૯. (હું) પેસું છું.
૨૦. (અમે બે) રાંધીએ છીએ.
૨૧. (તે) પેસે છે.
૨૨. (હું) પૂજું છું.
૨૩. (તે) ઊગે છે.
૨૪. (તે) ઘેલો થાય છે.
૨૫. (હું) જીતું છું.
૨૬. (તું) થાકે છે.
૨૭. (અમે બે) પીએ છીએ.
૨૮. (તેઓ) ધુએ છે.
૨૯. (તું) કહે છે.
૩૦. (તેઓ) ચોરે છે.
૩૧. (તે) જાહેર કરે છે.
૩૨. (તેઓ બે) વસે છે.
૩૩. (તમે) કહો છો.
૩૪. (તેઓ) ઝંખે છે.
૩૫. (તે) ચોરે છે.
૩૬. (તું) ખુશ કરે છે.
૩૭. (તેઓ) મારે છે.
૩૮. (તમે) પૂછો છો.

## સારાંશ તથા સવાલ

### વર્તમાનકાળ : પરસ્મૈપદ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | **मि** | **वस्** | **मस्** |
| પુરુષ ૨ | **सि** | **थस्** | **थ** |
| પુરુષ ૩ | **ति** | **तस्** | **अन्ति** |

## પહેલો ગણ

**बुध्** - બોધ થવો, જાણવું

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | **बोधामि** | **बोधावः** | **बोधामः** |
| પુરુષ ૨ | **बोधसि** | **बोधथः** | **बोधथ** |
| પુરુષ ૩ | **बोधति** | **बोधतः** | **बोधन्ति** |

## ચોથો ગણ

**पुष्** - પોષવું, પોષણ કરવું

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | **पुष्यामि** | **पुष्यावः** | **पुष्यामः** |
| પુરુષ ૨ | **पुष्यसि** | **पुष्यथः** | **पुष्यथ** |
| પુરુષ ૩ | **पुष्यति** | **पुष्यतः** | **पुष्यन्ति** |

## છઠ્ઠો ગણ

**विश्** - પ્રવેશ કરવો, પેસવું

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | **विशामि** | **विशावः** | **विशामः** |
| પુરુષ ૨ | **विशसि** | **विशथः** | **विशथ** |
| પુરુષ ૩ | **विशति** | **विशतः** | **विशन्ति** |

## દશમો ગણ

**चुर्** - ચોરવું

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | **चोरयामि** | **चोरयावः** | **चोरयामः** |
| પુરુષ ૨ | **चोरयसि** | **चोरयथः** | **चोरयथ** |
| પુરુષ ૩ | **चोरयति** | **चोरयतः** | **चोरयन्ति** |

**પ્રશ્ન - ૧** કંઠ્ય, તાલવ્ય, મૂર્ધન્ય, દંત્ય, ઓષ્ઠ્ય, અંતઃસ્થ, ઘોષ વ્યંજન અને અઘોષ વ્યંજન કયા છે ? ગણાવો.

**પ્રશ્ન - ૨** **इ, उ, ऋ** અને **लृ** ના ગુણ અને વૃદ્ધિના રૂપો જણાવો.

**પ્રશ્ન - ૩** પહેલા, ચોથા, છઠ્ઠા, દશમા તથા બીજા ગણના વિશેષ લક્ષણ (વિકરણ પ્રત્યય) કયા છે ?

**પ્રશ્ન - ૪** વર્તમાનકાળ પરસ્મૈપદના પુરુષબોધક પ્રત્યય આપો.

**પ્રશ્ન - ૫** પહેલા પુરુષના **व्** અને **म्** થી શરૂ થતા પ્રત્યયની પહેલાં પૂર્વના **अ** માં શો ફેરફાર થાય છે ?

**પ્રશ્ન - ૬** **ए, ऐ, ओ, औ** પછી સ્વર આવે તો, એઓને ઠેકાણે અનુક્રમે કયા રૂપ મૂકવામાં આવે છે ? ઉદાહરણ આપો.

**પ્રશ્ન - ૭** અનુનાસિક સિવાયના કોઈ પણ સ્પર્શ વ્યંજન પછી અઘોષ વ્યંજન આવે તો પૂર્વના વ્યંજનમાં જે ફેરફાર થાય છે તે ઉદાહરણ સાથે સમજાવો.

**પ્રશ્ન - ૮** પદાંતે **स्** અને **र्** નું શું થાય છે ? એ ફેરફાર **र्** ના સંબંધમાં ક્યારે થાય છે ?

**પ્રશ્ન - ૯** નીચેના ધાતુઓના વર્તમાનકાળના રૂપ આપો :
(વિદ્યાર્થીના મનમાં પાકા ઠસી જાય એટલા માટે ભણાવનારની નજરમાં જેટલા ધાતુ આપવાની જરૂર જણાય તેટલા અહીં આપવા)

## ઉપસર્ગ

## નિયમો

૧. પદાંતે **म्** + સ્પર્શ વ્યંજન આવે તો **म्** નો પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર થાય અથવા વિકલ્પે પાછળના વ્યંજનનો અનુનાસિક થાય છે.

૨. જો પદાંતે **म्** + ઉષ્માક્ષર, અંતઃસ્થ કે મહાપ્રાણ આવે તો **म्** નો પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર થાય છે.

**દા.ત. अहम् + सहे = अहं सहे । अहम् + वदामि = अहं वदामि ।**

## ભૂમિકા

૧. ઉપસર્ગ ધાતુની પૂર્વે આવી, ઘણું કરીને ધાતુના અસલ અર્થમાં વધારો ઘટાડો કરી, વિશેષ અર્થ ઉપજાવે છે. (આમાં કેટલાક ઉપસર્ગો પછી ધાતુના પદ બદલાય છે. તો ક્યાંક અર્થ બદલાતાં ધાતુ અકર્મકનો સકર્મક અને તેથી ઊલટું પણ બને છે.) મુખ્ય ઉપસર્ગ નીચે આપ્યા છે :

૧. **अति** - હદ બહાર, **अतिक्राम्यति** - તે હદ બહાર પગલું ભરે છે, તે ઉલ્લંઘન કરે છે. (**क्रम्** ગ.૪ અને ૧ પરસ્મૈ. જવું)

૨. **अधि** - ઉપર, **अधिगच्छति** - તે ઉપર જાય છે, એટલે તે મેળવે છે, જાણે છે.

३. **अनु** - પાછળ, સરખું, જેવું, **अनुसरति, अनुगच्छति** - તે પાછળ જાય છે, તે અનુસરે છે.
४. **अभि** - તરફ, પાસે, **अभिगच्छति** - તે તરફ જાય છે અથવા પાસે જાય છે.
५. **अव** - નીચે, દૂર. **अवतरति** - તે નીચે જાય છે, ઊતરે છે. (**तॄ** ગ.૧ પરસ્મૈ. તરવું)
६. **आ** - હદ અથવા મર્યાદાના અર્થે, ઊલટા પણાના અર્થે, ''સુધી''ના અર્થે **आगच्छति** - તે આવે છે, **आरोहति** - તે (અમુક ઊંચાઈ સુધી) વધે છે, ચડે છે.
७. **उद्** - ઊંચે, ઉપર, વિશેષ, **उत्पतति** - તે ઊંચેથી પડે છે, કૂદે છે. **उद्गच्छति** - તે ઉપર જાય છે, ઊંચે ચડે છે.
८. **उप** - પાસે, સહેજ ઓછું, નજીકનું, **उपगच्छति** - તે પાસે જાય છે, જઈ મળે છે.
९. **नि** - અંદર, નીચે, **निषीदति** - તે નીચે બેસે છે. (**सद्** - ગ.૧ પરસ્મૈ. જવું)
१०. **परा** - ઊલટાપણાના અર્થે, સામા, ઊલટું, **पराजयते** - તે હરાવે છે.
११. **प्रति** - ''પાછું'' એવા અર્થે, સામા, ઊલટું, **प्रतिभाषते** - તે સામા કહે છે, જવાબ દે છે. (**भाष्** - ગ.૧ આત્મને. બોલવું)
१२. **प्र** - આગળ, **प्रयाति** - તે આગળ જાય છે. (**या** - ગ. ૨ પરસ્મૈ. જવું)
१३. **वि** - નહિ, જુદું, દૂર, વિશેષ કરીને, **विश्लिष्यति** - તે જુદો પડે છે.
१४. **सम्** - સાથે, એકઠા, **संगच्छते** - તે સાથે જાય છે, મળે છે.

---

**आकृतिर्गुणान् कथयति । - વ્યક્તિની આકૃતિ જ ગુણોને કહે છે.**

**विद्या सर्वस्य भूषणम् । - વિદ્યા સર્વનુ ભૂષણ છે.**

# પાઠ - ૫

## વિભક્તિ

| ક્રમ | | | ગુજરાતી પ્રત્યય | |
|---|---|---|---|---|
| પ્રથમા | કોણ ? | **राम:** | એ | - |
| દ્વિતીયા | શું ? | **वस्त्रम्** | ને | - |
| તૃતીયા | શેનાથી ? | **हस्तेन** | થી | થકી, વડે, દ્વારા |
| ચતુર્થી | શા (કોના) માટે ? | **अर्पणाय** | માટે | વાસ્તે, સારું, ખાતર |
| પંચમી | શેમાંથી | **संग्रहात्** | માંથી | પાસેથી, ઉપરથી, ને લીધે |
| ષષ્ઠી | કોનું ? | **देवस्य** | ની | નો, ની, નુ, ના, રો, રી, રુ, રા |
| સપ્તમી | ક્યાં ? | **देवालये** | માં | નીચે, ઉપર, અંદર, વિષે, અંગે |

## પ્રથમા વિભક્તિ

### ૧. अ કારાંત નામ

### પ્રત્યયો

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુંલિંગ | **स्** | **औ** | **अस्** |
| નપુંસકલિંગ | **म्** | **ई** | **आनि** |
| પુંલિંગ | **नृपः** | **नृपौ** | **नृपाः** |
| નપુંસકલિંગ | **फलम्** | **फले** | **फलानि** |

### ભૂમિકા

૧. ગુજરાતી ભાષામાં સાત વિભક્તિઓ માટે પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી એ શબ્દો વપરાય છે. એ બદલ સંસ્કૃત ભાષામાં પ્રથમા, દ્વિતિયા, તૃતીયા, ચતુર્થી, પંચમી, ષષ્ઠી, સપ્તમી એ શબ્દો વાપરવામાં આવે છે. તેમજ નરજાતિ, નારીજાતિ અને નાન્યતરજાતિ કહેવા બદલ પુંલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ એમ કહેવાય છે.

૨. પાઠ - ૨ નો નિયમ-૪ પ્રથમાના રૂપને લાગુ પડતો નથી.

### નિયમો

૧. દીર્ઘ કે હ્રસ્વ **अ, इ, उ, ऋ, ऌ** + કોઈ પણ સજાતીય સ્વર = બંને સ્વર મળીને

દીર્ઘ સ્વર થાય છે.

अ, आ + अ, आ = आ — દા.ત. जिन + आज्ञा = जिनाज्ञा ।

इ, ई + इ, ई = ई — દા.ત. भवति + इति = भवतीति ।

उ, ऊ + उ,ऊ = ऊ — દા.ત. मधु + उर्मि = मधूर्मि ।

ऋ, ॠ + ऋ,ॠ = ॠ — દા.ત. मातृ + ऋण = मातॄण ।

૨. अ કે आ + इ કે ई, उ કે ऊ, ऋ કે ॠ, ऌ કે ॡ = બંને મળીને પછીના સ્વરનો ગુણ થાય.

अ, आ + इ, ई = ए — દા.ત. दिन + ईश = दिनेश ।

अ, आ + उ, ऊ = ओ — દા.ત. सूर्य + उदय = सूर्योदय ।

अ, आ + ऋ, ॠ = अर् — દા.ત. राजा + ऋषि = राजर्षि ।

अ, आ + ऌ, ॡ = अल्

૩. अ પછી વિસર્ગ + अ સિવાયનો કોઈ પણ સ્વર = વિસર્ગ લોપ થાય.
દા.ત. रामः + आगच्छति = राम आगच्छति ।

૪. अ, आ + ए, ऐ = ऐ
દા.ત. सीता + ऐक्षत = सीतैक्षत ।

૫. अ, आ + ओ, औ = औ
દા.ત. दन्त + ओष्ठ = दन्तौष्ठ ।

૬. अ પછી વિસર્ગ + अ કે ઘોષ = વિસર્ગનો उ થાય અને એ उ પૂર્વના अ માં ભળી જતાં ओ થાય છે.
દા.ત. रामः + गच्छति = रामो गच्छति ।

૭. आ પછી વિસર્ગ + કોઈ પણ સ્વર કે ઘોષ = વિસર્ગ લોપાય.
દા.ત. बालाः + आगच्छन्ति = बाला आगच्छन्ति ।
बालाः + गच्छन्ति = बाला गच्छन्ति ।

૮. વિસર્ગનો લોપ થયા પછી પાસેના સ્વરોની સંધિ થતી નથી.
દા.ત. नराः इमे = नरा इमे । बुधः इच्छति = बुध इच्छति ।

૯. ऋ, र् કે ष् પછી અપદાન્ત न् આવેતો न् નો ण् થાય છે. તથા બેની વચ્ચે કંઠ્ય,

ઓષ્ઠ્ય, **य्, व्, ह्** કે સ્વર આવે તો પણ **न्** નો **ण्** થાય છે. પરંતુ જો **न्** પદાંતે આવ્યો હોય તો **न्** નો **ण्** થતો નથી.

દા.ત. **प्र + नमति = प्रणमति । राम + इन = रामेण । नरान् ।**

## નામ

### પુંલિંગ

**अनल** - અગ્નિ
**अश्व** - ઘોડો
**ईश्वर** - ઈશ્વર
**कूर्म** - કાચબો
**जन** - જન, લોક
**जीव** - જીવ, પ્રાણી
**नर** - નર, પુરુષ
**नृप** - રાજા
**पवन** - પવન
**पुत्र** - પુત્ર, દીકરો
**बाल** - બાળક, છોકરો
**बुध** - ડાહ્યો માણસ
**मूर्ख** - મૂર્ખ, મુર્ખો
**मेघ** - વાદળું
**राम** - રામ
**वृक्ष** - વૃક્ષ, ઝાડ
**समुद्र** - દરિયો, સમુદ્ર
**सूद** - રસોઈયો
**हस्त** - હસ્ત, હાથ

### નપુંસકલિંગ

**कमल** - કમળ
**गृह** - ઘર
**जल** - જળ, પાણી
**दुःख** - દુઃખ
**धन** - ધન, દોલત
**नेत्र** - નેત્ર, આંખ
**पर्ण** - પાંદડું
**फल** - ફળ
**मित्र** - મિત્ર
**मुख** - મુખ, મોઢું
**सुख** - સુખ
**हृदय** - હૃદય, હૈયું

## સ્વાધ્યાય

**પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

१. नृपो जयति
२. बालः स्पृहयति ।
३. मेघः सिञ्चति ।
४. सुखं प्रीणयति ।
५. मुखानि द्रवन्ति ।
६. पुत्रौ तुष्यतः ।
७. फले पततः ।
८. कमले नृत्यतः ।
९. समुद्रः शाम्यति ।
१०. अश्वावुत्पततः ।
११. गृहाणि रक्षन्ति ।
१२. बुधौ मुञ्चतः ।
१३. जीवो मुह्यति ।
१४. दुःखं पीडयति ।
१५. जलं शुष्यति ।
१६. धनं नश्यति ।
१७. मित्राणि कथयन्ति ।
१८. कूर्मः सरति ।
१९. जना वदन्ति ।
२०. नेत्रे पश्यतः ।
२१. पवनो हरति ।
२२. हस्तौ हरतः ।
२३. रामः पूजयति ।
२४. मूर्खौ कुप्यतः ।
२५. नरा गच्छन्ति ।
२६. सूदो विशति ।

### પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. રાજાઓ રક્ષે છે.
૨. (બે) છોકરા આળોટે છે.
૩. દીકરો ખુશ કરે છે.
૪. ઘોડા કૂદે છે.
૫. પવન વાય છે.
૬. ઈશ્વર સરજે છે.
૭. વૃક્ષો ઊગે છે.
૮. (બે)કાચબા સરકે છે.
૯. પ્રાણીઓ નાશ પામે છે.
૧૦. હાથ ફેંકે છે.
૧૧. આંખ ફરકે છે.
૧૨. (બે) સમુદ્ર ખળભળે છે.
૧૩. ડાહ્યો માણસ શાન્ત રહે છે.
૧૪. મુર્ખા બકે છે.
૧૫. મિત્ર પૂછે છે.
૧૬. પાંદડા પડે છે.
૧૭. હૈયું રીઝે છે.
૧૮. રસોઈઓ રાંધે છે.
૧૯. લોકો નિંદે છે.
૨૦. માણસ કહે છે.
૨૧. કમળ શણગારે છે.
૨૨. મુખ બોલે છે.
૨૩. અગ્નિ બાળે છે.

## ૨. इકારાંત નામ

### પ્રત્યયો

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુંલિંગ | स् | ० | अस् |
| પુંલિંગ | हरिः | हरी | ( हरे + अस् ) - हरयः |
| નપુંસકલિંગ | ० | ई | इ |
| નપુંસકલિંગ | वारि | वारिणी | वारीणि |

### ભૂમિકા

૧. **અવ્યય** - જેઓને વિભક્તિના પ્રત્યય લાગતા નથી, એટલે જેઓનું ભિન્ન-ભિન્ન રૂપાખ્યાન થતું નથી, તેઓને અવ્યય કહે છે.

### નિયમો

૧. પુંલિંગમાં પ્રથમાના દ્વિવચનમાં **इ** દીર્ઘ થાય છે અને બહુવચનમાં **अस्** પ્રત્યય લાગતા **इ** નો ગુણ થાય છે.

૨. **इ** કારાંત નપુંસકલિંગ નામોને સ્વરાદિ પ્રત્યય લાગતા **न्** ઉમેરવામાં આવે છે, વળી પ્રથમા અને દ્વિતીયાના બહુવચનમાં **इ** દીર્ઘ થાય છે.

૩. **अ** કે **आ** સિવાયનો કોઈપણ સ્વર + વિસર્ગ અથવા **स्** + કોઈ પણ સ્વર કે ઘોષ વ્યંજન = **स्** અથવા વિસર્ગનો **र्** થાય.

દા.ત. **हरिः + अटति = हरिर् + अटति = हरिरटति ।**

**हरिः + गच्छति = हरिर् + गच्छति = हरिर्गच्छति ।**

૪. **र्** + **र्** આવે તો પૂર્વનો **र्** લોપાય તથા (**ऋ** સિવાયનો) તેની પૂર્વનો સ્વર હ્રસ્વ હોયતો દીર્ઘ થાય છે.

દા.ત. **हरिः + रक्षति = हरिर् + रक्षति = हरी रक्षति ।**

૫. વિસર્ગ + **च्, छ्, ट्, ठ्, त्, थ्** આવે તો

અનુક્રમે **श्** (च्, छ्), **ष्** (ट्, ठ्), **स्** (त्, थ्) થાય છે.

દા.ત. **बालः + चलति = बालश्चलति । बालः + टीकते = बालष्टीकते ।**

**बालः + तरति = बालस्तरति ।**

૬. વિસર્ગ + **श्, ष्, स्** આવે તો વિસર્ગ કાયમ રહે અથવા વિકલ્પે વિસર્ગને બદલે અનુક્રમે **श्, ष्** કે **स्** મુકાય છે.

દા.ત. **नृपः + शास्ति = नृपः शास्ति / नृपश्शास्ति ।**

**बालः + षट्कोणं = बालः षट्कोणं / बालष्षट्कोणं ।**

**बालः + सरति = बालः सरति / बालस्सरति ।**

## નામ

### પુંલિંગ

**अग्नि** - અગ્નિ, દેવતા
**अरि** - શત્રુ, દુશ્મન
**असि** - તલવાર
**उदधि** - મહાસાગર
**ऋषि** - ઋષિ
**कपि** - વાંદરો, વાનર
**कवि** - કવિ
**गिरि** - ગિરિ, પર્વત
**धूर्जटि** - શિવ
**नृपति** - રાજા
**पवि** - ઈન્દ્રનું વજ્ર
**पाणि** - હાથ
**यति** - જતી, યોગી
**व्याधि** - વ્યાધિ, રોગ
**हरि** - હરિ, ઈન્દ્ર

### નપુંસકલિંગ

**वारि** - પાણી

### અવ્યય

**न** - નહિ

## સ્વાધ્યાય

**પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

૧. उदधिः क्षुभ्यति ।
૨. अरिः पीडयति ।
૩. वारीणि शुष्यन्ति
૪. वारि नास्ति ।
૫. पविः पतति ।
૬. कपयः क्षिपन्ति ।
૭. पाणी हरतः ।
૮. अग्निर्दहति ।
૯. गिरिर्वहति ।
૧૦. असयः पतन्ति ।
૧૧. ऋषी चिन्तयतः ।
૧૨. नृपतिर्यजति ।
૧૩. कवयः शंसन्ति ।
૧૪. व्याधयो नश्यन्ति ।
૧૫. यती चिन्तयतः ।

**પ્રશ્ન.૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.**

૧. શિવ રક્ષે છે.
૨. ઋષિઓ શાંત થાય છે.
૩. વાંદરા દોડે છે.
૪. કવિ વર્ણવે છે.
૫. રાજાઓ લઈ જાય છે.
૬. (બે) અગ્નિ શાન્ત થાય છે.
૭. વ્યાધિ દુઃખ દે છે.
૮. યોગીઓ તૃષ્ણા રાખતા નથી.
૯. તલવાર પડે છે.
૧૦. (બે) દુશ્મન જીતે છે.
૧૧. હરિ ક્રોધ કરે છે.
૧૨. હાથ છાંટે છે.
૧૩. પર્વત ઊભો રહે છે.

---

**कर्तव्यो महदाश्रयः । - વડિલોનો જ આશ્રય કરવો જોઈએ.**

**कर्मणो गहना गतिः । - કર્મની ગતિ ગહન છે.**

## પાઠ - ૬

### દ્વિતીયા વિભક્તિ

### ૧. अ કારાંત નામ

### પ્રત્યયો

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુંલિંગ | **म्** | **औ** | **आन्** |
| પુંલિંગ | **बुधम्** | **बुधौ** | **बुधान्** |

નપુંસગલિંગ - પ્રથમા પ્રમાણે

### ભૂમિકા

૧. નપુંસકલિંગ નામોની દ્વિતીયા વિભક્તિના રૂપ હંમેશાં પ્રથમા વિભક્તિ જેવા જ હોય છે.

### નિયમો

૧. પદાંતે **ए** કે **ओ** હોય ને પછી **अ** આવે, તો એ **अ** પૂર્વના સ્વરમાં એટલે **ए** કે **ओ** માં ડૂબી જાય છે. એટલે એ બોલાતો નથી ને એ લખાતોય નથી, પણ એને ઠેકાણે (ऽ) અવગ્રહ ચિહ્ન ઘણું કરીને મૂકવામાં આવે છે:

દા.ત. **वने + अश्वः = वनेऽश्वः । अश्वो + अस्ति = अश्वोऽस्ति ।**

૨. ક્રિયાપદ ગતિવાચક હોય તો જે સ્થાને જવાનું હોય તે સ્થાન બતાવનાર શબ્દ દ્વિતીયા વિભક્તિમાં અને કોઇ વખત ચતુર્થી વિભક્તિમાં આવે છે.

દા.ત. **ग्रामं गच्छति । ग्रामाय गच्छति ।**

૩. હ્રસ્વ કે દીર્ઘ **इ, उ , ऋ , लृ** + કોઇ પણ વિજાતીય સ્વર = **इ , उ , ऋ , लृ** ના સ્થાને અનુક્રમે **य् , व् , र् , ल्** મૂકાય છે.

દા.ત. **अति + उष्ण = अत्युष्ण । मधु + अलभत = मध्वलभत ।**
**मातृ + आदि = मात्रादि ।**

૪. પદાંતે **न् + च् , छ् , ट् , ठ् , त् , थ् = न्** નો અનુસ્વાર અને વિસર્ગ થાય છે. આ સંધિમાં એવા વિસર્ગનો પછી **स्** થાય છે (જુઓ પૃષ્ઠ ૨૨ નો નિયમ - ૫)

દા.ત. **नरान् + च = नरांश्च । बिडालान् + ताडयति = बिडालांस्ताडयति ।**

૫. **आ + रुह्** ધાતુ (આરોહણ કરવું), જ્યાં ચઢવાનું હોય તેને દ્વિતીયા વિભક્તિ લાગે.

 દા.ત. गिरिमारोहति ।

૬. विश् (પ્રવેશ કરવો) ધાતુ સકર્મક હોવાથી દ્વિતીયા વિભક્તિ લાગે

 દા.ત. ग्रामौ प्रविशामः ।

## ધાતુઓ

### દશમો ગણ

दण्ड् - દંડ કરવો, શિક્ષા કરવી | भक्ष् - ભક્ષણ કરવું, ખાવું | मार्ग् - શોધવું

### નામ

| પુંલિંગ | | નપુંસકલિંગ |
|---|---|---|
| | भार - ભાર, બોજો | |
| अगद - ઓસડ | मोक्ष - મોક્ષ, મુક્તિ | अरण्य - અરણ્ય, જંગલ, રાન, વગડો, વન |
| ओदन - ભાત, રાંધેલા ચોખા | योध - યોદ્ધો, લડવૈયો | तत्त्व - તત્ત્વ, સત્ય |
| किङ्कर - ચાકર | वेद - વેદ | तृण - તરણું, ઘાસ |
| कोश - ખજાનો, ભંડાર | व्याघ्र - વાઘ | धान्य - ધાન્ય, અનાજ |
| गज - હાથી | व्याध - શિકારી | नगर - નગર, શહેર |
| ग्राम - ગામ | शठ - ખળ, લુચ્ચો | पाप - પાપ |
| जनक - બાપ | शर - તીર, બાણ | पुस्तक - પુસ્તક |
| देह - દેહ, શરીર | शिष्य - શિષ્ય | मांस - માંસ |
| पाद - પગ | सिंह - સિંહ | वस्त्र - વસ્ત્ર, લૂગડું |
| पुरुष - પુરુષ | सूर्य - સૂર્ય, સૂરજ | विष - વિષ, ઝેર |
| प्रज्ञ - ડાહ્યો માણસ | स्तेन - ચોર | सुवर्ण - સોનું |
| बिडाल - બિલાડો | स्वर्ग - સ્વર્ગ | |
| ब्राह्मण - બ્રાહ્મણ | | |

### સ્વાધ્યાય

પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

૧. ईश्वरं जनः पूजयति ।
૨. नृपः शठान् दण्डयति ।
૩. रामोऽश्वमारोहति ।
૪. व्याघ्रो मांसमत्ति ।
૫. हरिर्हस्तौ क्षालयति ।
૬. योधः शरान् क्षिपति ।
૭. स्तेनो धान्यं चोरयति ।
૮. नगरं गच्छामि ।

९. पुत्रो जनकं सान्त्वयति ।
१०. पुस्तकं मार्गयामि ।
११. सुवर्णं तोलयामः ।
१२. ग्रामानटावः ।
१३. फले भक्षयामि ।
१४. कमलानि पश्यति ।
१५. भारं वहति किङ्करः ।
१६. प्रज्ञान् वर्णयन्ति जनाः ।
१७. पापं वदसि ।
१८. स्मरसि मित्राणि ।
१९. बुधो मोक्षमिच्छति ।
२०. व्याधयो नरान् पीडयन्ति ।
२१. जलं पिबथ ।
२२. कविर्बुधौ शंसति ।
२३. वस्त्रे त्यजति मूर्खः ।
२४. तृणान्यत्त्यश्वः ।
२५. यतिर्देहं मुञ्चति ।
२६. बिडालांस्ताडयति पुरुषः ।
२७. गृहं प्रविशामः ।

પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. રામ વાઘોને જુએ છે.
૨. ઘોડા ખજાનાને વહે છે.
૩. ડાહ્યો માણસ સ્વર્ગે ચડે છે.
૪. સિંહો હાથીઓને ખાઈ જાય છે.
૫. (તે) ફળો ગણે છે.
૬. યોગી વનમાં જાય છે.
૭. યોદ્ધો (બે) તીર ફેંકે છે.
૮. પરમેશ્વર માણસોને સંભારે છે.
૯. (બે) ગામોમાં (અમે) પેસીએ છીએ.
૧૦. (તેઓ) પગ ધુએ છે.
૧૧. દીકરો બાપને ખુશ કરે છે.
૧૨. માણસો ફળો ખાય છે.
૧૩. વાંદરા વૃક્ષો પર ચઢે છે.
૧૪. (તે) ચાકરોને પૂછે છે.
૧૫. (બે) મુર્ખા ઝેર પીએ છે.
૧૬. રાજાઓ ચોરને સજા કરે છે.
૧૭. (તેઓ) પુસ્તકો ગોઠવે છે.
૧૮. (તમે) ભાત ખાઓ છો.
૧૯. રામને મિત્રો સંભારે છે.
૨૦. લોકો રાજાઓને વખાણે છે.
૨૧. ડાહ્યા માણસ લોકોને દોરે છે.
૨૨. (હું) સત્ય સમજું છું.
૨૩. વેદો સૂરજને વખાણે છે.
૨૪. બાપ (પોતાના બે) દીકરાઓને બોલાવે છે.
૨૫. મૂર્ખા ડાહ્યા માણસોને નિંદે છે.
૨૬. રાજા યોદ્ધાને કહે છે.

## इ કારાન્ત નામ

### પ્રત્યયો

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુંલિંગ | म् | ० | न् |
| પુંલિંગ | हरिम् | हरी | हरीन् |

## નિયમો

૧. **इ** કારાંત પુંલિંગ દ્વિતીયાના બહુવચનમાં **न्** પ્રત્યય લાગતાં તેમજ દ્વિવચનમાં પણ અંત્ય **इ** દીર્ઘ થાય છે.

૨. તાલાવ્ય કે મૂર્ધન્યના યોગમાં દંત્ય દુર્બળ બનીને તેટલામોં તાલવ્ય કે મૂર્ધન્ય મૂકવામાં આવે છે.

દા.ત. **तत् + च = तच्च । तत् + टीका = तट्टीका ।**

૩. નામ કે ક્રિયાપદના દ્વિવચનને છેડે દીર્ઘ **ई** , **ऊ** કે **ए** આવ્યા હોય ત્યારે પછીના સ્વર સાથે એઓની સંધિ થતી નથી.

દા.ત. **गिरी आरोहन्ति ।**

## ધાતુઓ

### પહેલો ગણ

**दा [ यच्छ् ]** - દેવું, આપવું

**अभि + नन्द्** - આનંદ પામવો, ગમવું, વધાવવું

**आ + नी** - આણવું, લાવવું,

**अनु + सृ** - અનુસરવું

### દશમો ગણ

**प्र + क्षल्** - પખાળવું, ધોવું

**गण्** - ગણકારવું

### અવ્યય

**अपि** - પણ, એ

## નામ - પુંલિંગ

**अतिथि** - મહેમાન,પરોણો

**अधिपति** - ઉપરી, ધણી

**अलि** - ભમરો, મધમાખ

**कलि** - કજિયો, કલિયુગ

**किरि** - ભૂંડ, ડુક્કર

**बलि** - બળિદાન

**भिक्षुक** - ભિખારી

**मणि** - મણિ

**रवि** - રવિ, સૂરજ

**राशि** - ઢગ, ઢગલો

**वायस** - કાગડો

**विधि** - અદષ્ટ નસીબ

**व्रीहि** - જુદી જુદી જાતના ચોખા કે દાણા

**सारथि** - સારથિ, રથ હાંકનારો

## સ્વાધ્યાય

પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

૧. **वायसो बलिं भक्षयति ।**

૨. **हरिं पीडयति व्याधिः ।**

૩. **कमलमलीन् प्रीणयति ।**

૪. **पाणी प्रक्षालयामः ।**

૫. **कपिं मुञ्चामि ।**

૬. **गिरी आरोहन्ति ।**

७. यतिं पृच्छन्ति शिष्याः ।
८. अधिपतीन्किङ्करा अनुसरन्ति ।
९. ऋषी नमामः ।
१०. सारथीनाह्वयामः ।
११. नृपतिररीञ् जयति ।
१२. मेघो वारि सिञ्चति ।
१३. रामो रविं नमति ।
१४. असीन्वहन्ति योधाः ।
१५. नृपतिं वर्णयन्ति कवयः ।
१६. कविं जनः पूजयति ।
१७. मणिं चोरयति स्तेनः ।
१८. उदधिं गच्छावः ।
१९. व्याघ्रः किरीनत्ति ।
२०. ईश्वरो विधिं जयति ।
२१. राशिं नयतः ।
२२. व्याधिं न गणयामि ।
२३. कलीन्नाभिनन्दति बुधः ।
२४. व्रीहीनुञ्छति भिक्षुकः ।
२५. अतिथीन्पूजयन्ति ब्राह्मणाः ।

પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. કવિઓ ઋષિઓને વખાણે છે.
૨. રામ કવિઓને નમે છે.
૩. યોગિ પર્વત (તરફ) જાય છે.
૪. (બે) વાંદરાઓને (હું) મારું છું.
૫. હરિ ઢગલા લાવે છે.
૬. તે હાથને સ્પર્શ કરે છે.
૭. ઓસડો રોગોનું હરણ કરે છે.
૮. (બે) પારધી (બે) ડુક્કરોને જુએ છે.
૯. હરિ (પોતાના) શત્રુને મારે છે.
૧૦. યોદ્ધો તલવાર ફેંકે છે.
૧૧. (હું) મણિઓ ઈચ્છું છું.
૧૨. (તે) દરિયાઓ (ઉપર) ભટકે છે.
૧૩. માણસ અગ્નિમાં પેસે છે.
૧૪. (બે) સારથિઓને (તે) પૂછે છે.
૧૫. લોકો રાજાઓને ખુશ કરે છે.
૧૬. રાજાઓ પણ યોગીઓને નમે છે.
૧૭. ઘોડા પાણી પીએ છે.
૧૮. માણસો બલિદાનો આપે છે.

---

विद्या विनयेन शोभते । - વિદ્યા વિનયથી શોભે છે.

विद्यायाः फलं विरतिः । - વિદ્યાનું ફળ વિરતિ છે.

# પાઠ - ૭

## તૃતીયા વિભક્તિ

## अ કારાંત તથા इ કારાંત નામ

### પ્રત્યયો

| | | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|
| પુંલિંગ | | अ કારાંત - इन | भ्याम् | ऐस् |
| | | इ કારાંત - ना | भ्याम् | भिस् |
| अ કારાંત | | दण्डेन | दण्डाभ्याम् | दण्डैः |
| इ કારાંત | | मणिना | मणिभ्याम् | मणिभिः |
| નપુંસકલિંગ | | इ કારાંત- आ | भ्याम् | भिस् |
| | | वारिणा | वारिभ्याम् | वारिभिः |

### ભૂમિકા

૧. अ કારાંત નપુંસગલિંગ નામોના રૂપ પહેલી બે વિભક્તિ સિવાયની બાકીની બધી વિભક્તિઓમાં अ કારાંત પુંલિંગ નામ જેવા જ થાય છે.

### નિયમો

૧. વિશેષણ અને વિશેષ્યના જાતિ, વચન અને વિભક્તિ એકસરખા હોય છે.
દા.ત. **जनाः प्रभूतैरपि रत्नैर्न प्रीणयन्ति ।**

૨. જે નામને **सह** અવ્યય જોડવામાં આવે તે નામ તૃતીયા વિભક્તિમાં મૂકવું. (**सह** અધ્યાહાર્ય હોય તો પણ તૃતીયા આવે.)
દા.ત. **पुत्रैः सह गच्छति ।**

૩. **ए , ऐ , ओ** અને **औ** સિવાયના સ્વર પછી હ્રસ્વ **ऋ** આવે તો સંધિ કરવી અથવા તો સંધિ ન કરતાં માત્ર પૂર્વનો સ્વર દીર્ઘ હોય તો હ્રસ્વ કરવો.
દા.ત. **पिता + ऋषिः = पितर्षिः / पित ऋषिः ।**

### ધાતુઓ

#### પહેલો ગણ

**खन्** - ખણવું, ખોદવું

**अव + गम्** - જાણવું

**चल्** - ચાલવું, ખસવું

**प्र + हृ**- પ્રહાર કરવો, મારવું, મારમારવો

**अव + नम्** - નમવું, નમી જવું,

**वि + राज्**- શોભવું, પ્રકાશવું, સુંદર દેખાવું

## દશમો ગણ - दृ (दार्) - ફાડવું

### નામ

**પુંલિંગ**

**अलङ्कार** - અલંકાર, ઘરેણું
**आतप** - તડકો
**इन्द्र** - ઈંદ્ર
**उपहार** - ભેટ
**कर** - હાથ, કર
**कासार** - તળાવ
**कौशिक** - કુશિકનો વંજશ, કૌશિક ગોત્રનો પુરુષ
**दण्ड** - લાકડી, દંડ
**देव** - દેવ, ઈશ્વર
**नद** - નદી
**नाविक** - નાવ ચલાવનાર, ખલાસી
**पत्ति** - પાળો (સિપાઈ)
**बाण** - બાણ, તીર
**मन्त्र** - મંત્ર, (વેદના) સૂક્તની કડી
**यजमान** - જજમાન, ઘરધણી
**यत्न** - પ્રયત્ન, મહેનત
**रथ** - રથ
**रावण** - રાવણ, લંકાનો રાજા
**विधि** - વિધિ, શાસ્ત્રની આજ્ઞા
**श्लोक** - શ્લોક, કવિતાની કડી

**નપુંસકલિંગ**

**अन्न** - ખોરાક
**अर्घ्य** - અર્ઘ્ય, પૂજાનો સામાન
**इन्धन** - બળતણ
**खनित्र** - કોદાળો
**गोत्र** - ગોત્ર, વંશ, કુળ
**चक्र** - ચક્ર, પૈડું, ચાક
**नख** - નખ, નહોર
**पुण्य** - પુણ્ય
**यन्त्र** - યંત્ર, સાંચો
**रत्न** - જવાહિર
**शरीर** - શરીર, દેહ
**शास्त्र** - શાસ્ત્ર
**शीर्ष** - શીશ, માથું
**सूक्त** - સૂક્ત, વેદની કવિતા

**વિશેષણ**

**खञ्ज** - લંગડો
**प्रभूत** - પુષ્કળ

**અવ્યય**

**सह** - સહિત, સાથે

### સ્વાધ્યાય

**પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

૧. **पुरुषः स्तेनं दण्डेन ताडयति ।**
૨. **नाविका नदेन समुद्रं प्रविशन्ति ।**
૩. **पादेन खञ्जः ।**
૪. **चक्राभ्यां चलति रथः ।**
૫. **रामोऽर्घ्येण ऋषिं पूजयति ।**
૬. **बुधाः सुखेन जीवन्ति ।**

७. वारिणा हस्तौ क्षालयति ।
८. सिंहो नखैर्गजान् दारयति ।
९. बुधः शास्त्रैस्तत्त्वमवगच्छति ।
१०. पादाभ्यां धावन्ति बालाः ।
११. करेणाह्वयति रामं हरिः ।
१२. गोत्रेण कौशिकोऽस्मि ।
१३. इन्धनैः पचत्योदनम् ।
१४. शरीरमलङ्कारैर्भूषयति ।
१५. योधो बाणैररिं जयति ।
१६. पुत्रैः सह ग्रामं गच्छति हरिः ।
१७. खनित्रेण खनति ।
१८. कवयः श्लोकैर्नृपं वर्णयन्ति ।
१९. नेत्राभ्यां पश्यति जनः ।
२०. पाणिभ्यां स्पृशति शीर्षम् ।
२१. अग्निना गृहं दहति ।
२२. पत्तिभिर्गच्छति योधः ।
२३. पुण्येन हरिं पश्यति ।
२४. रामः कपिभिर्जयति रावणम् ।
२५. दुःखेन मुह्यति जीवः ।

પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. રામ રત્નો વડે શરીર શણગારે છે.
૨. માણસ મુખ વડે બોલે છે.
૩. માણસ અન્ન વડે શરીર પોષે છે.
૪. (તેઓ) માથે ભાર વહે છે.
૫. હરિ પ્રયત્નોથી ઋષિને ખુશ કરે છે.
૬. રાજાઓ ભેટો વડે પ્રસન્ન થાય છે.
૭. રથો યંત્રો વડે ચાલે છે.
૮. બ્રાહ્મણો (બે) સૂક્તો વડે દેવને બોલાવે છે.
૯. (તે) વિધિથી ઈશ્વરને પૂજે છે.
૧૦. બે શ્લોક વડે (તે) રામને વખાણે છે
૧૧. માણસ શત્રુને તલવાર વડે મારે છે.
૧૨. રામ સારથિ સાથે જાય છે.
૧૩. તળાવ કમળો વડે શોભે છે.
૧૪. લોકો ઘણા રત્નોથી પણ ખુશ થતા નથી.
૧૫. (અમે) રથમાં બેસીને (=વડે) ગામ જઈએ છીએ.
૧૬. (તે) દેવોને બલિદાન વડે ખુશ કરે છે.
૧૭. વાઘ માંસ વડે જીવે છે.
૧૮. (તે) ચિત્તથી ઈશ્વરનું ચિંતન કરે છે.
૧૯. ઈંદ્ર (પોતાના) વજ્ર વડે પર્વતોને મારે છે.
૨૦. વૃક્ષો પાણી વડે ઊગે છે.
૨૧. વાંદરા ફળો વડે સંતોષ પામે છે.
૨૨. વસંતઋતુ ઝાડોને પાંદડાં વડે શણગારે છે. (**वसन्त** પું)
૨૩. તળાવો તડકા વડે સુકાઈ જાય છે.
૨૪. માથું ભાર વડે નીચે નમી જાય છે.

# પાઠ - ૮

## ચતુર્થી અને પંચમી વિભક્તિ

### પ્રત્યયો

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| અકારાંત પુંલિંગ | ચ. य | भ्याम् | भ्यस् |
| | પં. आत् | भ्याम् | भ्यस् |
| અકારાંત નપુંસકલિંગ | ચ. / પં. | પુંલિંગ પ્રમાણે | |
| ચ. - | रामाय | रामाभ्याम् | रामेभ्यः |
| પં. - | रामात् | रामाभ्याम् | रामेभ्यः |
| इકારાંત પુંલિંગ તથા નપુંસકલિંગ | ચ. ए | भ्याम् | भ्यस् |
| | પં. अस् | भ्याम् | भ्यस् |
| ચ. हरे + ए - | हरये | हरिभ्याम् | हरिभ्यः |
| પં. हरे + अस् - | हरेः | हरिभ्याम् | हरिभ्यः |
| ચ. - | वारिणे | वारिभ्याम् | वारिभ्यः |
| પં. - | वारिणः | वारिभ्याम् | वारिभ्यः |

### ભૂમિકા

૧. કેટલાક ધાતુ દ્વિકર્મક છે. જેમ કે **नी** , **प्रच्छ्** , **याच्** વગેરે. વળી આ ધાતુના જેવા અર્થવાળા બીજા ધાતુ પણ દ્વિકર્મક છે.

### નિયમો

૧. **य** તથા **भ्याम्** પ્રત્યય લાગતાં પૂર્વનો **अ** દીર્ઘ થાય છે. **भ्यस्** પ્રત્યય લાગતાં પૂર્વના **अ** નો **ए** થાય છે.

૨. ચતુર્થી, પંચમી અને ષષ્ઠીના એકવચનના પ્રત્ય લાગતાં હ્રસ્વ **इ** કારાંત તથા **उ** કારાંત પુંલિંગ નામોના અન્ત્ય સ્વરનો ગુણ થાય છે.

૩. પંચમી, ષષ્ઠીના **अस्** પ્રત્યયની પૂર્વે **ए** કે **ओ** હોય, તો **अ** લોપાય છે.

૪. **धृ** (દેવાદાર હોવું) ધાતુમાં દેવાદાર વ્યક્તિને પ્રથમા, લેણદાર વ્યક્તિને ચતુર્થી અને દેવાની વસ્તુને દ્વિતીયા લાગે.

દા.ત. रामो हरये शतं निष्कान् धारयति ।

↑ देवादार ↑ લેણદાર ↑ દેવાની વસ્તુ

(રામો → દેવાદાર, હરયે → લેણદાર, નિષ્કાન્ → દેવાની વસ્તુ)

૫. જે નામને **नमः** કે **स्वस्ति** જોડવામાં આવે તે ચતુર્થીમાં આવે છે. તથા **विना** જોડવામાં આવે તે દ્વિતીયા, તૃતીયા કે પંચમીમાં આવે છે

દા.ત. **जिनाय नमः । स्वस्ति संघाय । धर्मं / धर्मेण / धर्मात् विना न मोक्षः ।**

૬. ક્રોધ, દ્રોહ, ઈર્ષ્યા કે અસૂયા અર્થના ક્રિયાપદો સાથે ક્રોધ વગેરે જેના પ્રત્યે બતાવવામાં આવે છે તેને ચતુર્થી વિભક્તિ આવે છે. વળી **स्पृह्** ક્રિયાપદની સાથે ઈચ્છિત વસ્તુવાચક શબ્દ (એટલે કર્મ) પણ ચોથીમાં આવે છે.

દા.ત. **श्रेष्ठी किङ्कराय कुप्यति । मोदकाय स्पृहयति ।**

૭. **प्रति + दा** નું કર્મ દ્વિતીયામાં અને બદલામાં લેવાનું હોય તે પંચમીમાં આવે છે.

દા.ત. **तिलेभ्यो माषान् प्रतियच्छति ।**

૮. 'આપવું' એ અર્થના ક્રિયાપદનું પ્રધાન કર્મ દ્વિતીયામાં અને ગૌણ કર્મ ચતુર્થીમાં આવે છે.

દા.ત. **ब्राह्मणेभ्यो मोदकान् ददाति / यच्छति ।**

૯. ૨૦ + ઘોષ કે સ્વર = સ્વવર્ગનો ત્રીજો મુકાય છે.

દા.ત. **उत् + गमः = उद्गमः । वनात् + आगच्छति = वनादागच्छति ।**

## ધાતુઓ

### પહેલો ગણ

**अधि + गम्** - મેળવવું

**प्रति + आ + गम्** - પાછું આવવું

**प्रति + दा [ यच्छ् ]** - ના બદલામાં આપવું

**भज्** - ભજવું, આશરો કરવો

**उद् + भू** - ઉદ્ભવ થવો, ઉત્પન્ન થવું, નીપજવું

**उद् + स्था [ तिष्ठ् ]** - ઊઠવું, ઊભા થવું

### છઠ્ઠો ગણ

**उप + दिश्** - ઉપદેશ કરવો, શિખવવું, સમજાવવું

### દશમો ગણ

**धृ** - ધારણ કરવું, પહેરવું, દેણદાર હોવું, દેવું હોવું

## નામ

### પુંલિંગ

**अश्वपति** - વિશેષ નામ
**आचार्य** - આચાર્ય, ધર્મગુરુ, ગુરુ
**कृषीवल** - ખેડૂત
**कृष्ण** - વિશેષ નામ
**क्रोध** - ક્રોધ, ગુસ્સો
**क्रोश** - કોશ, બે માઈલ
**तिल** - તલ
**द्वीप** - દ્વીપ, બેટ, ખંડ
**निष्क** - સોનામહોર
**पर्वत** - પર્વત
**पाप** - પાપી, દુષ્ટ
**प्रासाद** - મહેલ
**भृत्य** - ચાકર
**माष** - અડદ
**मोदक** - લાડુ
**याचक** - યાચક, માગણ
**लोक** - લોક, દુનિયા
**वध** - વધ, ઘાત
**वराह** - ભૂંડ, ડુક્કર
**विनय** - નમ્રતા
**शिखर** - શિખર, ટોચ
**सार्थ** - સાર્થ, કાફલો, ટોળું
**सेनापति** - સેનાપતિ
**सैनिक** - લશ્કરી સિપાઈ

### નપુંસકલિંગ

**अज्ञान** - અજ્ઞાન
**आकाश** - આકાશ
**आसन** - આસન, બેઠક
**उद्यान** - વાડી, બાગ
**कल्याण** - કલ્યાણ, ભલું
**कुसुम** - ફૂલ
**क्षेत्र** - ખેતર
**जाड्य** - આળસ, જડતા
**ज्ञान** - જ્ઞાન, સમજ
**तारक** - તારો, ચાંદરડું
**पद** - પગલું
**पल्वल** - તલાવડું, ખાબોચિયું
**भोजन** - ભોજન
**मौन** - શાંતતા
**योजन** - જોજન, ચારકોશ, ચારગાઉ
**राज्य** - રાજ્ય
**वन** - વન
**शत** - સો
**सिंहासन** - સિંહાસન
**स्वकृत्य** - સ્વધર્મ, પોતાની ફરજ

### વિશેષણ

**मूक** - મૂંગું

### અવ્યય

**नमस्** - નમસ્કાર
**विना** - સિવાય
**स्वस्ति** - સ્વસ્તિ, અખંડ કલ્યાણ

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

૧. हरिर्ब्राह्मणेभ्यो निष्कान् यच्छति ।
૨. कल्याणाय हरिं भजति ।
૩. हरये नृपतिः कुप्यति ।
૪. नगरादागच्छति ।
૫. अतिथिभ्योऽन्नं यच्छति ।
૬. आसनेभ्य उत्तिष्ठन्त्याचार्याः ।
૭. रवेर्लोकः सुखमधिगच्छति ।
૮. शिष्याय शास्त्रमुपदिशति ।
૯. शिखरात्पतन्ति गजाः ।
૧૦. भृत्यं क्रोधाद्रामस्ताडयति ।
૧૧. नमो देवेभ्यः ।
૧૨. पल्वलेभ्यो वराहा उत्तिष्ठन्ति ।

१३. निष्कान् धारयति रामाय हरिः ।
१४. मनुष्यो ग्रामाय गच्छति ।
१५. फलेभ्यो गच्छामि ।
१६. मोदकेभ्यो बालः स्पृहयति ।
१७. अश्वात्पतति ।
१८. तिलेभ्यः प्रतियच्छति माषान् ।
१९. वधाद्विनारिर्न शाम्यति ।
२०. प्रासादाज्जनं पश्यति नृपः ।
२१. कलिभ्यो दुःखान्युद्भवन्ति ।
२२. द्वीपाद् द्वीपमटति सार्थः ।
२३. नगरं वनाद्योजनम् ।
२४. स्वस्ति हरये ।
२५. विनयः सुखाय भवति ।

પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. રામ ભોજનને વાસ્તે ઘેર જાય છે.
૨. ફળો વૃક્ષો ઉપરથી પડે છે.
૩. (હું) યાચકોને ધન આપું છું.
૪. હરિએ અશ્વપતિને સો મહોર (કરજ પેટે) દેવી છે.
૫. ડાહ્યો માણસ મોક્ષ માટે ઈશ્વરને ભજે છે.
૬. સેનાપતિ લશ્કરી સિપાઈઓને (એક) ગામથી (બીજે) ગામ લઈ જાય છે.
૭. રામ સ્વધર્મથી ચૂકે છે.
૮. (બે) ઢગલાઓમાંથી (તે) ચોખા લાવે છે.
૯. શિષ્યો (પોતાના) આચાર્યો પાસેથી જ્ઞાન મેળવે છે.
૧૦. રાજાઓ (પોતાના) રાજ્યોને શત્રુઓથી રક્ષે છે.
૧૧. રાજા સિંહાસન ઉપરથી (પોતાના) સેનાપતિને કહે છે.
૧૨. આળસને લીધે (તે) (એક) પગલું પણ ચાલતો નથી.
૧૩. બ્રાહ્મણો રાજાઓ પાસેથી ધન મેળવે છે.
૧૪. પર્વત સમુદ્રથી (બે) યોજન છે.
૧૫. હરિ ફૂલોને માટે બાગ તરફ જાય છે.
૧૬. દુઃખ પાપમાંથી નીપજે છે.
૧૭. દેવો પાપીઓને સ્વર્ગમાંથી ફેંકી દે છે.
૧૮. વિનયને લીધે (તે) મૂંગો ઊભો રહે છે.
૧૯. (હું) બાગમાંથી પાછો ફરું છું.
૨૦. ખેડૂતો ધાન્યને માટે ખેતર ખેડે છે.
૨૧. છોકરો બાપ પાસેથી ધન મેળવે છે.
૨૨. મુર્ખા અજ્ઞાનને લીધે બબડે છે.
૨૩. ડુક્કરો તળાવમાંથી પાણી પીએ છે.
૨૪. આકાશમાંથી તારા પડે છે.
૨૫. કવિઓને અખંડ કલ્યાણ !

# પાઠ - ૯

## ષષ્ઠી, સપ્તમી અને સંબોધન વિભક્તિ

### પ્રત્યયો

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| अકારાંત પુંલિંગ | ષ. स्य | ओस् | नाम् |
| | સ. इ | ओस् | षु |
| | अકારાંત નપુંસકલિંગ પુંલિંગ પ્રમાણે | | |
| इકારાંત પુંલિંગ | ષ. अस् | ओस् | नाम् |
| | સ. औ | ओस् | षु |
| ષષ્ઠી | रामस्य | रामयोः | रामाणाम् |
| સપ્તમી | रामे | रामयोः | रामेषु |
| સંબોધન | राम | रामौ | रामाः |
| ષષ્ઠી | हरेः | हर्योः | हरीणाम् |
| સપ્તમી | हरौ | हर्योः | हरिषु |
| સંબોધન | हरे | हरी | हरयः |
| इકારાંત નપુંસકલિંગ | ષ. अस् | ओस् | नाम् |
| | સ. इ | ओस् | षु |
| ષષ્ઠી | वारिणः | वारिणोः | वारीणाम् |
| સપ્તમી | वारिणि | वारिणोः | वारिषु |
| સંબોધન | वारे, वारि | वारिणी | वारीणि |

### ભૂમિકા

૧. **अ** કારાંત નામના સંબોધન એકવચનમાં મૂળ રૂપ જ વપરાય છે અને **इ** કારાંત નામનું સંબોધન એકવચન મૂળ રૂપના અંત્ય **इ** કારનો **ए** કરવાથી થાય છે, બંનેના દ્વિવચન અને બહુવચન પ્રથમાના તે તે રૂપો જેવાં જ છે.

૨. **इ**કારાંત નપુંસકલિંગના સંબોધનનું એકવચન, મૂળ રૂપના અન્ત્ય **इ**કારનો વિકલ્પે ગુણ કરવાથી થાય છે તથા દ્વિવચન અને બહુવચન પ્રથમાના તે તે રૂપો જેવાં જ છે.

### નિયમો

૧. **नाम्** પ્રત્યયની પહેલાં અન્ત્ય હ્રસ્વ સ્વર દીર્ઘ થાય છે. **ओस्** તથા **षु** પ્રત્યય લાગતાં અન્ત્ય **अ** નો **ए** થાય છે.

૨. **औ** પ્રત્યય લાગતા પૂર્વની **इ** લોપાય છે.

૩. **श्रेष्ठ , प्रधान , प्रथम** વગેરેની પૂર્વે ષષ્ઠી-સપ્તમી બંને આવે છે.

દા.ત. **जिनो नृणां नृषु वा श्रेष्ठ: ।**

## ધાતુઓ

| પહેલો ગણ | ચોથો ગણ | છઠ્ઠો ગણ |
|---|---|---|
| **प्र + रुह्** - ઊગવું | **क्षम्[ क्षाम्]** - ક્ષમા કરવી, માફ કરવું | **उप + विश्** - બેસવું |

## નામ

### પુંલિંગ

**अवकाश** - જગ્યા, અવકાશ
**आचार** - આચાર, યોગ્ય ચાલ
**खड्ग** - ખડગ, તલવાર
**ग्रीष्म** - ગ્રીષ્મ, ઉષ્ણકાળ, ઉનાળો
**चन्द्र** - ચન્દ્ર
**दीप** - દીવો
**धनपति** - કુબેર
**धनिक** - પૈસાદાર, તવંગર
**धर्म** - ધર્મ, ફરજ
**निधि** - ભંડાર, ખજાનો
**पराक्रम** - પરાક્રમ, પુરુષાર્થ
**पालक** - પાળનાર, રક્ષણ કરનાર
**प्रकाश** - પ્રકાશ, તેજ
**प्रसाद** - મહેરબાની
**यक्ष** - કુબેરનો ચાકર
**वर्ण** - વર્ણ, જાતિ, રંગ
**वास** - વાસ, રહેઠાણ
**वीर** - વીર, લડવૈયો
**वृष** - બળદ
**श्वापद** - શિકારી પશુ
**सुमन्त्र** - વિશેષ નામ (રામનો સારથિ)

### નપુંસકલિંગ

**औषध** - ઔષધ, ઓસડ
**कारण** - કારણ
**घृत** - ઘી
**चरित** - સંસારમાં વર્તવાની રીત
**चित्त** - ચિત્ત, મન
**प्रमाण** - પ્રમાણ, સાબિતી
**युद्ध** - યુદ્ધ, લડાઈ
**यूथ** - જથ્થો, ટોળું
**लवण** - મીઠું
**लाङ्गूल** - પૂંછડું
**वचन** - વચન, વેણ
**वैर** - વેર, દુશ્મનાઈ
**सौन्दर्य** - સુંદરપણું, ખૂબસુરતી
**हिम** - હિમ, બરફ
**हर्म्य** - ઘર, હવેલી

### વિશેષણ

**आह्लादक** - ખુશકારક
**गर्ह्य** - નિંદવા લાયક

**श्रेष्ठ** - શ્રેષ્ઠ, સર્વોત્તમ
**चण्ड** - પ્રચંડ, ગરમ, ઉગ્ર
**दीर्घ** - દીર્ઘ, લાંબું
**प्रथम** - પ્રથમ, પહેલું

**प्रशस्य** - પ્રશંસાને પાત્ર, વખાણવા લાયક
**लवण** - ખારું

## અવ્યય

**क्व** - ક્યાં ?

## સ્વાધ્યાય

### પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

૧. नराणां पालको नृपः ।
૨. देवस्य प्रसादेन जीवामि ।
૩. वीरयोर्युद्धं भवति ।
૪. आसनेषूपविशन्ति ।
૫. कासारे कमलान्युद्भवन्ति ।
૬. ग्रीष्मे सूर्यस्य प्रकाशश्चण्डो भवति ।
૭. ऋषीणां वचनं प्रमाणम् ।
૮. कवयो लोकेषु वीराणां पराक्रमान् प्रथयन्ति ।
૯. नगरे जना वसन्ति ।
૧૦. वनेषु श्वापदाः सन्ति ।
૧૧. मनुष्याणामगदेन व्याधयो नश्यन्ति ।
૧૨. चन्द्रस्य प्रकाशो जनानामाह्लादको भवति ।
૧૩. अरीणां सैनिकान् नृपतिर्जयति ।
૧૪. धूर्जटौ यतीनां चित्तमस्ति ।
૧૫. समुद्रस्य जलं लवणम् ।
૧૬. शास्त्राणां तत्त्वं प्रज्ञो बोधति ।
૧૭. वारीणां निधिरुदधिः ।
૧૮. गिरेः शिखराद् वृषः पतति ।
૧૯. गजानां यूथं चरति ।
૨૦. वर्णानां ब्राह्मणः श्रेष्ठः ।
૨૧. शठानां चरितं गर्ह्यम् ।
૨૨. हरेः पुस्तकं क्वास्ति ?
૨૩. रामस्य पुत्रा ग्रामं गच्छन्ति ।
૨૪. आचार्याः शिष्याणां धर्मं कथयन्ति ।
૨૫. रामस्य सारथिः सुमन्त्रो वनं रथं नयति ।
૨૬ गिरिषु वसन्ति सिंहाः ।
૨૭. योधस्य पाणौ खड्गोऽस्ति ।

### પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. હરિના (બે) દીકરાની ચાલ વખાણવા લાયક છે.
૨. ઘરોમાં દીવા છે.
૩. યક્ષો કુબેરના ચાકર છે.
૪. વાંદરાઓના પૂંછડા લાંબા હોય છે.
૫. કવિઓમાં કાલિદાસ પ્રથમ છે.
૬. માણસોનો ચાકર ગામ જાય છે.
૭. રાજાઓ મહેલોમાં રહે છે.
૮. પૈસાદારો હવેલીઓમાં રહે છે.
૯. રામ માણસોમાં શ્રેષ્ઠ છે.
૧૦. સરોવરનું પાણી ખારું છે.
૧૧. પર્વતોના શિખરો ઉપર બરફ છે.
૧૨. ચોર બ્રાહ્મણોનું ધન ચોરે છે.
૧૩. (હું) વાડીઓના સૌન્દર્ય વડે ખુશ

થાઉં છું.

૧૪. (તે) ઝાડનું પાંદડું લાવે છે.

૧૫. (હું) દેવતામાં ઘી નાખું છું.

૧૬. ખલાસીઓનું વેર લડાઈનું કારણ છે.

૧૭. મુર્ખાઓને (સુધારવાને) માટે (કશું) ઓસડ નથી.

૧૮. હે હરિ, લોકો વિનયથી સંતુષ્ટ થાય છે.

૧૯. વાદળા આકાશમાં ચાલે છે.

૨૦. યોગીઓનું રહેઠાણ જંગલોમાં હોય છે.

૨૧. દરિયામાં ઘણા રત્ન હોય છે.

૨૨. ડાહ્યો માણસ (પોતાના) મનમાં ક્રોધને જગા આપતો નથી.

૨૩. ઈશ્વર પાપીઓના પાપ ક્ષમા કરે છે.

૨૪. કમળો પાણીમાં ઊગે છે.

૨૫. ફૂલો બાગમાં ઝાડોને શણગારે છે.

## સારાંશ તથા સવાલ

**नृप** - પું. રાજા

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | नृपः | नृपौ | नृपाः |
| દ્વિતીયા | नृपम् | नृपौ | नृपान् |
| તૃતીયા | नृपेण | नृपाभ्याम् | नृपैः |
| ચતુર્થી | नृपाय | नृपाभ्याम् | नृपेभ्यः |
| પંચમી | नृपात् | नृपाभ्याम् | नृपेभ्यः |
| ષષ્ઠી | नृपस्य | नृपयोः | नृपाणाम् |
| સપ્તમી | नृपे | नृपयोः | नृपेषु |
| સંબોધન | नृप | नृपौ | नृपाः |

**कलि** - પું. કજીયો, કળિયુગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | कलिः | कली | कलयः |
| દ્વિતીયા | कलिम् | कली | कलीन् |
| તૃતીયા | कलिना | कलिभ्याम् | कलिभिः |
| ચતુર્થી | कलये | कलिभ्याम् | कलिभ्यः |
| પંચમી | कलेः | कलिभ्याम् | कलिभ्यः |
| ષષ્ઠી | कलेः | कल्योः | कलीनाम् |
| સપ્તમી | कलौ | कल्योः | कलिषु |
| સંબોધન | कले | कली | कलयः |

**वन** - ન. જંગલ

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | **वनम्** | **वने** | **वनानि** |
| દ્વિતીયા | **वनम्** | **वने** | **वनानि** |
| તૃતીયા | **वनेन** | **वनाभ्याम्** | **वनैः** |
| ચતુર્થી | **वनाय** | **वनाभ्याम्** | **वनेभ्यः** |
| પંચમી | **वनात्** | **वनाभ्याम्** | **वनेभ्यः** |
| ષષ્ઠી | **वनस्य** | **वनयोः** | **वनानाम्** |
| સપ્તમી | **वने** | **वनयोः** | **वनेषु** |
| સંબોધન | **वन** | **वने** | **वनानि** |

**सुरभि** - ન. સુગંધવાળું

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **सुरभि** | **सुरभिणी** | **सुरभीणि** |
| દ્વિતીયા | **सुरभि** | **सुरभिणी** | **सुरभीणि** |
| તૃતીયા | **सुरभिणा** | **सुरभिभ्याम्** | **सुरभिभिः** |
| ચતુર્થી | **सुरभिणे** | **सुरभिभ्याम्** | **सुरभिभ्यः** |
| પંચમી | **सुरभिणः** | **सुरभिभ्याम्** | **सुरभिभ्यः** |
| ષષ્ઠી | **सुरभिणः** | **सुरभिणोः** | **सुरभीणाम्** |
| સપ્તમી | **सुरभिणि** | **सुरभिणोः** | **सुरभिषु** |
| સંબોધન | **सुरभि, सुरभे** | **सुरभिणी** | **सुरभीणि** |

(પુંલિંગના રૂપ **कलि** જેવાં થાય)

**પ્રશ્ન - ૧ નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

૧. છેલ્લા ચાર સ્વરો સિવાયના સજાતીય સ્વરની સંધિ શી ?

૨. **अ** કે **आ** પછી હ્રસ્વ કે દીર્ઘ **इ, उ, ऋ** કે **लृ** આવે તો સંધિ શી ?

૩. **अ** કે **आ** પછી **ए, ऐ, ओ, औ** આવે તો સંધિ શી ?

૪. પદાંતે **ए** કે **ओ** પછી **अ** આવે તો સંધિ શી ?

૫. નામના દ્વિવચનને છેડે આવેલા **ई, ऊ, ए** પછી કોઈ પણ સ્વર આવે તો, અને છેલ્લા ચાર સિવાય કોઈ પણ સ્વર પછી **ऋ** આવે તો સંધિ શી ?

૬. પદાંતે **म्** આવે તો શું થાય ?

૭. જોડે આવેલા દંત્ય અને તાલવ્ય વ્યંજનની સંધિ શી ?

૮. ૨૦ + ઘોષ કે સ્વર હોય તો સંધિ શી ?

૯. **र्** પછી **र्** આવે તો સંધિ શી ?

૧૦. **न्** નો **ण्** ક્યારે થાય ?

૧૧. ક્યારે વિસર્ગનો **उ**, ક્યારે **र्** અને ક્યારે **श्, ष्, स्** થાય છે અને ક્યારે એ લોપાય છે ?

૧૨. પદાંતે **न्** નો ક્યારે અનુસ્વાર અને વિસર્ગ થાય છે.

<u>પ્રશ્ન - ૨</u> નીચેના ક્રિયાપદો સાથે અને અવ્યયો સાથે સંબંધ ધરાવતા પદો કઈ વિભક્તિમાં આવે છે ?

૧. ગતિવાચક ક્રિયાપદો.

૨. ગુસ્સો, દ્વેષ, ચડસાચડસી અને અદેખાઈના અર્થમાં ક્રિયાપદ.

૩. ''દેણદાર હોવું'' એવા અર્થમાં **धृ** ધાતુ, તથા **स्पृह्** ધાતુ અને **प्रति + दा** ધાતુ.

<u>પ્રશ્ન - ૩</u> કેટલાક દ્વિકર્મક ધાતુ ગણાવો.

<u>પ્રશ્ન - ૪</u> નીચેના નામોના રૂપાખ્યાન કરો :-

**अ**કારાંત કે **इ** કારાંત પુંલિંગ તથા નપુંસકલિંગ નામ જરૂર જેટલા પૂછવા.

<u>પ્રશ્ન - ૫</u> હ્રસ્વ કે દીર્ઘ **इ, उ, ऋ, लृ** + કોઈ પણ વિજાતીય સ્વર આવેતો સંધિ શી ?

## <u>સાધારણ રીતે વપરાતા કેટલાક અવ્યય</u>

| | | |
|---|---|---|
| **अतः** - આથી, અહીંથી | **किन्तु** - પરંતુ, પણ | **यत्र** - જ્યાં |
| **अत्र** - અહીં | **कुतः** - શાથી, ક્યાંથી | **यथा** - જે પ્રમાણે, જેમ |
| **अद्य** - આજ | **कुत्र, क्व** - ક્યાં | **यदा** - જ્યારે |
| **अधुना** - હમણાં | **च** - અને, તથા | **वा** - અથવા, કે |
| **अपि** - પણ | **चिरम्** - લાંબા સમય સુધી | **वृथा** - ફોગટ, વૃથા |
| **इति** - ઈતિ, એમ, આ પ્રમાણે | **ततः** - તેથી, ત્યાંથી | **श्वस्** - આવતી કાલે |
| **इत्थम्** - આવી રીતે | **तत्र** - ત્યાં | **सह** - સહિત, સાથે |
| **इव** - પેઠે, જેમ, જાણે | **तथा** - તેમ, તે પ્રમાણે | **सदा** - સદા, હંમેશાં |
| **एव** - નક્કી, જ | **तदा** - ત્યારે | **सर्वत्र** - સર્વ ઠેકાણે, બધે |
| **एवम्** - એ પ્રમાણે | **पुनर्** - ફરીને | **सुष्ठु** - સારી રીતે, ઠીક |
| **कथम्** - કેમ, શી રીતે | **पुरा** - પહેલાં | **हे** - હે, અરે |
| **कदा** - ક્યારે | **यतः** - જેથી, જ્યાંથી | **ह्यस्** - ગઈ કાલે |

# પાઠ - ૧૦

## વર્તમાનકાળ : આત્મનેપદ

### એકવચન

| પ્રત્યય : | પુરુષ ૧ - इ | પુરુષ ૨ - से | પુરુષ ૩ - ते |
|---|---|---|---|
| | **वन्दे** | **वन्दसे** | **वन्दते** |

### નિયમો

૧. જે પદ જોડવાના હોય કે છૂટા પાડવાના હોય તે સઘળાને છેડે એક જ વાર કે દરેકને છેડે જુદી જુદી વાર **च** કે **वा** મુકાય છે.
દા. ત. **हरिश्च गोविन्दश्च । = हरिर्गोविन्दश्च ( जल्पतः ) ।**

૨. આત્મનેપદના રૂપાખ્યાન કરતાં પહેલાં પણ વિકરણ પ્રત્યય ધાતુઓમાં ઉમેરવા જોઈએ અને ગુણ - વૃદ્ધિ - આદેશ જે થતાં હોય તે કરવા જોઈએ.

૩. છઠ્ઠા ગણના ધાતુના અન્ત્ય **ऋ** નો **रि** થાય છે અને એમાં વિકરણ પ્રત્યય **अ** ઉમેરાતાં **रिय** થાય છે.
દા.ત. **दृ = द्रियते । पृ = प्रियते । मृ = म्रियते ।**

૪. **मृग्** ધાતુના ઉપાન્ત્ય સ્વરનો ગુણ થતો નથી. જુઓ પાઠ - ૩ નો નિયમ-૨. આ ધાતુ કેવળ આત્મનેપદી છે. બાકી સામાન્ય રીતે ૧૦મા ગણના ધાતુ ઉભયપદી છે.

૫. **रुच्** અને એવા અર્થના બીજા ક્રિયાપદોમાં જેને ગમે = જે વ્યક્તિ ખુશ થાય તેને ચતુર્થી લાગે અને જે વસ્તુ ગમે તેને પ્રથમા લાગે.
દા.ત. **रामाय मोदको रोचते ।**

### ધાતુઓ

#### પહેલો ગણ

**ईक्ष्** - જોવું,
**अप + ईक्ष्** - આશા રાખવી, જરૂર હોવી,
**प्र + ईक्ष्** - પેખવું, જોવું,
**परि + ईक्ष्** - પરીક્ષા કરવી, તપાસવું.
**कम्प्** - ધ્રૂજવું, હાલવું.
**प्र + काश्** - પ્રકાશવું, ઝળકવું
**भाष्** - ભાખવું, કહેવું
**मुद् ( मोद् )** - ખુશ થવું
**यत्** - યત્ન કરવો
**आ + रभ्** - આરંભ કરવો, શરૂ કરવું
**रम्** - રમવું

**रुच् ( रोच् )** - રુચિ હોવી, પસંદ પડવું, ગમવું, ચાહવું
**लभ्** - મેળવવું
**वन्द्** - વંદન કરવું, નમવું
**वृत् ( वर्त् )** - વર્તવું, હોવું
**वृध् ( वर्ध् )** - વધવું
**वेप्** - ધ્રૂજવું
**शङ्क्** - શંકા લાવવી, વહેમ આણવો
**आ + शंस्** - આશા રાખવી, તકાસવું
**शिक्ष्** - શિક્ષણ લેવું, શીખવું
**शुभ् ( शोभ् )** - શોભવું
**श्लाघ्** - વખાણવું
**सह्** - સહન કરવું
**सेव्** - સેવા કરવી

**ચોથો ગણ**

**जन् [ जा ]** - જન્મ થવો, ઉત્પન્ન થવું
**युध्** - યુદ્ધ કરવું, લડવું

**છઠ્ઠો ગણ**

**मृ [ म्रिय् ]** - મરવું
**विद् [ विन्द् ]** - મેળવવું

**દશમો ગણ**

**अव + धीर्** - તિરસ્કારવું
**मृग्** - માર્ગ શોધવો, શોધવું
**नि + सूद् [ निषूद् ]** - નાશ કરવો

**નામ**

**પુંલિંગ**

**उद्गम** - જન્મ,ઉત્પત્તિ, દેખાવ
**उद्यम** - ઉદ્યમ, મહેનત
**कट** - સાદડી
**कृष्ण** - કૃષ્ણ (વિશેષ નામ)
**क्लेश** - ક્લેશ, દુઃખ
**दण्ड** - દંડ,શિક્ષા, લાકડી
**दुराचार** - દુરાચાર, ખરાબ ચાલ, ગેરવર્તણૂક
**नारायण** - માણસનું નામ
**नाश** - નાશ, નુકશાન
**न्याय** - ન્યાય, ન્યાયશાસ્ત્ર
**भक्त** - ભક્ત, ભગત
**मणिकार** - ઝવેરી, હીરામાણેકનો વેપારી
**मास** - માસ મહિનો
**लाभ** - લાભ, ફાયદો
**वात** - વાત, પવન
**विश्वामित्र** - ૠષિનું નામ
**शुक्लपक्ष** - શુક્લ પક્ષ, સુદિ
**सदाचार** - સદાચાર, સારી ચાલ
**स्नेह** - સ્નેહ, પ્રેમ

**નપુંસકલિંગ**

**अध्ययन** - અભ્યાસ
**अर्चन** - અર્ચા, પૂજા
**असत्य** - અસત્ય, જૂઠું
**अस्त्र** - અસ્ત્ર, મંત્ર ભણીને ફેંકવાનું ચમત્કારિક હથિયાર
**ध्यान** - ધ્યાન, વિચાર
**पारितोषिक** - ઈનામ
**बिम्ब** - બિંબ
**भय** - ભય, બીક

**शासन** - શાસન, હુકમ
**स्वास्थ्य** - સ્વસ્થતા, શાંતિ

### વિશેષણ

**असंख्येय** - અસંખ્ય, અગણિત, ઘણું
**आध्यात्मिक** - આધ્યાત્મિક,આત્માની સાથે સંબંધ રાખનારું
**प्रबल** - પ્રબળ, જોરદાર, મજબૂત

### અવ્યય

**प्रायस्** - ઘણું કરીને, મોટે ભાગે

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

૧. देवं वन्दे ।
૨. भयं शङ्कसे ।
૩. भयाद्वेपते हृदयम् ।
૪. सूर्यः प्रकाशते ।
૫. व्याघ्रो म्रियते ।
૬. असत्यं भाषसे ।
૭. हरेरुद्यमं श्लाघे ।
૮. पुस्तकानि मृगयसे ।
૯. वीरोऽरिं निषूदयते ।
૧૦. मोदको बालकाय रोचते ।
૧૧. कटः कुत्र वर्तते ?
૧૨. मणीन्परीक्षते मणिकारः ।
૧૩. पुत्रस्य लाभेन मोदते ।
૧૪. बुधो मोक्षं लभते ।
૧૫. हे राम सुष्ठु शोभसे विनयेन ।
૧૬. ज्ञानात्सुखं जायते ।
૧૭. नारायणे रामस्य स्नेहो वर्धते ।
૧૮. जनानां कल्याणाय नृपो यतते ।
૧૯. आचार्यं शिष्यः सेवते ।
૨૦. विश्वामित्रादस्त्राणि शिक्षते रामः ।
૨૧. सदाचारेण मनुष्यः स्वास्थ्यं लभते ।
૨૨. पुत्रस्य दुराचारात्सुखं नाशंसे ।
૨૩. देवानामर्चनमारभे ।
૨૪. प्रबलेनापि वातेन पर्वतो न कम्पते ।
૨૫. ईश्वरस्य ध्याने रमे ।

**પ્રશ્ન-૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.**

૧. (હું) ન્યાયનો અભ્યાસ શરૂ કરું છું.
૨. (તું) દુઃખ સહન કરે છે.
૩. કૃષ્ણ છોકરા જોડે રમે છે.
૪. ઝાડ હાલે છે.
૫. (તું) રાજાઓને સેવે છે.
૬. (હું) ધન મેળવું છું.
૭. (તે) ઋષિઓને વંદન કરે છે.
૮. યોદ્ધો શત્રુ જોડે લડે છે.
૯. (તું) ઈનામ (ની) આશા રાખે છે.
૧૦. (હું) મિત્રોના ભલાથી ખુશ થાઉં છું.
૧૧. લુચ્ચો રાજાના હુકમને તિરસ્કારે છે.
૧૨. (હું) વાંદરો જોઉં છું.
૧૩. રામ (પોતાના) અસંખ્ય ગુણો વડે પ્રકાશે છે.
૧૪. ઈશ્વરના ભયથી (તે) અસત્ય બોલતો નથી.

૧૫. ચંદ્રનું બિંબ મહિનાના શુક્લપક્ષમાં વધે છે.
૧૬. પાપી મિત્રોની પણ શંકા આણે છે.
૧૭. ઝાડ ફળોના દેખાવથી શોભે છે.
૧૮. પાપમાંથી આધ્યાત્મિક નાશ ઉત્પન્ન થાય છે.
૧૯. (તે) રત્નો શોધે છે.
૨૦. ઘણું કરીને માણસ ધનને માટે યત્ન કરે છે.
૨૧. ભક્તને ઈશ્વરની પૂજા ગમે છે.
૨૨. (હું) દંડના ભયથી ધ્રૂજું છું.
૨૩. (હું) આચાર્ય પાસેથી ધર્મ શીખું છું.
૨૪. કવિ રાજાને વખાણે છે.
૨૫. (હું) શત્રુઓના બાણોથી મરું છું.

---

अतिपरिचयादवज्ञा । - *અતિપરિચયથી અવજ્ઞા થાય છે.*

अस्थिरं जीवितं लोके । - જગતમાં જીવન અસ્થિર છે.

अस्थिराः पुत्रदाराश्च - પુત્ર અને કલત્ર અસ્થિર છે.

अस्थिरे धनयौवने । - ધન અને યૌવન અસ્થિર છે.

कालस्य कुटिला गतिः । - કાળની ગતિ વિચિત્ર છે.

# પાઠ - ૧૧

## વર્તમાનકાળ : આત્મને પદ

## દ્વિવચન અને બહુવચન

### પ્રત્યયો

| | પુ.૧ | પુ.૨ | પુ.૩ |
|---|---|---|---|
| દ્વિવચન | **वहे** | **इथे** | **इते** |
| બહુવચન | **महे** | **ध्वे** | **अन्ते** |
| | પુ.૧ | પુ.૨ | પુ.૩ |
| દ્વિવચન | **वन्दावहे** | **वन्देथे** | **वन्देते** |
| બહુવચન | **वन्दामहे** | **वन्दध्वे** | **वन्दन्ते** |

### ધાતુઓ

#### પહેલો ગણ

**कत्थ्** - વખાણવું, ખુશામત કરવી
**क्षम्** - ક્ષમા કરવી
**प्र + गल्भ्** - બડાઈ મારવી
**डी ( डय् )** - ઊડવું
**भिक्ष्** - ભિક્ષા, ભીખ માંગવી, માગવું
**याच्** - યાચના કરવી, જાચવું, માગવું
**स्पन्द्** - ધડકવું, ફરકવું
**स्मि ( स्मय् )** - હસવું, મોં મલકાવવું,
**वि + स्मि ( स्मय् )** - વિસ્મય પામવું
**स्वाद्** - સ્વાદ લેવો, ચાખવું, ખાવું

#### ચોથો ગણ

**अनु + रुध्** - માનવું, અનુસરવું, તાબે રહેવું

#### દશમો ગણ

**अभि + वाद्** - નમવું, પગે પડવું

### નામ

#### પુંલિંગ

**अपराध** - ગુનો
**अभ्युदय** - ઉદય, આબાદી, ચડતી
**उद्योग** - ઉદ્યોગ, મહેનત
**उपालम्भ** - ઠપકો
**गायक** - ગાનારો
**गुण** - ગુણ
**तण्डुल** - ચોખા
**निर्देश** - ફરમાન, હુકમ
**भङ्ग** - ભંગ, ભાંગવું
**भोग** - ઉપભોગ
**मयूर** - મોર

**वसन्त** - વસંત ઋતુ
**विहग** - પક્ષી
**शुक** - સૂડો, પોપટ

नपुंसकलिंग

**आम्र** - આંબાનું ફળ, કેરી
**आराधन** - આરાધના, કૃપા સંપાદન કરવી
**कपट** - કપટ
**गात्र** - અવયવ
**गान** - ગાન, ગાયન
**चातुर्य** - ચતુરાઈ, હોંશિયારી
**द्रव्य** - દ્રવ્ય, પૈસો
**नयन** - નેન, આંખ
**नृत्य** - નાચ, નાચવું
**वचनीय** - નિંદા, નિંદાને લાયક વસ્તુ
**वाक्य** - વાક્ય
**वातायन** - બારી
**वैयात्य** - અસભ્યતા, ધૃષ્ટતા
**शस्त्र** - શસ્ત્ર, હથિયાર
**संगीत** - ગાન

વિશેષણ

**विविध** - વિવિધ, જુદી જુદી જાતનું
**सत्य** - સાચું
**स्वीय** - પોતાનું
**हितकर** - હિતકર, ફાયદાકારક

અવ્યય

**दिवा** - દિવસે

## સ્વાધ્યાય

પ્રશ્ન-૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

૧. मोदकान् स्वादन्ते ब्राह्मणाः ।
૨. धनिकं द्रव्यं याचेते भिक्षुकौ ।
૩. स्वीयान् गुणान् कत्थेथे ।
૪. उद्योगाद्धनं लभध्वे ।
૫. वृथा प्रगल्भध्वे ।
૬. बुधा मोक्षं विन्दन्ते ।
૭. कपटं शङ्केथे ।
૮. मित्राणामभ्युदये नरा मोदन्ते ।
૯. मुनीनभिवादयावहे ।
૧૦. मूर्खाणां वैयात्यं न सहामहे ।
૧૧. वृक्षेषु कुसुमानि वर्तन्ते ।
૧૨. आचार्यस्य निर्देशमनुरुध्यध्वे ।
૧૩. भृत्यानामपराधान् क्षमामहे ।
૧૪. रामस्य नयने स्पन्देते ।
૧૫. आकाशे विहगा डयन्ते ।
૧૬. कृष्णस्य चातुर्येण विस्मयन्ते जनाः ।
૧૭. देवस्याराधनाय गानमारभामहे ।
૧૮. दिवा तारकाणि न प्रकाशन्ते ।
૧૯. पापा न वचनीयमीक्षन्ते ।
૨૦. सत्यं हितकरं च वाक्यं भाषन्ते प्रज्ञाः ।
૨૧. शासनस्य भङ्गं न क्षमन्ते नृपतयः ।
૨૨. गायकात्संगीतं शिक्षावहे ।
૨૩. मोक्षाय यतन्ते बुधाः ।
૨૪. वातेन वृक्षाः कम्पन्ते ।
૨૫. देवान् भोगान् भिक्षन्ते नराः ।

**પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.**

૧. (આપણે) વસંત ઋતુમાં ફળો મેળવીએ છીએ.
૨. (તમે) જૂઠું બોલો છો.
૩. તારા પ્રકાશે છે.
૪. (તમે) નાચ શીખો છો.
૫. વાઘ ઘાસ અને ઝાડોના પાંદડા ચાખતા નથી.
૬. (અમે બે) ઋષિઓને નમીએ છીએ.
૭. દુઃખ અને સુખ સંસારમાંથી ઉત્પન્ન થાય છે.
૮. (તમે બે) કારણ વિના યુદ્ધ કરો છો.
૯. (બે) છોકરા વાડીમાં રમે છે.
૧૦. (અમે બે) હરિ તરફથી કલ્યાણ(ની) આશા રાખીએ છીએ.
૧૧. (તમે બે) મિત્રોના અપરાધ માફ કરો છો.
૧૨. (તેઓ) ડાહ્યા માણસોના ગુણ વખાણે છે.
૧૩. નારાયણના ઉદયને માટે (એના બે) મિત્ર યત્ન કરે છે.
૧૪. (અમે બે) રાજાને સેવીએ છીએ.
૧૫. (તમે બે) કેરીઓ ચાખો છો.
૧૬. (અમે) હવેલીની ટોચે મોર જોઈએ છીએ.
૧૭. પાપથી દુઃખો ઉત્પન્ન થાય છે.
૧૮. માણસો મરે છે.
૧૯. યાચકો ચોખા માગે છે.
૨૦. પોપટો બારીએ ઊડે છે.
૨૧. માણસો (પોતાના) યત્નોનું ફળ મેળવે છે.
૨૨. મૂર્ખના અવયવ વધે છે, પણ (એનું) જ્ઞાન વધતું નથી.
૨૩. (અમે બે) દુશ્મનોના ઠપકા સહન કરીએ છીએ.
૨૪. યોદ્ધા વિવિધ શસ્ત્રો વડે (પોતાના) શત્રુઓનો નાશ કરે છે.
૨૫. પર્વતો હાલે છે.

---

**कुवाक्यान्तं च सौहृदम् । - કુવચનોથી મિત્રતા નષ્ટ થાય છે.**

**को धर्मः कृपया विना ? - દયા વગરનો ધર્મ કેવો ?**

# પાઠ - ૧૨

## કર્મણિ રૂપ અને ભાવે રૂપ

### ભૂમિકા

૧. ગુજરાતી વ્યાકરણમાં એને સદ્યભેદ કહે છે. (જેટલા સકર્મક ક્રિયાપદ છે. તેઓના ત્રણે પુરુષોમાં કર્મણિરૂપ થાય છે. જ્યારે અકર્મક ક્રિયાપદના ભાવે રૂપ થાય છે અને ત્રીજા પુરુષ એકવચનમાં જ.)

૨. ધાતુના વિશેષ રૂપ કે આદેશને કર્મણિનો **य** લાગતો નથી તથા ગણનો વિકરણ પ્રત્યય પણ લાગતો નથી પરંતુ સીધો ધાતુને જ **य** લાગે છે.
દા.ત. **गम्** [ **गच्छ्** ] ઉપરથી **गच्छ्यते** । નહિ, પરંતુ **गम्यते** ।

૩. કર્મણિરૂપ કે ભાવે રૂપ ગણભેદે કરી જુદા જુદા થતા નથી. એ રૂપો તો બધાએ ધાતુ ઉપરથી એકસરખી રીતે જ થાય છે. માત્ર કેટલાક ધાતુઓમાં જ અમુક ફેરફાર થાય છે. આથી કરીને, જે ગણો ગૂંચવણ ભરેલા છે તે આ પુસ્તકમાં દાખલ કર્યા નથી પણ તે ગણના ધાતુ ચાલુ પાઠમાં આપ્યા છે. અલબત્ત, શીખનાર તેઓના કર્તરિ રૂપ હાલ કરી શકશે નહિ.

૪. કર્મણિ રૂપ કે ભાવે રૂપનો **य** લાગતાં, ધાતુનું જે વિશેષ રૂપ થાય છે તે અહીં [ ] કૌંસમાં મૂકેલું છે.

૫. ૧,૪,૬,૧૦, ( ગ. ૨, **अद्**, **अस्** ) સિવાય બાકીના ગણોના કર્મણિ રૂપ જ આ પુસ્તકમાં વાપર્યા છે.

### નિયમો

૧. કર્મણિ રૂપો મૂળ ધાતુને **य** લગાડીને, અને આત્મનેપદ પ્રત્યયો ઉમેરવાથી થાય છે.
દા.ત. **त्यज्** + **य** + **ते** = **त्यज्यते** । **गम्** + **य** + **ते** = **गम्यते** ।

૨. ધાતુને અંતે હ્રસ્વ **ऋ** હોય તો તેનો **रि** થાય છે, સંયુક્ત વ્યંજન પરના હ્રસ્વ **ऋ** નો **अर्**, **ऋ** તથા **जागृ** નો **अर्** થાય છે.
દા.ત. **कृ** = **क्रियते** । **स्मृ** = **स्मर्यते** । **ऋ** = **अर्यते** ।

૩. ધાતુને અંતે દીર્ઘ **ॠ** હોય તો **इर्**, ઓષ્ઠ્ય તથા **व** પર હોય તો તેનો **ऊर्** થાય છે.
દા.ત. **जॄ** = **जीर्यते** । **पॄ** = **पूर्यते** । **वॄ** = **वूर्यते** ।

૪. ધાતુના અંતે હ્રસ્વ **इ** , **उ** હોય તો દીર્ઘ **ई** , **ऊ** થાય છે.
દા.ત. **जि = जीयते । नु = नूयते ।**

૫. દશમા ગણના ધાતુમાં ગુણ - વૃદ્ધિ રૂપ ફેરફાર થયા પછી **य** લાગે.
દા.ત. **चुर् = चोर्यते ।**

૬. જે ધાતુમાં ઉપાન્ત્ય **न्** કે અનુસ્વાર હોય તો, કેટલાક ખાસ ધાતુ સિવાય બીજે બધે **य** પ્રત્યય લાગતા, એ **न्** કે અનુસ્વાર લોપાય છે. (આ પ્રથમ ભાગમાં માત્ર **शंस्, ध्वंस्** અને **स्रंश्** એ ત્રણ ધાતુઓના જ અનુસ્વાર લોપાય છે. બાકીનાના લોપાતા નથી.)
દા.ત. **शंस् = शस्यते ।**

૭. **दा , धा , मा , स्था , गै , पा , सो , हा** આટલા ધાતુમાં અંત્ય સ્વરનો દીર્ઘ **ई** થાય છે.
દા.ત. **दा = दीयते ।**

૮. **वच्, यज्, वप्, वह्, वस्, वश्, वे, व्ये, ह्वे, श्वि, वद्, स्वप्, ज्या, व्यच्, प्रच्छ्, व्रश्च्, भ्रस्ज्, ग्रह्, व्यध्** માં સંપ્રસારણ થાય છે. (સંપ્રસારણ = **य्, व्, र्, ल्** ને બદલે **इ, उ, ऋ, लृ** થાય.)
દા.ત. **यज् = इज्यते । वच् = उच्यते । ग्रह् = गृह्यते ।**

## ધાતુઓ

### પહેલો ગણ

**कृ** - ઉ. કરવું
**दा [दी]** - પ. દાન કરવું, આપવું
**पठ्** - પ. ભણવું, શીખવું
**पा [पी]** - પ. પાન કરવું, પીવું
**स्था [स्थी]** - પ. ઊભા રહેવું

### બીજો ગણ

**रुद्** - પ. રડવું, રોવું
**हन्** - પ. હણવું, મારવું

### પાંચમો ગણ

**श्रु** - પ. શ્રવણ કરવું, સાંભળવું

### છઠ્ઠો ગણ

**आ + दिश्** - ઉ. ફરમાવવું

### નવમો ગણ

**ज्ञा** - ઉ. જાણવું, ઓળખવું

### દશમો ગણ

**प्र + अर्थ्** - આ. પ્રાર્થના કરવી, વીનવવું

## નામ

### પુંલિંગ

**आदेश** - ફરમાન, હુકમ
**चाप** - કામઠું, ધનુષ
**छात्र** - વિદ્યાર્થી
**ध्वनि** - ધ્વનિ, અવાજ
**पौर** - પુરમાં રહેનારો,

નગરવાસી, શહેરી
**प्राज्ञ** - ડાહ્યો માણસ

## નપુંસકલિંગ

**काष्ठ** - લાકડું

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

૧. **निष्का ब्राह्मणेभ्यो दीयन्ते ।**
૨. **नृपतेरादेशः क्रियते ।**
૩. **अग्निना काष्ठं दह्यते ।**
૪. **शठौ पुरुषैस्ताडयेते ।**
૫. **आचार्यैर्धर्म उपदिश्यते ।**
૬. **भृत्यैः सेव्यसे ।**
૭. **मित्रैस्त्यज्ये ।**
૮. **जनैर्दृश्यामहे ।**
૯. **व्याधिभिः पीड्यध्वे ।**
૧૦. **प्रेक्ष्यसे जनेन ।**
૧૧. **पुत्रैः पूज्येथे ।**
૧૨. **धान्यस्य राशयो नीयन्ते ।**
૧૩. **तत्त्वं बुध्यते प्राज्ञैः ।**
૧૪. **नृपेणारयो जीयन्ते ।**
૧૫. **बालकै रुद्यते ।**
૧૬. **सारथी हन्येते ।**
૧૭. **ऋषयो जनेन वन्द्यन्ते ।**
૧૮. **सूर्येण प्रकाश्यते ।**
૧૯. **ईश्वरेण भूयते ।**
૨૦. **लोकैः प्रशस्यध्वे ।**
૨૧. **शिष्यैर्नम्यावहे ।**
૨૨. **मोदकाः स्वाद्यन्ते बालैः ।**
૨૩. **छात्रैः श्लोकाः पठ्यन्ते ।**
૨૪. ***ओदनः पच्यते सूदैः ।***
૨૫. **देवो वन्द्यते ।**

**પ્રશ્ન-૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.**

૧. શત્રુ તીર વડે હણાય છે.
૨. બાળકના હાથ પાણીએ ધોવાય છે.
૩. (તું) કવિઓ વડે વખણાય છે.
૪. (તમે) મનુષ્યો વડે શોધાઓ છો.
૫. (હું) ચાકરો વડે સેવાઉં છું.
૬. (આપણે) ઈશ્વર વડે રક્ષાઈએ છીએ.
૭. (તમે બે) લોકો વડે ઓળખાઓ છો.
૮. હાથીઓ પલાણાય છે.
૯. (અમે બે) નગરવાસીઓ વડે વિનવાઈએ છીએ.
૧૦. સંસાર યોગીઓ વડે તજાય છે.
૧૧. (બે) ઘોડા ચોર વડે લઈ જવાય છે.
૧૨. પાણી ઝાડો ઉપર છંટાય છે.
૧૩. શરીર ખોરાક વડે પોષાય છે.
૧૪. ધાન્યના ઢગલા રચાય છે.
૧૫. કૃષ્ણનું શરીર ઘરેણા વડે શણગારાય છે.
૧૬. ડાહ્યા માણસોના ગુણ કવિઓ વડે પ્રસિદ્ધ કરાય છે.
૧૭. શબ્દ સંભળાય છે.
૧૮. ચોરો રાજા વડે દંડાય છે.

૧૯. (બે) ફળ હરિ વડે ખવાય છે.
૨૦. (બે) તીર ફેંકાય છે.
૨૧. (તમે) રાજા વડે ફરમાવાઓ છો.
૨૨. હંમેશાં સુખ માણસો વડે ઈચ્છાય છે.
૨૩. સમુદ્રનું પાણી પીવાતું નથી.
૨૪. દેવો સદાચરણથી ખુશ કરાય છે.
૨૫. સિપાઈઓ સેનાપતિ વડે ગણાય છે.

## સારાંશ તથા સવાલ

**स्मि**- ગણ ૧ આત્મને. હસવું

વર્તમાનકાળ : કર્તરિ રૂપ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | स्मये | स्मयावहे | स्मयामहे |
| પુરુષ ૨ | स्मयसे | स्मयेथे | स्मयध्वे |
| પુરુષ ૩ | स्मयते | स्मयेते | स्मयन्ते |

**श्रु** - સાંભળવું

વર્તમાનકાળ : કર્મણિ રૂપ

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૧ | श्रूये | श्रूयावहे | श्रूयामहे |
| પુરુષ ૨ | श्रूयसे | श्रूयेथे | श्रूयध्वे |
| પુરુષ ૩ | श्रूयते | श्रूयेते | श्रूयन्ते |

**कृ** - કરવું

વર્તમાનકાળ - કર્મણિ રૂપ

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૧ | क्रिये | क्रियावहे | क्रियामहे |
| પુરુષ ૨ | क्रियसे | क्रियेथे | क्रियध्वे |
| પુરુષ ૩ | क्रियते | क्रियेते | क्रियन्ते |

**दॄ** - ગણ ૧૦

વર્તમાનકાળ : કર્મણિ રૂપ

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૧ | दार्ये | दार्यावहे | दार्यामहे |
| પુરુષ ૨ | दार्यसे | दार्येथे | दार्यध्वे |
| પુરુષ ૩ | दार्यते | दार्येते | दार्यन्ते |

**ह्वे** - ગણ ૧ પરસ્મૈ. બોલાવવું.

વર્તમાનકાળ : કર્મણિ રૂપ

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૧ | हूये | हूयावहे | हूयामहे |

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૨ | **हूयसे** | **हूयेथे** | **हूयध्वे** |
| પુરુષ ૩ | **हूयते** | **हूयेते** | **हूयन्ते** |

**वद्** - ગણ ૧ પરસ્મૈ. બોલવું, કહેવું

વર્તમાનકાળ : કર્મણિ રૂપ

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૧ | **उद्ये** | **उद्यावहे** | **उद्यामहे** |
| પુરુષ ૨ | **उद्यसे** | **उद्येथे** | **उद्यध्वे** |
| પુરુષ ૩ | **उद्यते** | **उद्येते** | **उद्यन्ते** |

**પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

૧. છઠ્ઠા ગણમાં અન્ત્ય **ऋ** નો શો ફેરફાર થાય છે ? એવો જ ફેરફાર બીજા કયા પ્રસંગે થતો જોવામાં આવે છે ?

૨. કર્મણિ રૂપ કે ભાવે રૂપનો **य** પ્રત્યય લાગતાં, ધાતુના અન્ત્ય હ્રસ્વ સ્વરમાં શો ફેરફાર થાય ? અને દશમા ગણના ધાતુઓના સંબંધમાં શો નિયમ છે ? તેમજ **स्था, दा** અને **पा** (પીવું) એ ધાતુઓમાંના અન્ત્ય **आ** ને બદલે શું મૂકાય છે ?

૩. **रुच्** અને એવા અર્થના બીજા ક્રિયાપદો સાથે, રુચિ ધરાવનાર કઈ વિભક્તિમાં આવે છે. એ દાખલા સાથે લખો.

૪. **च** અને **वा** નો પ્રયોગ શી રીતે થાય છે ? એ લખો.

પ્રશ્ન-૨ નીચેના ધાતુઓના વર્તમાનકાળ કર્તરિ રૂપ લખો.

**वृध्, पृ** ગ.૬ (અહીં જરૂર હોય તેટલા આત્મનેપદી ધાતુ મૂકવા)

પ્રશ્ન-૩ નીચેના ધાતુઓના કર્મણિ રૂપ કે ભાવે રૂપ આપો.

**गम्, दृश्, स्था** [અહીં જરૂર હોય તેટલા પરસ્મૈપદી અને આત્મનેપદી ધાતુ મૂકવા.]

---

**को विदेशः समर्थानाम् ! - સમર્થ વ્યક્તિ માટે વિદેશ શું !**

**कस्यचित् किमपि नो हरणीयम् । - કોઈનું કંઈપણ ચોરવું ન જોઈએ.**

# પાઠ - ૧૩

## आ કારાંત તથા ई કારાંત સ્ત્રીલિંગ નામો

### પ્રથમા અને દ્વિતીયા વિભક્તિ

#### પ્રત્યયો

| | | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|
| आ કારાંત | પ્ર. | ० | ई | अस् |
| | દ્વિ. | आम् | ई | अस् |
| | પ્ર. | रमा | रमे | रमाः |
| | દ્વિ. | रमाम् | रमे | रमाः |
| ई કારાંત | પ્ર. | ० | औ | अस् |
| | દ્વિ. | म् | औ | इस् |
| | પ્ર. | नदी | नद्यौ | नद्यः |
| | દ્વિ. | नदीम् | नद्यौ | नदीः |

#### ધાતુઓ

**પહેલો ગણ**

**सम् + गम्** - આ. સાથે જોડાવું, મળવું
**आ + चर्** - પ. આચરવું, કરવું
**तृ ( तर् )** - પ. તરવું, ઓળંગવું,
**अव + तृ ( तर् )** - ઊતરવું
**परि + नी** - ઉ. પરણવું,
**अप + नी** - લઈ જવું, ખસેડવું
**सम् + वृध्** - આ. વધવું
**शुच्** - પ. શોક કરવો
**अनु + सृ** - પ. અનુસરવું, પાછળ જવું.
**हृ** - ઉ. મન હરવું, મોહ પમાડવો

**દશમો ગણ**

**तन्त्र्** - આ. સંભાળવું

#### નામ

**પુંલિંગ**

**आधार** - આધાર
**आरम्भ** - આરંભ, શરૂઆત
**कण्ठ** - કંઠ, ગળું, ડોક
**जनक** - રામની પત્ની સીતાનો બાપ, જનક રાજા
**नारद** - નારદ
**प्रासाद** - મહેલ
**भर** - ભાર, બોજો
**सूत्रधार** - સૂત્રધાર

हरिण - હરણ

### સ્ત્રીલિંગ

अरुन्धती - વસિષ્ઠ ઋષિની પત્નીનું નામ
आज्ञा - આજ્ઞા, હુકમ
कथा - કથા, વાત
कन्या - કન્યા, દીકરી, છોકરી
कला - કલા, હુન્નર
कुमारी - કુમારી, ન પરણેલી છોકરી
क्षमा - ક્ષમા, માફી
गङ्गा - ગંગા
जननी - મા
नटी - નટી, સૂત્રધારની પત્ની
नदी - નદી
नारी - નારી, સ્ત્રી
पत्नी - પત્ની, વહુ
पृथ्वी - પૃથ્વી
प्रजा - પ્રજા, સંતતિ
प्रमदा - જુવાન સ્ત્રી
भार्या - ભાર્યા, પત્ની
मही - પૃથ્વી
माला - માળા, હાર
रजनी - રાત્રિ
लज्जा - શરમ, શરમાળપણું
लता - લતા, વેલ, વેલો
ललना - સ્ત્રી
वापी - વાવ
शोभा - શોભા
सखी - સખી, બહેનપણી
सहचरी - સહિયર, સોબતણ

### નપુંસકલિંગ

उपवन - બાગ, વાડી
गमन - ગમન, જવું, નીકળવું
नाटक - નાટક
तल - તળિયું
प्रासादतल - મહેલનું ઉપલું પૃષ્ઠ, અગાશી
बल - લશ્કર, જોર, તાકાત
भूषण - ઘરેણું, ભૂષણ
विश्व - વિશ્વ, દુનિયા, સંસાર

### વિશેષણ

आत्मीय - આપણું, પોતાનું

## સ્વાધ્યાય

પ્રશ્ન-૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

૧. वसिष्ठस्य पत्यरुन्धती ।
૨. कृष्णः कलाः शिक्षते ।
૩. नद्यौ संगच्छेते ।
૪. वराहाः सहचरीः शोचन्ति ।
૫. नटी सूत्रधारस्य भार्या ।
૬. उद्यानस्य शोभां पश्यति ।
૭. गङ्गा समुद्रं गच्छति ।
૮. नारायणो जननीमाह्वयति ।
૯. लते स्पृशति ।
૧૦. नृपस्याज्ञे अनुरुध्येते ।
૧૧. रामस्य कथाः श्रूयन्ते ।
૧૨. नार्यो हर्म्याणां वातायनेभ्यः पश्यन्ति।

१३. रामो जनकस्य कन्यां परिणयति ।
१४. कुमारी सख्यौ भाषते ।
१५. लज्जां त्यजति मूर्खः ।
१६. प्रजा नृपतिना रक्ष्यन्ते ।
१७. ललनाः प्रासादतलमारोहन्ति ।
१८. क्षमा वीरस्य भूषणम् ।
१९. उपवने नृपस्य कन्ये रमेते ।
२०. चन्द्रेण रजनी शोभते ।
२१. ब्राह्मणा महीमटन्ति ।
२२. वने प्रमदे दृश्येते ।
२३. वापी नगरात्क्रोशा ।
२४. कुसुमानां मालाः कण्ठादपनीयन्ते ।
२५. नृपतेर्बलस्य भरेण पृथ्वी कम्पते ।

**પ્રસ્ન-૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.**

૧. નારદ સ્વર્ગથી પૃથ્વી ઉપર ઊતરે છે.
૨. કૃષ્ણ રાજાઓની વાતો કહે છે.
૩. જુવાન સ્ત્રીઓ બાગમાં રમે છે.
૪. (તે) ગળે ફૂલોના (બે) હાર પહેરે છે.
૫. અરુન્ધતીને રામની વહુ નમે છે.
૬. અમે (બે) કુમારીઓને જોઈએ છીએ.
૭. હરણની સોબતણો હરણને અનુસરે છે.
૮. ગામમાં (બે) વાવ છે.
૯. સૂત્રધાર નટીને બોલાવે છે.
૧૦. હરિ નદીએ જાય છે.
૧૧. રામની (બે) માતા એના વનમાં (વસવા) માટે નીકળવાનો શોક કરે છે.
૧૨. નારીઓ વાવો તરફ જાય છે.
૧૩. પ્રજા રાજાના હુકમ માને છે.
૧૪. હરિની કન્યાઓ નૃત્ય શીખે છે.
૧૫. કળાઓ ઉદ્યમ વડે વધે છે.
૧૬. ડાહ્યા માણસ હંમેશાં ક્ષમા કરે છે.
૧૭. (આ) વિશ્વની શોભા મનને મોહ પમાડે છે.
૧૮. મા (પોતાના) બાળકોના સુખથી ખુશ થાય છે.
૧૯. નાટકના આરંભમાં સૂત્રધાર (પોતાની) સ્ત્રીને બોલાવે છે.
૨૦. પુરુષો સ્ત્રીઓનું રક્ષણ કરે છે.
૨૧. તારાઓ રાત્રિને શોભાવે છે.
૨૨. શરમાળપણું ધૃષ્ટતાથી જિતાય છે.
૨૩. વેલાઓ ઝાડોનો આધાર શોધે છે.
૨૪. (તે) નારી ગુસ્સાને લીધે (પોતાની) સખીને તજે છે.
૨૫. રાજા (પોતાની) પ્રજાને પોતાની સંતતિ પ્રમાણે સંભાળે છે.

**कस्य सत्संगो न भवेच्छुभः । - સત્સંગ કોનું ભલું નથી કરતું ?**

# પાઠ - ૧૪

## आ કારાંત તથા ई કારાંત સ્ત્રીલિંગનામ

## તૃતીયા, ચતુર્થી અને પંચમી વિભક્તિ

### પ્રત્યયો

| | | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|
| आ કારાંત અને ई કારાંત નામ | તૃ. | आ | भ्याम् | भिस् |
| | ચ. | ए | भ्याम् | भ्यस् |
| | પં. | अस् | भ्याम् | भ्यस् |

૧. ચતુર્થી, પંચમી, ષષ્ઠી અને સપ્તમીના એકવચનના પ્રત્યય લાગતાં **आ** કારાંત નામોમાં **या** અને **ई** કારાંત નામોમાં **आ** ઉમેરાય છે.

**દા.ત. माला + या + ए = मालायै । नदी + आ + ए = नद्यै ।**

અથવા એકવચનના પ્રત્યયો નીચે પ્રમાણે સમજવા.

| | ચતુર્થી | પંચમી | ષષ્ઠી | સપ્તમી |
|---|---|---|---|---|
| आ કારાંત | यै | यास् | यास् | याम् |
| ई કારાંત | ऐ | आस् | आस् | आम् |

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| તૃતીયા | मालया | मालाभ्याम् | मालाभिः |
| ચતુર્થી | मालायै | मालाभ्याम् | मालाभ्यः |
| પંચમી | मालायाः | मालाभ्याम् | मालाभ्यः |

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| તૃતીયા | नद्या | नदीभ्याम् | नदीभिः |
| ચતુર્થી | नद्यै | नदीभ्याम् | नदीभ्यः |
| પંચમી | नद्याः | नदीभ्याम् | नदीभ्यः |

## નિયમો

૧. તૃતીયા વિભક્તિનો એકવચનનો પ્રત્યય લાગતાં છેલ્લા **आ** નો **ए** થાય છે.

૨. 'આપવું' અર્થના ક્રિયાપદોનું તેમજ ગતિ-અર્થના **नी** , **हृ** , **कृष्** અને **वह्** નું પ્રધાન કર્મ કર્મણિ પ્રયોગ હોય ત્યારે પ્રથમામાં આવે છે. જ્યારે **याच्** , **भिक्ष्** , **पच्** , **दण्ड्** , **प्रच्छ्** , **जि** ના ગૌણ કર્મ પ્રથમામાં આવે છે.

દા.ત. **गोपेन अजा ग्रामं नीयते । ब्राह्मणेन नृपो गां याच्यते ।**

## ધાતુઓ

### પહેલો ગણ

**निर् + गम्** - પ. નીકળવું, બહાર આવવું, જતા રહેવું

**प्र + दा** - પ. આપવું, દાન કરવું

**द्युत् ( द्योत् )** - આ. પ્રકાશવું

**उद् + पत्** - પ. ઊડવું, ઉપર જવું

**नि + वृत्** - આ. પાછા ફરવું

**प्र + स्था** - આ. નીકળવું

### પાંચમો ગણ

**परि + वृ** - ઉ. ઘેરવું

**प्र + हि** - પ. મોકલવું

### દશમો ગણ

**आ + ह्लाद्** - ઉ. આહ્લાદિક કરવું, ખુશ કરવું

## નામ

### પુંલિંગ

**अनुराग** - અનુરાગ, પ્રીતિ

**करभक** - હાથીનું બચ્ચું, નાનો હાથી

**कलह** - કલહ, કજિયો

**जरठ** - ઘરડો માણસ

**दूत** - દૂત, જાસૂસ

**नाग** - હાથી

**पल्लव** - પલ્લવ, ફણગો

**संदेश** - સંદેશો

### સ્ત્રીલિંગ

**अवन्ती** - એક શહેરનું નામ, ઉજ્જેન

**कान्ता** - કાંતા, વહાલી, વહુ, પ્રિયા

**कौशाम्बी** - એક શહેરનું નામ

**क्रीडा** - ક્રીડા, રમત, ખેલ

**चिन्ता** - ચિંતા, ફિકર

**जरा** - ઘડપણ

**दासी** - દાસી

**देवता** - દેવ કે દેવી

**पञ्चवटी** - દંડકારણ્યના એક ભાગનું નામ

**पाठशाला** - નિશાળ

**पुरी** - પુર, નગર

**पूजा** - પૂજા, અર્ચા

**प्रभा** - પ્રભા, તેજ
**महिषी** - પટરાણી
**वाचा** - વાચા, વાણી
**व्यथा** - વ્યથા, ઈજા, પીડા
**सीता** - સીતા

## નપુંસકલિંગ

**गीत** - ગીત

**मौक्तिक** - મોતી
**हित** - હિત

## વિશેષણ

**रक्त** - રાતું, લાલ
**विरूप** - વિરૂપ, બેડોળ, કદરૂપું
**स्वस्थ** - સ્વસ્થ, શાંત
**हित** - ફાયદાકારક

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

૧. देवताभ्यो बलिं यच्छति ।
૨. कान्तायै संदेशः प्रहीयते ।
૩. कृष्णस्य पत्न्यै फलानि रोचन्ते ।
૪. जरया क्षीयते शरीरम् ।
૫. लज्जया प्रविशति गृहम् ।
૬. प्रजाभ्यो हितमिच्छन्ति नृपतयः ।
૭. क्रीडायै प्रविशत्युद्यानम् ।
૮. सहचरीभ्यामनुगम्यते नागः ।
૯. लताभ्यां शोभते वृक्षः ।
૧૦. वापीभ्यो जलं वहति ।
૧૧. चिन्तया दह्यते चित्तं नराणाम् ।
૧૨. हरिः कन्याभ्यो मोक्तिकानां मालाः प्रयच्छति ।
૧૩. गजस्य करभकः सीतया पल्लवैः पुष्यते ।
૧૪. चित्तस्य व्यथया रामो मुह्यति ।
૧૫. अवन्त्या आगच्छति ।
૧૬. दास्या सेव्यते महिषी ।
૧૭. मणीनां प्रभाभिर्द्योतते प्रासादः ।
૧૮. देवस्य पूजायाः सुखं लभते ।
૧૯. कौशाम्ब्या निवर्तते दूतः ।
૨૦. सखीभिः परिव्रियते सीता ।
૨૧. पञ्चवट्या निर्गच्छति रामः ।
૨૨. गङ्गायाः पुरी क्रोशौ ।
૨૩. बालकाः पाठशालाभ्य आगच्छन्ति ।
૨૪. यथा कलहस्तथानुरागोऽपि वाचाया उद्भवति ।
૨૫. स्वस्थेन चित्तेन श्रूयते महिष्या नृपतेः संदेशः ।

**પ્રશ્ન-૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.**

૧. હરિ વાણી વડે મિત્રને શાન્ત કરે છે.
૨. શહેર નદીઓ વડે ઘેરાયેલું છે.
૩. ક્ષમા થકી માણસ ચિત્તની સ્વસ્થતા મેળવે છે.
૪. ડાહ્યા માણસ પૃથ્વી પરથી સ્વર્ગમાં જાય છે.

૫. વસિષ્ઠ અરુન્ધતીની જોડે આવે છે.
૬. રામ દીકરીઓને ઘરેણાં આપે છે.
૭. મા (પોતાના) છોકરા કદરૂપા હોય તો પણ (તેને ચાહે) છે.
૮. (બે) યોદ્ધાઓ (બે) નગરોમાંથી શસ્ત્રો સહિત નીકળે છે.
૯. આકાશ સૂર્યના રાતા પ્રકાશથી સુશોભિત થાય છે.
૧૦. લોકોનું સુખ કળાઓ વડે વધે છે.
૧૧. માણસો દેવો પાસેથી સુખનો લાભ ઈચ્છે છે.
૧૨. (બે) કુમારિકાઓ વડે બલિદાન કરાય છે.
૧૩. ફિકરથી દુઃખ ઉત્પન્ન થાય છે.
૧૪. (તે) હારો વડે શરીર શણગારે છે.
૧૫. પટરાણી દાસી ઉપર ગુસ્સે થાય છે.
૧૬. (તે) ઘરડા આદમીની વાતોથી સુખ મેળવે છે.
૧૭. નારાયણની વહુ વડે ચોખા રંધાય છે.
૧૮. રાજાના હુકમને લીધે (હું) અવન્તી જાઉં છું.
૧૯. સીતા બહેનપણીઓ પાસેથી ગીતો શીખે છે.
૨૦. સેનાપતિના હુકમે લશ્કરના સિપાઈઓ શહેરમાંથી બહાર આવે છે.
૨૧. છોકરા રમતો વડે બાપના અંતઃકરણને ખુશ કરે છે.
૨૨. (તે) દેવોની પૂજાને માટે ફૂલો લાવે છે.
૨૩. દાસીને રાણીથી ઈનામ અપાય છે.
૨૪. પક્ષીઓ પૃથ્વી ઉપરથી આકાશમાં ઊડે છે.

**कः परः प्रियवादिनाम् । - મધુરભાષીનો કોઈ શત્રુ હોતો નથી**

**कामिनश्च कुतो विद्या । - કામીને વિદ્યા ક્યાંથી ?**

# પાઠ - ૧૫

## ષષ્ઠી, સપ્તમી અને સંબોધન વિભક્તિ

### પ્રત્યયો

| | | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|
| આ કારાંત અને ઈ કારાંત નામો | ષ. | अस् | ओस् | नाम् |
| | સ. | आम् | ओस् | सु |
| ષષ્ઠી | | मालायाः | मालयोः | मालानाम् |
| સપ્તમી | | मालायाम् | मालयोः | मालासु |
| સંબોધન | | माले | माले | मालाः |
| ષષ્ઠી | | नद्याः | नद्योः | नदीनाम् |
| સપ્તમી | | नद्याम् | नद्योः | नदीषु |
| સંબોધન | | नदि | नद्यौ | नद्यः |

### ભૂમિકા

૧. **आ** કારાંત અને **ई** કારાંતના સંબોધનરૂપોમાં એ.વ. **आ** નો **ए** થાય છે. તથા **ई** નું **इ** થાય છે અને દ્વિવચન તથા બહુવચનના તે તે રૂપો પ્રથમા જેવા જ થાય છે.

૨. સંસ્કૃતમાં સામાન્યથી સ્ત્રીલિંગના પ્રત્યય **आ** અને **ई** છે. **अ** કારાંત વિશેષણો હંમેશાં તો નહિ પરંતુ ઘણું કરીને સ્ત્રીલિંગમાં **आ** પ્રત્યય લે છે.

### નિયમો

૧. **ई** કારાંત સ.બ.વ.માં **सु** નો **षु** થાય છે. **ओस्** પ્રત્યય લાગતાં અન્ત્ય **आ** નો **ए** થાય છે.

૨. **स्निह्** અને એ ઉપરથી થયેલા શબ્દના પ્રયોગમાં જેના તરફ સ્નેહ બતાવવાનો હોય, તેને સપ્તમી વિભક્તિ લાગે છે.

<u>દા.ત.</u> **पूत्रो जनके स्निह्यति ।**

## ધાતુઓ

### પહેલો ગણ

**अर्ह्** - પ. લાયક હોવું

**क्रीड्** - પ. ક્રીડા કરવી, રમવું

**चर्** - પ. ચાલવું

**फल्** - પ. ફળદાયક થવું

**वि + हृ** - ઉ. વિહાર કરવો

### ચોથો ગણ

**सम् + ऋध्** - પ. આબાદ થવું

### સાતમો ગણ

**नि + रुध्** - અટકવું

## નામ

### પુંલિંગ

**अवचय** - એકઠું કરવું એ, જથ્થો

**काम** - ઈચ્છા

**चकोर** - એક જાતનું પક્ષી

**जयन्त** - ઈંદ્રના પુત્રનું નામ

**दशरथ** - એક રાજાનું નામ, રામના પિતા

**देश** - દેશ

**निशाचर** - રાક્ષસ, દુષ્ટ માણસ

**प्रवाह** - પ્રવાહ

**मण्डप** - મંડપ

**मत्स्य** - માછલું

**मानव** - માનવ, માણસ

**वल्लभ** - વહાલો, પ્રીતમ, ધણી

**विवाह** - વિવાહ

**शूद्रक** - એક રાજાનું નામ

**संघात** - જથ્થો, સમુદાય

**संभार** - તૈયારી (બ.વ.) સામગ્રી

### સ્ત્રીલિંગ

**अयोध्या** - એક શહેરનું નામ

**इन्द्राणी** - ઈન્દ્રની વહુ

**कौमुदी** - ચાંદની

**गोदावरी** - નદીનું નામ

**छाया** - છાયા

**तृष्णा** - તૃષ્ણા, તરસ, ઈચ્છા

**दण्डका** - એક જંગલનું નામ

**निशा** - રાત

**रथ्या** - શેરી

**वाणी** - વાણી, વાચા, ભાષા

**शकुन्तला** - એક સ્ત્રીનું નામ

**शिला** - પથ્થર

**श्रद्धा** - શ્રદ્ધા, વિશ્વાસ

### નપુંસકલિંગ

**अनुष्ठान** - કરવું એ, કામ બજાવવું એ

**उदक** - ઉદક, પાણી

**तीर** - તીર, કાંઠો

**पुण्य** - પુણ્ય

**प्रतिष्ठापन** - સ્થાપના

**प्रवर्तन** - પ્રેરણા

**प्रावीण्य** - હોંશિયારી

**बाहुल्य** - બહુપણું, પુષ્કળતા

**माधुर्य** - મધુરપણું, સુંદરતા

**वचन** - વચન, ઉપદેશ, વિનંતી

संमार्जन - વાસીદું વાળવું એ, કચરો કાઢવો

પુણ્ય - પવિત્ર

પ્રિય - પ્રિય, વહાલું

स्निग्ध - માયાળુ, સ્નેહાળ, મમતાળુ

### વિશેષણ

दक्ष - ઉદ્યોગી, મહેનતુ

निरतिशय - પૂર્ણ, જેનાથી બીજું ચડિયાતું ન હોય તેવું, અનુપમ

परम - પરમ, ઘણું

### અવ્યય

अतीव - અતિશય, ઘણું

सदैव ( सदा + एव ) - સદા, હંમેશાં

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

૧. अवन्त्यां शूद्रको वसति ।

૨. गङ्गायां प्रभूतं जलं वर्तते ।

૩. प्रजानां धर्मे प्रवर्तनं नृपैः क्रियते।

૪. उज्जयिन्यां शिवस्य पूजासु नृत्यन्ति नार्यः ।

૫. सखि गच्छामि नद्यास्तीरम् ।

૬. गोदावर्या जले गजौ विहरतः ।

૭. ग्रीष्मे नदीनामुदकेषु नृपाः प्रमदाभिः क्रीडन्ति ।

૮. लतानां मण्डपं प्रविशन्ति ललनाः।

૯. वाप्यां कमलानि प्ररोहन्ति ।

૧0. वृक्षाणां छायासु शिलायामुपविशति।

૧૧. कृष्णो भार्याया विनयं शंसति ।

૧૨. चन्द्रो निशाया वल्लभः ।

૧૩. कन्ययोर्विवाहस्य संभाराः क्रियन्ते।

૧૪. जनन्योराज्ञामनुरुध्यते रामः ।

૧૫. प्रिये पुत्रो ग्रामं गच्छति ।

૧૬. सख्योः परमः स्नेहः शकुन्तलायाः।

૧૭. कौमुद्याः शोभा चित्तं हरति ।

૧૮. बुधानां वाण्यां सदैव माधुर्यं वर्तते।

૧૯. कान्ताया वचनं क्रियते रामेण ।

૨૦. दास्योर्वचनेषु महिष्या निरतिशया श्रद्धा ।

૨૧. पाठशालानां प्रतिष्ठापनेन जनेषु ज्ञानं वर्धते ।

૨૨. रथ्यानां संमार्जनं क्रियते पौरैः।

૨૩. अयोध्याया नृपो दशरथः ।

૨૪. जरायामपि मानवानां तृष्णा न शाम्यति ।

૨૫. देवतानां पूजया कामाः फलन्ति नराणाम् ।

**પ્રશ્ન-૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.**

૧. ગંગાના કાંઠાઓ ઉપર વૃક્ષો છે.

૨. જયન્ત ઈંદ્રાણીનો દીકરો છે.

૩. રામના મિત્ર શહેરમાં રહે છે.

૪. ચકોર ચાંદનીમાં ખુશ થાય છે.

૫. (તે) વેલનું ફૂલ લાવે છે.
૬. હરિ (પોતાની) દીકરીઓના ગુણ વખાણે છે.
૭. નદીઓમાં માછલાં હોય છે.
૮. (હું) અયોધ્યાના રસ્તામાં રથો જોઉં છું.
૯. શકુન્તલા સખીઓના પ્રેમ(ને) લાયક છે.
૧૦. રામની વાણીમાં મધુરપણું છે ?
૧૧. સીતાના (બે) દીકરા ક્યાં છે ?
૧૨. દંડકામાં રાક્ષસો છે.
૧૩. પૃથ્વી ઉપર દ્વીપો છે.
૧૪. (હું) ઝાડની છાયામાં માણસો જોઉં છું.
૧૫. ઘણું કરીને રાક્ષસો રાત્રિમાં ફરે છે.
૧૬. માનું મન (પોતાની) કન્યા તરફ ઘણું મમતાવાળું હોય છે.
૧૭. ગંગા (નદી)નું પાણી પવિત્ર છે.
૧૮. રાણીના હુકમથી ઠગ દંડાય છે.
૧૯. કળાઓની પુષ્કળતાથી દેશ આબાદ થાય છે.
૨૦. નદીનો પ્રવાહ પથ્થરોના જથ્થાથી અટકે છે.
૨૧. દાસી અર્ચાની સામગ્રી લાવે છે.
૨૨. (હું) વેલોના ફૂલ એકઠાં કરવાને જાઉં છું.
૨૩. (તે) રાજાના હુકમ બજાવવામાં ઉદ્યોગી છે.

## સારાંશ તથા સવાલ

**शाला** - સ્ત્રી. સ્થાન

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **शाला** | **शाले** | **शालाः** |
| દ્વિતીયા | **शालाम्** | **शाले** | **शालाः** |
| તૃતીયા | **शालया** | **शालाभ्याम्** | **शालाभिः** |
| ચતુર્થી | **शालायै** | **शालाभ्याम्** | **शालाभ्यः** |
| પંચમી | **शालायाः** | **शालाभ्याम्** | **शालाभ्यः** |
| ષષ્ઠી | **शालायाः** | **शालयोः** | **शालानाम्** |
| સપ્તમી | **शालायाम्** | **शालयोः** | **शालासु** |
| સંબોધન | **शाले** | **शाले** | **शालाः** |

**दासी** - સ્ત્રી. દાસી

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **दासी** | **दास्यौ** | **दास्यः** |
| દ્વિતીયા | **दासीम्** | **दास्यौ** | **दासीः** |
| તૃતીયા | **दास्या** | **दासीभ्याम्** | **दासीभिः** |

| | | | |
|---|---|---|---|
| ચતુર્થી | दास्यै | दासीभ्याम् | दासीभ्यः |
| પંચમી | दास्याः | दासीभ्याम् | दासीभ्यः |
| ષષ્ઠી | दास्याः | दास्योः | दासीनाम् |
| સપ્તમી | दास्याम् | दास्योः | दासीषु |
| સંબોધન | दासि | दास्यौ | दास्यः |

પ્રશ્ન-૧ નીચેના નામોના રૂપો લખો.

**सहचरी, प्रमदा** વગેરે.

પ્રશ્ન-૨ સંસ્કૃતમાં સ્ત્રીલિંગના પ્રત્યય કયા છે ? અને **अ** કારાંત વિશેષણોનું સ્ત્રીલિંગ રૂપ કરવાનો સાધારણ નિયમ કયો છે ?

---

**क्षमया किं न सिध्यति ? - ક્ષમાથી શું સિદ્ધ થતું નથી. ?**

**क्षान्तितुल्यं तपो नास्ति । - ક્ષમા સમાન કોઈ તપ નથી**

**गतस्य शोचनं नास्ति । - વીતેલી વાતનો શોક વ્યર્થ છે.**

**गुणा : सर्वत्र पूज्यन्ते । - ગુણો બધે જ પૂજાય છે.**

**दारिद्र्यनाशनं दानम् । - દાન દરિદ્રતાનો નાશક છે.**

## પાઠ - ૧૬

### હ્યસ્તન ભૂતકાળ

### પરસ્મૈપદ - પ્રત્યય

| | પુરુષ-૧ | પુરુષ-૨ | પુરુષ-૩ |
|---|---|---|---|
| એકવચન | **अम्** | **स्** | **त्** |
| દ્વિવચન | **व** | **तम्** | **ताम्** |
| એકવચન | **अबोधम्** | **अबोधः** | **अबोधत्** |
| દ્વિવચન | **अबोधाव** | **अबोधतम्** | **अबोधताम्** |

### નિયમો

૧. આ કાળના રૂપોમાં ધાતુની પહેલાં આગમ **अ** મુકાય છે, જો ઉપસર્ગ સહિત ધાતુ હોય તો ઉપસર્ગની પછી અને ધાતુની પૂર્વે એ મૂકવો જોઈએ.

દા. ત. **बुध् = अबोधम् । प्र + बुध् = प्राबोधम् ।**

૨. હ્યસ્તન ભૂતકાળના પ્રત્યય લગાડતા પહેલા ગણોનો વિકરણ પ્રત્યય ઉમેરવો. **स्** અને **त्** પ્રત્યયો પૂર્વે **अस्** (હોવું-ગ. ૨.) ધાતુમાં **ई** અને **अद्** (ખાવું. - ગ. ૨.) ધાતુમાં **अ** ઉમેરવામાં આવે છે.

દા.ત. **अद् = आदः । आदत् । अस् = आसीः । आसीत् ।**

૩. **त्** +श्+ સ્વર, અંતઃ સ્થ કે અનુનાસિક = **श्** નો વિકલ્પે **छ्** થાય.

દા.ત. **सत् + शास्त्रम् = सच्छास्त्रम् / सच्शास्त्रम् ।**

**अवदत् + शठः = अवदच्छठः / अवदच्शठः ।**

૪. (A) ૨૦ + અનુનાસિક જો પ્રત્યયનો આદ્યાક્ષર હોય તો = સ્વવર્ગનો અનુનાસિક અવશ્ય મૂકવો.

દા.ત. **चित् + मय = चिन्मय ।**

(B) ૨૦ + અનુનાસિક = વિકલ્પે સ્વવર્ગનો અનુનાસિક મૂકવો.

દા.ત. **एतत् + मुरारि = एतन्मुरारि / एतद्मुरारि ।**

૫. **कथ्** ધાતુનો કર્મ દ્વિતીયા, ચતુર્થી કે ષષ્ઠીમાં મુકાય છે.
ઉદા.ત. **आचार्यः शिष्यं/ शिष्याय/ शिष्यस्य कथां कथयति ।**

ધાતુ → પહેલો ગણ → **गै** - ૫. ગાન કરવું, ગાવું

## નામ

### પુંલિંગ

**अज** - બકરો
**गोष्ठ** - કોઢ, ગાયનો વાડો, ગોઠડું (ન.)
**ग्रन्थ** - ગ્રન્થ, પુસ્તક
**तनय** - તનય, દીકરો
**महिष** - પાડો
**मुष्टि** - મૂઠી

### સ્ત્રીલિંગ

**असारता** - નિરુપયોગિતા
**आशा** - આશા
**सभा** - કચેરી
**सेना** - લશ્કર

### નપુંસકલિંગ

**संकट** - સંકટ, સંકડામણ, આફત
**समराङ्गण** - રણભૂમિ

### અવ્યય

**पुरतस्** - આગળ, સમક્ષ
**शनैस्** - હળવે હળવે

## સ્વાધ્યાય

પ્રશ્ન-૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

૧. रामो रावणमजयत् ।
૨. गङ्गाया जलमपिबम् ।
૩. ललने छायायामुपाविशताम् ।
૪. सीतां वनेऽत्यजाव ।
૫. गिरेः शिखरादजावपतताम् ।
૬. शिष्यावाचार्यमनमताम् ।
૭. अयोध्यायामासीः ।
૮. हरिरश्वमारोहत् ।
૯. देवानयजाव ।
૧૦. स्तेनौ धनिकस्य धनमचोरयताम् ।
૧૧. ईश्वरस्य प्रसादेन हरेः क्लेशोऽ-नश्यत् ।
૧૨. संसारस्यासारतामबोधम् ।
૧૩. तदा मूर्खोऽस्मीत्यवागच्छम् ।
૧૪. सीता गोदावर्यास्तीरमगच्छत् ।
૧૫. योधोऽरौ शरानक्षिपत् ।
૧૬. पुत्राणां धर्ममकथयः ।
૧૭. संकटेभ्यो जनमरक्षः ।
૧૮. पुरा भार्यया सहोज्जयिन्यामवसम् ।
૧૯. अवन्त्यामभवः ।
૨૦. रथं समराङ्गणमनयम् ।
૨૧. भिक्षुकेभ्यो निष्कानयच्छम् ।
૨૨. अरण्ये महिषानपश्यम् ।
૨૩. दशरथस्तनयमाह्वयत् ।

२४. अग्निर्वनमदहत् ।

२५. नृपस्य पुरतोऽसत्यमवदच्छठः ।

प्रश्न-२ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. સરોવરનું પાણી સુકાયું.
૨. સેનાપતિ લશ્કરને રણભૂમિ ઉપર લઈ ગયો.
૩. કૃષ્ણે પગ ધોયા.
૪. યોદ્ધે શત્રુથી નારીઓનું રક્ષણ કર્યું.
૫. કાચબો હળવે હળવે ચાલ્યો.
૬. રામને (બે) મિત્રોએ સંભાર્યો.
૭. (તું) રામની ચાલ વડે ખુશ થયો.
૮. (અમે બેએ) ઋષિઓને શાંત કર્યા.
૯. પરમેશ્વરે પૃથ્વી સરજી.
૧૦. બે માણસ વાડીમાં પેઠા.
૧૧. (મેં) હરિને નિંદ્યો.
૧૨. (તમે બે) વનમાં રહ્યા.
૧૩. સંઘ (એક) શહેરથી (બીજે) શહેર ભટક્યો.
૧૪. (મેં) પુસ્તક પ્રસિદ્ધ કર્યું.
૧૫. (તમે બે) હરિની વાડીમાંથી ફળો હરી ગયા.
૧૬. (તમે) રામને વાત કહી.
૧૭. (બે) વાઘ કોઢ તરફ દોડ્યા.
૧૮. ત્યારે આબાદીની આશા વગર (હું) જીવ્યો.
૧૯. (અમે બેએ) ભોજનને માટે ચોખા રાંધ્યા.
૨૦. રાણીએ રાજાની સભામાં ગાયું.
૨૧. અનાજની મૂઠીઓ વડે (તે) હરણને ખવડાવતી હતી.
૨૨. (તેં) તારી સ્ત્રીને કારણ વિના તજી.
૨૩. (તમે બેએ) કારણ વિના ગામ બાળ્યું.
૨૪. (તે) ઝાડના શિખર ઉપરથી પડ્યો અને નાશ પામ્યો.
૨૫. બાળક હર્ષને લીધે નાચ્યું.

**धर्मक्षयकरः क्रोधः । - ક્રોધ ધર્મનો નાશક છે.**

**धर्मेण हीनाः पशुभिः समानाः । - ધર્મહીન નર પશુ તુલ્ય છે.**

# પાઠ - ૧૭

## હ્યસ્તન ભૂતકાળ

## પરસ્મૈપદ - બહુવચન અને આત્મનેપદ - એકવચન

### પ્રત્યયો

| | | | |
|---|---|---|---|
| પરસ્મૈ. બહુ.. | **म** | **त** | **अन्** |
| | **अगच्छाम** | **अगच्छत** | **अगच्छन्** |
| આત્મને. એક. | **इ** | **थास्** | **त** |
| | **अलभे** | **अलभथाः** | **अलभत** |

### નિયમો

૧. (A) જે ધાતુને આરંભે સ્વર હોય છે તેની પહેલાં **अ** ને બદલે **आ** મૂકવામાં આવે છે, એ **आ** માં ધાતુની શરૂઆતનો **इ** કે **ई** મળવાથી **ऐ** થાય છે અને **उ** કે **ऊ** મળવાથી **औ** થાય છે.

દા.ત. **आ + ईक्ष् + अ + त = ऐक्षत ।**

(B) એ જ પ્રમાણે **ऋ** કે **ॠ** હોય તો **आर्** થાય.

દા.ત. **सम् + आ + ऋध्यत् = समार्ध्यत् ।**

(C) અને **अ** કે **आ** હોય તો **आ** થાય છે.

દા.ત. **आ + अदम् = आदम् । आ + असम् = आसम् ।**

ધાતુ ⟶ **अति + सृज्** - ગ. ૪ આ. આપવું.

### નામ

#### પુંલિંગ

**आशीर्वाद** - આશીર્વાદ
**गोप** - ગોવાળ
**चन्द्रापीड** - એક રાજપુત્રનું નામ
**चित्रकूट** - એક પર્વતનું નામ
**धार्तराष्ट्र** - ધૃતરાષ્ટ્રનો પુત્ર
**पञ्जर** - પાંજરું
**पण्डित** - પંડિત
**पाण्डव** - પાંડુ નામના રાજાનો પુત્ર
**बलि** - એક રાજાનું નામ
**माणवक** - વિશેષ નામ
**मारुत** - પવન, પવનનો અધિષ્ઠાતા દેવ
**मार्ग** - મારગ, માર્ગ, રસ્તો

**राक्षस** - રાક્ષસ, દૈત્ય
**लव** - રામના એક પુત્રનું નામ
**विराव** - બૂમ, પોકાર
**शृगाल** - શિયાળ

**સ્ત્રીલિંગ**

**देवी** - દેવી, પટરાણી
**मदिरा** - દારૂ, મદિરા
**वसुधा** - પૃથ્વી

**નપુંસકલિંગ**

**ग्रथन** - ગૂંથવું
**शव** - મડદું
**संचलन** - આમ તેમ ચાલવું
**स्थान** - સ્થાન, જગ્યા, ઠેકાણું

**વિશેષણ**

**नृशंस** - ક્રૂર

**અવ્યય**

**उज्ज्वलम्** - ચળકાટથી ઊજળું

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

१. पाण्डवानां धार्तराष्ट्रैः सह युद्धान्यभवन् ।
२. रामः सीतया सह गोदावर्यास्तीरेऽरमत ।
३. व्याघ्रस्य विरावेण नार्या हृदयमवेपत ।
४. गोपा अजान् ग्राममनयन् ।
५. नृपस्य सभां पण्डिताः प्राविशन् ।
६. प्रासादे नार्योऽनृत्यन् ।
७. क्लेशो रामेणासह्यत ।
८. नृशंसो राक्षसोऽहन्यत ।
९. लवस्य विनयेनर्षयोऽतुष्यन् ।
१०. चित्रकूटस्य शिखरेऽवसाम ।
११. वित्तस्य नाशेनामुह्यन् ।
१२. चन्द्रापीडस्य बलस्य संचलनेन मह्यकम्पत ।
१३. आचार्या धर्ममुपादिशन् ।
१४. उद्यमेन धनमलभथाः ।
१५. मित्रस्य कल्याणायायते ।
१६. शृगालोऽम्रियत ।
१७. शवमस्पृशत ।
१८. माणवकं मार्गमपृच्छाम ।
१९. देवीमभाषे ।
२०. नृपतेः शासनमवाधीरयथाः ।
२१. हरिणा जनकोऽसेव्यत ।
२२. शृगालं व्याघ्रं चैक्षे ।
२३. प्रभूतं धनं नृपेण ब्राह्मणेभ्योऽत्यसृज्यत ।
२४. पञ्जराद्विहगममुञ्चाम ।
२५. पुरुषमताडयत ।

પ્રશ્ન-૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. (અમે) ઝાડની છાયામાં બેઠા.
૨. (તેણે) ચાકરોના ગુના માફ કર્યા.
૩. બ્રાહ્મણો ગંગાના જળમાં પડ્યા.
૪. રામે બાપના હુકમ માન્યા.
૫. હરિ નારાયણ પાસેથી ગાયન શીખ્યો.
૬. (તમે) ત્યારે કૌશામ્બીમાં રહ્યા.
૭. (તે) રામના પરાક્રમોથી આશ્ચર્ય પામ્યો.
૮. (તું) શત્રુ જોડે લડ્યો.
૯. લુચ્ચાને રાજાના હુકમથી મારવામાં આવ્યો.
૧૦. (મેં) કેરીઓ ચાખી.
૧૧. જાસૂસ અયોધ્યા ગયા.
૧૨. (તું) જૂઠું બોલ્યો.
૧૩. કૃષ્ણ મિત્રની આબાદીથી ખુશ થયો.
૧૪. ગઈકાલે સૂર્ય ચળકાટથી (ઊજળો) પ્રકાશ્યો.
૧૫. રાત્રિએ ચોર વડે ઘરમાં પ્રવેશ થયો.
૧૬. (તમે) સોનામહોરો ગણી.
૧૭. રામ વડે ઋષિ પાસેથી આશીર્વાદ ઈચ્છવામાં આવ્યો.
૧૮. દેવોના પ્રસાદથી તમે (તમારા) શત્રુઓને જીત્યા.
૧૯. અમે દારૂને ઠેકાણે પાણી પીધું.
૨૦. તમે (અહીંથી તમારે) ઘેર પુસ્તકો લઈ ગયા.
૨૧. અમે સેનાપતિને અને (એના) લશ્કરને જોયું.'
૨૨. તેઓ રણસંગ્રામમાંથી રાજાને લઈ ગયા.
૨૩. તેઓએ શત્રુઓ તરફ બાણ ફેંક્યા.
૨૪. (મેં) ફૂલોની માળા ગૂંથવાનો આરંભ કર્યો.

---

**धर्मदंभस्तु दुस्तरः । - ધર્મનો દંભ દુસ્તર છે.**

**न च धर्मो दयापरः । - દયાથી મોટો કોઈ ધર્મ નથી.**

**न च विद्यासमो बन्धुः । - વિદ્યા સમાન કોઈ ભાઈ નથી.**

# પાઠ - ૧૮

## હ્યસ્તન ભૂતકાળ

## આત્મનેપદ - પ્રત્યય

| | પુરુષ-૧ | પુરુષ-૨ | પુરુષ-૩ |
|---|---|---|---|
| દ્વિવચન | वहि | इथाम् | इताम् |
| બહુવચન | महि | ध्वम् | अन्त |
| દ્વિવચન | अलभावहि | अलभेथाम् | अलभेताम् |
| બહુવચન | अलभामहि | अलभध्वम् | अलभन्त |

## નિયમો

૧. કર્મણિ રૂપમાં **प्रच्छ्** નું **पृच्छ्** થાય છે. આ ધાતુ દ્વિકર્મક છે.

૨. ૨૦ + **ह्** = **ह्** ના સ્થાને વિકલ્પે સ્વવર્ગનો ચોથો મુકાય છે.
દા.ત. **वाक् + हरिः = वाग्घरिः । वाग्हरिः ।**

## ધાતુઓ

### પહેલો ગણ

**ध्वंस्** - આ. ફના થવું, નાશ પામવું
**रम्** - આ. આનંદ પામવો
**स्पर्ध्** - આ. સ્પર્ધા કરવી, સરસાઈ કરવી
**स्रंस्**- આ. પડી જવું, ખરી પડવું
**वि + हस्** - પ. મશ્કરીમાં હસવું

### ચોથો ગણ

**अव + मन्** - આ. અવજ્ઞા કરવી, તિરસ્કાર કરવો

### છઠ્ઠો ગણ

**वि + मृश्** - પ. વિચારવું, વિચાર કરવો
**लज्ज्** - આ. લજ્જા પામવી, શરમાવું, લાજવું

### દશમો ગણ

**नि + मन्त्र्** - આ. નિમંત્રણ દેવું, તેડવું, નોતરવું

## નામ

### પુંલિંગ

**असुर** - (બ.વ.) દેવના શત્રુ, મ્લેચ્છ, યવન
**उपदेश** - ઉપદેશ, શિખામણ

गन्धर्व - સ્વર્ગમાં રહેનારા દેવોની એક જાત
चोर - ચોર
त्याग - ત્યાગ, તજવું એ
नायक - નાયક, આગેવાન
पान्थ - મુસાફર
प्राश्निक - પ્રશ્ન કરનારો
भूप - ભૂપ, ભૂપાળ, રાજા
रमण - ધણી, કાન્ત
व्याध - શિકારી
सचिव - પ્રધાન
समूह - સમૂહ, સમુદાય

## સ્ત્રીલિંગ

अवधीरणा - અવજ્ઞા, નિંદા
कबरी- અંબોડો, વેણી
ज्योत्स्ना - ચાંદની
प्राची - પૂર્વ દિશા

## નપુંસકલિંગ

अनिष्ट - અનિષ્ટ, દુઃખ, સંકટ
आरोपण - રોપવું એ
कार्य - કાર્ય, કામ
ग्रहण - પકડવું એ
जाल - જાળ, પાશ
दर्शन - દર્શન
दुष्कृत - દુષ્કૃત, દુષ્ટ કામ
बल - બળ, જોર
बीज - બી, બીજ
राज्य - રાજ્ય
वीर्य - પરાક્રમ, બહાદુરી

## અવ્યય

परम् - તો પણ, પણ

## સ્વાધ્યાય

પ્રશ્ન-૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

૧. पाण्डवा राज्यमविदन्त ।
૨. सचिवा भूपमभाषन्त ।
૩. जनेन व्यहस्यध्वम् ।
૪. रामस्य दुःखान्यध्वंसन्त ।
૫. वृक्षेभ्यः शुका उदडयन्त ।
૬. जनानां सुखायायतामहि ।
૭. रमणैः सह ज्योत्स्नायामरमन्त नार्यः ।
૮. वातेन वृक्षा अकम्पन्त ।
૯. गृहं प्राविशंश्चोराः परं नालभन्त धनम् ।
૧૦. आचार्यादस्त्राण्यशिक्षामहि ।
૧૧. बीजस्यारोपणमारभन्त कृषीवलाः ।
૧૨. उद्यमाद्धरेर्धनान्यवर्धन्त ।
૧૩. धनस्य राशयो ब्राह्मणेभ्योऽ - दीयन्त ।
૧૪. आचार्याञ् शिष्या अभ्यवादयन्त ।
૧૫. नार्याः कबर्याः पुष्पे अस्रंसेताम् ।
૧૬. रथ्यायां जनानां समूहमैक्षामहि ।
૧૭. मित्राणां त्यागेनालज्जेथाम् ।
૧૮. मृगावहन्येतां व्याधैः ।
૧૯. देवैः सहासुरा अस्पर्धन्त ।

२०. उज्जयिन्याः कदा न्यवर्तध्वमिति जनैरपृच्छ्यामहि ।
२१. अरीणां पराजयेनामोदन्त सेनापतयः ।
२२. कन्या अवन्दन्त जनकम् ।
२३. वीर्येण विद्यायाश्च बलेन प्राकाशन्त ।
२४. नारायणस्य दुष्कृतानि नारोचन्त जनकाय ।
२५. नानिष्टमाशङ्कामहि ।

प्रश्न-२ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. વાંદરા રાક્ષસો સાથે લડ્યા.
૨. (અમે બે) કાશીમાં પંડિતો સાથે બોલ્યા.
૩. (તેઓએ) સ્વસ્થતાથી મહેણા સહ્યા.
૪. (બે) તારા પૂર્વમાં પ્રકાશ્યા.
૫. (તમે) માણસો વડે વખાણાયા.
૬. (તમે બે) રામ વડે ફરમાવાયા.
૭. અમે જમવા સારુ ઋષિઓને નોતર્યા.
૮. (અમે) હરિ પાસેથી મહેરબાનીની આશા ન રાખી.
૯. (અમે) નિશાળમાં ચોપડીઓ મેળવી.
૧૦. (બે) પરીક્ષકોએ નૃત્યમાં (બે) કન્યાઓની પરીક્ષા લીધી.
૧૧. (અમે બે) માના દર્શનથી આનંદ પામ્યા.
૧૨. (તમે બેએ) કામ શરૂ ન કર્યું.
૧૩. (અમે બે) ઋષિને નમ્યા.
૧૪. (તેઓ બેએ) રાજા પાસેથી અવજ્ઞાની શંકા રાખી.
૧૫. (અમે) ગંધર્વોના વંશમાં જન્મ્યા.
૧૬. પક્ષીઓએ (પોતાના) નાયકના ઉપદેશનો તિરસ્કાર કર્યો, અને જાળમાં પડ્યા.
૧૭. અયોધ્યાથી જાસૂસો ક્યારે પાછા આવ્યા?
૧૮. બ્રાહ્મણોના અપરાધ રાજા વડે માફ કરાયા.
૧૯. (તમે બે) વાઘના દર્શનથી કંપ્યા.
૨૦. (તમે) હાથીને પકડવાનો યત્ન કર્યો.
૨૧. (બે) છોકરા (પોતાની) મા વિના આનંદ ન પામ્યા.
૨૨. રામના ગુણ કવિઓ વડે વખણાયા.
૨૩. ઉદ્યોગ વડે તેઓએ ઘણું દ્રવ્ય મેળવ્યું.
૨૪. (બે) કેરી (બે) મુસાફરો વડે ચખાઈ.
૨૫. તેઓ બેએ અરણ્યમાં (પોતાની) કન્યા શોધી.

## સારાંશ તથા સવાલ

ની – ગ. ૧ પરસ્મૈ. લઈ જવું.

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | अनयम् | अनयाव | अनयाम |
| પુરુષ ૨ | अनयः | अनयतम् | अनयत |

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૩ | अनयत् | अनयताम् | अनयन् |

द्युत् - ગ. ૧ આત્મને. શોભવું

| | | | |
|---|---|---|---|
| પુરુષ ૧ | अद्योते | अद्योतावहि | अद्योतामहि |
| પુરુષ ૨ | अद्योतथाः | अद्योतेथाम् | अद्योतध्वम् |
| પુરુષ ૩ | अद्योतत | अद्योतेताम् | अद्योतन्त |

પ્રશ્ન-૧ નીચેના ધાતુઓના હ્યસ્તન ભૂતકાળના રૂપ આપો :

अस्, अद्, ईक्ष्, मृग्, सृज्, नि + मन्त्र्, इष्, शिक्ष्, जीव्, डी, मृ, जन्, वृत्, वह् (કર્મણિ રૂપમાં उह्), सम् + ऋध्

પ્રશ્ન-૨ ૨૦ + અનુનાસિક હોય તો શો ફેરફાર થાય છે? ક્યારે આ ફેરફાર આવશ્યક છે?

પ્રશ્ન-૩ ૨૦ + ह् આવે તો તે ह् માં શો ફેરફાર થાય છે?

પ્રશ્ન-૪ श् નો छ् ક્યારે થાય છે?

---

नास्ति कामसमो व्याधिः । - કામ સમાન કોઈ રોગ નથી.

नास्ति क्रोधसमो वह्नि । - ક્રોધ સમાન કોઈ આગ નથી.

न तोषात् परमं सुखम् । - સંતોષથી મોટું કોઈ સુખ નથી.

न धर्मसदृशं मित्रम् । - ધર્મ સમાન કોઈ મિત્ર નથી.

# પાઠ - ૧૯

## उ કારાંત અને ऋ કારાંત પુંલિંગ તથા નપુંસકલિંગ નામો

### પ્રથમા થી ચતુર્થી વિભક્તિ

### ऋ કારાંત પુંલિંગ - પ્રત્યય

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | स् | औ | अस् |
| દ્વિતીયા | अम् | औ | न् |
| તૃતીયા | आ | भ्याम् | भिस् |
| ચતુર્થી | ए | भ्याम् | भ्यस् |

गुरु - પું. ગુરુ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | गुरुः | गुरू | गुरवः |
| દ્વિતીયા | गुरुम् | गुरू | गुरून् |
| તૃતીયા | गुरुणा | गुरुभ्याम् | गुरुभिः |
| ચતુર્થી | गुरवे | गुरुभ्याम् | गुरुभ्यः |

मधु - ન. મધ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | मधु | मधुनी | मधूनि |
| દ્વિતીયા | मधु | मधुनी | मधूनि |
| તૃતીયા | मधुना | मधुभ्याम् | मधुभिः |
| ચતુર્થી | मधुने | मधुभ्याम् | मधुभ्यः |

कर्तृ - ન. કર્તા

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | कर्तृ | कर्तृणी | कर्तॄणि |
| દ્વિતીયા | कर्तृ | कर्तृणी | कर्तॄणि |
| તૃતીયા | कर्तृणा | कर्तृभ्याम् | कर्तृभिः |
| ચતુર્થી | कर्तृणे | कर्तृभ्याम् | कर्तृभ्यः |

**नेतृ** - પું. નાયક, દોરનાર

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **नेता** | **नेतारौ** | **नेतारः** |
| દ્વિતીયા | **नेतारम्** | **नेतारौ** | **नेतॄन्** |
| તૃતીયા | **नेत्रा** | **नेतृभ्याम्** | **नेतृभिः** |
| ચતુર્થી | **नेत्रे** | **नेतृभ्याम्** | **नेतृभ्यः** |

**भ्रातृ** - પું. ભાઈ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **भ्राता** | **भ्रातरौ** | **भ्रातरः** |
| દ્વિતીયા | **भ्रातरम्** | **भ्रातरौ** | **भ्रातॄन्** |
| તૃતીયા | **भ्रात्रा** | **भ्रातृभ्याम्** | **भ्रातृभिः** |
| ચતુર્થી | **भ्रात्रे** | **भ्रातृभ्याम्** | **भ्रातृभ्यः** |

## ભૂમિકા

૧. **उ** કારાંત પુંલિંગ નામોના રૂપ **इ** કારાંત પુંલિંગ નામોના રૂપો જેવા જ થાય છે, તફાવત એટલો જ છે કે **इ** કારાંત નામોમાં જ્યાં **इ, ई, ए** અથવા **य्** આવે છે, ત્યાં **उ** કારાંત નામોમાં અનુક્રમે **उ, ऊ, ओ** અથવા **व्** થાય છે.

૨. **उ** કારાંત અને **ऋ** કારાંત નપુંસકલિંગ નામોના રૂપ **वारि** ના જેવા જ થાય છે. **वारि** માં અન્ત્ય **इ, ई** કે **ए** થાય છે તેને બદલે **उ** કારાંતમાં અનુક્રમે **उ, ऊ** કે **ओ** અને **ऋ** કારાંતમાં **ऋ, ॠ** કે **अर्** થાય છે.

૩. **ऋ** કારાંત પુંલિંગ નામના **ऋ** નો પ્રથમાના ત્રણે વચનના અને દ્વિતીયાના એકવચન તથા દ્વિવચનના પ્રત્યય લાગતાં **आर्** થાય છે. **पितृ, भ्रातृ, जामातृ, देवृ, नृ** અને **सव्येष्ठृ** જેવા થોડાંક જ નામોના અન્ત્ય **ऋ** નો **अर्** થાય છે. બધાયે **ऋ** કારાંત નામોની પ્રથમાના એકવચનમાં છેવટે **आ** રહે છે અને **र्** ની જેમ પ્રત્યયના **स्** નો લોપ થાય છે.

## નિયમો

૧. **ऋ** કારાંત દ્વિ. બ. વ. નો **न्** પ્રત્યય લાગતાં, પૂર્વનો **ऋ** દીર્ઘ થાય છે.

૨. નિષેધ બતાવવા માટે વ્યંજનથી શરૂ થતા શબ્દને આરંભે **अ** અને સ્વરથી શરૂ થતા શબ્દને આરંભે **अन्** મુકાય છે.

દા.ત. अ + धर्म = अधर्म । अन् + आचार = अनाचार ।

૩. (A) હ્રસ્વ સ્વર, मा અવ્યય કે आ ઉપસર્ગ + छ् = छ् નો અવશ્ય च्छ् થાય.
દા.ત. मा + छिन्द्धि = माच्छिन्द्धि । आ + छिद्यन्ते = आच्छिद्यन्ते ।

(B) પરંતુ પદાંતે દીર્ઘ સ્વર + छ् = छ् નો च्छ् વિકલ્પે થાય છે.
દા.ત. लक्ष्मी + छाया = लक्ष्मीछाया / लक्ष्मीच्छाया ।

## ધાતુઓ

### પહેલો ગણ

अनु + गम् - પ. અનુસરવું, પાછળ જવું
गल् - પ. નીગળવું, ઝરવું
प्र + नी - ઉ. રચવું
भृ - ઉ. ભરવું (કર્મણિ - भ्रियते)
वाञ्छ् - પ. વાંછા કરવી, ચાહવું, ઈચ્છવું

### બીજો ગણ

निर् + मा - પ. નિર્માણ કરવું

### ચોથો ગણ

अनु + इष् - પ. શોધવું
अनु + मन् - આ. કબૂલ રાખવું

### સાતમો ગણ

छिद् - ઉ. કાપવું

## નામ

### પુંલિંગ

इषु - તીર, બાણ
ऋतुपर्ण - એક રાજાનું નામ
कपोल - ગાલ
गुरु - ગુરુ, આચાર્ય, પૂજ્ય માણસ
जामातृ - જમાઈ
तडाग - તળાવ
तरु - ઝાડ
त्वष्टृ - વિશ્વકર્મા
दुर्जन - દુર્જન, ખરાબ માણસ
देवृ - દિયર
द्वेष्टृ - શત્રુ
धातृ - પેદા કરનાર
नृ - નર, પુરુષ
परशु - ફરસી, કુહાડો
परशुराम - પૃથ્વી નક્ષત્રિય કરનાર બ્રાહ્મણ યોદ્ધો
पांसु - ધૂળ, રજ
पितृ - પિતા, બાપ
प्रभु - પ્રભુ, ધણી
बाहु - હાથ, બાંહ
बिन्दु - ટીપું
भर्तृ - પતિ, ધણી, માલિક
भीम - પાંડુના છોકરાઓમાંના એકનું

नाम, ભીમસેન
**भ्रमर** - ભમરો
**मनु** - હિંદુ ધર્મશાસ્ત્રના રચનાર મનુ
**रक्षितृ** - રક્ષક
**लक्ष्मण** - રામનો ભાઈ
**वायु** - વા, પવન, વાયુ
**विघ्न** - વિઘ્ન, અડચણ
**विमार्ग** - ખોટો રસ્તો, આડો રસ્તો
**विष्णु** - વિષ્ણુ
**शत्रु** - શત્રુ, દુશ્મન
**शम्भु** - શંભુ, શિવ
**शिशु** - બાળક
**सव्येष्ट्ट** - સારથિ

### સ્ત્રીલિંગ

**अमरावती** - ઈંદ્રની રાજધાની
**जिह्वा** - જીભ

### નપુંસકલિંગ

**अग्र** - અગ્ર, ટોચ
**अश्रु** - આંસુ
**तालु** - તાળવું
**मधु** - મધ
**राष्ट्र** - રાષ્ટ્ર, દેશ
**वसु** - વસુ, ધન

### વિશેષણ

**कर्तृ** - કર્તા, કરનાર, રચનાર
**क्षुधित** - ભૂખ્યું
**गन्तृ** - ગમન કરનાર, જનાર
**दातृ** - દાતાર, દાતા, આપનાર
**द्रष्टृ** - દર્શન કરનાર, જોનાર
**द्वेष्टृ** - દ્વેષ કરનાર, દુશ્મન
**रक्षितृ** - રક્ષણ કરનાર
**श्याम** - કાળું

### અવ્યય

**अनेकशस्** - વારંવાર, અનેકવાર
**तु** - પણ (વાક્યની શરૂઆતમાં વ પરાતો નથી)

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

૧. शम्भुर्जयति ।
૨. वायुना तरवः कम्पन्ते ।
૩. नरो वसूनि वाञ्छन्ति ।
૪. योधोऽराविषू क्षिपति ।
૫. विष्णवे पूजा रोचते ।
૬. पाण्डवा द्वेष्टॄन् युद्धेऽजयन् ।
૭. मनुना धर्मः प्राणीयत ।
૮. गुरुभ्यः शिष्यस्याविनयं कथयामि ।
૯. कन्याया भर्तारं जामातरं वदन्ति ।
૧૦. नार्याः कपोलयोर्नयनाभ्यामश्रूणि गलन्ति ।
૧૧. पितरो वन्द्यन्ते पुत्रैः ।
૧૨. तडागस्य जलं मार्गे गन्तृभिरपीयत ।
૧૩. धात्रा प्रजाः सृज्यन्ते ।
૧૪. बाहू स्फुरतः ।

१५. भ्रमरा मधु पिबन्ति ।
१६. इन्द्रः शत्रूनजयत् ।
१७. चातको जलस्य बिन्दुमपि न लभते ।
१८. प्रभुभिर्भृत्या आदिश्यन्त ।
१९. भर्तारमनुसरति किङ्करः ।
२०. विश्वस्य कर्तारं नमामि ।
२१. सीता लक्ष्मणं देवरमन्वगच्छत् ।
२२. भर्त्रे सन्देशः प्रहीयते ।
२३. त्वष्ट्रामरावती निरमीयत ।
२४. रामो जनकस्य जामाता ।
२५. याचका दातारं नालभन्त ।

<u>પ્રશ્ન.</u> ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. રામ છોકરાઓને લાડુ આપે છે.
૨. આકાશ ધૂળથી ભરાઈ જાય છે.
૩. પરશુરામે ફરશી વડે શત્રુઓને માર્યા.
૪. પાણીના ટીંપા વાદળમાંથી પડે છે.
૫. રાજાએ શહેરના રક્ષણ કરનારાઓને બોલાવ્યા.
૬. પોતાના હાથ વડે ભીમ શત્રુ સાથે લડ્યો.
૭. દેવો અનર્થ કરનારાઓને શિક્ષા કરે છે.
૮. ખોટે રસ્તે જનારા, લોકો વડે નિંદાય છે,
૯. બાળક બાપને તાબે રહે છે.
૧૦. અવન્તીના ધણીએ પ્રધાનોને કહ્યું.
૧૧. હરિ જીભ વડે તાળવાને અડક્યો.
૧૨. સ્ત્રીઓ સ્વામી સાથે વાડીએ ગઈ.
૧૩. ઋષિઓ મંત્રના જોનારા હતા.
૧૪. લોકો વિષ્ણુને ભજે છે.
૧૫. ઋતુપર્ણે સારથિઓને કહ્યું.
૧૬. રામ (પોતાના) ભાઈ લક્ષ્મણ સાથે વનમાં ગયા.
૧૭. બાણોથી રામ વડે રાવણના માથા કપાયા.
૧૮. વારંવાર વિઘ્નના ભયને લીધે માણસો વડે કામ શરૂ કરાતું નથી.
૧૯. નાશમાંથી દેશ (પ્રજા)નો રક્ષણકર્તા સદ્ગુણ છે.
૨૦. દુર્જનની જીભની ટોચ ઉપર મધ હોય છે, પણ હૃદયમાં ઝેર હોય છે.
૨૧. વૃક્ષો છાયા વડે મુસાફરોને આનંદ પમાડે છે.
૨૨. વિશ્વામિત્રની સાથે રામનું વનમાં જવું પિતા વડે કબૂલ રખાયું.
૨૩. પવન કાળા વાદળાને વિખેરે છે.
૨૪. ભૂખ્યાને અન્નદાન કરનારાઓને લોકો વખાણે છે.
૨૫. સીતાના ભર્તા અને દિયરે સીતાને વનમાં શોધી.

# પાઠ - ૨૦

## ઉ કારાંત અને ऋ કારાંત પુંલિંગ તથા નપુંસકલિંગ નામો

### પંચમીથી સંબોધન વિભક્તિ

गुरु - પું. ગુરુ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પંચમી | गुरोः | गुरुभ्याम् | गुरुभ्यः |
| ષષ્ઠી | गुरोः | गुर्वोः | गुरूणाम् |
| સપ્તમી | गुरौ | गुर्वोः | गुरुषु |
| સંબોધન | गुरो | गुरू | गुरवः |

मधु - ન. મધ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પંચમી | मधुनः | मधुभ्याम् | मधुभ्यः |
| ષષ્ઠી | मधुनः | मधुनोः | मधूनाम् |
| સપ્તમી | मधुनि | मधुनोः | मधुषु |
| સંબોધન | मधो, मधु | मधुनी | मधूनि |

ऋ કારાંત પું. - પ્રત્યય

| | | | |
|---|---|---|---|
| પંચમી | ० | भ्याम् | भ्यस् |
| ષષ્ઠી | ० | ओस् | नाम् |
| સપ્તમી | इ | ओस् | षु |

नेतृ - પું. નાયક

| | | | |
|---|---|---|---|
| પંચમી | नेतुः | नेतृभ्याम् | नेतृभ्यः |
| ષષ્ઠી | नेतुः | नेत्रोः | नेतृणाम् |
| સપ્તમી | नेतरि | नेत्रोः | नेतृषु |
| સંબોધન | नेतर् | नेतारौ | नेतारः |

कर्तृ - ન. કર્તા

| | | | |
|---|---|---|---|
| પંચમી | कर्तृणः | कर्तृभ्याम् | कर्तृभ्यः |
| ષષ્ઠી | कर्तृणः | कर्तृणोः | कर्तृणाम् |

| | | | |
|---|---|---|---|
| સપ્તમી | **कर्तृणि** | **कर्तृणोः** | **कर्तृषु** |
| સંબોધન | **कर्तर् / कर्तृ** | **कर्तृणी** | **कर्तृणि** |

## ભૂમિકા

૧. પંચમી અને ષષ્ઠીનું એકવચન **ऋ** ને બદલે **उर्** મૂકવાથી થાય છે. સપ્તમીના એકવચનનો **इ** પ્રત્યય લાગતાં **ऋ** નો પ્રથમ **अर्** થાય છે. વળી ષષ્ઠીના બહુવચનનો **नाम्** પ્રત્યય લાગતાં **ऋ** ને ઠેકાણે દીર્ઘ **ॠ** થાય છે. પરંતુ **नृ** શબ્દમાં **ऋ** વિકલ્પે દીર્ઘ થાય છે. સંબોધનનું એકવચન **ऋ** ને બદલે **अर्** મૂકવાથી થાય છે, અને દ્વિવચન તેમજ બહુવચન પ્રથમાના તે તે રૂપો જેવા જ છે.

## નિયમો

૧. **लक्ष्मी** શબ્દના પ્રથમાના એકવચનમાં **स्** પ્રત્યય લાગે છે.

**ધાતુઓ** ⟶ **પહેલો ગણ** - **लङ्घ्** - આ. ઓળંગવું, તોડવું

## નામ

### પુંલિંગ

**अर्जुन** - પાંડુના પાંચ પુત્રોમાંના ત્રીજાનું નામ
**अवस्त्वारोप** - મિથ્યા પદાર્થની કલ્પના
**आदर** - આદર, માન, સત્કાર
**आरोप** - આરોપ, આરોપણ
**आर्य** - આર્ય, સજ્જન, હિંદુનો પ્રાચીન પૂર્વજ
**इन्दु** - ચંદ્ર
**उत्साह** - ઉત્સાહ, હોંશ
**कर्ण** - એક શૂરવીરનું નામ
**कलङ्क** - લાંછન, ડાઘો
**कुरु** - (બ. વ.) એક દેશનું નામ
**ज्ञाति** - સગો
**तूल** - કપાસ, રૂ
**द्विज** - દ્વિજ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય જાતિનો કોઈ માણસ
**नप्तृ** - દીકરાનો દીકરો, પૌત્ર
**निर्बन्ध** - કાલાવાલા, આજીજી
**पशु** - પશુ, ઢોર
**पात** - પડવું એ, પતન
**पितृव्य** - કાકો
**बन्धु** - બંધુ, સગો, ભાઈ
**भारतवर्षीय** - ભારત વર્ષ એટલે હિંદનો રહેવાસી, હિંદી
**भ्रातृ** - ભાઈ
**मद** - મદ, ખુમારી
**मृग** - મૃગ, હરણ
**मृत्यु** - મૃત્યુ, મોત
**रघु** - (બહુ.) રઘુ રાજાના વંશજો, રઘુવંશી પુરુષો

**विभव** - ધન

**साधु** - સાધુ, સત્પુરુષ

**स्रष्टृ** - સૃષ્ટિકર્તા (વિશે.)

## સ્ત્રીલિંગ

**अनुज्ञा** - રજા, પરવાનગી

**इच्छा** - ઈચ્છા, મરજી

**उत्कण्ठा** - ઉત્કંઠા, ઈચ્છા

**कृतज्ञता** - કૃતજ્ઞતા, કદર

**कृपा** - કૃપા, મહેરબાની

**रमा** - વિશેષ નામ

**लक्ष्मी** - લક્ષ્મી, વિષ્ણુની પત્ની, ધનની દેવી

**वार्ता** - વાર્તા, વાત, ખબર

## નપુંસકલિંગ

**अवस्तु** - અવાસ્તવિક ચીજ, મિથ્યા પદાર્થ

**कारुण्य** - કરુણા, દયા

**पथ्य** - હિતકારક વસ્તુ

**भूत** - પ્રાણી

**वस्तु** - વસ્તુ, ચીજ

**वैकुण्ठ** - વિષ્ણુનું રહેવાનું ઠેકાણું, વૈકુંઠ લોક

## વિશેષણ

**अप्रिय** - અપ્રિય, નાપસંદ

**अलङ्घनीय** - નહિ ઓળંગાય એવું

**तनु** - નાનું

**निशित** - તીક્ષ્ણ ધારવાળું

**मुख्य** - મુખ્ય

**वक्तृ** - વક્તા, બોલનાર

**श्रोतृ** - શ્રોતા, શ્રવણ કરનાર, સાંભળનાર

**साधु** - સારું

## અવ્યય

**अलम्** - બસ. (તૃતીયા વિભક્તિ સાથે વપરાય છે.)

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

૧. तरोः पुष्पाण्यपतन् ।
૨. शम्भोः कृपया कल्याणं भवति ।
૩. गुरूणामादेशाननुरुध्यामहे ।
૪. साधवो मृत्योर्भयं न गणयन्ति ।
૫. पितरि रामस्य परम आदरः ।
૬. विश्वस्य स्रष्टुरिच्छाऽलङ्घनीया ।
૭. द्वेष्टृणामुत्साहं न सहते ।
૮. इन्दौ कलङ्को दृश्यते ।
૯. तूलस्य राशावग्नेरिव मृदुनि मृगस्य शरीरे निशितस्य बाणस्य पातः ।
૧૦. तनुषु विभवेषु ज्ञातिभिस्त्यज्यन्ते नराः ।
૧૧. पशुष्वपि कृतज्ञता दृश्यते ।
૧૨. श्रोतृणां निर्बन्धात्कथामारभत ।
૧૩. रामो बन्धुषु स्नेहेन वर्तते ।
૧૪. मधुनि माधुर्यमस्ति ।

१५. नृषु द्विजः श्रेष्ठः ।
१६. दातृभ्यो धनं लभन्ते ।
१७. कुरुभ्यो दूत आगच्छत् ।
१८. पितृव्यः पितुर्भ्राता ।
१९. वस्तुन्यवस्त्वारोपोऽज्ञानम् ।
२०. बाह्वोर्बलेन पृथ्वीमजयत् ।
२१. भीमस्य भ्रातर्यर्जुने कर्णो बाणानमुञ्चत् ।
२२. अप्रियस्यापि पथ्यस्य वक्तृणि मित्रेऽलं क्रोधेन ।
२३. नप्तुर्लाभेऽतीवोत्कण्ठा भारतवर्षीयाणाम् ।
२४. परमं कारुण्यं साधूनां भूतेषु ।
२५. कन्यां जामातुर्गृहं नयति ।

प्रश्न - २ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. રામ રઘુઓમાં મુખ્ય હતા.
૨. (મેં) રચનાર પાસેથી ચોપડી મેળવી.
૩. લક્ષ્મી વિષ્ણુની પત્ની હતી.
૪. (તે) સાંભળનારાઓ પાસે માફી માગે છે.
૫. જનકે (પોતાના) પૌત્રોના રથ જોયા.
૬. નારાયણે હરિના જમાઈઓના ઘોડા જોયા.
૭. આર્યો કુરુ દેશમાં રહેતા.
૮. પોપટ ઝાડ ઉપર બેઠો.
૯. હરિના પૌત્રનો ચાકર ગામ ગયો.
૧૦. કર્ણ દાતારોમાં પ્રથમ હતો.
૧૧. સિંહ પશુઓનો પ્રભુ છે.
૧૨. હરિ રમાના ધણીનો મિત્ર છે.
૧૩. ચંદ્રનું બિંબ વધે છે અને ઓછું થાય છે.
૧૪. (પોતાના) ભાઈ રામની આજ્ઞાથી લક્ષ્મણે સીતાને વનમાં તજી.
૧૫. બ્રહ્માથી વિશ્વ ઉત્પન્ન થયું.
૧૬. (તેણીએ પોતાના) ધણીની ખબર મેળવી.
૧૭. (તેણે પોતાના) હાથના બળ વડે શત્રુને જીત્યા.
૧૮. જોરાવર પવનથી પણ પર્વતોને ભય નથી.
૧૯. ડાહ્યા માણસ બાળકો પાસેથી પણ જ્ઞાન મેળવે છે.
૨૦. હે શંભુ, (મારા) પાપ (મારા) હૃદયને ડંખે છે.
૨૧. ઋષિઓમાં ઈશ્વર તરફ ઘણો પ્રેમ દેખાય છે.
૨૨. પક્ષીઓ ઝાડોની શાખાઓ ઉપર બેસે છે.
૨૩. ચાકરો શેઠના હુકમોનું ઉલ્લંઘન કરતા નથી.
૨૪. માને ઘેર જવાને માટે ધણી પાસેથી તેણે પરવાનગી મેળવી.
૨૫. વિષ્ણુના ભક્તો વડે વૈકુંઠમાં રહેઠાણ મેળવાય છે.

## સારાંશ અને સવાલ

પ્રશ્ન - ૧ નીચેના શબ્દોના રૂપાખ્યાન કરો :-

**द्रष्टृ** પું. ન., **मधु, मनु, जामातृ, अश्रु, धातृ** પું. **नृ, देवृ, शत्रु, विभु** પું.ન., **भर्तृ, स्त्रष्टृ** પું., **वस्तु, वायु** વગેરે.

પ્રશ્ન - ૨ **उ** કારાંત પુંલિંગ, અને **उ** કારાંત તથા **ऋ** કારાંત નપુંસકલિંગ નામોના રૂપોને **इ** કારાંત નામોના રૂપો સાથે સરખાવો.

પ્રશ્ન - ૩ પહેલા પાંચ રૂપોમાં **ऋ** કારાંત પુંલિંગ નામોમાં જે ફેરફાર થાય છે તે જણાવો.

પ્રશ્ન - ૪ **छ्** નો **च्छ्** ક્યારે થાય છે ? એનો આવશ્યક અને વૈકલ્પિક નિયમ શો છે ?

---

**न मुक्तेः परमा गतिः । - મોક્ષથી ઊંચી કોઈ સ્થિતિ નથી.**

**नानृतात्पातकं परम् । - જૂઠ સમાન કોઈ પાપ નથી.**

**निर्धनता सर्वापदामास्पदम् । - દરિદ્રતા સર્વ દુઃખોનું કારણ છે.**

**पुण्यं भावानुसारतः । - ભાવને અનુસરીને પુણ્ય બંધાય છે.**

**वृक्षं क्षीणफलं त्यजन्ति विहगाः । - ફળ-હીન વૃક્ષને પક્ષી છોડી દે છે.**

# પાઠ-૨૧

## इ કારાંત, उ કારાંત, ऊ કારાંત અને ऋ કારાંત સ્ત્રીલિંગ નામો

**श्वश्रू** - સ્ત્રી. સાસુ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | श्वश्रूः | श्वश्र्वौ | श्वश्र्वः |
| દ્વિતીયા | श्वश्रूम् | श्वश्र्वौ | श्वश्रूः |
| તૃતીયા | श्वश्र्वा | श्वश्रूभ्याम् | श्वश्रूभिः |
| ચતુર્થી | श्वश्र्वै | श्वश्रूभ्याम् | श्वश्रूभ्यः |
| પંચમી | श्वश्र्वाः | श्वश्रूभ्याम् | श्वश्रूभ्यः |
| ષષ્ઠી | श्वश्र्वाः | श्वश्र्वोः | श्वश्रूणाम् |
| સપ્તમી | श्वश्र्वाम् | श्वश्र्वोः | श्वश्रूषु |
| સંબોધન | श्वश्रु | श्वश्र्वौ | श्वश्र्वः |

**मति** – સ્ત્રી. મતિ, બુદ્ધિ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | मतिः | मती | मतयः |
| દ્વિતીયા | मतिम् | मती | मतीः |
| તૃતીયા | मत्या | मतिभ्याम् | मतिभिः |
| ચતુર્થી | मत्यै/मतये | मतिभ्याम् | मतिभ्यः |
| પંચમી | मत्याः/मतेः | मतिभ्याम् | मतिभ्यः |
| ષષ્ઠી | मत्याः/मतेः | मत्योः | मतीनाम् |
| સપ્તમી | मत्याम्/मतौ | मत्योः | मतिषु |
| સંબોધન | मते | मती | मतयः |

**धेनु** - સ્ત્રી. ગાય

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | धेनुः | धेनू | धेनवः |
| દ્વિતીયા | धेनुम् | धेनू | धेनूः |
| તૃતીયા | धेन्वा | धेनुभ्याम् | धेनुभिः |
| ચતુર્થી | धेन्वै/धेनवे | धेनुभ्याम् | धेनुभ्यः |

| | | | |
|---|---|---|---|
| પંચમી | **धेन्वाः/धेनोः** | **धेनुभ्याम्** | **धेनुभ्यः** |
| ષષ્ઠી | **धेन्वाः/धेनोः** | **धेन्वोः** | **धेनूनाम्** |
| સપ્તમી | **धेन्वाम्/धेनौ** | **धेन्वोः** | **धेनुषु** |
| સંબોધન | **धेनो** | **धेनू** | **धेनवः** |

**मातृ** - સ્ત્રી. માતા

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **माता** | **मातरौ** | **मातरः** |
| દ્વિતીયા | **मातरम्** | **मातरौ** | **मातृः** |
| તૃતીયા | **मात्रा** | **मातृभ्याम्** | **मातृभिः** |
| ચતુર્થી | **मात्रे** | **मातृभ्याम्** | **मातृभ्यः** |
| પંચમી | **मातुः** | **मातृभ्याम्** | **मातृभ्यः** |
| ષષ્ઠી | **मातुः** | **मात्रोः** | **मातृणाम्** |
| સપ્તમી | **मातरि** | **मात्रोः** | **मातृषु** |
| સંબોધન | **मातर्** | **मातरौ** | **मातरः** |

## નિયમો

૧. **ऊ** કારાંત સ્ત્રીલિંગ નામોના રૂપ **ई** કારાંત સ્ત્રીલિંગ નામો જેવા જ થાય છે. **ई** કારાંત નામોમાં જ્યાં જ્યાં **इ, ई** કે **य्** આવે છે, ત્યાં ત્યાં **ऊ** કારાંત નામોમાં અનુક્રમે **उ, ऊ** કે **व्** આવે છે. પ્રથમાનું એકવચન **स्** પ્રત્યય લગાડવાથી થાય છે.

૨. **इ** કારાંત અને **उ** કારાંત સ્ત્રીલિંગ નામોની તૃતીયાના એકવચનનો પ્રત્યય **आ** છે. દ્વિતીયાના બહુવચનનો પ્રત્યય **स्** છે, આ **स्** પ્રત્યય લાગતાં, પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે. બીજી બધી વાતે આ નામોના રૂપ **इ** કારાંત અને **उ** કારાંત પુંલિંગ નામોના જેવા જ છે. ચતુર્થી, પંચમી, ષષ્ઠી અને સપ્તમીના એકવચનના રૂપ વિકલ્પે **ई** કારાંત કે **ऊ** કારાંત સ્ત્રીલિંગ નામોના જેવા થાય છે.

૩. **ऋ** કારાંત સ્ત્રીલિંગ નામોમાં સગાઈવાચક શબ્દો આવે છે, તે આ છે :- **स्वसृ, मातृ, दुहितृ, ननान्दृ** અને **यातृ**. દ્વિતીયાના બહુવચનનો પ્રત્યય **स्** છે. એ પ્રત્યય લાગતાં, આ નામોનો અન્ત્ય સ્વર દીર્ઘ થાય છે. બીજી બધી વાતે **स्वसृ** ના રૂપ **नप्तृ** કે **गन्तृ** પું. જેવા, અને બાકીનાનાં **पितृ** જેવા થાય છે.

૪. **श्रोतृ, गन्तृ** અને એવા જ બીજા **ऋ** કારાંત વિશેષણોનું સ્ત્રીલિંગ અંગ **ई** ઉમેરવાથી

થાય છે, જેમકે **श्रोत्री, गन्त्री** વગેરે, (અને પછી દીર્ઘ **ई** કારાંત સ્ત્રીલિંગ જેવા રૂપ થાય છે.)

## ધાતુઓ

### પહેલો ગણ

**अधि + कृ** - ઉ. અધિકાર આપવો, ઠરાવવું, (કર્મણિમાં) અધિકારી થવું

**चल्** - પ. ચાલવું

**नि + सद् [ निषीद् ]** - પ. બેસવું

**प्र + सृ** - પ. પ્રસરવું, ફેલાવું

### ત્રીજો ગણ

**अभि + धा** - ઉ. બોલાવવું, નામ દેવું

### ચોથો ગણ

**उद् + पद्** - આ. ઉપજવું, ઉત્પન્ન થવું, નીપજવું

**आ + श्लिष्** - પ. ભેટવું

**स्निह्** - પ. સ્નેહ રાખવો

### છઠ્ઠો ગણ

**आ + प्रच्छ् [ पृच्छ् ]** - આ. નીકળતી વેળાએ પૂછવું, વિદાય માગવી

## નામ

### પુંલિંગ

**आङ्ग्ल** - અંગ્રેજ

**आश्रम** - આશ્રમ

**ऋष्यशृङ्ग** - દશરથનો જમાઈ, રામનો બનેવી

**धीर** - ધીરજવાળો, બહાદુર પુરુષ

**परिणाम** - પરિણામ

**पिण्ड** - પિંડ, મરનારને બલિ આપવામાં આવે છે તે

**प्रकर्ष** - અત્યંતતા, મહત્તા, મોટાઈ

**मदन** - કામદેવ

**लोभ** - લોભ

**विकास** - વિકાસ, પ્રકાશ, વિસ્તાર

**शम्बूक** - વિશેષ નામ

**शूद्र** - શૂદ્ર

**संनिधि** - પડોશ

**सुजन** - સજ્જન, સારો માણસ

### સ્ત્રીલિંગ

**अङ्ग्लभूमि** - ઈંગ્લાંડ

**अनुरक्ति** - પ્રીતિ

**कान्ति** - તેજ

**कीर्ति** - યશ

**कृति** - કૃતિ, કામ

**गति** - ચાલનારની ઢબ, જવું એ

**जाति** - જાતિ, જાત, નાત, લિંગ

**दुष्कृति** - દુષ્ટ કૃતિ, ખરાબ કામ

**दुहितृ** - દીકરી

**धृति** - હિંમત, ધીરજ

**धेनु** - ધેનુ, ગાય

**ननान्दृ** - નણંદ

**निन्दा** - નિંદા, ખરાબ બોલવું

**नीति** - નીતિ, રાજનીતિ

**प्रकृति** - પ્રધાનમંડળી, પ્રકૃતિ, સ્વભાવ
**प्रतिकृति** - છબી, નામ
**प्रीति** - પ્રીતિ, પ્રેમ
**बुद्धि** - બુદ્ધિ, અક્કલ
**भक्ति** - ભક્તિ
**भूति** - આબાદી
**भूमि** - ભૂમિ, ભોંય
**मातृ** - મા, માતા
**मुक्ति** - મોક્ષ
**मूर्ति** - મૂર્તિ, પ્રતિમા
**यातृ** - દેરાણી, જેઠાણી
**रति** - ખુશી, મજા, કામદેવની સ્ત્રી
**रात्रि** - રાત્રિ, રાત
**वधू** - વહુ, જુવાન સ્ત્રી
**वसति** - વાસ, રહેઠાણ
**वृत्ति** - વૃત્તિ, ધંધો
**शान्ता** - રામની બહેન
**श्रुति** - સાંભળવું એ, વેદ, શ્રુતિ, કાન
**श्वश्रू** - સાસુ
**सुकृति** - સારીકૃતિ, સારું કામ
**सृष्टि** - સૃષ્ટિ, સર્જન
**स्तुति** - સ્તુતિ, વખાણ
**स्मृति** - સ્મૃતિ, સ્મરણ, યાદદાસ્ત, હિંદુ ધર્મશાસ્ત્રનું પુસ્તક
**स्वसृ** - બહેન

નપુંસકલિંગ

**आध्यान** - ધ્યાન
**एलापुर** - શહેરનું નામ, વેરુળ
**चिह्न** - ચિહ્ન
**विवर** - ગુફા
**शौर्य** - શૌર્ય, પરાક્રમ

વિશેષણ

**निपुण** - નિપુણ, હોંશિયાર
**पर** - પરમ, શ્રેષ્ઠ
**बहु** - બહુ, ઘણું
**मन्द** - મંદ, ધીમું

અવ્યય

**पश्चात्** - પછી

નોંધ :- **उ** કારાંત વિશેષણનું સ્ત્રીલિંગ અંગ મૂળ જેવું રહે છે અથવા તો મૂળમાં **ई** ઉમેરીને થાય છે.

## સ્વાધ્યાય

પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

૧. **सुजनस्य कीर्तिर्लोके प्रसरति ।**
૨. **संकटे धीरो धृतिं न मुञ्चति ।**
૩. **रामः प्रीत्या पुत्रमाश्लिष्यति ।**
૪. **मुक्तये देवं भजति ।**
૫. **यक्षाणां वसत्या आगच्छत् ।**
૬. **दुःखं दुष्कृतेरुत्पद्यते ।**
૭. **मदनो रतेर्वल्लभः ।**
૮. **सृष्ट्याः पालक ईश्वरः ।**
૯. **बुद्धेः प्रकर्षः कीर्तये भवति ।**
૧૦. **भूमौ निषीदति ।**

११. जामातुर्ऋष्यशृङ्गस्याश्रमं रामस्य मातरोऽगच्छन् ।

१२. यातॄर्ननान्दरं चापृच्छत सीता पश्चादगच्छत्पितुर्गृहम् ।

१३. रघोः पिता वसिष्ठस्य धेनुमरक्षत् ।

१४. नारायणस्य कृतयो हरेः प्रीत्यै न भवन्ति ।

१५. श्रुत्यां शूद्रो नाधिक्रियते ।

१६. मूर्खाणां स्तुतीर्निन्दा वा न गणयन्ति बुधाः ।.

१७. प्रकृतिभिर्नृपः सेव्यते ।

१८. गोपो धेनू रक्षति ।

१९. वध्वो नद्या जलमानयन्ति ।

२०. श्वश्रूर्जामातरि स्निह्यति ।

२१. चन्द्रस्य कान्तिं पश्यति ।

२२. सुकृतीनां फलमनुभवति ।

२३. लोभेन बुद्धिश्चलति ।

२४. हरिः प्रकृत्या साधुर्वर्तते ।

२५. रामः पित्रे मात्रे च पिण्डानयच्छत् ।

२६. स्मृत्यां धर्मः कथ्यते ।

## પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. સીતા નણંદના વર ઋષ્યશૃંગને નમી.

૨. વિશ્વામિત્ર જાતે ક્ષત્રિય હતા, પછી (એ) બ્રાહ્મણ થયા.

૩. સ્મૃતિઓમાં મનુની સ્મૃતિ શ્રેષ્ઠ છે.

૪. મહારાષ્ટ્ર દેશમાં જુવાન સ્ત્રીઓનો વિનય વખાણવા લાયક છે.

૫. રામ (પોતાની) બહેન શાંતાને મળ્યો અને માને નમ્યો.

૬. રામે (તે) માણસને (એની) જાત પૂછી.

૭. માણસો આબાદી ચાહે છે.

૮. અંગ્રેજો અહીં ઈંગ્લાંડથી આવે છે.

૯. વેરુળની પડોશમાં ગુફાઓમાં દેવોની ઘણી પ્રતિમા છે.

૧૦. હરિએ ધ્યાનમાં રાત ગાળી.

૧૧. કૃષ્ણને ઘણી દીકરીઓ છે.

૧૨. શંબૂક ધંધે ખેડૂત છે.

૧૩. સીતા સાસુને હંમેશ ખુશ કરતી.

૧૪. રાજાનો પ્રધાન રાજનીતિમાં હોંશિયાર છે.

૧૫. માણસનો સ્વભાવ (એના) કૃત્યો ઉપરથી જણાય છે.

૧૬. નારાયણનો નાશ (એના) ખરાબ કામનું પરિણામ છે.

૧૭. ધૈર્ય માણસોનું શ્રેષ્ઠ ભૂષણ છે.

૧૮. પરમેશ્વર વિશે ઘણી પ્રીતિ (એ) ભક્તિ કહેવાય છે.

૧૯. માણસની બુદ્ધિનો વિકાસ (એ) શિક્ષણનું પરિણામ છે.

૨૦. કાંતિમાં સીતાનું મોં ચંદ્ર જેવું છે.

૨૧. હાથીની ચાલ ધીમી હોય છે.

૨૨. બાપે કન્યાઓને પુષ્કળ ધન આપ્યું.

૨૩. બહેનની ભેટ પ્રીતિનું ચિહ્ન હતું.

૨૪. પરાક્રમ કીર્તિ (મેળવવા) માટે છે.

## સારાંશ અને સવાલ

પ્રશ્ન - ૧ (A) ऊ કારાંત અને ई કારાંત સ્ત્રીલિંગ નામોના રૂપ સરખાવો.

(B) उ કારાંત તથા इ કારાંત પુંલિંગ નામોના રૂપો સાથે इ કારાંત અને उ કારાંત સ્ત્રીલિંગ નામોના રૂપ સરખાવો. એવા સ્ત્રીલિંગ નામોમાં જે વિકલ્પે રૂપ થાય છે તે શાને મળતાં આવે છે ?

(C) **स्वसृ, मातृ, पितृ, नप्तृ** અને **गन्तृ** પું. ના રૂપ માંહેમાંહે સરખાવો.

પ્રશ્ન - ૨ उ કારાંત તથા ऋ કારાંત વિશેષણોનું સ્ત્રીલિંગ રૂપ શી રીતે થાય છે ?

પ્રશ્ન - ૩ નીચેના શબ્દોના રૂપ આપો :-

**ननान्दृ, स्वसृ, रुचि, कीर्ति, वधू, रज्जु** (સ્ત્રી.), **नीति, पृथु** પું. સ્ત્રી. વગેરે

---

**शरीरमाद्यं खलु धर्मसाधनम् । - ધર્મનું પ્રથમ સાધન શરીર જ છે.**

**शुभस्य शीघ्रम् । - શુભ કાર્ય શીઘ્ર કરો.**

**श्रोत्रस्य भूषणं शास्त्रम् । - શાસ્ત્ર કાનનું ભૂષણ છે.**

**शीलं परं भूषणम् । - શીલ સર્વોત્તમ ભૂષણ છે.**

**शीलं भूषयते कुलम् । - શીલ કુળને શોભાવે છે.**

# પાઠ - ૨૨

## આજ્ઞાર્થ

### પરસ્મૈપદ - પ્રત્યય

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | आनि | आव | आम |
| પુરુષ ૨ | ० | तम् | त |
| પુરુષ ૩ | तु | ताम् | अन्तु |
| પુરુષ ૧ | वदानि | वदाव | वदाम |
| પુરુષ ૨ | वद | वदतम् | वदत |
| પુરુષ ૩ | वदतु | वदताम् | वदन्तु |

### ભૂમિકા

૧. **अस्** અને **अद्** ના આજ્ઞાર્થના રૂપ બીજી ચોપડીમાં આપ્યા છે.

૨. જેને સહાયકારક 'દો' લાગ્યું હોય તે ક્રિયાપદને આજ્ઞાર્થમાં વાપરવું. 'દો' ના અનુપસ્થ (ગૌણ) કર્મને પ્રથમામાં મૂકવું, અને એના પુરુષ તથા વચન પ્રમાણે આજ્ઞાર્થનું રૂપ કરવું.

### નિયમો

૧. આજ્ઞાર્થના પ્રત્યય લાગતાં પહેલાં ધાતુઓને વિકરણ પ્રત્યય જોડવામાં આવે છે. (અને ગુણ-વૃદ્ધિ આદેશ વગેરે જેમ હોય તેમ થાય છે.)

### ધાતુઓ

#### પહેલો ગણ

**अनु + भू** - ૫. અનુભવવું, ભોગવવું

**अनु + स्था** - ૫. પ્રમાણે ચાલવું, હુકમનો અમલ કરવો.

#### ચોથો ગણ

**प्र + मद्** - ૫. ભૂલ કરવી

**वि + श्रम्** - ૫. વિશ્રામ લેવો, થાક ખાવો

## નામ

### પુંલિંગ

**डिम्भ** - બચ્ચું, બાળક
**पाठ** - પાઠ
***पितृ*** - (દ્વિ.વ.માં) માબાપ
**रस** - રસ
**वंश** - વંશ, કુળ
**वत्स** - બચ્ચું
**वयस्य** - મિત્ર
**सत्त्व** - પ્રાણી
**सुवर्णकार** - સોની
**सोम** - યજ્ઞમાં વપરાતો એક વેલો કે એનો રસ

### સ્ત્રીલિંગ

**प्रतिक्रिया** - વેર, વેર વાળવું એ
***शङ्का*** - શંકા, વહેમ

### નપુંસકલિંગ

**अनृत** - અસત્ય
**अभिधान** - નામ
**दुर्ग** - સંકડામણ
**भद्र** - ભલું, કલ્યાણ
**सत्त्व** - સત્ય, બળ

### વિશેષણ

**पूज्य** - પૂજ્ય, પૂજવાને યોગ્ય

### અવ્યય

**दृढम्** - દૃઢ, મજબૂત રીતે
**मा** - મા, નહિ, ના
**रेरे** - અરે અરે
**सर्वदा** - સદા, હંમેશા, સર્વદા

## સ્વાધ્યાય

પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

૧. सत्त्वं जयतु ।
૨. वत्स ! पितरं प्रणम ।
૩. अयोध्यां दूता गच्छन्तु ।
૪. पुत्रावश्वमारोहताम् ।
૫. रेरे ! मा विनयं त्यजत ।
૬. सख्यौ ! पुष्पाण्यानयतम् ।
૭. वयस्योपवनं प्रविशाव ।
૮. जलं त्यज घृतं पिब ।
૯. कथं व्याघ्राणां संनिधौ निवसानि।
૧૦. लोको दुर्गाणि तरतु भद्राणि पश्यतु ।
૧૧. नराणां व्याधयो नश्यन्तु ।
૧૨. मयूरौ प्रासादस्य शिखरे नृत्यताम् ।
૧૩. बालका अनृतं मा वदत ।
૧૪. आसनयोर्निषीदतम् ।
૧૫. डिम्भ, जननीमाह्वय ।
૧૬. भूपतयः सर्वदा प्रजा धर्मेण रक्षन्तु ।
૧૭. जनः सदानन्दमनुभवतु ।
૧૮. शत्रोः प्रतिक्रियामुपदिशत ।

१९. पितरौ ! प्रसीदतम् ।
२०. सत्यान्मा प्रमाद्याम ।
२१. सुवर्णकारस्सुवर्णं तोलयतु ।
२२. पित्रोर्गुरोश्च वचनमनुतिष्ठ ।
२३. पूज्यान्पूजय ।
२४. विश्राम्यन्तु पान्थास्तरोश्छायायाम् ।
२५. क्षालयतां हस्तौ बालौ ।

પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. (તમારા) ભાઈનું નામ કહો.
૨. હે બાળકો, (તમે) નિશાળે જાઓ અને પાઠ શીખો.
૩. ઈશ્વર રાજાનું રક્ષણ કરો.
૪. (આપણે) ડાહ્યા માણસોની શિખામણોને અનુસરીએ.
૫. દેવો પ્રસન્ન થાઓ.
૬. અરે હરિ અને માધવ, (તમે) બબડો મા.
૭. રાજાની ફતેહ વિશે શક તજો.
૮. આ પ્રમાણે માણસોના શત્રુ ફના થાઓ.
૯. ગરીબોને ધન આપ.
૧૦. હે ચાંડાળ, બ્રાહ્મણને અડક મા.
૧૧. (તે) સોમ રસ પીએ.
૧૨. (તે પોતાના) કુળના સારા કામ સંભારે.
૧૩. (અમે) માણસોના વખાણોને લાયક થઈએ.
૧૪. (આપણા) મિત્રોના અપરાધ (આપણે) માફ કરીએ.
૧૫. હે બાળક, (તું) પિતાને દૃઢ આલિંગન કર.
૧૬. હે બાળકો, મૂંગા પ્રાણીઓને દુઃખ દેતાં નહિ.
૧૭. હરિનું મન ક્રોધથી ભરાય નહિ.
૧૮. પાપમાં (આપણે) આળોટીએ નહિ.
૧૯. ગોવાળને ગાયો ઘેર લઈ જવા દો.
૨૦. સોના વિશેનો લોકનો લોભ ઓછો થાઓ.
૨૧. (બે) છોકરા માને ખુશ કરો.
૨૨. ભિખારીઓને ચોખા વીણવા દો.
૨૩. મૂર્ખાઓને બબડવા દો.

**यथा भूमिस्तथा तोयम् । - જેવી ભૂમિ તેવું પાણી**

**यथा राजा तथा प्रजा । - જેવો રાજા તેવી પ્રજા**

# પાઠ - ૨૩

## આજ્ઞાર્થ

## આત્મનેપદ - પ્રત્યય

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | ऐ | आवहै | आमहै |
| પુરુષ ૨ | स्व | इथाम् | ध्वम् |
| પુરુષ ૩ | ताम् | इताम् | अन्ताम् |
| પુરુષ ૧ | मोदै | मोदावहै | मोदामहै |
| પુરુષ ૨ | मोदस्व | मोदेथाम् | मोदध्वम् |
| પુરુષ ૩ | मोदताम् | मोदेताम् | मोदन्ताम् |

## ધાતુઓ

### પહેલો ગણ

**वि + जि** - આ. વિજય પામવો, ફતેહ મેળવવી

**अव + लम्ब्** - આ. આશરો લેવો, પકડવું

**प्र + वृत्** - આ. પ્રવૃત્તિ કરવી, મંડવું, કામે લાગવું

### ચોથો ગણ

**प्रति + पद्** - આ. તરફ પગલાં ભરવાં, આચરવું, રાખવું, પામવું

**मन्** - આ. માનવું, ધારવું, વિચારવું

## નામ

### પુંલિંગ

**अभिलाष** - અભિલાષા, કોડ

**आचार** - આચાર, યોગ્ય વર્તણૂંક, ચાલ

**खल** - લુચ્ચો, ખળ

**देवदत्त** - વિશેષ નામ

**पार्थिव** - રાજા

**प्रश्रय** - સભ્યતા, વિનય

**श्रम** - શ્રમ, મહેનત

**सूनु** - પુત્ર, દીકરો

### સ્ત્રીલિંગ

**ऋजुता** - પ્રમાણિકપણું

**विद्या** - વિદ્યા

**समृद्धि** - પુષ્કળતા, સમૃદ્ધિ, સંપત્તિ

### નપુંસકલિંગ

**पात्र** - યોગ્ય માણસ કે વસ્તુ

## સ્વાધ્યાય

### પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

૧. शत्रुभिः सह युध्यस्व ।
૨. चित्तं स्वास्थ्यं लभताम् ।
૩. शिष्या गुरून् वन्दध्वम् ।
૪. प्रजाया हिताय पार्थिवाः प्रवर्तन्ताम्
૫. कन्ये गीतं शिक्षेताम् ।
૬. भर्तारं सेवेथाम् ।
૭. कथं दुःखं सहै ।
૮. कीर्तये यतामहै ।
૯. भूपते विजयस्व ।
૧૦. भ्रातुर्गुणान् मा श्लाघध्वम् ।
૧૧. नरा धान्यस्य समृद्ध्या मोदन्ताम्।
૧૨. आचारं प्रतिपद्येथाम् ।
૧૩. जनानां धर्मेऽभिलाषो वर्धताम्।
૧૪. शृगालौ म्रियेताम् ।
૧૫. वार्ताः श्रूयन्ताम् ।
૧૬. प्रश्रयमवलम्बस्व ।
૧૭. प्रकाशन्तां पराक्रमेण नृपस्य सूनवः ।
૧૮. रमतां चित्तं छात्राणां विद्यायाम्।
૧૯. संगीतमारभामहै।
૨૦. प्रजानां कल्याणाय क्लेशाः सह्यन्तां नृपैः ।
૨૧. प्रेक्षस्व वनस्य शोभाम् ।
૨૨. संकटेऽप्यनृतं मा भाषावहै ।
૨૩. मानिष्टमाशङ्केथाम् ।
૨૪. शोभन्तां तरवः फलानामुद्गमेन ।
૨૫. दुराचारेभ्यः कल्याणं माशंशध्वम् ।

### પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. રાજાના શત્રુ થરથરો.
૨. (તું) કેરી ચાખ.
૩. (તમે) સંસ્કૃતનો અભ્યાસ શરૂ કરો.
૪. (આપણે) ઈશ્વરના હુકમને તાબે થઈએ.
૫. ચંદ્રને પ્રકાશવા દો.
૬. (બે) પુસ્તક અહીં અણાય.
૭. (તમે બે) દેવદત્તને શત્રુ ન ધારો.
૮. (તમે) માણસોની આબાદીમાં ખુશ થાઓ.
૯. હે લુચ્ચા, (તું) મર.
૧૦. માણસો ખરાબ કામથી લજ્જા પામો.
૧૧. ઓસડના ગુણો (ની) પરીક્ષા કરાઓ.
૧૨. યોગ્ય માણસને ધન અપાઓ.
૧૩. માણસો હંમેશાં સત્ય શોધો.
૧૪. પાપીઓને વખાણતા નહિ.
૧૫. પક્ષીઓને ઝાડની શાખાઓ ઉપરથી ઊડવા દો.
૧૬. સાધુ લોકોના પ્રમાણિકપણાને લુચ્ચા હસો.
૧૭. બ્રાહ્મણોને અનાજના ઢગલા અપાઓ.

૧૮. રાજાને પુત્ર થાઓ.
૧૯. (તું) (તારી) ઈચ્છાઓ મેળવ.
૨૦. (મારા) પિતાના હુકમોની (હું) અવજ્ઞા કરું નહિ.
૨૧. (અમે બે) શત્રુઓનો નાશ કરીએ.
૨૨. ચાકરના બે અપરાધ શેઠ વડે માફ થાઓ.
૨૩. શ્રમ વડે દ્રવ્ય મેળવો, ભીખ માગતા નહિ.
૨૪. (બે) બાળકોને મોદકો ચાખવા દો.
૨૫. *(અમે બે) લડાઈમાં ન મરી જઈએ.*

પ્રશ્ન - ૩ નીચેના ધાતુઓના બધા આજ્ઞાર્થરૂપ લખો.

**जीव्, ईक्ष्, जन्, स्पृश्, हृ, दृ, स्था** (કર્તરિ રૂપ અને કર્મણિ રૂપ), **पा** (પીવું), **स्फुर्, अट्, निन्द्, शुभ्, अनु + भू** (કર્તરિ રૂપ અને કર્મણિ રૂપ), **सद्** વગેરે.

---

**यथा वृक्षस्तथा फलम् । - જેવું વૃક્ષ તેવું ફળ**

**यथा शक्तिस्तथा भक्तिः । - જેવી શક્તિ તેવી ભક્તિ**

**रागाज्जायते द्वेषः । - રાગથી દ્વેષ ઉત્પન્ન થાય છે.**

**नास्ति चक्षुःसमं तेजः । - નેત્ર સમાન કોઈ તેજ નથી.**

**नास्ति आत्मसमं बलम् । - આત્મા સમાન કોઈ બળ નથી.**

# પાઠ - ૨૪

## કેટલાંક બહુ ઉપયોગી કૃદંત

### ભૂમિકા

૧. કૃદંત બે પ્રકારે છે. વિશેષણ રૂપ કૃદંત અને અવ્યય રૂપ કૃદંત

૨. હેત્વર્થ અને સંબંધક ભૂતકૃદંત અવ્યય રૂપ કૃદંત છે, જેથી તેમને કોઇ વિભક્તિ લાગતી નથી.

૩. કર્મણિ ભૂતકૃદંત, કર્તરિ ભૂતકૃદંત, વર્તમાન કર્તરિકૃદંત અને વર્તમાન કર્મણિ કૃદંત એ વિશેષણ રૂપ કૃદંત છે. તેના ત્રણેય લિંગમાં રૂપો થાય છે.

### નિયમો

### ૧. હેત્વર્થ કૃદંત

૧. ધાતુને **तुम्** લગાડવાથી આ કૃદંત બને છે. તેનો અર્થ '...વાને માટે' એવો થાય છે.
<u>દા.ત.</u> **श्रु** (સાંભળવું) = **श्रोतुम्** । (સાંભળવાને માટે)

૨. **तुम्** લગાડતા પહેલા અન્ત્ય સ્વરનો તથા ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.
<u>દા.ત.</u> **नी = नेतुम्** । **क्षिप् = क्षेप्तुम्** ।

૩. દશમા ગણનો ગુણ-વૃદ્ધિનો નિયમ લાગે છે તથા દશમા ગણની નિશાની લાગે અને **इ** ઉમેરાય, તે પહેલાં **अय** નો અંત્ય **अ** લોપાય.
<u>દા.ત.</u> **चुर् = चोरयितुम्** । **दृ = दारयितुम्** । **तड् = ताडयितुम्** ।

૪. **तुम्** લગાડતાં પૂર્વે સેટ્ ધાતુને **इ** લાગે, અનિટ્‌ને **इ** ન લાગે તથા વેટ્ ને વિકલ્પે **इ** લાગે છે. (કારિકા માટે મન્દિ. પાઠ ૧૩ જુઓ)
<u>દા.ત.</u> **मद्** (૪. પર. સેટ્) = **मदितुम्** ।, **मन्** (૪.આ.અનિટ્) = **मन्तुम्** ।
**अञ्ज्** (૭. પર.વેટ્) = **अञ्जितुम्** । **अङ्क्तुम्** ।

### ૨.સંબંધક ભૂતકૃદંત

૧. ધાતુને **त्वा** લગાડવાથી આ કૃદંત થાય છે. તેનો અર્થ '...ઈને' એવો થાય છે.

દા.ત. श्रु = श्रुत्वा । (સાંભળીને)

૨. ઉપસર્ગવાળા ધાતુને તથા च्वि પ્રત્યયાન્ત ધાતુઓને त्वा ને બદલે य પ્રત્યય લાગે છે તથા ઉપસર્ગવાળા ધાતુને છેડે હ્રસ્વ સ્વર હોય તો त्य લગાડાય છે.

દા.ત. अनु + भू = अनुभूय । अनु + कृ = अनुकृत्य ।

**शुक्लीभूय** (च्वि પ્રત્યયાંત - જુઓ મન્દિ. પાઠ ૧૮)

૩. હેત્વર્થ કૃદંતનો નિયમ ૩ અને ૪ લાગુ પડે છે.

દા.ત. चुर् = चोरयित्वा । अञ्ज् = अञ्जित्वा / अंक्त्वा । मद् = मदित्वा ।

અપવાદ :- य લાગતા પૂર્વે ગુણ- વૃદ્ધિ થાય છે પણ इ નથી લાગતી.તેમજ ગણની નિશાની अय પણ નથી લાગતી.

દા.ત. अव + दृ = अवदार्य । वि + दृ = विदार्य ।

૪. इ ન લાગે ત્યારે કર્મણિ ભૂતકૃદંતનો નિયમ ૯,૧૦,૧૧ લાગે પરંતુ ઉપસર્ગવાળા ધાતુને નિયમ ૯ વિકલ્પે લાગે.

દા.ત. नम् = नत्वा । प्रणत्य । प्रणम्य ।

૫. કર્મણિ ભૂતકૃદંતનો ત્રીજો નિયમ લાગે

દા.ત. वस् = उषित्वा ।

## ૩. કર્મણિ ભૂતકૃદંત

૧. (A) ધાતુને त લગાડવાથી આ કૃદંત બને છે. તેનો અર્થ '...લું' એવો થાય છે.

દા.ત. श्रु = श्रुत । (સાંભળેલું)

(B) પુંલિંગ - राम ની જેમ, નપુંસકલિંગ - वन ની જેમ, સ્ત્રીલિંગ અંગમાં आ ઉમેરી शाला ની જેમ રૂપો થાય છે.

૨. દશમા ગણના ધાતુઓને त લાગતાં इ ચોક્કસ ઉમેરાય છે અને ગુણ - વૃદ્ધિ થાય છે.

દા.ત. चुर् = चोरित । दृ= दारित ।

૩. સંપ્રસારણ થાય છે. (સંપ્રસારણ એટલે ધાતુની શરૂઆતના य् , व् , र् , ल् , ના સ્થાને इ , उ , ऋ, लृ મૂકવું)

દા.ત. वस् = उषितः ।

૪. ગતિ અર્થક ધાતુ, पिब् , भुज् અને અકર્મક ધાતુઓનું કર્મ ભૂ.કૃ. એ કર્તા.ભૂ.કૃ.

તરીકે પણ વપરાય છે.

| દા.ત. | કર્તરિ | કર્મણિ |
|---|---|---|
| | **रामो ग्राममगच्छत् ।** | **रामेण ग्रामोऽगम्यत ।** |
| | **रामो ग्रामं गतः ।** | **रामेण ग्रामो गतः ।** |
| | **रामो ग्रामं गतवान् ।** | |

૫. કર્મનું વિશેષણ બનતાં કર્મના લિંગાદિ લાગે.

દા.ત. **अजेन घटाः कृताः ।**

૬. કર્મ. ભૂ. કૃ. ભાવે પ્રયોગમાં નપું. એ.વ.માં વપરાય.

દા.ત. **बालः सुप्तः । = बालेन सुप्तम् ।**

૭. હેત્વર્થ કૃદંતનો નિયમ ૪, પાઠ-૧૨ નો નિયમ ૩ લાગે છે. પરંતુ હ્રસ્વ કે દીર્ઘ उ - *ऋ કારાંતમાં આ નિયમ લાગતો નથી.*

દા.ત. **चल् = चलितः । नु = नुतः । भू = भूतः ।**
**कॄ = कीर्णः । कृ = कृतः ।**

૮. (A) **र् - द्** અંતવાળા ધાતુમાં **त** ના બદલે **न** લાગે.

દા.ત. **शॄ = शीर्णः । भिद् = भिन्नः ।**

(B) સંયુક્ત વ્યંજનવાળા ધાતુમાં બીજો વર્ણ અંતઃસ્થ હોય તથા એકસ્વરી અને **आ** કારાંત હોય તો **त** ના બદલે **न** લાગે.

દા.ત. **ग्लै = ग्ला = ग्लानः ।**

અપવાદ :- **ध्या ; ख्या , मद्** માં **त** નો **न** ન થાય.

દા.ત. **ध्यातः । मत्तः ।**

(C) **नुद् , विद् , उन्द् , त्रै , घ्रा , ह्री** ધાતુમાં વિકલ્પે **न** લાગે

દા.ત. **नुद् = नुन्नः / नुत्तः ।**

૯. **यम् , रम् , नम् , गम् , हन् , मन् , तन् , क्षण् , क्षिण् , ऋण्** અને **वन्** માં અનુનાસિક લોપાય.

**गम् = गतः । रम् = रतः । नम् = नतः ।**

૧૦. નિયમ ૯ સિવાયના **अम्** કે **अन्** અંતવાળા ધાતુઓમાં **इ** ન લાગે ત્યારે ઉપાન્ત્ય સ્વર દીર્ઘ થાય છે.

દા.ત. **क्षम् = क्षान्तः । शम् = शान्तः ।**

૧૧. ઉપાન્ત્ય અનુનાસિકવાળા ધાતુમાં **इ** ન લાગે ત્યારે અનુનાસિક લોપાય.

દા.ત. **रञ्ज् = रक्तः । अञ्ज् = अक्त : ।**

૧૨. **शी, स्विद्** (ગ.૧), **भिद्, क्ष्विद्** અને **धृष्** એટલા જ્યારે **इ** લે છે ત્યારે તેમના *સ્વરનો ગુણ થાય છે.*

દા.ત. **शी = शयित । धृष् = धर्षित ।**

## ૪. કર્તરિ ભૂતકૃદંત

૧. (A) **तवत्** ધાતુને અંતે લગાડતાં આ કૃદંત બને છે.

દા.ત. **गम् = गतवत् ।**

(B) પુંલિંગમાં - **कृतवत्** ⟶ **भगवत्** પ્રમાણે

નપુંસકલિંગ - **कृतवत्** ⟶ **जगत्** પ્રમાણે

સ્ત્રીલિંગ - **कृतवती** ⟶ **नदी** પ્રમાણે

૨. કર્તાનું વિશેષણ બનવાથી કર્તાના લિંગાદિ લાગે.

દા.ત. **रामो घटानकरोत् । = रामो घटान् कृतवान् ।**

૩. કર્મ.ભૂ.કૃ. ને **वत्** લગાડવાથી પણ કર્ત.ભૂ.કૃ. બને છે.

દા.ત. **कृत = कृतवत् ।**

## ૫. વર્તમાન કર્મણિકૃદંત

૧. કર્મણિ વ.કા.તૃ.પુ.બ.વ.ના રૂપમાંથી **अन्ते** નીકાળી **मान** લગાડતાં આ કૃદંત બને છે.

દા.ત. **नीयन्ते = नीय + मानः = नीयमानः ।**

૨. કર્મનું વિશેષણ બને. કર્તાને તૃતીયા લાગે.

દા.ત. **हरिणा नीयमानं घटं पश्यति ।**

(હરિવડે લઇ જવાતા ઘડાને તે જુએ છે.)

## ૬. વર્તમાન કર્તરિકૃદંત

૧. (A) કર્તરિ તૃ.પુ.બ.વ. ના રૂપમાંથી **अन्ति** (પ.) **अन्ते** (આ.) નીકાળી તેના અંગને ક્રમશઃ **अत्** અને **मान** લગાડતાં આ કૃદંત બને છે.

દા.ત. **नयन्ति = नय + अत् = नयत् ।**

**वन्दन्ते = वन्द + मानः = वन्दमानः ।**

(B) ગણકાર્ય રહિત કાળમાં **માન** ને બદલે **આન** લાગે છે.

**નિયમ** - **स्था** ધાતુના **स्** નો **उद्** ઉપસર્ગ પૂર્વે લોપ થાય છે.

## કેટલાક ધાતુઓના ભૂતકૃદંતોની યાદી

| | ધાતુ | અર્થ | ભૂ.કૃ. |
|---|---|---|---|
| ૧. | अस् | ફેંકવું | अस्त |
| ૨. | आप् | પ્રાપ્ત કરવું, મેળવવું | आप्त |
| ૩. | कम् | ચાહવું | कान्त |
| ૪. | कृष् | લિસોટા કરવા, ખેડવું | कृष्ट |
| ૫. | क्रम् | આક્રમણ કરવું, જવું | क्रान्त |
| ૬. | क्रुध् | કોપ કરવો, કોપવું | क्रुद्ध |
| ૭. | क्लम् | થાકી જવું | क्लान्त |
| ૮. | क्षम् | ક્ષમા કરવી, ખમવું, માફ કરવું | क्षान्त |
| ૯. | क्षुभ् | ખળભળવું, વ્યાકુળ થવું | क्षुब्ध |
| ૧૦. | खन् | ખણવું, ખોદવું | खात |
| ૧૧. | गम् | ગમન કરવું, જવું | गत |
| ૧૨. | गुह् | સંતાડવું | गूढ |
| ૧૩. | जन् | જન્મ પામવો, ઉત્પન્ન થવું | जात |
| ૧૪. | तुष् | સંતોષ પામવો, ધરાવું | तुष्ट |
| ૧૫. | त्यज् | ત્યાગ કરવો, તજવું | त्यक्त |
| ૧૬. | दह् | દહન કરવું, બાળવું | दग्ध |
| ૧૭. | दिश् | દેખાડવું, બતાવવું | दिष्ट |
| ૧૮. | दुष् | દોષ દેવો, દોષિત કરવું | दुष्ट |
| ૧૯. | दृश् | દર્શન કરવું, જોવું | दृष्ट |
| ૨૦. | धा | મૂકવું, ધારણ કરવું | हित |
| ૨૧. | धृष् | તિરસ્કારપૂર્વક વર્તવું | धृष्ट |
| ૨૨. | नम् | નમન કરવું, નમવું | नत |
| ૨૩. | नश् | નાશ પામવો, ફના થવું, જતા રહેવું | नष्ट |
| ૨૪. | पच् | રાંધવું | पक्व |

| | | | |
|---|---|---|---|
| ૨૫. | पद् | જવું | पन्न |
| ૨૬. | पुष् | પોષણ કરવું, પોષવું | पुष्ट |
| ૨૭. | प्रच्छ् | પ્રશ્ન કરવો, પૂછવું | पृष्ट |
| ૨૮. | बन्ध् | બાંધવું | बद्ध |
| ૨૯. | भज् | ભજવું, સેવવું | भक्त |
| ૩૦. | भुज् | ભોગવવું, ખાવું | भुक्त |
| ૩૧. | मन् | માનવું, વિચારવું | मत |
| ૩૨. | मस्ज् | મગ્ન થવું, ડૂબવું | मग्न |
| ૩૩. | मुच् | મૂકવું | मुक्त |
| ૩૪. | मुह् | મોહ પામવો, ઘેલા થવું | मूढ, मुग्ध |
| ૩૫. | मृ | મરવું | मृत |
| ૩૬. | यज् | યજ્ઞ કરવો, પૂજવું | इष्ट |
| ૩૭. | युज् | યોજના કરવી, જોડાવું | युक्त |
| ૩૮. | रभ् | આરંભવું | रब्ध |
| ૩૯. | रम् | રમવું | रत |
| ૪૦. | रुह् | ઊગવું | रूढ |
| ૪૧. | लभ् | લાભ થવો, મળવું | लब्ध |
| ૪૨. | लुभ् | લોભ કરવો | लुब्ध |
| ૪૩. | वच् | વચન કહેવું, બોલવું | उक्त |
| ૪૪. | वद् | વદવું, બોલવું | उदित |
| ૪૫. | वप् | વાવવું | उप्त |
| ૪૬. | वह् | વહેવું, લઈ જવું | ऊढ |
| ૪૭. | विश् | પ્રવેશ કરવો, પેસવું | विष्ट |
| ૪૮. | वृत् | વર્તવું, હોવું | वृत्त |
| ૪૯. | शंस् | પ્રશંસા કરવી | शस्त |
| ૫૦. | शम् | શાંત થવું | शान्त |
| ૫૧. | श्लिष् | ભેટવું | श्लिष्ट |
| ૫૨. | सह् | સહન કરવું, ખમવું | सोढ |
| ૫૩. | सृज् | સરજવું, તજવું | सृष्ट |
| ૫૪. | स्पृश् | સ્પર્શ કરવો | स्पृष्ट |
| ૫૫. | हन् | હણવું, મારી નાખવું | हत |

## ધાતુઓ

### પહેલો ગણ

**उद् + खन्** - ઉ. ખોદવું
**उद् + धृ** - ઉ. ઉદ્ધાર કરવો, ખેંચી કાઢવું, ઉદ્ધરવું
**वि + नी** - ઉ. શિખવવું
**भज्** - ઉ. આશરો લેવો, પકડવું
**प्रति + भाष्** - આ. ઉત્તર આપવો, જવાબ આપવો
**मूर्च्छ्** - પ. મૂર્છા આવવી, બેભાન થવું
**आ + रुह्** - પ. ચડવું
**प्रति + नि + वृत्** - આ. પાછા આવવું
**परि + हृ** - ઉ. ખસેડવું, દૂર કરવું

### ત્રીજો ગણ

**नि + धा** - ઉ. મૂકવું

### ચોથો ગણ

**निर् + अस्** - પ. વિખેરવું

### છઠ્ઠો ગણ

**निर् + दिश्** - ઉ. બતાવવું, દેખાડવું

## નામ

### પુંલિંગ

**अभिषेक** - અભિષેક
**उटज** - ઝૂંપડું
**उपाय** - ઉપાય, ઈલાજ
**कुम्भकार** - કુંભાર
**कूप** - કૂવો
**घट** - ઘડો
**पङ्क** - કાદવ
**मद** - મદ, ગર્વ
**राजपुरुष** - રાજાનો માણસ, અધિકારી, અમલદાર.
**सर्प** - સર્પ, સાપ
**सारमेय** - કૂતરો

### સ્ત્રીલિંગ

**पीडा** - પીડા
**मति** - મતિ, બુદ્ધિ

### નપુંસકલિંગ

**कारागृह** - કેદખાનું, જેલ
**क्षेत्र** - ખેતર, તીર્થ
**मूल** - મૂળ, તળિયું

### વિશેષણ

**अखिल** - સઘળું, આખું
**यज्ञिय** - યજ્ઞ સંબંધી
**समर्थ** - સમર્થ, શક્તિમાન

### અવ્યય

**तूष्णीम्** - મૂંગું
**प्रातः** - પ્રાતઃ, સ્વારે, પરોઢિયે
**सम्यक्** - સારું, ઠીક

## કૃદંત (વિશેષણ)

उद्यत - (उद् + यम् નું કર્ત. ભૂ. કૃ.) તૈયાર, તૈયાર - સજ્જ થયેલું

## સ્વાધ્યાય

પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

१. जलं पातुं नदीमगच्छत् ।
२. कुम्भकारेण घटः कृतः ।
३. हरिणा सर्पो दृष्टः ।
४. ग्रामं गन्तुमिच्छामि ।
५. जनानां पीडाः परिहर्तुमीश्वरः समर्थोऽस्ति ।
६. भार्यां त्यक्त्वा वनं गतः ।
७. रामस्य पीडा नष्टा ।
८. उपायश्चिन्तितः ।
९. गृहं प्रविष्टः किङ्करः ।
१०. शम्बूकेन कथितां वार्तां श्रुत्वा रामोऽमुह्यत् ।
११. नद्यास्तीरे चिरं विहृत्योटजं निवृत्ता सीता ।
१२. गृहं प्रविश्य क्व मातेत्यपृच्छत् ।
१३. लक्ष्म्या मदेन स्पृष्टोऽसि ।
१४. रामेण बहवः कूपास्तडागाश्चोत्खाताः ।
१५. एवमुक्तो हरिर्ब्राह्मणाय धनमयच्छत् ।
१६. अश्वमारोढुं मतिर्जाता ।
१७. शत्रूञ् जित्वा नगरीं प्राविशत् ।
१८. सखीभिः पृष्टा ललनाऽलज्जत।
१९. क्लेशः सोढः सीतया ।
२०. पृथिव्यां चरितुं यज्ञियोऽश्वो मुक्तः ।
२१. वनात्प्रतिनिवृत्य रामो राज्यं कर्तुमारभत ।
२२. पङ्के पतितां धेनुमुद्धरति ।
२३. रक्षितोऽस्मि देवेन ।
२४. बहूनि काव्यानि पठितानि हरिणा ।
२५. आतपेन क्लान्तास्तरोर्मूलं भजामः ।

પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. વાદળા પવન વડે વિખેરાયા છે
૨. ખેતર ખેડૂતો વડે ખેડાયાં છે અને અનાજ વવાયું છે.
૩. શિષ્યને સારી રીતે શીખવીને આચાર્યે (એને) પરણવાની પરવાનગી આપી.
૪. સમુદ્ર પવનથી ખળભળેલો છે.
૫. કૂતરાના પગલાને અનુસરીને દેખાડેલી જગ્યાએ (તે) આવ્યો.
૬. શિવ રાવણની ભક્તિથી સંતુષ્ટ

થયા.
૭. ઈશ્વર વડે સદ્‌ગુણોનું બી માણસોના હૃદયમાં મુકાયેલું છે.
૮. (તમારા) શત્રુને જીતવા તૈયાર થાઓ.
૯. યુદ્ધમાં ઘણા સિપાઈઓ મરાયા.
૧૦. (પોતાના) મરી ગયેલા ભર્તાનું સ્મરણ કરીને (તે) ફરીથી મૂર્છા પામી.
૧૧. અભિષેકની વેળાએ બધા માણસ કેદખાનામાંથી મુક્ત થયા.
૧૨. બાળક ચંદ્રને પકડવા ઈચ્છે છે.
૧૩. (પોતાના) શ્રમનું ફળ નારાયણે મેળવ્યું છે.
૧૪. દેવીને નમીને (તે) દેવાલયથી પાછો આવ્યો.
૧૫. હરિના અપરાધ પિતા વડે માફ કરાયા.
૧૬. પર્વત ઉપર ચડીને (તેણે એક) તળાવ જોયું.
૧૭. ભયનું કારણ જતું રહ્યું છે.
૧૮. સજ્જનોને રસ્તે દુર્જનોને દોરવાનો (તે) યત્ન કરે છે.
૧૯. બાળક સમુદ્રના કિનારા ઉપર મૂકી દેવાયું હતું.
૨૦. જગતના દુઃખ અનુભવીને તે જોગી થયો.
૨૧. માર્ગમાં સિપાઈઓ વડે ઘણા ગામ બાળવામાં આવ્યા.
૨૨. (પોતાના) મિત્રને જવાબ આપીને (તે) મૂંગો ઊભો રહ્યો.
૨૩. હરિની સ્ત્રીને પુત્ર જન્મ્યો છે.
૨૪. પરોઢિયે ઊઠીને માણસ (પોતાના) મોઢા ધુએ છે.
૨૫. રાજપુરુષો વડે ચોરો બંધાયા હતા.

પ્રશ્ન - ૩ કર્મણિ ભૂતકૃદંત, કર્તરિ વર્તમાનકૃદંત, કર્મણિ વર્તમાનકૃદંત, હેત્વર્થકૃદંત તથા ઉપસર્ગરહિત અને ઉપસર્ગસહિત સંબંધક ભૂતકૃદંત શી રીતે થાય છે, એ જણાવો.

પ્રશ્ન - ૪ નીચેના ધાતુના હેત્વર્થ આદિ બધા કૃદંતોના રૂપ લખો :
**मन्, यज्, मुच्, खन्, दह्, सृज्, वह्, लभ्, रभ्, श्लिष् ।**

પ્રશ્ન - ૫ **स्था** ધાતુનો **स्** ક્યારે લોપાય છે ?

---

**नास्ति प्राणसमं भयम् । - પ્રાણભય સમાન કોઈ ભય નથી.**

# પાઠ - ૨૫

## વ્યંજનાંત નામ

### પ્રત્યયો

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | स् | औ | अस् |
| દ્વિતીયા | अम् | औ | अस् |
| તૃતીયા | आ | भ्याम् | भिस् |
| ચતુર્થી | ए | भ्याम् | भ्यस् |
| પંચમી | अस् | भ्याम् | भ्यस् |
| ષષ્ઠી | अस् | ओस् | आम् |
| સપ્તમી | इ | ओस् | सु |
| સંબોધન | स् | औ | अस् |

मरुत् - પું. પવન

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | मरुत् - द् | मरुतौ | मरुतः |
| દ્વિતીયા | मरुतम् | मरुतौ | मरुतः |
| તૃતીયા | मरुता | मरुद्भ्याम् | मरुद्भिः |
| ચતુર્થી | मरुते | मरुद्भ्याम् | मरुद्भ्यः |
| પંચમી | मरुतः | मरुद्भ्याम् | मरुद्भ्यः |
| ષષ્ઠી | मरुतः | मरुतोः | मरुताम् |
| સપ્તમી | मरुति | मरुतोः | मरुत्सु |
| સંબોધન | मरुत् - द् | मरुतौ | मरुतः |

वाच् - સ્ત્રી. વાચા, વાણી

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | वाक् - ग् | वाचौ | वाचः |
| દ્વિતીયા | वाचम् | वाचौ | वाचः |
| તૃતીયા | वाचा | वाग्भ्याम् | वाग्भिः |
| ચતુર્થી | वाचे | वाग्भ्याम् | वाग्भ्यः |

| | | | |
|---|---|---|---|
| પંચમી | वाचः | वाग्भ्याम् | वाग्भ्यः |
| ષષ્ઠી | वाचः | वाचोः | वाचाम् |
| સપ્તમી | वाचि | वाचोः | वाक्षु |
| સંબોધન | वाक् - ग् | वाचौ | वाचः |

भगवत् - પું. ભગવાન

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | भगवान् | भगवन्तौ | भगवन्तः |
| દ્વિતીયા | भगवन्तम् | भगवन्तौ | भगवतः |
| તૃતીયા | भगवता | भगवद्भ्याम् | भगवद्भिः |
| ચતુર્થી | भगवते | भगवद्भ्याम् | भगवद्भ्यः |
| પંચમી | भगवतः | भगवद्भ्याम् | भगवद्भ्यः |
| ષષ્ઠી | भगवतः | भगवतोः | भगवताम् |
| સપ્તમી | भगवति | भगवतोः | भगवत्सु |
| સંબોધન | भगवन् | भगवन्तौ | भगवन्तः |

વ્યંજનાંત નપુંસકલિંગ નામોની પ્રથમા, સંબોધન અને દ્વિતીયાના રૂપોના પ્રત્યય નીચે મુજબ છે.

| એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|
| 0 | ई | इ |

जगत् - નપું. જગત, દુનિયા

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્ર.દ્વિ. અને સં. | जगत् | जगती | जगन्ति |
| પ્ર.દ્વિ. અને સં. | गच्छत् | गच्छन्ती | गच्छन्ति |
| પ્ર.દ્વિ. અને સં. | विशत् | विशती-विशन्ती | विशन्ति |

## ભૂમિકા

૧. ઉપરોક્ત પ્રત્યયો કોઈપણ ફેરફાર થયા વિના પુંલિંગ તથા સ્ત્રીલિંગ વ્યંજનાંત નામોને લગાડાય છે, પરંતુ એ લાગતા પહેલા નામોના મૂળ રૂપમાં જ કેટલાક ફેરફાર થાય છે તે આગળ જણાવીશું.

૨. કેટલાક નામ એવા હોય છે કે એઓનું મૂળ રૂપ પ્રત્યય લાગતા એવું ને એવું જ રહે છે. આ નામો પુંલિંગ હોય કે સ્ત્રીલિંગ હોય, તો પણ એમના એકસરખા જ રૂપ થાય છે.

દા.ત. भूभृत् (પું.), मरुत् (પું.), दृशद् (સ્ત્રી.)

## નિયમો

૧. પદાંતે અનેક વ્યંજન હોય તો પ્રથમ વ્યંજન રહે, બાકીના વ્યંજન લોપાય અને પ્રથમ વ્યંજનના સ્થાને સ્વવર્ગનો પ્રથમ કે તૃતીયા થાય છે.
દા.ત. मरुत् + स् = मरुत् / मरुद् ।

૨. च् કે ज् + અઘોષ વ્યંજન = च् કે ज् નો क् થાય.
દા.ત. वाच् = वाक् ।

૩. च् કે ज् + ૨૪માંનો ઘોષ વ્યંજન = च् કે ज् નો ग् થાય.
દા.ત. वाच् + भ्याम् = वाग्भ्याम् ।

૪. अ, आ સિવાયનો સ્વર, કંઠ્ય કે र् + स् = स् નો ष् થાય.
દા.ત. वाक् + सु = वाक् + षु = वाक्षु ।

૫. वत् અને मत् અંતવાળા પુંલિંગ નામોમાં પહેલા પાંચ રૂપોમાં તથા સંબોધનમાં છેલ્લા त् ની પૂર્વે न् હોય છે. ત્યારે પ્ર.એ.વ.માં वान् અને मान् તથા સંબોધન એ.વ.માં. वन् અને मन् થાય છે.

૬. આ રૂપોમાં અને વર્તમાનકૃદંતના પુંલિંગ રૂપોમાં માત્ર એટલો જ તફાવત છે કે પ્રથમાના એકવચનમાં ઉપર જે अ દીર્ઘ કરવામાં આવ્યો છે તે વર્તમાનકૃદંતના રૂપમાં હ્રસ્વ જ રહે છે.
દા.ત. गच्छत् - વ.કૃ., गच्छन् - પ્ર.એ.

૭. વ્યંજનાંત નપુંસકલિંગમાં અન્ત્ય વ્યંજન જો અનુનાસિક કે અંતઃસ્થ ન હોય તો એને બહુવચનનો इ પ્રત્યય લગાડતાં, એ અન્ત્ય વ્યંજનની પૂર્વે न् ઉમેરાય છે. अ કારાંત નપુંસકલિંગ નામોની પેઠે અહીં પણ, બાકીની વિભક્તિના રૂપ એઓને મળતા પુંલિંગ નામોના રૂપો જેવા જ હોય છે.

૮. વર્તમાન કૃદંતના નપુંસકલિંગ રૂપના પ્ર.દ્વિ. અને સં. ના દ્વિવચનમાં ૧લા, ૪થા અને દશમા ગણના ધાતુના વર્તમાનકૃદંતોને પ્રત્યય લાગતા પહેલા અંત્ય त् ની પૂર્વે न् અવશ્યે, અને ૬ઠ્ઠા ગણના ધાતુઓના વ.કૃ.ને વિકલ્પે ઉમેરાય છે.

૯. वत् અને मत् છેડાવાળા વિશેષણોનું સ્ત્રીલિંગ અંગ ई ઉમેરવાથી થાય છે.
દા.ત. आयुष्मती ।

૧૦. વર્તમાનકૃદંતોની બાબતમાં નપું. પ્ર.ના દ્વિવ. નું રૂપ તે જ તેનું સ્ત્રીલિંગ અંગ

થાય છે.

દા.ત. भवत् = भवन्ती ।

૧૧. भवत् ( સર્વ. ) જ્યારે કર્તા હોય ત્યારે ક્રિયાપદ ત્રીજા પુરુષમાં આવે છે.

દા.ત. भवानागच्छतु ।

૧૨. સતિ સપ્તમિ

જ્યારે પહેલી ક્રિયાના આધાર પર બીજી ક્રિયા થતી હોય ત્યારે પહેલી ક્રિયાના ધાતુનું વ.કૃ. બનાવી તેના કર્તાનું વિશેષણ બનાવવું અને બંનેને સપ્તમી વિભક્તિ લગાડવી.

દા.ત. दशरथे शासति सति जनः सुखी आसीत्-अभवत्-बभूव ।

૧૩. અનાદર અર્થે ષષ્ઠી

જ્યારે બીજી ક્રિયા પ્રથમ ક્રિયા પ્રત્યે અનાદર વ્યક્ત કરતી હોય ત્યારે પ્રથમ ક્રિયાના વ.કૃ. અને કર્મને વિકલ્પે ષષ્ઠી વિભક્તિ લાગે છે.

દા.ત. गुरोः पश्यतः ( सतः ) शिष्योऽविनयमकरोत् । અથવા
गुरौ पश्यति ( सति ) शिष्योऽविनयमकरोत् ।

## ધાતુઓ

### પહેલો ગણ

**अप + ईक्ष्** - આ. નહિ સાંભળવું, નહિ ગણકારવું, બેદરકાર રહેવું, જતું કરવું

### ચોથો ગણ

**विद्** - આ. વિદ્યમાન હોવું, હોવું

### દશમો ગણ

**अभि + अर्थ्** - આ. પ્રાર્થના કરવી, વિનંતી કરવી

## નામ

### પુંલિંગ

**अकाल** - (अ + काल = પું.કાળ, વખત) અયોગ્ય કાળ

**अत्यय** - નાશ, જવું એ

**अधमर्ण** - ( अधम + ऋण ) દેવાદાર, કરજદાર

**उद्भव** - જન્મ

**कार्तिक** - કાર્તિક મહિનો

**नल** - એક રાજાનું નામ

**प्राण** - (બ.વ.માં) પ્રાણ, જીવ

**भूभृत्** - રાજા, પર્વત
**मरुत्** - પવન, વાયુદેવ, દેવ
**महोत्सव** - મોટો ઓચ્છવ
**मृग** - મૃગ, હરણ, પશુ
**वासुदेव** - કૃષ્ણનું નામ
**विकार** - ફેરફાર, વિકાર
**संदेह** - સંદેહ, શંકા
**सत्** - સજ્જન, સાધુ, ભલો માણસ
**सुहृद्** - મિત્ર
**हुतभुज्** - અગ્નિ
**होतृ** - હવન કરનારો, ગોર

## સ્ત્રીલિંગ

**आपद्** - આપદા, આફત, પડતી
**दृशद्** - પથ્થર
**प्रतिपद्** - પડવો
**प्रवृत्ति** - પ્રવૃત્તિ, વલણ, ખબર
**मृद्** - માટી, મટોડી
**वाच्** - વાચા, વાણી
**विद्युत्** - વીજળી
**विपद्** - વિપત્તિ, સંકટ, દુઃખ
**शरद्** - શરદઋતુ
**संपद्** - સંપત, ચડતી

## નપુંસકલિંગ

**अन्तःकरण** - અંતઃકરણ
**जगत्** - જગત
**जीवित** - જીવતર, જિંદગી
**वियत्** - આકાશ
**वृन्त** - સાંઠો, થડ, ડાંખળી

## વિશેષણ

**आयुष्मत्** - લાંબી ઉંમરવાળું, દીર્ઘાયુ
**गुणवत्** - ગુણવાન, ગુણી
**चञ्चल** - ચંચળ, ક્ષણિક
**धीमत्** - બુદ્ધિમાન, ડાહ્યું
**परवत्** - પરાધીન, પરવશ
**भगवत्** - દિવ્ય, પૂજ્ય
**मूर्तिमत्** - પ્રત્યક્ષ, આબેહુબ
**मृदु** - મૃદુ, નરમ, સુંવાળું
**यशस्वत्** - યશવાળું, પ્રખ્યાત
**श्रीमत्** - શ્રીમંત, આબાદ, સુખી
**श्लथ** - ઢીલું થયેલું
**सुखभाज्** - સુખી, સુખ ભોગવનાર

## અવ્યય

**इह** - અહીં
**उच्चैस्** - તાણીને, ઉમદા મનથી, ઊંચેથી
**बहुशस्** - ઘણી વખત, વારંવાર, ઘણી બાબતોમાં
**सर्वथा** - સર્વ રીતે

## સર્વનામ

**भवत्** - આપ, તમે

## કૃદંત (વિશેષણ)

**उद्धत** - ( **उद्** + **हन्** નું કર્મ.ભૂ.કૃ. ) ઉદ્ધત, તોછડો, ગર્વિષ્ઠ
**कुर्वत्** - વ.કૃ. કરતું
**गच्छत्** - વ.કૃ. જતું
**चोदयत्** - વ.કૃ. પ્રેરતું, હાંકતું
**जयत्** - વ.કૃ. જીતતું

निषण्ण - (नि + सद् નું કર્મ.ભૂ.) બેઠેલું
पश्यत् - વ.કૃ. જોતું
वसत् - વ.કૃ. વસતું

विहित - (वि + धा નું કર્મ. ભૂ. કૃ) ફરમાવેલું, કહેલું
शासत् - વ.કૃ. રાજ્ય કરતું

## સ્વાધ્યાય

### પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

૧. नृशंसेभ्यो गुणवतामपि भयं विद्यते ।
૨. चन्द्रस्य प्रकाशः शरद्याह्लादको भवति ।
૩. वत्स, आयुष्मान् भव ।
૪. धीमन्तो लोके यशस्वन्तो भवन्ति।
૫. भवन्तः पुत्रैः सहागच्छन्त्विति श्रीमतो देवस्याज्ञा ।
૬. रामो मूर्तिमान् धर्म इव ।
૭. जयतः शत्रून् मोपेक्षस्व ।
૮. भवद्भिरादिष्टः किङ्करो नगर-मगच्छत् ।
૯. नमो भगवते वासुदेवाय ।
૧૦. विद्युता सह मेघो वियति वर्तते।
૧૧. पश्यतो गुरोः शिष्येणाविनयः कृतः।
૧૨. हुतभुजा दग्धमरण्यमपश्यन्नलः।
૧૩. दिनेषु गच्छत्सु नारायणः पण्डितोऽभवत् ।
૧૪. महीं शासति दशरथे भूभृति जनाः सुखभाजोऽभवन् ।
૧૫. मरुतां भर्तार्जुनं द्रष्टुमिच्छति ।
૧૬. कवीनां वाक्षु माधुर्यमस्ति ।
૧૭. सुहृदोर्वचनमलङ्घनीयम् ।
૧૮. घटा मृदो विकारा अलङ्काराश्च सुवर्णस्य ।
૧૯. प्राणानामत्ययेऽप्यसन्त सद्भिर्नाभ्यर्थ्यन्ते ।
૨૦. इह जगति पुत्रस्योद्भव उत्सवस्य हेतुः ।
૨૧. संदेहे सतामन्तःकरणस्य प्रवृत्तयः प्रमाणम् ।
૨૨. विपद्युच्चैः स्थीयते सद्भिः ।
૨૩. दृशदि निषण्णो गुरुः शिष्यान् धर्ममुपादिशत् ।
૨૪. अधमर्णाः सर्वथा परवन्तो भवन्ति।
૨૫. अकालो नास्ति धर्मस्य जीविते चञ्चले सति ।

### પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. નારાયણ પરાધીન નથી.
૨. હરણો જંગલમાં પથ્થરો ઉપર બેસે છે.
૩. ઈન્દ્ર દેવોનો રાજા છે.
૪. કાર્તિકને પડવે ઓચ્છવ છે.
૫. (મેં) એક છોકરાને નિશાળે જતો

જોયો.

૬. ચડતીમાં માણસને બહુ જણ અનુસરે છે.

૭. પડતીમાં માણસ મિત્રો વડે તજાય છે.

૮. કૃષ્ણે માણસોને ઘોડા હાંકતા જોયા.

૯. યોગીઓ જગતને જંગલ માને છે.

૧૦. બુદ્ધિમાન નારાયણ વડે (એક) પુસ્તક લખાય છે.

૧૧. ગુણવાન માણસો પણ દુર્જનો વડે નિંદાય છે.

૧૨. માણસો હંમેશાં લાંબી ઉંમરવાળા થવાને ઈચ્છે છે.

૧૩. ભગવાન મનુ વડે એવું ફરમાવાયેલું છે.

૧૪. ક્રોધ નરમ વાણી વડે શાંત થાય છે.

૧૫. નારદ આકાશમાંથી (નીચે) ઊતર્યા.

૧૬. સજ્જનો ધન વડે ગર્વિષ્ઠ થતા નથી.

૧૭. સ્વર્ગમાં જતી વખતે (=જતા) (આપણા) ગુરુએ એવું કહ્યું.

૧૮. વનમાં રહેતા રામ અને લક્ષ્મણે ઘણા રાક્ષસોનો નાશ કર્યો.

૧૯. આપના દર્શનથી હું ઘણો સંતુષ્ટ થયો.

૨૦. બુદ્ધિમાન માણસો રાજાઓની સભાઓમાં પૂજાય છે.

૨૧. પવન ડાંખળીમાંથી ઢીલા થયેલા ફૂલોનું હરણ કરે છે.

૨૨. વીજળી કવિઓ વડે વાદળાની સ્ત્રી ગણાય છે.

૨૩. સ્પર્શ કરવામાં આવેલો અગ્નિ યજ્ઞ કરનારને પણ બાળે છે.

૨૪. સુખ ભોગવનારાઓની સુખ માટેની ઈચ્છા સુખના ભોગથી અનેક રીતે વધે છે.

૨૫. રામ આબાદ અયોધ્યા શહેરમાં રહ્યા.

## સારાંશ અને સવાલ

પ્રશ્ન - ૧ સંસ્કૃત વ્યાકરણના વિભક્તિના સામાન્ય પ્રત્યય આપો.

પ્રશ્ન - ૨ વર્તમાન કૃદંતની સાથે, તથા **भूभृत्** જેવા વ્યંજનાંત નામો સાથે **वत्** અને **मत्** પ્રત્યયવાળા નામોના રૂપ સરખાવો.

પ્રશ્ન - ૩ વર્તમાન કૃદંતના તથા **वत्** અને **मत्** છેડાવાળા વિશેષણોના સ્ત્રીલિંગ અંગ તથા નપુંસકલિંગ દ્વિવચન શી રીતે થાય છે ?

પ્રશ્ન - ૪ **च्** અથવા **ज्** પછી અઘોષ વ્યંજન આવ્યો હોય ત્યારે, ઘોષ વ્યંજન આવ્યો હોય ત્યારે, અને કશુંયે ન આવ્યું હોય ત્યારે શું થાય છે ?

प्रश्न - ५ સામાન્ય રીતે ક્યારે स् નો ष् થાય છે ?

प्रश्न - ६ નીચેના નામોના રૂપ આપો :-

**प्रतिपद्**, **हुतभूज्**, **यशस्वत्** (ત્રણે જાતિમાં), **कुर्वत्** (ત્રણે જાતિમાં), **सुखभाज्** (પું.ન.), **आयुष्मत्** (પું.ન.), **दिशत्** (ત્રણે જાતિમાં), **परवत्** (પું.ન.), **आपद्**, **चोदयत्** (ત્રણે જાતિમાં) વગેરે

प्रश्न - ७ અનાદરાર્થે ષષ્ઠી અને સતિસપ્તમીના પ્રયોગ ઉદાહરણ સાથે સમજાવો.

---

**नास्ति मोहसमो रिपुः । - મોહ સમાન કોઈ શત્રુ નથી.**

**पठतो नास्ति मूर्खत्वम् । - અધ્યયનશીલ મૂર્ખ રહેતો નથી.**

**साधूनां दुर्जनाद् भयम् । - સજ્જનોને દુર્જનોથી ભય હોય છે.**

**हतं ज्ञानं क्रियाहीनम् । - ક્રિયા-રહિત જ્ઞાન વ્યર્થ છે.**

**सुखमास्ते निःस्पृहः पुरुषः । - કામના રહિત પુરુષ સુખી થાય છે.**

**सुखार्थिनः कुतो विद्या ? - સુખના અર્થીને વિદ્યા ક્યાં ?**

# પાઠ - ૨૬

## अन् અને इन् અંતવાળા નામ

राजन् - પું. રાજા

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **राजा** | **राजानौ** | **राजानः** |
| દ્વિતીયા | **राजानम्** | **राजानौ** | **राज्ञः** |
| તૃતીયા | **राज्ञा** | **राजभ्याम्** | **राजभिः** |
| ચતુર્થી | **राज्ञे** | **राजभ्याम्** | **राजभ्यः** |
| પંચમી | **राज्ञः** | **राजभ्याम्** | **राजभ्यः** |
| ષષ્ઠી | **राज्ञः** | **राज्ञोः** | **राज्ञाम्** |
| સપ્તમી | **राज्ञि-राजनि** | **राज्ञोः** | **राजसु** |
| સંબોધન | **राजन्** | **राजानौ** | **राजानः** |

नामन् - ન. નામ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **नाम** | **नाम्नी-नामनी** | **नामानि** |
| દ્વિતીયા | **नाम** | **नाम्नी-नामनी** | **नामानि** |
| તૃતીયા | **नाम्ना** | **नामभ्याम्** | **नामभिः** |
| ચતુર્થી | **नाम्ने** | **नामभ्याम्** | **नामभ्यः** |
| પંચમી | **नाम्नः** | **नामभ्याम्** | **नामभ्यः** |
| ષષ્ઠી | **नाम्नः** | **नाम्नोः** | **नाम्नाम्** |
| સપ્તમી | **नाम्नि-नामनि** | **नाम्नोः** | **नामसु** |
| સંબોધન | **नामन्-नाम** | **नाम्नी-नामनी** | **नामानि** |

शशिन् - પું. ચંદ્ર

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **शशी** | **शशिनौ** | **शशिनः** |
| દ્વિતીયા | **शशिनम्** | **शशिनौ** | **शशिनः** |
| તૃતીયા | **शशिना** | **शशिभ्याम्** | **शशिभिः** |
| ચતુર્થી | **शशिने** | **शशिभ्याम्** | **शशिभ्यः** |

| | | | |
|---|---|---|---|
| પંચમી | **शशिनः** | **शशिभ्याम्** | **शशिभ्यः** |
| ષષ્ઠી | **शशिनः** | **शशिनोः** | **शशिनाम्** |
| સપ્તમી | **शशिनि** | **शशिनोः** | **शशिषु** |
| સંબોધન | **शशिन्** | **शशिनौ** | **शशिनः** |

**भाविन्** - ન. થવાનું

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્ર. તથા દ્વિ. | **भावि** | **भाविनी** | **भावीनि** |
| સંબોધન | **भाविन्-भावि** | **भाविनी** | **भावीनि** |

બાકીના રૂપ **शशिन्** પ્રમાણે

## નિયમો

૧. પ્રથમા તથા સંબોધનના એકવચનનો **स्** પ્રત્યય લોપાય છે. (પાઠ ૨૫, નિયમ - ૧ જુઓ.)

૨. પ્રથમાના એકવચનમાં અને બધા વ્યંજનાદિ પ્રત્યય આગળ અન્ત્ય **न्** લોપાય છે.

૩. પહેલા પાંચ રૂપોમાં **अ** દીર્ઘ થાય છે. **इ** માત્ર પ્રથમાના એકવચનમાં જ દીર્ઘ થાય છે. આ નિયમ નપુંસકલિંગ નામોને લાગુ પડતો નથી પરંતુ એ લિંગમાં પ્રથમા, દ્વિતીયા અને સંબોધનના બહુવચનમાં **अ** તથા **इ** દીર્ઘ થાય છે.

૪. દ્વિતીયાના બહુવચનના **अस्** પ્રત્યયથી શરૂ થતો કોઈ પણ સ્વરાદિ પ્રત્યય લાગતા **अ** લોપાય છે પરંતુ જ્યારે **अन्** ના **अ** ની પૂર્વે એવો જોડાક્ષર આવ્યો હોય કે જેનો બીજો વ્યંજન **म्** કે **व्** હોય ત્યારે **अ** ઊડી જતો નથી. પુંલિંગ અને નપુંસકલિંગ સપ્તમીના એકવચનમાં અને નપુંસકલિંગની પ્રથમા, દ્વિતીયા અને સંબોધનના દ્વિવચનમાં આ નિયમ વિકલ્પે લાગુ પડે છે.

૫. સંબોધનનું એકવચન મૂળ રૂપથી ભિન્ન નથી. નપુંસકલિંગમાં **न्** વિકલ્પે લોપાય છે.

૬. **राजन्** ની દ્વિતીયા બહુવચનના અન્ત્ય **अन्** માં **अ** નો લોપ કરવાથી **राज् + न्** થયો. પછી પૃ. ૨૭, નિયમ ૨ મુજબ **न्** નો **ञ्** થયો, તે પૂર્વના **ज्** સાથે જોડાઈ **ज्ञ्** થયો.

૭. **इन्** અંતવાળા વિશેષણોનું સ્ત્રીલિંગ અંગ માત્ર **ई** ઉમેરવાથી થાય છે.
<u>દા. ત.</u> **मेधाविन् = मेधाविनी ।**

૮. **उपानह्** શબ્દના અંત્ય **ह्** નો અઘોષ વ્યંજનાદિ પ્રત્યયની પહેલા **त्** થાય છે. ઘોષ વ્યંજનાદિ પ્રત્યયની પહેલા **द्** થાય છે અને પદાંતે આવતા **त्** અથવા **द्** થાય છે.

૯. હ્રસ્વ સ્વર + ङ्, ण्, न् + સ્વર = ङ्, ण्, न् બેવડાય છે.

દા. ત. भगवन् + इति = भगवन्निति ।

૧૦. નામના કે ક્રિયાપદના અંતે ए, ऐ, ओ, औ હોય ને પછી કોઈ પણ સ્વર હોય તો સંધિ થતાં એઓને બદલે મુકાયેલા अय्, आय्, अव्, आव् ના અંત્ય य् કે व् નો વિકલ્પે લોપ થાય છે. આ લોપથી સામસામા આવતા બે સ્વરોની સંધિ થતી નથી.

દા. ત. मन्यते + आत्मानम् = मन्यतयात्मानम् । અથવા मन्यत आत्मानम् ।

## ધાતુઓ

### પહેલો ગણ

**आविस् + कृ ( आविष्कृ )** - ઉ. ઉઘાડું કરવું, ખોલવું

**द्रु** - ૫. દયાથી પીગળવું

### દશમો ગણ

**गण्** - ઉ. ગણવું

**सम् + लक्ष्** - ઉ. જોવું, પરીક્ષા કરવી, સાબિત કરવું

## નામ

### પુંલિંગ

**अर्थ** - વસ્તુ, બનાવ, બિના, પૈસા

**अनर्थ** - અનર્થ, નુકસાન, અનિષ્ટ

**अनुजीविन्** - ચાકરી કરનાર, આશ્રિત, ચાકર

**अन्तरात्मन्** - અંદરનો આત્મા, હૃદય

**अमात्य** - પ્રધાન

**अश्मन्** - પથ્થર

**आत्मन्** - આત્મા, જીવ, (એ.વ.) પોતે

**आरम्भ** - આરંભ, શરૂઆત

**उपकार** - ઉપકાર

**कञ्चुकिन्** - કંચુકી, અંતઃપુરનો વડો નોકર

**जगत्कर्तृ** - દુનિયા ઉપજાવનાર, પરમેશ્વર, જગત્કર્તા

**पक्षिन्** - પક્ષી, પંખી

**परार्ध** - પાછલો અર્ધ ભાગ

**पूर्वार्ध** - પહેલો અર્ધ ભાગ

**प्राणिन्** - પ્રાણી

**प्रेमन्** - પ્રેમ, સ્નેહ (ન.)

**ब्रह्मन्** - બ્રહ્મદેવ, બ્રહ્મા

**महिमन्** - મહિમા

**मूर्धन्** - મસ્તક, માથું

**यात्रिक** - યાત્રાળુ

**योगिन्** - યોગી, જોગી

**राजन्** - રાજા

**लघिमन्** - થોડા પણું, હલકાપણું

**वसुदेव** - કૃષ્ણના પિતાનું નામ

**विनाश** - નાશ

**विश्वकर्मन्** - વિશ્વકર્મા, દેવનો શિલ્પી

**विश्वास** - વિશ્વાસ
**शिखरिन्** - પર્વત
**शूलिन्** - શિવનું એક નામ
**श्रवण** - કાન
**श्रीषेण** - વિશેષ નામ
**स्वप्न** - સ્વપ્ન
**स्वामिन्** - સ્વામી, ધણી

## સ્ત્રીલિંગ

**आत्मजा** - દીકરી
**उपानह्** - જોડો, ખાસડું
**कैकेयी** - દશરથ રાજાની સ્ત્રીનું નામ, ભરતની માતા
**जीविका** - આજીવિકા, ગુજરાન
**बुद्धि** - બુદ્ધિ
**विशुद्धि** - શુદ્ધિ
**व्याली** - વાઘણ, સાપણી
**श्यामिका** - અસ્વચ્છતા, કાળાશ
**सीमन्** - સીમા, હદ

## નપુંસકલિંગ

**अन्तःपुर** - જનાનખાનું, રાણીવાસ
**अम्बर** - આકાશ
**कर्मन्** - કર્મ, કામ
**कौशल** - કુશળપણું, હોંશિયારી
**चर्मन्** - ચામડું
**जीवित** - જીવતર, જિંદગી, જીવન
**दिन** - દિવસ
**दैन्य** - દીનપણું, નમ્રતા, હલકાપણું
**नामन्** - નામ
**प्रियवादित्व** - મીઠા બોલાપણું
**वर्त्मन्** - રસ્તો
**श्रवण** - શ્રવણ કરવું એ, સાંભળવું એ
**सुख** - સુખ, સ્વસ્થતા, નિરાંત
**हेमन्** - સુવર્ણ, સોનું

## વિશેષણ

**अपराधिन्** - અપરાધી, ગુનેગાર
**उत्सङ्गवर्तिन्** - ( **उत्सङ्ग** - પું. ખોળો) ખોળામાં બેઠેલું
**कुशलिन्** - કુશળ, સુખી
**क्षयिन्** - ક્ષય પામતું, ઓછું થતું
**क्षेत्रगामिन्** - તીર્થ ભણી જતું
**गुरु** - લાંબું, ભારે મોટું
**दूर** - દૂર
**निर्वृतिमत्** - નિરાંતવાળું, સુખી
**पुण्यवत्** - પુણ્યવાન, પુણ્યશાળી
**प्रियवादिन्** - મીઠું બોલનાર
**फलाशिन्** - ફળ ખાનાર
**भाविन्** - ભાવી, થનાર, થવાનું
**मेधाविन्** - બુદ્ધિમાન, ડાહ્યું
**लघु** - નાનું, લઘુ, ટૂંકું
**वृद्धिमत्** - વધતું, લંબાતું
**शुभ** - શુભ, માંગલિક, સારું
**साशङ्क** - શંકાશીલ, વહેમી, વહેમીલું
**सोत्कण्ठ** - આતુર

## અવ્યય

**केवलम्** - કેવળ, ફક્ત
**न कदापि** - કદી પણ નહિ
**पश्चात्** - પછી
**मधुरम्** - મધુર રીતે

## કૃદંત (વિશેષણ)

**अवतरत्** - (**अव** + **तॄ** નું વ. કૃ.) ઊતરતું

**कुण्ठित** - (**कुण्ठ्** નું કર્મ.ભૂ.કૃ.) અટકેલું, અટકાયેલું

**दुष्ट** - (**दुष्** નું કર્મ. ભૂ.કૃ.) દુષ્ટ, ખરાબ

**निर्मित** - (**निर्** + **मा** નું કર્મ. ભૂ.કૃ.) નિર્માણ કરેલું, નીમેલું, બનેલું, બનાવેલું

**निवेशित** - (**नि** + **विश्** ના પ્રેરકનું કર્મ. ભૂ.કૃ.) મૂકેલું

**प्रसन्न** - (**प्र** + **सद्** નું કર્મ. ભૂ.કૃ.) ખુશ થયેલું

## વિશેષ

**क्रमेण** - (**क्रम** ની તૃતીયાનું એકવચન) ક્રમથી, ધીમે ધીમે

## સ્વાધ્યાય

પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

૧. योगिनः फलाशिनो भवन्ति ।

૨. अपराधिनं मा क्षमस्व ।

૩. अनुजीविने कुप्यति भर्ता ।

૪. दशरथस्य पुत्रो नाम्ना रामः ।

૫. ब्रह्मणः प्रजाः प्रजायन्ते ।

૬. राजन् ! कुशली भव ।

૭. कञ्चुकी राज्ञामन्तःपुरेऽधिकृतः पुरुषः।

૮. भाविनोऽनर्थाञ् ज्ञातुं न समर्थोऽस्ति जनः ।

૯. अश्मभिरश्वस्य गतिः कुण्ठिता ।

૧૦. जगत्कर्तुर्महिम्नां फलं सर्वत्र दृश्यते ।

૧૧. क्षेत्रगामिना वर्त्मना गच्छन्तं यात्रिकमपश्यम् ।

૧૨. जनस्य कल्याणाय यतमानेन रामेणात्मा क्लेशमुपानीयत ।

૧૩. प्राणिनामुपकारायैव साधूनां जगति जीवितम् ।

૧૪. प्रियवादिनां प्रियवादित्वं दैन्यं गण्यते शठैः ।

૧૫. अज्ञानादात्मनो विनाशायैव केवलं राज्ञा दशरथेन व्यालीव कैकेय्यात्मनः सद्मनि निवेशिता ।

૧૬. आत्मनः पुत्राणां कर्मसु कौशलं प्रशंसति ।

૧૭. कृष्णो वसुदेवस्य सद्मनि वसन्नम्बरादवतरन्तं नारदमपश्यत् ।

૧૮. श्रीषेणस्य राज्ञो महिषी सूर्यं चन्द्रं चात्मन उत्सङ्गवर्तिनौ स्वप्नेऽपश्यत् ।

૧૯. अपराधिनः पुरुषान् दण्डयन्तु राजानः ।

૨૦. अश्मनेव निर्मितं दुष्टानां हृदयं परकीयस्य दुःखस्य श्रवणेन न कदापि द्रवति ।

૨૧. शुभानां कर्मणामारम्भः

कल्याणाय।

२२. जगता कुटुम्बिनं मन्यत आत्मानं साधुः ।

२३. प्रसन्नो भवतोऽन्तरात्मा ।

२४. दिनस्य पूर्वार्धे वृक्षाणां छाया आरम्भे गुर्व्यः क्रमेण च क्षयिण्यः, परार्धे तु पुरा लघवः पश्चाच्च वृद्धिमत्यः ।

२५. हेम्नः संलक्ष्यते ह्यग्नौ विशुद्धिः श्यामिकापि वा ।

प्रश्न - २ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. દેવદત્ત બુદ્ધિમાન છે.

૨. બાપ દીકરાને સ્નેહથી ભેટ્યો.

૩. નળ વિશ્વકર્માનો પુત્ર હતો.

૪. પંખીઓ આકાશમાં ઊડે છે.

૫. ચાકરો ધણીને અનુસરે છે.

૬. વૃક્ષો પર્વતો ઉપર ઊગે છે.

૭. (હું) છોકરાઓના નામ સંભારતો નથી.

૮. ચામડાના જોડા કરાય છે.

૯. હરિનો નાશ (એના) કામોનું પરિણામ છે.

૧૦. ગુનેગાર માણસનું મન હંમેશાં શંકાશીલ હોય છે.

૧૧. રાણીનો સંદેશો કંચુકી વડે રાજા પાસે લઈ જવાયો.

૧૨. માણસો ભવિષ્યના બનાવ જાણવાને વારંવાર આતુર હોય છે.

૧૩. યોગીઓ વડે હૃદયમાં શિવ(ની) પ્રાર્થના કરાય છે.

૧૪. શત્રુઓના મસ્તકો ઉપર રાજા વડે પગ મુકાયો.

૧૫. વિદ્વાન માણસ સદાચરણની હદ ઓળંગતો નથી.

૧૬. દૂર દેશમાં (પોતાના) સુખી દીકરાઓની વાર્તા સાંભળીને તે ખુશ થયો.

૧૭. પશુઓ વડે પણ પોતાના બચ્ચા ઉપર સ્નેહ દેખાડાય છે.

૧૮. અરણ્યમાં ફળ ખાનારાઓ વડે સુખેથી ગુજરાન કરાય છે.

૧૯. (હું) મધુર રીતે બોલતાં છતાં પણ સત્ય કહું છું.

૨૦. સર્વ સૃષ્ટિ બ્રહ્માથી ઉત્પન્ન થઈ.

૨૧. માણસ બુદ્ધિના મહિમાથી પ્રખ્યાત થાય છે.

૨૨. સારા રાજા ઉપર પ્રજાઓનો વિશ્વાસ વધે છે.

૨૩. (તેણે) ઘરમાં પરોણાઓને દેવો પ્રમાણે પૂજ્યા.

૨૪. માણસોનું હલકાપણું (એઓના) કૃત્યોથી થાય છે.

૨૫. બ્રહ્માએ પ્રાણીઓ, પથરાઓ અને આકાશ સરજ્યાં.

પ્રશ્ન - ૩ ક્યારે **अन्** અંતવાળા નામોના **न्** નો અને ક્યારે **अ** નો લોપ થાય છે ? **अ** નો લોપ થતો હોય એવા નામોના દાખલા આપો.

प्रश्न - ४ अन् અંતવાળા અને इन् અંતવાળા નામોના રૂપ સરખાવો.

પ્રશ્ન - ૫ નીચેના નામોના રૂપાખ્યાન આપો :-

मूर्धन्, महिमन्, वर्त्मन्, यज्वन्, लघिमन्, कुशलिन्, सद्मन्, पक्षिन्, कर्मन्, सीमन् વગેરે

પ્રશ્ન - ૬ इन् અંતવાળા નામોના સ્ત્રીલિંગ અંગ શી રીતે થાય છે ?

પ્રશ્ન - ૭ ङ्, ण्, न् ક્યારે બેવડાય છે ?

પ્રશ્ન - ૮ પદાંતે ए, ऐ, ओ કે औ ની પછી સ્વર આવે તો શું શું થાય છે ? એના નિયમ અને દાખલા આપો.

---

हस्तस्य भूषणं दानम् । - દાન હાથનું ભૂષણ છે.

सतां हि सङ्गः सकलं प्रसूते । - સત્સંગતિથી સર્વ પ્રાપ્ત થાય છે.

सत्त्वाधीना हि सिद्धयः । - સફળતાઓ ઉત્સાહને આધીન છે.

सभाया भूषा सूक्तिः । - સુભાષિત સભાનું ભૂષણ.

संतोषतुल्यं धनमस्ति नान्यत् । - સંતોષ સમાન ધન નથી.

# પાઠ - ૨૭

## स्, वस् અને ઈयस् અથવા एयस् અંતવાળા નામ

### चन्द्रमस् - પું. ચંદ્ર

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **चन्द्रमाः** | **चन्द्रमसौ** | **चन्द्रमसः** |
| દ્વિતીયા | **चन्द्रमसम्** | **चन्द्रमसौ** | **चन्द्रमसः** |
| તૃતીયા | **चन्द्रमसा** | **चन्द्रमोभ्याम्** | **चन्द्रमोभिः** |
| ચતુર્થી | **चन्द्रमसे** | **चन्द्रमोभ्याम्** | **चन्द्रमोभ्यः** |
| પંચમી | **चन्द्रमसः** | **चन्द्रमोभ्याम्** | **चन्द्रमोभ्यः** |
| ષષ્ઠી | **चन्द्रमसः** | **चन्द्रमसोः** | **चन्द्रमसाम्** |
| સપ્તમી | **चन्द्रमसि** | **चन्द्रमसोः** | **चन्द्रमःसु-स्सु** |
| સંબોધન | **चन्द्रमः** | **चन्द्रमसौ** | **चन्द्रमसः** |

### विद्वस् - પું. વિદ્વાન

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **विद्वान्** | **विद्वांसौ** | **विद्वांसः** |
| દ્વિતીયા | **विद्वांसम्** | **विद्वांसौ** | **विदुषः** |
| તૃતીયા | **विदुषा** | **विद्वद्भ्याम्** | **विद्वद्भिः** |
| ચતુર્થી | **विदुषे** | **विद्वद्भ्याम्** | **विद्वद्भ्यः** |
| પંચમી | **विदुषः** | **विद्वद्भ्याम्** | **विद्वद्भ्यः** |
| ષષ્ઠી | **विदुषः** | **विदुषोः** | **विदुषाम्** |
| સપ્તમી | **विदुषि** | **विदुषोः** | **विद्वत्सु** |
| સંબોધન | **विद्वन्** | **विद्वांसौ** | **विद्वांसः** |

### अध्यूषिवस् - વિશે. રહેલું

પુંલિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **अध्यूषिवान्** | **अध्यूषिवांसौ** | **अध्यूषिवांसः** |
| દ્વિતીયા | **अध्यूषिवांसम्** | **अध्यूषिवांसौ** | **अध्यूषुषः** |
| તૃતીયા | **अध्यूषुषा** | **अध्यूषिवद्भ्याम्** | **अध्यूषिवद्भिः** |

| | | | |
|---|---|---|---|
| ચતુર્થી | **अध्यूषुषे** | **अध्यूषिवद्भ्याम्** | **अध्यूषिवद्भ्यः** |
| પંચમી | **अध्यूषुषः** | **अध्यूषिवद्भ्याम्** | **अध्यूषिवद्भ्यः** |
| ષષ્ઠી | **अध्यूषुषः** | **अध्यूषुषोः** | **अध्युषुषाम्** |
| સપ્તમી | **अध्यूषुषि** | **अध्यूषुषोः** | **अध्युषिवत्सु** |
| સંબોધન | **अध्यूषिवन्** | **अध्यूषिवांसौ** | **अध्यूषिवांसः** |

### નપુંસકલિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્ર. દ્વિ. અને સં. | **अध्यूषिवत्** | **अध्यूषुषी** | **अध्यूषिवांसि** |

બાકીના રૂપો પુંલિંગ જેવા જાણવા.

### **श्रेयस्** - પું. કલ્યાણકારક

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **श्रेयान्** | **श्रेयांसौ** | **श्रेयांसः** |
| દ્વિતીયા | **श्रेयांसम्** | **श्रेयांसौ** | **श्रेयसः** |
| તૃતીયા | **श्रेयसा** | **श्रेयोभ्याम्** | **श्रेयोभिः** |
| ચતુર્થી | **श्रेयसे** | **श्रेयोभ्याम्** | **श्रेयोभ्यः** |
| પંચમી | **श्रेयसः** | **श्रेयोभ्याम्** | **श्रेयोभ्यः** |
| ષષ્ઠી | **श्रेयसः** | **श्रेयसोः** | **श्रेयसाम्** |
| સપ્તમી | **श्रेयसि** | **श्रेयसोः** | **श्रेयःसु-स्सु** |
| સંબોધન | **श्रेयन्** | **श्रेयांसौ** | **श्रेयांसः** |

### **मनस्** - નપું. મન

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્ર.દ્વિ. અને સં. | **मनः** | **मनसी** | **मनांसि** |

(બાકીના રૂપ **चन्द्रमस्** પ્રમાણે)

### **तस्थिवस्** - નપું. ઊભેલું

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્ર.દ્વિ. અને સં. | **तस्थिवत्** | **तस्थुषी** | **तस्थिवांसि** |

(બાકીના રૂપ **विद्वस्** પ્રમાણે)

### **अर्चिस्** - સ્ત્રી. જ્યોત

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **अर्चिः** | **अर्चिषौ** | **अर्चिषः** |

| | | | |
|---|---|---|---|
| દ્વિતીયા | **अर्चिषम्** | **अर्चिषौ** | **अर्चिषः** |
| તૃતિયા | **अर्चिषा** | **अर्चिर्भ्याम्** | **अर्चिर्भिः** |
| ચતુર્થી | **अर्चिषे** | **अर्चिर्भ्याम्** | **अर्चिर्भ्यः** |
| પંચમી | **अर्चिषः** | **अर्चिर्भ्याम्** | **अर्चिर्भ्यः** |
| ષષ્ઠી | **अर्चिषः** | **अर्चिषोः** | **अर्चिषाम्** |
| સપ્તમી | **अर्चिषि** | **अर्चिषोः** | **अर्चिःषु - ष्षु** |
| સંબોધન | **अर्चिः** | **अर्चिषौ** | **अर्चिषः** |

## નિયમો

૧. **स्** અંતવાળા નામોનું પ્રથમાનું એકવચન **स्** પ્રત્યયનો લોપ કરી અને ઉપાન્ત્ય **अ** હોય એને દીર્ઘ કરવાથી થાય છે. પછી નામના અન્ત્યનો **स्** વિસર્ગ થાય છે. પાઠ ૨, નિયમ ૩ જુઓ.

૨. વ્યંજનાદિ પ્રત્યય લાગતાં **स्** નો વિસર્ગ થાય છે, પછી આ વિસર્ગની પ્રત્યયોના પ્રથમાક્ષરના સંબંધમાં આવતા પહેલા આવી ગયેલા વિસર્ગ સંધિના નિયમો પ્રમાણે સંધિ થાય છે. પૃ.૧૯ નિયમ-૬, પૃ.૨૨ નિયમ-૩ અને નિયમ- ૬ જુઓ.

૩. **वस्** અને **ईयस्** કે **एयस्** અંતવાળા પુંલિંગ નામોના અન્ત્ય **स्** ની પૂર્વે પહેલા પાંચ રૂપોમાં **न्** ઉમેરાય છે. તથા ઉપાન્ત્ય **अ** દીર્ઘ થાય છે. પ્રથમાના એકવચનને છેડે **वान्** અને **यान्** થાય છે.

૪. પુંલિંગ નામોમાં દ્વિતીયાના બહુવચનથી શરૂ થતા સ્વરાદિ પ્રત્યય લાગતા અને નપુંસકલિંગમાં પ્રથમા, દ્વિતીયા અને સંબોધનના દ્વિવચનનો **ई** પ્રત્યય લાગતાં **वस्** અંતવાળા નામોના **व्** નો **उ** થાય છે. જેના પછીનો **व** માંનો **अ** લોપાય છે. અને વ્યંજનાદિ પ્રત્યય લાગતા તથા નપુંસકલિંગની પ્રથમા, દ્વિતીયા અને સંબોધનના એકવચનમાં અંત્ય **स्** નો **त्** કે **द्** થાય છે.

૫. **वस्** ની પૂર્વે જો કોઇ નામમાં **इ** આવ્યો હોય તો **व्** નો **उ** થયો હોય ત્યારે એ **इ** લોપાય છે.

દા.ત. **सेदिवस् = सेदुषः ।** (દ્વિ.બ.વ.)

૬. બીજો નિયમ **इयस्** અને **एयस्** અંતવાળા નામોને પણ લાગે છે.

૭. નુંસકલિંગમાં ઉપાન્ત્યે જો **अ** હોય તો પ્રથમા, દ્વિતીયા અને સંબોધનના એકવચનમાં એ **अ** દીર્ઘ થતો નથી. બહુવચનનો **इ** પ્રત્યય લાગતા ઉપાન્ત્યે

જે કોઈ સ્વર આવ્યો હોય તે સ્વર દીર્ઘ થાય છે. અને એની પછી અનુસ્વાર ઉમેરાય છે.

૮. આ બધા શબ્દોમાં સંબોધનના એકવચનમાં ઉપાન્ત્ય સ્વર દીર્ઘ થતો નથી
દા.ત. **चन्द्रमस् । विद्वन् ।**

૯. પદાંતે **न्** + ઉષ્માક્ષર, **र्** કે **ह्** = **न्** નો અનુસ્વાર થાય.
દા.ત. **हन् + सि = हंसि । रन् + रम्यते = रंरम्यते ।**

૧૦. **वस्** અંતવાળા નામોનું સ્ત્રીલિંગ અંગ નપુંસકલિંગની પ્રથમા, દ્વિતીયા અને સંબોધનના દ્વિવચન જેવું હોય છે.
દા.ત. **विद्वस् = विदुषी ।** (પ્ર.દ્વિ.સં.દ્વિવ.)

૧૧. **ईयस्** અને **एयस्** અંતવાળા વિશેષણોનું સ્ત્રીલિંગ અંગ માત્ર **ई** ઉમેરવાથી જ થાય છે.
દા.ત. **श्रेयस् = श्रेयसी ।**

## ધાતુઓ

### પહેલો ગણ

**वि + आप्** - પ. વ્યાપવું, છાઈ રહેવું
**व्रज्** - પ. જવું
**आ + श्रि** - ઉ. આશ્રય લેવો, આધાર રાખવો
**आ + हृ** - ઉ. આહાર કરવો, ખાવું, યજ્ઞ કરવો

### ચોથો ગણ

**प्र + अस्** - પ. નાખવું

## નામ

### પુંલિંગ

**अधर्म** - અધર્મ, પાપ
**कण्टक** - કાંટો
**कीचक** - વિરાટ રાજાના સેનાપતિનું નામ
**कुश** - રામના પુત્રનું નામ
**चन्द्रमस्** - ચંદ્રમા, ચંદ્ર
**दिवौकस्** - દેવ, સ્વર્ગમાં રહેનાર
**दुर्वासस्** - એક ઋષિનું નામ
**भगीरथ** - એક સૂર્યવંશી રાજા
**महाराज** - મોટો રાજા, મહારાજા
**वर** - વરદાન, બક્ષિસ, પ્રસાદ
**वेधस्** - બ્રહ્મા

### સ્ત્રીલિંગ

**अभूमि** - અવિષય, અગોચર
**द्वारका** - એક શહેરનું નામ
**प्रियंवदा** - શકુંતલાની સખીનું નામ
**शाखा** - શાખા, ડાળ, ડાળી

### નપુંસકલિંગ

**चक्षुस्** - ચક્ષુ, આંખ
**छन्दस्** - છંદ, વેદ
**तपस्** - તપ
**तमस्** - અંધકાર, અંધારું
**तेजस्** - તેજ, તાપ
**धनुस्** - ધનુષ, કામઠું
**नभस्** - આકાશ
**पयस्** - પાણી, દૂધ
**पूजास्थान** - પૂજાનો વિષય, સત્કાર કરવા લાયક વસ્તુ
**मनस्** - મન
**यशस्** - યશ, જશ, કીર્તિ
**रक्षस्** - રાક્ષસ
**रजस्** - રજ, ધૂળ, પરાગ
**लिङ्ग** - જાતિ (સ્ત્રી-વર્ગ કે પુરુષ - વર્ગ), ચિહ્ન
**वक्षस्** - છાતી
**वचस्** - વચન
**वयस्** - વય, ઉંમર
**वासस्** - વસ્ત્ર, લૂગડું, કપડું
**शिरस्** - શિર, માથું
**श्रेयस्** - કલ્યાણ
**सरस्** - સરોવર
**हरण** - હરણ, લઈ જવું એ
**हविस्** - બલિદાન

### વિશેષણ

**अध्यूषिवस्** - રહેલું
**कनीयस्** - વધારે નાનું
**गुणिन्** - ગુણી, ગુણવાન
**ज्यायस्** - વધારે મોટું
**तस्थिवस्** - ઊભેલું
**दरिद्र** - દરિદ્ર, ગરીબ
**दारुण** - ભયંકર, દારુણ
**नव** - નવું
**निश्चेष्ट** - સ્તબ્ધ, સ્થિર, નિશ્ચળ
**प्रेयस्** - વધારે પ્રિય, વહાલું
**भूयस्** - વધારે મોટું
**वनौकस्** - વનમાં રહેનાર
**विद्वस्** - વિદ્વાન, ભણેલું
**श्रेयस्** - ચઢિયાતું, આબાદ
**श्वेत** - સફેદ, ધોળું

### અવ્યય

**अनन्तरम्** - પછી
**कृते** - માટે, સારુ, વાસ્તે
**सहसा** - એકદમ, એકાએક

### કૃદંત (વિશેષણ)

**अविचलित** - ( **अ** + **विचलित, वि** + **चल्** નું કર્મ. ભૂ.કૃ.) સ્થિર, હાલેચાલે નહિ એવું
**कृत** - (**कृ** નું કર્મ. ભૂ.કૃ.) કરાયેલું, કરેલું
**जीर्ण** - (**जॄ** નું કર્મ. ભૂ.કૃ.) જીર્ણ, જૂનું, ઘસાયેલું
**परिहित** - (**परि** + **धा** નું કર્મ. ભૂ.કૃ.) પહેરેલું
**संतप्त** - (**सम्** + **तप्** નું કર્મ. ભૂ.કૃ.) તપેલું, તાપથી બળેલું

## સ્વાધ્યાય

**પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

૧. मुनयो वनौकसोऽभवन् ।
२. देवान् दिवौकसो वदन्ति ।
३. कनीयांसं भ्रातरमाह्वय ।
४. कुशो लवस्य ज्यायान् भ्राता ।
५. प्रेयसो जनान् स्मरति कृष्णः ।
६. उद्यन्तं चन्द्रमसं प्रेक्षस्व ।
७. तमोभिर्नभो व्याप्यते ।
८. वाससी परिहिते कन्यया ।
९. श्रेयसे यतते ।
१०. शत्रूञ् शिरस्सु प्रहरति ।
११. विद्वद्भिरुपदिष्टो दशरथो यज्ञमाहरत् ।
१२. भीमेन वक्षसि ताडितः कीचकोऽमुद्यत् :
१३. बहूनि हवींष्यग्नौ प्रास्यति ।
१४. नगरस्य समीपे तस्थिवद्राजसैन्यमपश्यम् ।
१५. सूर्यस्य तेजसा संतप्तः पान्थश्छायामाश्रयते ।
१६. द्वारकामध्यूषुषो जनस्य संपदो मनसोऽप्यभूमिरभवन् ।
१७. वसिष्ठस्य वचांसि श्रुत्वा विश्वामित्रेण सह रामस्य गमनं दशरथोऽन्वमन्यत ।
१८. गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः ।
१९. कैकेय्याः दारुणं वचः श्रुत्वा महाराजो दशरथः सहसा भूमावपतन्निश्चेष्टश्चाभवत् ।
२०. मनसा हरिं व्रजति ।
२१. तपसां फलमनुभवतु ।
२२. दुर्वासाः पाण्डवानां वसतिमगच्छत् ।
२३. भूयांसोऽत्र धान्यस्य राशयो वर्तन्ते ।
२४. रामो रक्षांसि हत्वा यशोऽविन्दत ।
२५. गङ्गायाः पयांसि श्वेतानीति श्रूयते ।

**પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.**

૧. હરિએ વાણી વડે માને શાંત કરી.
૨. નારાયણનો નાનો ભાઈ કાશીમાં છે.
૩. પાણિનિ વેદોને "છંદસ્" કહે છે.
૪. પવન ફૂલોમાંથી પરાગ લાવે છે.
૫. રાજાની કીર્તિ પૃથ્વી ઉપર પ્રસરે.
૬. પ્રિયંવદા દુર્વાસા પાસે ગઈ અને એની માફી માંગી.
૭. હરિએ (પોતાની) આંખો વડે સારથિને ઘોડા હાંકતો જોયો.
૮. રામના નાના ભાઈઓ વડે સેવા થઈ.
૯. વનમાં રહેનારા ઋષિઓના મઠ ઝાડોની ડાળીઓ અને પાંદડાઓના

કરવામાં આવ્યા હતા.

૧૦. ભગીરથે બ્રહ્માને (પોતાના) તપ વડે વશ કર્યા.

૧૧. સરોવરના પાણીમાં કમળો છે.

૧૨. રાજા વિદ્વાનોને પૂજે છે.

૧૩. જેમ માણસ જૂના કપડા તજી દે છે અને નવા ધારણ કરે છે તેમ જીવ જૂના શરીર તજે છે અને નવામાં પેસે છે.

૧૪. રઘુએ ધનુષ અને બાણ વડે પૃથ્વીને જીતી.

૧૫. અગ્નિમાં નંખાયેલા બલિદાન અગ્નિ વડે દેવતાઓ પાસે લઈ જવાય છે.

૧૬. અયોધ્યામાં રહેલા લોકો સુખી હતા.

૧૭. પ્રકાશ પછી અંધકાર આવે છે અને અંધકાર પછી પ્રકાશ આવે છે.

૧૮. કાંટાઓ ઉપર જાળ છોડી દઈને પક્ષીઓ આકાશમાં ઊડ્યા.

૧૯. દરિદ્ર લોકોનું ધન હરણ કરવામાં ઘણું મોટું પાપ છે.

૨૦. યોદ્ધાઓ કીર્તિને સારુ મૃત્યુને પણ ગણકારતા નથી.

૨૧. નાનો ભાઈ મોટા ભાઈની પાછળ ચાલ્યો.

૨૨. દેવો પાસેથી ઘણા વરદાન એણે મેળવ્યા.

૨૩. પ્રામાણિક માણસોને (પોતાના) જીવ કરતાં સત્ય વધારે પ્રિય હોય છે.

૨૪. સ્થિર મનથી (પોતાના) ભક્તો વડે ઈશ્વર શોધાય છે.

૨૫. વિદ્વાન માણસ બધે પૂજાય છે.

પ્રશ્ન - ૩ **अस्, इस्, ईयस्** અથવા **एयस्** અને **वस्** અંતવાળા નામોના રૂપ સરખાવો.

પ્રશ્ન - ૪ **वस्** ના **व** નો **उ** ક્યારે થાય છે? અને એમ થતાં પૂર્વના **इ** નું શું થાય છે?

પ્રશ્ન - ૫ **वस्** અને **ईयस्** અથવા **एयस्** અંતવાળા નામોના સ્ત્રીલિંગ રૂપ શી રીતે થાય છે?

પ્રશ્ન - ૬ નીચેના નામોના રૂપ લખો :-

**नभस्, धनुस्, जग्मिवस्, लघीयस्, पयस्, चकृवस्, ज्यायस्, चक्षुस्, वनौकस्** (પું.સ્ત્રી.), **सेदिवस्**, વગેરે.

---

**सर्वः कालवशेन नश्यति । - સમયે સર્વ નષ્ટ થાય છે.**

# પાઠ - ૨૮

## વિધ્યર્થ

### પરસ્મૈપદ - પ્રત્યય

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | ईयम् | ईव | ईम |
| પુરુષ ૨ | ईस् | ईतम् | ईत |
| પુરુષ ૩ | ईत् | इताम् | ईयुस् |

### આત્મનેપદ - પ્રત્યય

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | ईय | ईवहि | ईमहि |
| પુરુષ ૨ | ईथास् | ईयाथाम् | ईध्वम् |
| પુરુષ ૩ | ईत | ईयाताम् | ईरन् |

**वस्** - ગ.૧ પરસ્મૈ. વસવું

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | वसेयम् | वसेव | वसेम |
| પુરુષ ૨ | वसेः | वसेतम् | वसेत |
| પુરુષ ૩ | वसेत् | वसेताम् | वसेयुः |

**युध्** - ગ.૪ આ. યુદ્ધ કરવું

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પુરુષ ૧ | युध्येय | युध्येवहि | युध्येमहि |
| પુરુષ ૨ | युध्येथाः | युध्येयाथाम् | युध्येध्वम् |
| પુરુષ ૩ | युध्येत | युध्येयाताम् | युध्येरन् |

### ભૂમિકા

૧. **अस्** અને **अद्** ના વિધ્યર્થ રૂપ બીજી ચોપડીમાં આપ્યા છે.

૨. વિધ્યર્થ.....

(A) મુખ્ય ફરમાન, સંભવ, આજ્ઞા, પ્રાર્થના, ઈચ્છા, આશા વગેરે બતાવે છે.

(B) એવા અર્થના પેટા વાક્યોમાં પણ વપરાય છે.

(C) તેમજ જેમાંનું એક વાક્ય બીજા વાક્ય ઉપર આધાર રાખતું હોય અને હેતુ કે શરત બતાવતું હોય તેવા સાંકેતિક વાક્યોમાં પણ વપરાય છે. ક્રિયાતિપત્ત્યર્થના સાંકેતિક વાક્ય આમાંથી બાતલ કરવા.

૩. વિધ્યર્થના પ્રત્યય હ્યસ્તન ભૂતકાળના જેવા જ છે. અપવાદ માત્ર નીચે પ્રમાણે છે.

(A) પરસ્મૈપદ તૃ. પુ. બ. વ. પ્રત્યય **अन्** ને બદલે **उस्** છે, અને આત્મનેપદ તૃ. પુ. બ. વ., પ્ર. પુ. એ. વ. અને દ્વિ. પુ. અને તૃ. પુ. ના દ્વિ.વ.ના પ્રત્યયો **अन्त, इ, इथाम्** અને **इताम्** ને બદલે અનુક્રમે **रन्, अ, आथाम्** અને **आताम्** છે.

(B) આ પ્રત્યયોમાં વ્યંજનાદિ પ્રત્યયોની પૂર્વે **ई** અને સ્વરાદિ પ્રત્યયોની પૂર્વે **ईय्** ઉમેરાય છે, એટલો ફેર છે.

## નિયમો

૧. વિધ્યર્થના પ્રત્યય ધાતુમાં વિકરણ પ્રત્યય ઉમેર્યા પછી લગાડાય છે.

૨. **भोस्** + સ્વર કે ઘોષ = **भोस्** નો **स्** લોપાતાં **भो** થાય છે.

દા.ત. **भोः भोः भव्याः = भो भो भव्याः ।**

## ધાતુઓ

### પહેલો ગણ

**क्लृप्** - આ. સમર્થ થવું

**अव + गाह्** - આ. નાહવું

**तप्** - પ. તપવું, પ્રકાશવું

**अधि + वस्** - પ. ઉપર બેસીને વિસામો લેવો (સ્થળ દ્વિ.વિ. લે છે.)

**वि + स्मृ** - પ. વીસરવું, ભૂલી જવું

### ચોથો ગણ

**द्रुह्** - પ. દ્રોહ કરવો

**निस् + पद् ( निष्पद् )** - આ. નીપજવું

## નામ

### પુંલિંગ

**अध्वखेद** - (**अध्वन्** - પું. રસ્તો + **खेद**- પું. ખેદ, થાક) મુસાફરીનો થાક

**अपण्डित** - અભણ માણસ

**अपाय** - અપાય, ઈજા, દુઃખ

**जायापति** - (દ્વિ.વ.) વર - વહુ

**विघ्न** - અડચણ, હરકત, વિઘ્ન

**विमार्ग** - આડો રસ્તો, ખોટી ચાલ

**विश्रामहेतोः** - ( **विश्रामहेतु** - પું. નું પંચમી એ.વ., **विश्राम** - પું. વિસામો + **हेतु** - પું. સબબ) વિસામાના સબબથી

**संश्रय** - આશ્રય, વિશ્રામનું ઠેકાણું

**समाज** - સમાજ, સભા

## સ્ત્રીલિંગ

**तमिस्रा** - રાત્રિ
**दुर्दशा** - ખરાબ દશા, અવદશા, માઠી હાલત
**न्यायसभा** - (**न्याय** - પું. ઈન્સાફ + **सभा** - સ્ત્રી. કચેરી) ઈન્સાફની કચેરી
**भागीरथी** - ગંગા
**रज्जु** - દોરડું
**विपत्ति** - વિપત્તિ, સંકટ, આફત

## નપુંસકલિંગ

**अनुरञ्जन** - પ્રસન્ન કરવું એ
**अहित** - હિત નહિ તે, નુકશાન
**आवरण** - આચ્છાદન, અંતરાય, ઢાંકવું એ, આવરણ
**दारिद्र्य** - દળદર, ગરીબ હાલત
**प्रथमसुकृत** - (**प्रथम**- વિશે.પહેલું, પૂર્વનું + **सुकृत** - ન. સત્કર્મ) પૂર્વનું સત્કર્મ
**रक्षण** - રક્ષણ, બચાવ
**सुकृत** - સત્કર્મ
**सुचरित** - સત્કર્મ

## વિશેષણ

**क्षुद्र** - હલકું, નજીવું, તુચ્છ
**तृषित** - તરસ્યું
**दीन** - દીન, કંગાળ, ગરીબ
**धीर** - ધીરજવાળો, ડાહ્યો
**नीचैराख्य** - (**नीचैस्** અને **आख्या** - સ્ત્રી. નામ) જેનું નીચૈસ્ નામ છે તે
**परकीय** - પારકું
**भूरि** - બહુ
**विमुख** - ફેરવેલા મોંવાળું
**शोभन** - સારું, ઠીક
**सुरभि** - ખુશ્બુદાર, સુંદર
**सुवृत्त** - સારું, સદ્ગુણી

## અવ્યય

**उत** - અથવા
**तर्हि** - તો
**बहिस्** - બહાર
**भोस्** - અરે, અહો, રે
**यदि** - જો

## કૃદંત (વિશેષણ)

**अभिभूत** - (**अभि** + **भू** નું કર્મ. ભૂ.કૃ.) જિતાયેલું, હરાવાયેલું
**प्रतिहत** – ( **प्रति** + **हन्** નું કર્મ. ભૂ. કૃ) અડચણમાં આવેલું, અટકાવેલું
**प्राप्त** - (**प्र** + **आप्** નું કર્મ. ભૂ.કૃ.) પામેલું પહોંચેલું, મળેલું

## સ્વાધ્યાય

પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.

૧. विपदाभिभूतोऽपि न धर्मं त्यजेयम्।
૨. इच्छामि सोमं पिबेद् भवान्।

३. किं भो नृत्यं शिक्षेयोत गानम् ।
४. भूरिणा प्रयत्नेन तत्त्वमवगच्छेः ।
५. पुत्राः सुचरितैः पितरौ प्रीणयेयुः ।
६. ईश्वरस्य पूजया शान्तिं विन्देवहि ।
७. रज्जुं सर्पं न मन्येध्वम् ।
८. दुर्दशां गते नरि क्षुद्रोऽप्य - हितमाचरेत्।
९. वर्धमानं व्याधिं जयन्तं शत्रुं च नोपेक्षेत ।
१०. पण्डितानां समाजेऽपण्डिता मौनं भजेयुः ।
११. कुसुमैः सुरभिणि हर्म्येऽध्वखेदं नयेथाः ।
१२. प्रजानामनुरञ्जनाय राजानो यतेरन् ।
१३. सुवृत्ताय नृपतये प्रजा न द्रुह्येयुः।
१४. यदि हरिर्विमार्गान्निवर्तेत शोभनं भवेत् ।
१५. धर्मे रताः प्रज्ञा हरिं पश्येयुः ।
१६. वत्सौ, मातुराज्ञामनुरुध्येयाथाम् ।
१७. धैर्यमवलम्ब्य शत्रुभिः सह युध्येथाः।
१८. नारायणस्यालस्याद्दारिद्र्यं निष्पद्येत।
१९. शिष्यस्याविनयं गुरुर्न सहेत ।
२०. विपत्तौ धीरो न मुह्येद्धर्मं वा न परित्यजेत् ।
२१. इच्छामि पुनरपि पुण्यां भागीरथीमवगाहेवहीत्यवदद्राम सीता ।
२२. संश्रयाय प्राप्ते मित्रे प्रथमसुकृतानि स्मृत्वा क्षुद्रोऽपि न विमुखो भवेत् ।
२३. तृषिताय जलं यच्छेद्धरेद्दीनस्य चापदम् ।
२४. नीचैराख्यं गिरिमधिवसेस्तत्र विश्रामहेतोः ।
२५. सूर्ये तपत्यावरणाय दृष्टेः कल्पेत लोकस्य कथं तमिस्त्रा ।

प्रश्न - २ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. ઘેર પાછા આવો ત્યારે (તમારે બેએ) હાથ પગ ધોવા.
૨. માણસોએ મિત્રોને વિસારવા નહિ.
૩. (તુ) જો ઝેર ખાય તો મરી જાય.
૪. (બે) ચોપડીઓ (બે) હાથમાં લઈ જવાય.
૫. (તમારે બે જણાએ) ગુરુ પાસે ન્યાયશાસ્ત્ર શીખવું.
૬. અહીં ઝાડની છાયામાં (આપણે) બેસીએ.
૭. રાજાઓએ પ્રજાઓને ઈજામાંથી બચાવવી.
૮. (આપણે) પરમેશ્વરને શુદ્ધ અંતઃકરણથી પૂજીએ.
૯. (તારે) ગરીબ માણસોને ધન આપવું.
૧૦. (તમારી) ફરજોમાં (તમારે) ચૂકવું નહિ.

૧૧. માણસોએ કારણ વિના ગભરાવું નહિ.

૧૨. માણસે બીજાના ધનનો લોભ રાખવો નહિ.

૧૩. (બે) લુચ્ચાઓને મારવા એવું રાજાએ ફરમાવ્યું.

૧૪. (આપણે) દેશના રક્ષણમાં મરીએ તો કીર્તિ મેળવીએ.

૧૫. સાક્ષીઓએ ઈન્સાફની કચેરીમાં હંમેશાં સાચું બોલવું.

૧૬. જો (હું) કાશીએ જાઉં તો ઘણા સંસ્કૃત પુસ્તકો લાવું.

૧૭. જો (તમે) જૂઠું બોલો, તો અધિપતિ વડે શિક્ષા પામો.

૧૮. (હું) શત્રુ સાથે લડું (એવું વિચારીને) રાજા સિપાઈઓને શહેર બહાર લઈ ગયો.

૧૯. જો (હું) ખરાબ કામ કરતો જોવાઉં તો અધિપતિઓ વડે દંડાઉં.

૨૦. જો ગરીબ બ્રાહ્મણો શહેરમાં ભીખ માગે તો એઓ કંઈક ધન મેળવે.

૨૧. (મારા) મા-બાપ ખુશ થાય (એટલા માટે) મેં બહેનોને બહુ ધન આપ્યું.

૨૨. વર-વહુએ દરરોજ ઘરમાં અગ્નિને પૂજવો.

૨૩. માણસે ફરજ અદા કરવામાં શ્રમને ગણકારવો નહિ.

૨૪. શિષ્યોએ આચાર્યને નમવું.

૨૫. વિઘ્નોથી અડચણ આવેલી હોય તો પણ તમારે શરૂ કરેલું કામ તજવું નહિ.

<u>પ્રશ્ન -</u> ૩ હ્યસ્તન ભૂત અને વિધ્યર્થના પ્રત્યય સરખાવો.

<u>પ્રશ્ન -</u> ૪ વિધ્યર્થ શા-શા અર્થમાં વપરાય છે ?

<u>પ્રશ્ન -</u> ૫ **भोस्** ના **स्** નો લોપ ક્યારે થાય છે ?

<u>પ્રશ્ન -</u> ૬ નીચેના ધાતુઓના વિધ્યર્થ રૂપ આપો :-

**मृ, ईक्ष्, नि+मन्त्र्, सृज्, हृ, डी, मृग्, स्था, जन्, पा** (કર્તરિરૂપ અને કર્મણિ રૂપ), **कृ** (કર્મણિ રૂપ), **अनु + भू** (કર્તરિ રૂપ અને કર્મણિ રૂપ), **श्रु** (કર્મણિ રૂપ), **मुच्** (કર્તરિ રૂપ અને કર્મણિ રૂપ) વગેરે.

---

**मौनं विधेयं सततं सुधीभि :। - બુદ્ધિમાને હંમેશાં મૌન રહેવું જોઈએ.**

# પાઠ - ૨૯

## સર્વનામ

૧. **अ** કારાંત સર્વનામના પ્રત્યય **अ** કારાંત નામના જેવા છે, માત્ર નીચેના પાંચ પ્રત્યય પુંલિંગમાં જુદા છે.

| પ્ર. બ.વ. | ચ. એ.વ. | પં. એ.વ. | ષ. બ.વ. | સ. એ.વ. |
|---|---|---|---|---|
| **इ** | **स्मै** | **स्मात्** | **इषाम्** | **स्मिन्** |

૨. **आ** કારાંત સ્ત્રીલિંગ સર્વનામના રૂપ **आ** કારાંત સ્ત્રીલિંગ નામોના જેવાં જ થાય છે. જે પ્રત્યય જુદા છે તે નીચે પ્રમાણે છે.

| ચ. એ.વ. | પં. એ.વ. | ષ. એ.વ. | ષ. બ.વ. | સ. એ.વ. |
|---|---|---|---|---|
| **स्यै** | **स्यास्** | **स्यास्** | **साम्** | **स्याम्** |

**सर्व** - પું. બધા

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **सर्वः** | **सर्वौ** | **सर्वे** |
| દ્વિતીયા | **सर्वम्** | **सर्वौ** | **सर्वान्** |
| તૃતીયા | **सर्वेण** | **सर्वाभ्याम्** | **सर्वैः** |
| ચતુર્થી | **सर्वस्मै** | **सर्वाभ्याम्** | **सर्वेभ्यः** |
| પંચમી | **सर्वस्मात्** | **सर्वाभ्याम्** | **सर्वेभ्यः** |
| ષષ્ઠી | **सर्वस्य** | **सर्वयोः** | **सर्वेषाम्** |
| સપ્તમી | **सर्वस्मिन्** | **सर्वयोः** | **सर्वेषु** |

**सर्वा** - પું. બધી

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **सर्वा** | **सर्वे** | **सर्वाः** |
| દ્વિતીયા | **सर्वाम्** | **सर्वे** | **सर्वाः** |
| તૃતીયા | **सर्वया** | **सर्वाभ्याम्** | **सर्वाभिः** |
| ચતુર્થી | **सर्वस्यै** | **सर्वाभ्याम्** | **सर्वाभ्यः** |
| પંચમી | **सर्वस्याः** | **सर्वाभ्याम्** | **सर्वाभ्यः** |
| *ષષ્ઠી* | ***सर्वस्याः*** | ***सर्वयोः*** | ***सर्वासाम्*** |
| *સપ્તમી* | ***सर्वस्याम्*** | ***सर्वयोः*** | ***सर्वासु*** |

**सर्व** - न. બધું

| | | | |
|---|---|---|---|
| પ્ર. તથા દ્વિ. | **सर्वम्** | **सर्वे** | **सर्वाणि** |

(બાકીના રૂપ પુંલિંગ પ્રમાણે)

૩. પુંલિંગમાં **तद्**, **एतद्**, **यद्** અને **किम्** એ સર્વનામોના રૂપ **त**, **एत**, **य** અને **क** એટલે **अ** કારાંત હોય અને જેવા રૂપ એઓના થાય, તેવા થાય છે, પરંતુ **तद्** અને **एतद्** નું પ્રથમાનું એકવચન અનુક્રમે **सः** અને **एषः** થાય છે.

૪. સ્ત્રીલિંગમાં આ સર્વનામોના રૂપ અનુક્રમે **ता**, **एता**, **या** અને **का** એટલે, **आ** કારાંત હોય ને જેવા રૂપ એઓના થાય તેવા થાય છે, પરંતુ **तद्** અને **एतद्** નું પ્રથમાનું એકવચન અનુક્રમે **सा** અને **एषा** થાય છે.

| | | | |
|---|---|---|---|
| નપુંસકલિંગ પ્રથમા અને દ્વિતીયા | **तद्** | **ते** | **तानि** |
| | **एतद्** | **एते** | **एतानि** |
| | **यद्** | **ये** | **यानि** |
| | **किम्** | **के** | **कानि** |

(બાકીના રૂપ પુંલિંગ પ્રમાણે)

૫. ત્રણે લિંગમાં, દ્વિતીયાના ત્રણે વચનોમાં, તૃતીયાના એકવચનમાં અને ષષ્ઠી-સપ્તમીના દ્વિવચનમાં, **एत** ને બદલે વિકલ્પે **एन** વપરાય છે. (વાક્યમાં એકવાર કોઈ નામ કે સર્વનામ પ્રયોજાઈ ગયા બાદ ફરી આ સર્વનામ પ્રયોજાતાં આ રૂપો વપરાય છે.)

પુંલિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| દ્વિતીયા | **एतम्** કે **एनम्** | **एतौ** કે **एनौ** | **एतान्** કે **एनान्** |
| તૃતીયા | **एतेन** કે **एनेन** | | |
| ષષ્ઠી-સપ્તમી | | **एतयोः** કે **एनयोः** | |

સ્ત્રીલિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| દ્વિતીયા | **एताम्** કે **एनाम्** | **एते** કે **एने** | **एताः के एनाः** |
| તૃતીયા | **एतया** કે **एनया** | | |
| ષષ્ઠી-સપ્તમી | | **एतयोः** કે **एनयोः** | |

નપુંસકલિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| દ્વિતીયા | **एतद्** કે **एनद्** | **एते** કે **एने** | **एतानि** કે **एनानि** |

(તૃતીયાનું એકવચન તથા ષષ્ઠી-સપ્તમીનું દ્વિવચન પુંલિંગ પ્રમાણે થાય છે, **एतेन**-

**एनेन** અને **एतयोः-एनयोः**)

## ભૂમિકા

૧. સંસ્કૃતમાં મુખ્ય સર્વનામ આ છે :- **सर्व**-સર્વ, સઘળું, **तद्**- તે, એ, **एतद्**- આ, એ, **यद्**- જે, **किम्**- કોણ અથવા શું, **अस्मद्**- હું અથવા અમે, **युष्मद्**- તું અથવા તમે, **इदम्**- આ, **अदस्**- આ કે પેલું.

## નિયમો

૧. **आ** કારાંત સ્ત્રીલિંગ સર્વનામના ષ. બ.વ. **साम्** પ્રત્યય સિવાય બાકીના ચાર પ્રત્યય લાગતાં **आ** હ્રસ્વ થાય છે.

૨. **सः, एषः** + **अ** સિવાય કોઈપણ વર્ણ = વિસર્ગ લોપાય.

દા.ત. **सः, एषः** + **आगच्छति = स, एष आगच्छति ।**

**सः, एषः** + **गच्छति = स, एष गच्छति ।**

૩. વ્યંજનથી શરૂ થતા પ્રત્યય આવે ત્યારે તેમજ પ્ર. એ.વ.માં **दिश्** શબ્દના श् નો **क्, ग्** થાય છે. અઘોષ વ્યંજન પહેલાં **क्** અને ઘોષ પહેલાં **ग्** થાય છે. પાઠ ૮, નિયમ-૯ જુઓ.

૪. **वस्** અને **ईयस्** કે **एयस्** જેને છેડે આવે છે તેવા નામની માફક **महत्** શબ્દનો ઉપાન્ત્ય **अ** પુંલિંગના પ્રથમ પાંચ રૂપોમાં અને નપું. ના પ્ર.દ્વિ. અને સં. ના બ.વ.માં દીર્ઘ થાય છે અને અન્ત્ય **त्** ની પહેલાં **न्** મૂકવામાં આવે છે. સમાસમાં પૂર્વ ભાગમાં **महत्** શબ્દ વાપરતાં એનો **महा** થઈ જાય છે.

૫. **किम्** સર્વનામના રૂપોને **चित्** અથવા **अपि** (અને **चन**) પ્રત્યય લગાડવાથી પ્રશ્નાર્થ જતો રહીને અનિશ્ચયાર્થ થાય છે.

દા.ત. **किंचित्** - ન. કોઈ, **कश्चित्** - પું. કોઈ

(આમ **किम्** ના ત્રણે જાતિના રૂપને **चित्-अपि-चन** લાગે છે.)

## ધાતુઓ

| પહેલો ગણ | દશમો ગણ |
|---|---|
| **गै** - પ. ગાવું | **प्र + अर्थ्** - આ. માંગવું, પ્રાર્થના કરવી |
| | **नाट्** - ઉ. નાટક કરવું, ભજવવું |

## નામ

### પુંલિંગ

**आत्मज** - દીકરો
**आयास** - પ્રયત્ન, શ્રમ
**कपिल** - એક ઋષિનું નામ
**जाल्म** - લુચ્ચો, ઠગ, ખળ
**महिषासुर** - પાડાના આકારનો એક દૈત્ય
**राजपुत्र** - રાજપુત્ર
**सगर** - સૂર્યવંશી રાજાનું નામ

### સ્ત્રીલિંગ

**अटवी** - જંગલ, વગડો
**दक्षिणा** - દક્ષિણા
**दिश्** - દિશા
**दुर्गा** - દેવીનું નામ, દુર્ગા
**द्यावापृथिवी** - (દ્વિ.વ.) આકાશ અને પૃથ્વી
**मेदिनी** - પૃથ્વી
**राज्ञी** - રાણી

### નપુંસકલિંગ

**काञ्चन** - સોનું
**चौर्य** - ચોરી
**देवायतन** - દેવળ, દેવાલય
**पुराण** - પુરાણ
**प्रयाग** - પ્રયાગ, અલાહાબાદ
**रोदन** - રુદન, રડવું એ
**वित्त** - દોલત, ધન
**सामर्थ्य** - સામર્થ્ય, જોર

### વિશેષણ

**अक्षर** - સ્થિર, નિત્ય, અવિકારી, જેમાં ફેરફાર થતો નથી તે
**अखिल** - અખિલ, બધું, સઘળું
**अल्प** - અલ્પ, નાનું, થોડું
**अवदात** - સ્વચ્છ, ઉમદા
**कुलीन** - કુળવાન, ખાનદાન
**गुणज्ञ** - (**गुण**–ગુણ + **ज्ञा** – જાણવું) ગુણ જાણનાર, કદરદાન
**चारु** - સુંદર
**दर्शनीय** - દેખાવડું, ખુબસૂરત
**दुराप** - મુશ્કેલીથી મળી શકે એવું, દુર્લભ
**निष्णात** - પ્રવીણ, હોંશિયાર
**पुराण** - પુરાણું
**ब्रह्मविद्** - બ્રહ્મને જાણનાર તત્ત્વજ્ઞાની, બ્રહ્મવેત્તા
**महत्** - મોટું, મહાન
**श्रद्धेय** - વિશ્વાસ રાખવા યોગ્ય, ભરોસા પાત્ર
**श्रुतिमत्** - વેદ જાણનાર, વિદ્વાન
**साध्य** - મળે એવું, લભ્ય

## સ્વાધ્યાય

**પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

૧. **कोऽत्रागतः ?**
૨. **कस्यैतानि पुस्तकानि ?**

३. कस्याः पुत्रा एते ?
४. यं पुरुषं ह्योऽपश्यं तमेवाह्वयामि।
५. सा बाला न किंचिदवदत् ।
६. तेभ्यो ब्राह्मणेभ्यो दक्षिणामयच्छम् ।
७. कस्मान्नगराद्दुत आगतः ।
८. एतेषां यद्यदिष्टं तत्तत्क्रियताम् ।
९. याः कथाः पुराणेषु श्रूयन्ते ता एवैते नाटयन्ति ।
१०. स एवैष प्रदेशो यस्मिन्प्रियया सह चिरमवसम् ।
११. येनैतदखिलं जगन्निरमीयत तस्मै नम ईश्वराय ।
१२. तेषु तेषु शास्त्रेषु निष्णातैः पण्डितैः सह राजाऽभाषत ।
१३. कयोस्ते वाससी ?
१४. ययात्मानं पूतं मन्यते वसिष्ठस्तामरुन्धतीं वन्दस्व ।
१५. सर्वासु कलासु प्रावीण्यमुपगतो राजपुत्रः ।
१६. यया महिषासुरो हतस्तस्यै दुर्गायै नमः ।
१७. ते नद्यौ प्रयागे संगच्छेते ।
१८. याभ्यां चौर्यं कृतं तौ पुरुषौ राजाऽदण्डयत् ।
१९. एतस्यामटव्यां पुरा ब्रह्मविदो मुनयो न्यवसन् ।
२०. यैर्मेदिन्युत्खाता ये च कपिलस्य कोपेन दग्धास्तान् सगरस्यात्मजान् भगीरथो गङ्गाया जलेनोदधरत् ।
२१. यासां विवाहाः स्वपुत्रैः सह समजायन्त ताभिर्जनकस्य कन्याभिः प्रपन्नो राजा दशरथोऽयोध्यामगच्छत् ।
२२. न दृश्यतेऽत्र कोऽपि रोदनं तु श्रूयते ।
२३. पुरा यानि वस्तूनि महता श्रमेण साध्यान्यासंस्तान्यधुना यन्त्राणां सामर्थ्यादल्पेनैवायासेन साध्यानि ।
२४. किं तया धेन्वा क्रियते यस्या दुग्धं नोपलभ्यते ।
२५. यस्यास्ति वित्तं स नरः कुलीनः स पण्डितः स श्रुतिमान् गुणज्ञः ।
स एव वक्ता स च दर्शनीयः
सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते ॥

प्रश्न - २ ગુજરાતીનું સંસ્કૃત કરો.

१. આઓ કોણ છે ?
२. તેઓને ધંધો શો છે ?
३. તે હરિની દીકરી છે.
४. તેનું નામ શું છે ?
५. રામે કોને એમ કહ્યું ?
६. તે ગોવિંદનો ભાઈ છે.
७. (હું) તે (છોકરા) સાથે નિશાળે ગયો.
८. તેણે નારાયણને પેલા છોકરાઓ સાથે રમતો જોયો.

૯. તેના મિત્રોમાંથી તે કોને સંભારે છે ?

૧૦. તે નદીમાં માછલા છે.

૧૧. તે તેનાથી અનુસરાય છે.

૧૨. જે માણસો ગામમાંથી આવેલા છે તેઓ ક્યાં છે ?

૧૩. જે દેશનો રાજા શૂદ્રક છે ત્યાંથી તેઓ આવે છે.

૧૪. પાસે (=પાડોશમાં) જે દાસીઓ હતી તેઓને રાણીએ પોતાને માટે ફૂલો લાવવા ફરમાવ્યું.

૧૫. મહારાષ્ટ્રિયોનો રાજા આ ઘરમાં રહ્યો હતો.

૧૬. તે છોકરીઓમાંથી કઈ (બ.વ.) (ગીત) ગાય છે ?

૧૭. અહીં આ પુસ્તક કોણે મૂક્યું ?

૧૮. આ અવિકારી આત્માના સામર્થ્ય વડે આકાશ અને પૃથ્વી ધારણ કરાઈ રહ્યાં છે.

૧૯. તેઓ (બે) એ ઉમદા કૃત્ય કર્યું નથી. (કર્મણિ)

૨૦. તે અરણ્યમાં (હું) લાંબા વખત સુધી રહ્યો.

૨૧. કઈ દિશામાં પેલો લુચ્ચો ગયો ?

૨૨. પેલા દેવાલયમાં લક્ષ્મીની સુંદર મૂર્તિ છે.

૨૩. હરિએ તેને વિશ્વાસ ન રખાય તેવી વાર્તા કહી.

૨૪. જે (માણસ)ને લક્ષ્મી શોધે છે તે તે (લક્ષ્મી)ને મળવો મુશ્કેલ કેમ હોય ?

<u>પ્રશ્ન - ૩</u> નામના રૂપોથી સર્વનામના રૂપ શી બાબતમાં જુદા પડે છે ?

<u>પ્રશ્ન - ૪</u> દર્શક, સંબંધાર્થ અને પ્રશ્નાર્થ સર્વનામના મૂળ રૂપ વ્યંજનાંત છે કે સ્વરાંત છે ? અને એમના રૂપ વ્યંજનાંત કે સ્વરાંત નામના રૂપોને મળતાં છે ?

<u>પ્રશ્ન - ૫</u> વાક્યની સંધિમાં **सः** અને **एषः** ના વિસર્ગનું શું થાય છે ?

<u>પ્રશ્ન - ૬</u> **यद्, तद्, किम्** અને **एतद्** ના ત્રણે લિંગમાં, તથા **महत्** (પુંલિંગ અને નપુંસકલિંગ) અને **दिश्** ના રૂપ લખો.

<u>પ્રશ્ન - ૭</u> **किम्** ના અનિશ્ચિત સર્વનામ તરીકે ત્રણે જાતિના રૂપ લખો.

---

**मौनं सर्वार्थसाधकम् । - મૌનથી સર્વે કાર્યો સિદ્ધ થાય છે.**

# પાઠ - ૩૦

## પહેલો તથા બીજો પુરુષ સર્વનામ

**अस्मद्** - હું અથવા અમે

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **अहम्** | **आवाम्** | **वयम्** |
| દ્વિતીયા | **माम् - मा** | **आवाम् - नौ** | **अस्मान् - नः** |
| તૃતીયા | **मया** | **आवाभ्याम्** | **अस्माभिः** |
| ચતુર્થી | **मह्यम् - मे** | **आवाभ्याम् - नौ** | **अस्मभ्यम् - नः** |
| પંચમી | **मत्** | **आवाभ्याम्** | **अस्मत्** |
| ષષ્ઠી | **मम - मे** | **आवयोः - नौ** | **अस्माकम् - नः** |
| સપ્તમી | **मयि** | **आवयोः** | **अस्मासु** |

**युष्मद्** - તું કે તમે

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | **त्वम्** | **युवाम्** | **यूयम्** |
| દ્વિતીયા | **त्वाम् - त्वा** | **युवाम् - वाम्** | **युष्मान् - वः** |
| તૃતીયા | **त्वया** | **युवाभ्याम्** | **युष्माभिः** |
| ચતુર્થી | **तुभ्यम् - ते** | **युवाभ्याम्-वाम्** | **युष्मभ्यम् - वः** |
| પંચમી | **त्वत्** | **युवाभ्याम्** | **युष्मत्** |
| ષષ્ઠી | **तव - ते** | **युवयोः - वाम्** | **युष्माकम् - वः** |
| સપ્તમી | **त्वयि** | **युवयोः** | **युष्मासु** |

### ધાતુઓ

#### પહેલો ગણ

**अव्** - પ. રક્ષણ કરવું

**वशम्** કે **शरणम् + गम्** - પ. તાબે થવું, શરણે જવું

**त्वर्** - આ. ત્વરા કરવી, અધીરા થવું, ઝટ કરવું

**आ + पत्** - પ. પડવું

#### દશમો ગણ

**पार्** - ઉ. પાર જવું, ઓળંગવું

## નામ

### પુંલિંગ

**अपराधलव** - થોડો અપરાધ
**ऋत्विज्** - યજ્ઞ કરનારો
**जेतृ** - જીતનારો
**दासजन** - દાસ, સેવક
**भूतार्थ** - સત્ય, સાચેસાચું
**मार्गदर्शक** - ભોમિયો
**रघुनाथ** - રઘુઓના રાજા, રામ
**वियोग** - વિયોગ
**सवितृ** - સવિતા, સૂર્ય
**साक्षिन्** - સાક્ષી, સાહેદી
**सोमवासर** - સોમવાર

### સ્ત્રીલિંગ

**आर्या** - માન આપવા લાયક સ્ત્રી
**नन्दिनी** - છોકરી
**मति** - વિચાર, લાગણી, બુદ્ધિ
**मानिनी** - મદમાન ભરેલી સ્ત્રી

### નપુંસકલિંગ

**ताडन** - મારવું એ, માર
**दैव** - દૈવ, દશા
**निमित्त** - નિમિત્ત, કારણ, બહાનું
**मेघजाल** - વાદળાની ઘટા
**शिव** - કલ્યાણ, સુખ

### વિશેષણ

**अविश्वास्य** - વિશ્વાસ નહિ રાખવા લાયક, ભરોસાદાર નહિ
**उचित** - ઉચિત, યોગ્ય
**एतादृश** - આ જાતનું, આવું
**कारुणिक** - દયાળુ, કરુણાવાળું
**निष्फल** - નિષ્ફળ, વ્યર્થ, ફળ રહિત
**पर्याकुल** - ગભરાયેલું
**प्रतनु** - થોડું, નાનું

### અવ્યય

**दूरम्** - દૂર

## સ્વાધ્યાય

**પ્રશ્ન - ૧ સંસ્કૃતનું ગુજરાતી કરો.**

૧. नाहमपराधी ।
૨. रघुनाथः स्निह्यत्यावयोः ।
૩. कुत्रास्ति मे पुत्रकः ?
૪. भगवति त्वामहं वन्दे ।
૫. मास्मानवधीरय ।
૬. युष्मदधिगतां वार्तां सर्वेभ्यः शंसामि ।
૭. तस्य पीडां हर्तुमस्माभिश्चिन्तित उपायो निष्फलोऽभवत् ।
૮. विष्णुर्वोऽवतु ।
૯. त्वया सहोपवनं गन्तुमिच्छामि ।
૧૦. आर्ये कथयामि ते भूतार्थम् ।
૧૧. मह्यं धनं न यच्छसि ।
૧૨. शिवो वः शिवाय भवतु ।

१३. बालकौ युवयोः पिता क्वास्ति ?
१४. पृथिवीं रक्षत्सु युष्मासु कुतो नो भयम् ।
१५. दीनेष्वस्मास्वप्येतादृशो भवतः स्नेहः ।
१६. मरुता मेघजालमिव दैवेनास्माकं सर्वे मनोरथा निरस्ताः ।
१७. किं तव पापे रामेण मया वा पापं कतमित्यपृच्छत्क्रुद्धो दशरथः कैकेयीं येन निमित्तेन तस्यैवं त्वमनर्थायाद्योद्यता ।
१८. कमपराधलवं मयि पश्यसि त्यजसि मानिनि दासजनं यतः ।
१९. तव सुचरितं ममेव प्रतनु यतो न दीर्घं कालमावां सुखमन्वभवाव ।
२०. त्वरते मम मनोऽध्ययनाय ।
२१. अस्माकमश्व एषः ।
२२. क्व गता ते माता ?
२३. एतस्य वृत्तान्तस्य श्रवणेन पर्याकुलमावयोर्मनः ।
२४. तेषां वधूस्त्वमसि नन्दिनि पार्थिवानां येषां कुलेषु सविता च गुरुर्वयं च ।
२५. यूयं वयं वयं यूयमित्यासीन्मतिरावयोः ।
किं जातमधुना येन यूयं यूयं वयं वयम् ॥

પ્રશ્ન - ૨ ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. તું ડાહ્યો માણસ છે.
૨. હું ભરોસાદાર માણસ નથી એમ તું વહેમ લાવે છે ?
૩. જ્યારે તમે પર્વત ઉપર ચડ્યા, ત્યારે તમારો ભોમિયો કોણ હતો ?
૪. તને આ વાત કોણે કહી.
૫. મારા બાપ કાશી ગયા, અને જ્યારે એ પાછા આવ્યા ત્યારે એ બહુ પુસ્તકો લાવ્યા અને મને એ આપ્યા.
૬. ત્યાં જે થયું તે અમને કહો.
૭. મારી ચોપડી ક્યાં છે, એમ મેં તેમને પૂછ્યું.
૮. અમારાથી છૂટા પડવામાં દિલગીર થાઓ મા.
૯. તારી મહેરબાનીથી અમે સઘળા સંકટ ઓળંગ્યા.
૧૦. તેઓએ એ વખતે જે કર્યું તે મને યાદ છે.
૧૧. સાક્ષીઓને મેં સોમવારે આવવાનો હુકમ કર્યો. (કર્મણિ)
૧૨. જ્યારે તમે મારે ઘેર આવ્યા ત્યારે મેં તમને ધાન્યના ઢગલા આપ્યા.
૧૩. તું હરાવાયો એટલે તારા સિપાઈઓ જીતનારને તાબે થયા.
૧૪. અમે (બેએ) ઘણા ઋષિઓના આશ્રમ જોયા.
૧૫. આ ફૂલો અમે લાવ્યા. (કર્મણિ)
૧૬. મારી પાસેથી એ વાર્તા એને મળી.
૧૭. તમે (બે) સઘળા માણસોને નિંદો

છો.

૧૮. હું તને આ બક્ષિસ આપું છું.

૧૯. તારી પાસેથી ડાહ્યા માણસોનો માર્ગ મેં જાણ્યો. (કર્મણિ)

૨૦. અપરાધ વિના યજ્ઞ કરનારાઓએ મને માર્યો.

૨૧. હે દયાળુ પિતા, અમો-તારા છોકરા ઉપર ગુસ્સે ન થા.

૨૨. અમે-તેના મિત્રોથી એ દૂર ભટક્યો.

૨૩. તારા વડે એ કૂતરાને મારવામાં આવ્યો એ અયોગ્ય કૃત્ય કરાયું.

૨૪. તું પાળનાર છતાં, તારી પ્રજા વિપત્તિ કેમ ભોગવે ?

૨૫. આપણામાં હરિ શ્રેષ્ઠ છે.

---

**मौनिनः कलहो नास्ति । - મૌનીને કોઈની સાથે કલહ થતો નથી.**

**यतो धर्मस्ततो धनम् । - જ્યાં ધર્મ છે ત્યાં ધન છે.**

**यतः सत्यं ततो धर्मः । - જ્યાં સત્ય છે ત્યાં ધર્મ છે.**

**यशः पुण्यैरवाप्यते । - યશ પુણ્યથી જ મળે છે.**

**हितप्रयोजनं मित्रम् । - મિત્ર ભલાઈ માટે હોય છે.**

हितं मनोहारि च दुर्लभं वचः । - હિતકર અને મનોહર વચન દુર્લભ છે.

# પાઠ - ૩૧

## સર્વનામ

### अदस् - આ કે પેલું, इदम् - આ

### अदस् - પું. આ કે પેલું

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | असौ | अमू | अमी |
| દ્વિતીયા | अमुम् | अमू | अमून् |
| તૃતીયા | अमुना | अमूभ्याम् | अमीभिः |
| ચતુર્થી | अमुष्मै | अमूभ्याम् | अमीभ्यः |
| પંચમી | अमुष्मात् | अमूभ्याम् | अमीभ्यः |
| ષષ્ઠી | अमुष्य | अमुयोः | अमीषाम् |
| સપ્તમી | अमुष्मिन् | अमुयोः | अमीषु |

સ્ત્રીલિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | असौ | अमू | अमूः |
| દ્વિતીયા | अमूम् | अमू | अमूः |
| તૃતીયા | अमुया | अमूभ्याम् | अमूभिः |
| ચતુર્થી | अमुष्यै | अमूभ्याम् | अमूभ्यः |
| પંચમી | अमुष्याः | अमूभ्याम् | अमूभ्यः |
| ષષ્ઠી | अमुष्याः | अमुयोः | अमूषाम् |
| સપ્તમી | अमुष्याम् | अमुयोः | अमूषु |

નુપંસકલિંગ

| | | | |
|---|---|---|---|
| પ્ર. તથા દ્વિ. | अदः | अमू | अमूनि |

(બાકીના રૂપ પુંલિંગ પ્રમાણે)

### इदम् - પું. આ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમ. | अयम् | इमौ | इमे |
| દ્વિતીય. | इमम् ( एनम् ) | इमौ( एनौ ) | इमान् ( एनान् ) |
| તૃતીયા | अनेन ( एनेन ) | आभ्याम् | एभिः |

| | | | |
|---|---|---|---|
| ચતુર્થી | **अस्मै** | **आभ्याम्** | **एभ्यः** |
| પંચમી | **अस्मात्** | **आभ्याम्** | **एभ्यः** |
| ષષ્ઠી | **अस्य** | **अनयोः ( एनयोः )** | **एषाम्** |
| સપ્તમી | **अस्मिन्** | **अनयोः ( एनयोः )** | **एषु** |

સ્ત્રીલિંગ

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા | **इयम्** | **इमे** | **इमाः** |
| દ્વિતીયા | **इमाम् ( एनाम् )** | **इमे ( एने )** | **इमाः ( एनाः )** |
| તૃતીયા | **अनया ( एनया )** | **आभ्याम्** | **आभिः** |
| ચતુર્થી | **अस्यै** | **आभ्याम्** | **आभ्यः** |
| પંચમી | **अस्याः** | **आभ्याम्** | **आभ्यः** |
| ષષ્ઠી | **अस्याः** | **अनयोः ( एनयोः )** | **आसाम्** |
| સપ્તમી | **अस्याम्** | **अनयोः ( एनयोः )** | **आसु** |

નપુંસકલિંગ

| | | | |
|---|---|---|---|
| પ્રથમા | **इदम्** | **इमे** | **इमानि** |
| દ્વિતીયા | **इदम् ( एनत् )** | **इमे ( एने )** | **इमानि ( एनानि )** |

(બાકીના રૂપ પુંલિંગ પ્રમાણે)

## ભૂમિકા

૧. પ્રથમાના એકવચન વગર **अदस्** ના પુંલિંગ રૂપ શિખવાની ટૂંકી રીત. - એમ ધારો કે **अदस्** ને બદલે મૂળ શબ્દ **अद** છે, એના **सर्व** પ્રમાણે પુંલિંગ રૂપ કરો, એ રૂપોમાં **द्** ને ઠેકાણે **म्** મૂકો, અને **सर्व** ના **व** માં મળેલો સ્વર જો હ્રસ્વ હોય તો એને બદલે **उ** મૂકો, અને દીર્ઘ હોય તો **ऊ** મૂકો. વળી, એ રૂપોમાં બહુવચનમાં જ્યાં **ए** હોય ત્યાં **ई** મૂકો, એટલે ઉપર લખેલા રૂપ થશે. તૃતીયાના એકવચનના અને બહુવચનના રૂપ **अदेन** અને **अदैः** ન ધારતાં, **अदना** અને **अदेभिः** ધારી બનાવવા. **स्** નો **ष्** થવા બાબતે પૂર્વે જે નિયમ આપેલા છે તે લાગુ પાડવા. આવી જ રીતે સ્ત્રીલિંગમાં પણ મૂળ **अदा** ધારી **सर्वा** પેઠે રૂપ ઉપજાવવા.

૨. **इदम्** સર્વનામના દ્વિતીયાના ત્રણે વચનોમાં, તૃતીયાના એકવચનમાં અને ષષ્ઠી તથા સપ્તમીના દ્વિવચનમાં ત્રણે લિંગમાં, પૂર્વે આપેલા **एन** થી થયેલા રૂપ પણ વિકલ્પે વપરાય છે. (આ સર્વનામના **एतद्** ની જેમ વિકલ્પે રૂપ થાય છે, તે ત્યાં ત્યાં કૌંસમાં આપ્યાં છે.)

## નિયમો

૧. દંત્ય + ल् = દંત્યનો ल् થાય.
દા.ત. भगवत् + लीला = भगवल्लीला।

૨. न् + ल् = न् નો સાનુનાસિક लँ् થાય.
દા.ત. अस्मिन् + लोके = अस्मिँल्लोके।

## ધાતુઓ

### પહેલો ગણ

अलम् + कृ - ઉ. શણગારવું
वि + रम् - પ. અટકવું, થોભવું

### દશમો ગણ

पूर् - ઉ. પૂરવું, ભરવું

## નામ

### પુંલિંગ

कदर्य - કંજુસ માણસ, કદરી
कवीश - (कवि અને ईश - રાજા) કવિરાજ
गृध्रराज - ગીધ પક્ષીઓનો રાજા, જટાયુ
जव - ઉતાવળ, ત્વરા
देवदारु - દેવદારનું વૃક્ષ
प्रभव - ઉત્પત્તિ, ઉત્પત્તિ સ્થાન
मधुकर - મધ કરનારો ભમરો
रथ्य - ઘોડો
वास - રહેઠાણ
वृषभध्वज - શિવ
शिवालय - શિવનું દેરું
संगम - સંગમ, મેળાપ
सारङ्ग - એક જાતનું પક્ષી

### સ્ત્રીલિંગ

अक्षमा - અદેખાઈ, હરીફાઈ
उर्वशी - એક અપ્સરા
गर्ता - ખાડો
प्रियाप्रवृत्ति - (प्रिया - વહાલી + प्रवृत्ति - ખબર) વહાલીની ખબર
भिक्षा - ભિક્ષા
भीरु - બીકણ સ્ત્રી
मदिराक्षी - મનોહર આંખવાળી
रीति - રીત
वशा - હાથીની પત્ની, સહચરી
वीथि - શેરી, રસ્તો

### નપુંસકલિંગ

लतागृह - લતામંડપ, વેલનો માંડવો
विप्रिय - વાંક
संगत - સંગતિ, દોસ્તી
साहस - સાહસ, કર્મ
स्त्रीरत्न - રત્નરૂપ શ્રેષ્ઠ સ્ત્રી

**<u>વિશેષણ</u>**

**दुःखित** - દુઃખી, દિલગીર
**दृश्य** - દૃશ્ય, દેખાય એવું
**पुत्रीकृत** - (**पुत्र** – દીકરો + **कृत**-કરેલું) દીકરા તરીકે માનેલું, દત્તક લીધેલું
**पुष्पधारिन्** - પુષ્પ ધારણ કરનારું, ફૂલવાળું
**प्रदेय** - દેવા યોગ્ય, લગ્નમાં આપવાનું
**प्रियतम** - સૌથી પ્રિય, વહાલામાં વહાલું
**वरतनु** - સુંદર અંગવાળું, ખુબસૂરત
**विप्रिय** - અપ્રિય
**व्याख्येय** - સમજાવવાનું
**संगमोत्सुक** - મળવાને આતુર
**स्वादु** - સ્વાદિષ્ટ

**<u>અવ્યય</u>**

**अथवा** - અથવા, કે, કિંવા, અગર, યા
**किल** - ખરેખર
**द्रुतम्** - જલદી, તરત
**पुरस्** - સંમુખ, આગળ

**<u>કૃદંત (વિશેષણ)</u>**

**छन्न** - (**छद्** નું કર્મ. ભૂ.કૃ.) છુપાવેલું, ઢાંકેલું

**<u>સ્વાધ્યાય</u>**

**<u>પ્રશ્ન - ૧</u> સંસ્કૃતનું ગુજરાતી કરો.**

૧. इदमासनमलङ्क्रियतां भवता ।
૨. मृगस्य जवस्याक्षमयेवामी रथ्या धावन्ति ।
૩. अनया रीत्या व्याख्येयोऽयं ग्रन्थः ।
૪. वत्स विरमास्मात्साहसात् ।
૫. अमू तौ तरू यौ ह्योऽपश्यम् ।
૬. अस्मै विदुषे ब्राह्मणाय दक्षिणां प्रयच्छ ।
૭. अनयोः कन्ययोः संगतं मे रोचते ।
૮. इमं सारङ्गं प्रियाप्रवृत्तयेऽभ्यर्थये ।
૯. अयं स ते तिष्ठति संगमोत्सुको विशङ्कसे भीरु यतोऽवधीरणाम् ।
૧૦. अमुं पुरः पश्यसि देवदारुं पुत्रीकृतोऽसौ वृषभध्वजेन ।
૧૧. स्त्रीरत्नेषु ममोर्वशी प्रियतमा यूथे तवेयं वशा ।
૧૨. मधुकर मदिराक्ष्याः शंस तस्याः प्रवृत्तिं वरतनुरथवासौ नैव दृष्टा त्वया मे।
૧૩. हंस प्रयच्छ मे कान्तां गतिरस्यास्त्वया हृता ।
૧૪. अस्मिन्नेव लतागृहे त्वमभवः ।
૧૫. अस्यैवासीन्महति शिखरे गृध्रराजस्य वासः ।
૧૬. मनोहरा अमी वृक्षा दृश्यन्ते पुष्पधारिणः ।
૧૭. अगच्छदमुया वीथ्या दास्यमूं द्रुतमानय ।
૧૮. कृतं किमेभिस्तव विप्रियं यदनिष्टमेषामसि कर्तुमुद्यतः ।

१९. पादानमीषां प्रणतो यतोऽसौ भद्रं ततोऽमीभिरमुष्य कार्यम् ।

२०. पुर्यां पुराऽस्यां किल कालिदासो नाम्नामवद्यो न्यवसत् कवीशः ।

२१. यदि प्रसन्ना भगवतीमं वरं याचे।

२२. अस्मिँल्लोके यत्क्रियते तस्य फलममुष्मिँल्लोकेऽनुभूयते ।

२३. एभिर्वचोभिः सान्त्वय मे दुःखितां भार्याम्।

२४. हे सीते पुत्राविमौ ते ।

<u>પ્રશ્ન - ૨</u> ગુજરાતીનું સંસ્કૃત કરો.

૧. આ મારી ચોપડી છે.

૨. આ માણસો પોતાના રાજાની જીતથી ખુશ થાય છે.

૩. આ છોકરીઓ નૃત્ય શીખે છે.

૪. આ ગામોમાં બહુ વિદ્વાનો છે.

૫. હું આ આંખોએ દેખતો નથી.

૬. આ ઝાડ ઉપર વાંદરો છે.

૭. આ નદીઓમાં બહુ પાણી છે.

૮. આ પર્વતો ઉપરથી બહુ પથ્થરો પડેલા છે.

૯. મેં આ લાકડી વડે ચોરને માર્યો.

૧૦. મેંઆ સ્ત્રીઓને શિવના દેરામાં જોઈ.

૧૧. આ નદીઓના ઉત્પત્તિસ્થાન હિમાલયમાં છે.

૧૨. આ છોકરાઓને અને પેલી છોકરીઓને કેટલાક લાડુ આપો.

૧૩. મેં પેલા પર્વતના શિખર પરથી ઊતરતા વાઘને જોયો.

૧૪. મેં મારું સોનું આ (બે) ચોરો પાસેથી બચાવ્યું.

૧૫. રણસંગ્રામમાંથી દોડતા એ સિપાઈને મેં જોયો હતો.

૧૬. મુસાફર પેલા માર્ગથી ગયો.

૧૭. કંજૂસ માણસની પાસેથી હું ભિક્ષાની આશા રાખતો નથી.

૧૮. આ નદીથી રાજાનો મહેલ (બે) કોશ છે.

૧૯. એ સ્વાદિષ્ટ કેરી મને આપ.

૨૦. આ હરણ વડે શો અપરાધ કરાયો?

૨૧. આ નદીઓનો સંગમ પવિત્ર છે.

૨૨. આ વસ્ત્ર વડે ઢંકાયેલો હું અદૃશ્ય થાઉં છું.

૨૩. આ (બે) કન્યાઓ પણ લગ્નમાં આપવાની છે.

૨૪. માટીથી આ ખાડા પૂરો.

<u>પ્રશ્ન - ૩</u> કયા સર્વનામના રૂપ કેવળ વિલક્ષણ થાય છે?

<u>પ્રશ્ન - ૪</u> **अदस्** અને **इदम्** (ત્રિ.) તથા **अस्मद्** અને **युष्मद्** ના રૂપ આપો.

<u>પ્રશ્ન - ૫</u> **अदस्** ના રૂપ બનાવવાની ટૂંકી રીત સમજાવો.

<u>પ્રશ્ન - ૬</u> દંત્ય વ્યંજન પછી **ल्** આવે તો સંધિ શી થાય?

# પાઠ - ૩૨

## સુભાષિત સંદોહ

નોંધ :- કેટલાક ધાતુ તથા નામ આ પુસ્તકમાં આપેલ નથી એવાઓનો પણ ઉપયોગ આ સુભાષિત સંદોહમાં થયેલ છે. તે નીચે પ્રમાણે છે

૧. **हन्** ગ. ૨, પરસ્મૈ. હણવું - કર્તરિ વર્ત. કા. તૃ. પુ. એ. વ.

૨. **एक** સર્વનામ છે, તેના **सर्व** જેવા રૂપ થાય છે.

૩. **कृ** ગ. ૮ આત્મને. કર્તરિ વર્ત. કૃ. નું પું. પ્ર. એ.વ.

૪. **नौ** શબ્દના રૂપ, સંધિના નિયમો પ્રમાણે પાઠ ૨૫ ને મથાળે આપેલા સામાન્ય પ્રત્યય લગાડવાથી થાય છે.

૫. **सखा** શબ્દના રૂપ અનિયમિત રીતે થાય છે.

**विद्वत्त्वं नृपत्वं च नैव तुल्य कदाचन ।**
**स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते ॥**

**वरमेको गुणी पुत्रो न च मूर्खशतान्यपि ।**
**एकश्चन्द्रस्तमो हन्ति न च तारागणोऽपि च ॥**

**एकेनापि सुवृक्षेण पुष्पितेन सुगन्धिना ।**
**वासितं तद्वनं सर्वं सुपुत्रेण कुलं यथा ॥**

**उत्सवे व्यसने चैव दुर्भिक्षे शत्रुविग्रहे ।**
**राजद्वारे श्मशाने च यस्तिष्ठति स बान्धवः ॥**

**दुर्जनः प्रियवादी च नैतद् विश्वासकारणम् ।**
**मधु तिष्ठति जिह्वाग्रे हृदये तु हलाहलम् ॥**

**दुर्जनः परिहर्तव्यो विद्ययालङ्कृतोपि सन् ।**
**मणिना भूषितः सर्पः किमसौ न भयंकरः ॥**

**कुलीनैः सह संपर्कः पण्डितैः सह मित्रताम् ।**
**ज्ञातिभिश्च समं मेलं कुर्वाणो न विनश्यति ॥**

**यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिषेवते ।**
**ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव च ॥**

पादपानां भयं वातः पद्मानां शिशिरो भयम् ।
पर्वतानां भयं वज्रः साधूनां दुर्जनो भयम् ॥

तस्मात्स्वविषये रक्षा कर्तव्या भूतिमिच्छता ।
यज्ञैर्नावाप्यते स्वर्गो रक्षणात्प्राप्यते यथा ॥
यथा फलानां पक्वानां नान्यत्र पतनाद्भयम् ।
एवं नरस्य जातस्य नान्यत्र मरणाद्भयम् ॥

न भीतो मरणादस्मि केवलं दूषितं यशः ।
विशुद्धस्य हि मे मृत्युः पुत्रजन्मसमः किल ॥
अपापानां कुले जाते मयि पापं न विद्यते ।
यदि संभाव्यते पापमपापेन च किं मया ॥

अर्थमनर्थं भावय नित्यं नास्ति ततः सुखलेशः सत्यम् ।
पुत्रादपि धनभाजां भीतिः सर्वत्रैषा विहिता रीतिः ।
का तव कान्ता कस्ते पुत्रः संसारोऽयमतीव विचित्रः ।
कस्य त्वं वा कुत आयातस्तत्त्वं चिन्तय तदिदं भ्रातः ।
शत्रौ मित्रे पुत्रे बन्धौ मा कुरु यत्नं विग्रहसंधौ ।
भव समचितः सर्वत्र त्वं वाञ्छस्यचिराद्यदि सत्तत्त्वम् ॥

महता पुण्यपुण्येन क्रीतेयं कायनौस्त्वया ।
पारं दुःखोदधेर्गन्तुं तर यावन्न भिद्यते ॥

धैर्यं यस्य पिता क्षमा च जननी शान्तिश्चिरं गेहिनी
सत्यं सूनुरयं दया च भगिनी भ्राता मनःसंयमः ।
शय्या भूमितलं दिशोऽपि वसनं ज्ञानामृतं भोजनमेते
यस्य कुटुम्बिनो वद सखे कस्माद् भयं योगिनः ॥

विपदि धैर्यमथाभ्युदये क्षमा
सदसि वाक्पटुता युधि विक्रमः ।
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ
प्रकृतिसिद्धमिदं हि महात्मनाम् ॥

आलस्यं हि मनुष्याणां शरीरस्थो महारिपुः ।
नास्त्युद्यमसमो बन्धुःकृत्वा च नावसीदति ॥

अस्ति ब्रह्मारण्ये कर्पूरतिलको नाम हस्ती । तमवलोक्य सर्वे शृगालाश्चिन्तयन्ति स्म, यद्ययं केनाप्युपायेन म्रियते तदास्माकमेतद्देहेन मासचतुष्टयस्य भोजनं भविष्यति। तत्रैकेन वृद्धशृगालेन प्रतिज्ञातं, मया बुद्धिप्रभावादस्य मरणं साधयितव्यम् । अनन्तरं स वञ्चकः कर्पूरतिलकसमीपं गत्वा साष्टाङ्गपातं प्रणम्यावदद्देव दृष्टिप्रसादं कुरु । हस्ती ब्रूते, कस्त्वं, कुतः समायातः । सोऽवदज्जम्बूकोऽहं सर्वैर्वनवासिभिः पशुभिर्मिलित्वा भवत्सकाशं प्रस्थापितो, यद्विना राज्ञाऽवस्थातुं न युक्तं तदत्राटवीराज्येऽभिषेक्तुं भवान्सर्वस्वामिगुणोपेतो निरूपितस्तद्यथा लग्नवेला न विचलति तथा कृत्वा सत्वरमागम्यतां देवेन । इत्युक्त्वोत्थाय चलितः । ततोऽसौ राज्यलोभाकृष्टः कर्पूरतिलकः शृगालवर्त्मना धावन् महापङ्के निमग्नः । ततस्तेन हस्तिनोक्तं, सखे शृगाल, किमधुना विधेयं, पङ्के निपतितोऽहं म्रिये, परावृत्य पश्य । शृगालेन विहस्योक्तं, देव मम पुच्छकावलम्बनं कृत्वोत्तिष्ठ । यन्मद्वचसि त्वया प्रत्ययः कृतस्तदनुभूयतामशरणं दुःखम् ।

---

क्रोधो मूलमनर्थानाम् । - ક્રોધ અનર્થોની જડ છે.

संसर्गजा दोषगुणा भवन्ति । - દોષ અને ગુણ સંગતિથી થાય છે.

विनाशकाले विपरीतबुद्धिः । - વિનાશ સમયે બુદ્ધિ ફરી જાય છે.

विभूषणं मौनमपण्डितानाम् । - મૌન મૂર્ખાઓનું ભૂષણ છે.

विद्याया न परमं चक्षुः । - વિદ્યાથી મોટી આંખ નથી.

# સંસ્કૃત ગુજરાતી શબ્દકોશ

## अ

**अकाल** - ( **अ** + **काल** ) પું. અયોગ્ય વખત

**अक्षमा** - સ્ત્રી. અદેખાઇ, હરીફાઇ

**अक्षर** - વિશે. બદલાય નહિ એવું, અવિકારી, સ્થિર, નિત્ય, પું. પરમાત્મા

**अखिल** - વિશે.બધું, સઘળું

***अगद*** - ઓસડ

**अग्नि** - પું. અગ્નિ, દેવતા

**अग्र** - ન. અગ્ર, ટોચ

**अङ्ग्ल ( आङ्ग्ल )** - પું. અંગ્રેજ

**अङ्ग्ल ( आङ्ग्ल ) भूमि** - સ્ત્રી. ઇંગ્લાંડ

**अचिरात्** - (અવ્યય) જલદી

**अज** - પું. બકરો

**अज्ञान** - ન. અજ્ઞાન

**अट्** - ગ. ૧ પરસ્મૈ. આંટો મારવો, ભટકવું, ભમવું

**अटवी** - સ્ત્રી. જંગલ, વન

**अतः** - (અવ્યય) આથી, તેથી

**अतिथि** - પું. પરોણો

**अतीव** - (અવ્યય) અત્યંત

**अत्यय** - પું. નાશ, જવું એ

**अत्र** - (અવ્યય) અહીં

**अथवा** - (અવ્યય)અથવા, કે, કિંવા

**अद्** - ગ. ૨ પરસ્મૈ. ખાવું

**अद्य** - (અવ્યય) આજ

**अधमर्ण** - પું. કરજદાર, દેવાદાર

**अधर्म** - પું. અધર્મ, પાપ

**अधिपति** - પું. અધિપતિ, ઉપરી

**अधुना** - (અવ્યય) હમણાં

**अध्ययन** - ન. અધ્યયન, અભ્યાસ

**अध्यूषिवस्** - વિશે. વસેલું, રહેલું

**अध्रुव** - વિશે. અનિશ્ચિત

**अध्वखेद** - (**अध्वन्** - પું. રસ્તો + **खेद** - પું. થાક) મુસાફરીનો થાક

**अनन्तरम्** - (અવ્યય) પછી

**अनर्थ** - પું. અનર્થ, અનિષ્ટ

**अनल** - પું. અગ્નિ

**अनिष्ट** - ન. સંકટ, અનિષ્ટ, દુઃખ

**अनुजीविन्** - વિશે. ચાકરી કરનાર, ચાકર, સેવક, આશ્રિત

**अनुज्ञा** - સ્ત્રી. પરવાનગી, રજા

**अनुरञ्जन** - ન. મનોરંજન, પ્રસન્નતા

**अनुराग** - પું. પ્રીતિ

**अनुष्ठान** - ન. કરવું એ, કૃત્ય, કાર્ય

**अनृत** - ન.અસત્ય, જૂઠું, વિશે. અસત્ય, જૂઠું

**अनेकशस्** - (અવ્યય) વારંવાર

**अन्तःकरण** - ન. અંતઃકરણ

**अन्तःपुर** - ન. જનાનખાનું

**अन्तरात्मन्** - પું. અંદરનોજીવ, આત્મા

**अन्न** - ન. અન્ન

**अन्यत्र** - (અવ્યય) અન્ય-બીજે ઠેકાણે

**अपण्डित** - પું. પંડિત નહિ તે, મૂર્ખ

**अपराध** - પું. અપરાધ, વાંક, ગુનો

**अपराधलव** - પું. થોડો અપરાધ
**अपराधिन्** - વિશે. અપરાધી, ગુનેગાર
**अपाय** - પું. અપાય, નુકશાન, હરકત
**अपि** - (અવ્યય) વળી, પણ
**अप्रिय** - વિશે. અપ્રિય
**अभिधान** - ન. નામ
**अभिभूत** - (**अभि+भू** નું ભૂ. કૃ.) હરાયેલું, જિતાયેલું.
**अभिरुचि** - સ્ત્રી. રુચિ, ઇચ્છા
**अभिलाष** - પું. ચાહના, ઇચ્છા
**अभिषेक** - પું.અભિષેક
**अभिषेक्तुम्** - ( **अभि+सिच्**નું હે. કૃ.) અભિષેક કરવાને, રાજા બનાવવાને
**अभूमि** - સ્ત્રી. અવિષય, અગોચર
**अभ्युदय** - પું. ઉદય, ચડતી
**अमरावती** - સ્ત્રી. ઇંદ્રની રાજધાની
**अमात्य** - પું. પ્રધાન
**अम्बर** - ન. આકાશ
**अयोध्या** - સ્ત્રી. અયોધ્યા
**अरण्य** - ન. અરણ્ય, જંગલ
**अरि** - પું. શત્રુ
**अरुन्धती** - સ્ત્રી. વસિષ્ઠ ઋષિની સ્ત્રી
**अर्घ्य** - પૂજાનો સામાન
**अर्चन** - ન. પૂજા, અર્ચા
**अर्जुन** - પું. અર્જુન
**अर्थ्** - ગ. ૧૦ આત્મને.(**प्र** અથવા **अभि** ઉપસર્ગ સાથે) પ્રાર્થના કરવી, વીનવવું.
**अर्थ** - પું. પૈસો, ધન, વસ્તુ, બનાવ
**अर्ह्** - ગ.૧ પરસ્મૈ. લાયક થવું
**अलङ्कार** - પું. અલંકાર, ઘરેણું
**अलङ्घनीय** - વિશે. ન ઓળંગાય એવું
**अलम्** - (અવ્યય) પૂરતું, બસ (તૃતીયા વિભક્તિ સાથે વપરાય છે)
**अलि** - પું. ભમરો
**अल्प** - વિશે. અલ્પ, નાનું
**अव्** - ગ.૧ પરસ્મૈ. રક્ષવું
**अवकाश** - પું. અવકાશ, જગ્યા
**अवचय** - પું.જથ્થો, એકઠું કરવું
**अवतरत्** - ( **अव+तॄ** ગ. ૧ પરસ્મૈ. નું વ. કૃ.) ઊતરતું
**अवदात** - વિશે. સ્વચ્છ, ઉચ્ચ
**अवधीरणा** - સ્ત્રી.અવજ્ઞા
**अवन्ती** - સ્ત્રી. ઉજ્જયિની
**अवलोक्य** - (**अव+लोक्** નું સંબંધક ભૂ. કૃ.) અવલોકન કરીને, જોઇને
**अवस्तु** - ન. વસ્તુ નહિ તે, મિથ્યા પદાર્થ
**अवस्त्वारोप** - મિથ્યાપદાર્થની કલ્પના
**अविचलित** - ( **अ+विचलित, वि+चल्** નું ભૂતકૃદંત) સ્થિર, હાલેચાલે નહિ એવું
**अविश्वास्य** - વિશે. વિશ્વાસ મૂકવાને નાલાયક, અણભરોસાદાર
**अशरण** - વિશે. જેનું શરણ (રક્ષણ કરનાર) નથી તે, અનાથ
**अश्मन्** - પું. પથ્થર
**अश्रु** - ન. અશ્રુ, આંસુ
**अश्व** - પું. અશ્વ ઘોડો
**अश्वपति** - પું. વિશેષ નામ
**अस्** - ગ.૨ પરસ્મૈ. હોવું
**अस्** - ગ.૪ પરસ્મૈ. ફેંકવું,

**निर् + अस् ( निरस् )** - વિખેરવું,
**प्र + अस् ( प्रास् )** - ફેંકવું
**असंख्येय** - વિશે. અસંખ્ય, અગણિત
**असत्य** - ન. અસત્ય, જૂઠું
**असारता** - સ્ત્રી. નિરુપયોગિતા
**असि** - પું. તલવાર
**असुर** - પું. અસુર, દૈત્ય
**अस्त्र** - ન. ચમત્કારી હથિયાર
**अहित** - ન. હિત નહિ તે, નુકશાન, ઈજા

## आ

**आकाश** - પું. ન. આકાશ
**आङ्ग्लभौम** - પું.અંગ્રેજ
**आचार** - પું. આચાર, ચાલ, યોગ્ય વર્તણુંક
**आचार्य** - પું.આચાર્ય, ગુરુ
**आज्ञा** - સ્ત્રી. આજ્ઞા, હુકમ
**आतप** - પું. તડકો
**आत्मज** - પું. દીકરો
**आत्मजा** - સ્ત્રી. દીકરી
**आत्मन्** - પું. આત્મા, પોતે
**आत्मीय** - વિશે. પોતાનું
**आदर** - પું. આદર, સત્કાર
**आदेश** - પું. હુકમ
**आध्यात्मिक** - વિશે. આધ્યાત્મિક
**आध्यान** - ન. ધ્યાન
**आप्** - મેળવવું, (**प्र** કે **अव** ઉપસર્ગ સાથે) મેળવવું, પામવું, ( **वि** ઉપસર્ગ સાથે) વ્યાપવું
**आपद्** - સ્ત્રી. આપત્તિ, આફત
**आम्र** - ન. કેરી
**आयास** - પું. પ્રયત્ન, શ્રમ
**आयुष्मत्** - વિશે. લાંબી આવરદાવાળું
**आरम्भ** - પું. આરંભ, શરૂઆત
**आराधना** - ન. આરાધના, મહેરબાની મેળવવી એ
**आरोप** - પું. આરોપ
**आरोपण** - ન. રોપવું, વાવવું એ
**आर्य** - પું. આર્ય, આબરૂદાર માણસ
**आर्या** - સ્ત્રી. શાણી સ્ત્રી
**आवरण** - ન. આચ્છાદન, અંતરાય, ઢાંકવું એ
**आशा** - સ્ત્રી. આશા
**आशीर्वाद** - પું. આશીર્વાદ
**आश्रम** - પું. આશ્રમ, મઠ
**आसन** - ન. આસન
**आह्लादक** - વિશે. ખુશકારક

## इ

**इच्छा** - સ્ત્રી. ઈચ્છા
**इति** - (અવ્યય) ઇતિ, એમ
**इत्थम्** - (અવ્યય) એવી રીતે
**इन्दु** - પું. ચંદ્ર
**इन्द्र** - પું. ઈંદ્ર
**इन्द्राणी** - સ્ત્રી. ઈંદ્રની સ્ત્રી
**इन्धन** - ન. બળતણ
**इव** - (અવ્યય) પેઠે, જાણે
**इष् ( इच्छ् )** - ગ.૬ પરસ્મૈ. ઈચ્છવું
**इष्** - ગ. ૪ પરસ્મૈ. (**अनु** ઉપ. સાથે)

શોધવું
**इषु** - પું. તીર
**इष्ट** - (**इष्** નું ભૂ. કૃ.) ઈષ્ટ, ઇચ્છેલું
**इह** - (અવ્યય) અહીં

## ई

**ईक्ष्** - ગ.૧ આત્મને. જોવું,
**अप** + **ईक्ष्** - આશા રાખવી,
**प्र** + **ईक्ष्** - પેખવું,
**परि** + **ईक्ष्** - પરીક્ષા લેવી, તપાસવું,
**उप** + **ईक्ष्** - ઉપેખવું,બેદરકાર રહેવું
**ईश्वर** - પું. ઈશ્વર, પરમેશ્વર

## उ

**उक्त** - (**वच्** નું ભૂ. કૃ.) કહેલું, બોલેલું
**उचित** - વિશે. ઉચિત, યોગ્ય
**उच्चैस्** - (અવ્યય) ઊંચેથી
**उज्जयिनी** - સ્ત્રી. એક નગરીનું નામ, ઉજ્જેન
**उज्ज्वलम्** - (અવ્યય) ચળકાટથી, પ્રકાશિત રીતે
**उञ्छ्** - ગ. ૬ પરસ્મૈ. વીણવું
**उटज** - પું. ઝૂંપડું
**उत** - (અવ્યય) કે, અથવા
**उत्कण्ठा** - સ્ત્રી. ઉત્કંઠા, ઇચ્છા
**उत्खात** - (**उद्** + **खन्** નું કર્મ. ભૂ. કૃ.) ખોદેલું
**उत्थाय** - (**उद्** + **स्था** નું સંબંધક ભૂ. કૃ.) ઊઠીને
**उत्सङ्गवर्तिन्** - વિશે. (**उत्सङ्ग** - પું. ખોળો) ખોળામાં બેઠેલું
**उत्सव** - પું. ઓચ્છવ
**उत्साह** - પું. ઉત્સાહ
**उदक** - ન. ઉદક, પાણી
**उदधि** - પું. સમુદ્ર, દરિયો
**उद्गम** - પું. ઉદ્‌ભવવું એ, દેખાવ
**उद्धत** - ( **उद्** + **हन्** નું કર્મણિ ભૂત - કૃદંત) ઉદ્ધત, ગર્વિષ્ઠ, તોછડો
**उद्भव** - પું. ઉદ્‌ભવ, જન્મ
**उद्यत** - ( **उद्** + **यम्** નું કર્મણિ ભૂ. કૃ.) તૈયાર, તત્પર
**उद्यमसम** - વિશે. (**सम** - વિશે. જેવું) ઉદ્યમ જેવું
**उद्यान** - ન. વાડી
**उद्योग** - પું. ઉદ્યોગ
**उपकार** - પું. ઉપકાર
**उपदेश** - પું. ઉપદેશ
**उपवन** - ન. બાગ, વાડી
**उपहार** - પું. ભેટ
**उपानह्** - સ્ત્રી. જોડો, ખાસડું
**उपाय** - પું. ઉપાય
**उपालम्भ** - પું. ઠપકો
**उर्वशी** - સ્ત્રી. વિશેષ નામ

## ऋ

**ऋजुता** - સ્ત્રી. પ્રામાણિકપણું
**ऋतुपर्ण** - પું. વિશેષનામ, એક રાજા
**ऋत्विज्** - પું. યજ્ઞ કરનારો
**ऋध्** - ગ. ૪ પરસ્મૈ. ( **सम्** + **ऋध्** ) આબાદ થવું

**ऋषि** - પું. ઋષિ
**ऋष्यशृङ्ग** - પું. રામનો બનેવી

### ए

**एक** - સર્વ. એક
**एतादृश** - વિશે. આ જાતનું, આવું
**एलापुर** - ન. શહેરનું નામ, વેરુળ
**एव** - (અવ્યય) નક્કી, જ
**एवम्** - (અવ્યય) એ પ્રમાણે

### ओ

**ओदन** - પું. ભાત

### औ

**औषध** - ન. ઔષધ, ઓસડ

### क

**कञ्चुकिन्** - પું. કંચુકી, અંતઃપુરનો વડો અધિકારી
**कट** - પું. સાદડી
**कण्टक** - પું. કાંટો
**कण्ठ** - પું. કંઠ, ગળું
**कत्थ्** - ગ. ૧ આત્મને. વખાણવું, ખુશામત કરવી
**कथ्** - ગ. ૧૦ કથન કરવું, કહેવું
**कथम्** - (અવ્યય) કેમ, શી રીતે
**कथा** - સ્ત્રી. કથા, વાત
**कदर्य** - પું. કંજુસ માણસ
**कदा** - (અવ્યય) ક્યારે
**कनीयस्** - વિશે. વધારે નાનું, નાનું
**कन्या** - સ્ત્રી. કન્યા, કુમારિકા
**कपट** - ન. કપટ
**कपि** - પું. વાંદરો
**कपिल** - પું. એક ઋષિનું નામ
**कपोल** - પું. ગાલ
**कबरी** - સ્ત્રી. અંબોડો, વેણી
**कम्प्** - ગ.૧ આત્મને. કંપવું, હાલવું
**कमल** - ન. કમળનું ફુલ
**कर** - પું. હાથ
**करभक** - પું. હાથીનું બચ્ચું
**कर्ण** - પું. કાન, કર્ણ રાજા
**कर्तव्य** - ન. કર્તવ્ય
**कर्तृ** - વિશે. કર્તા, કરનાર
**कर्पूरतिलक** - પું. વિશેષ નામ
**कर्पूरतिलकसमीपम्** - કર્પૂરતિલકની પાસે
**कर्मन्** - ન. કર્મ, કામ
**कलङ्क** - પું. કલંક, ડાઘ
**कलह** - પું. કલહ, કજીયો, કંકાસ
**कला** - સ્ત્રી. કળા
**कलि** - પું. કળિ, ટંટો
**कल्याण** - ન. કલ્યાણ
**कवि** - પું. કવિ
**कवीश** - પું. (**कवि** + **ईश** - પું. રાજા) કવિરાજ
**काञ्चन** - ન. સોનું
**कान्ता** - સ્ત્રી. વહાલી, વહુ
**कान्ति** - સ્ત્રી. કાંતિ, શોભા
**काम** - પું. ઈચ્છા
**कारण** - ન. કારણ
**कारागृह** - ન. કારાગૃહ, કેદખાનું, જેલ

**कारुणिक** - વિશે. કરુણાયુક્ત, દયાળુ
**कारुण्य** - ન. કરુણા,દયા
**कार्तिक** - પું. કાર્તિક મહિનો
**कार्य** - ન. કાર્ય, કામ
**काल** - પું. કાળ, વખત
**काश्** - ગ. ૧ આત્મને. (**प्र** ઉપ. સાથે) પ્રકાશવું, ચળકવું
**काष्ठ** - ન. કાષ્ઠ, લાકડું
**कासार** - પું. તળાવ
**किङ्कर** - પું. ચાકર
**किन्तु** - (અવ્યય) પરન્તુ, પણ
**किरि** - પું. ભૂંડ
**किल** - (અવ્યય) ખરેખર
**कीचक** - પું. વિરાટ રાજાનો સેનાપતિ
**कीर्ति** - સ્ત્રી. કીર્તિ
**कुटुम्बिन्** - પું. કુટુંબનું માણસ
**कुण्ठित** - (**कुण्ठ्** નું ભૂ.કૃ.) અટકાયેલું, રોકાયેલું
**कुतः** - (અવ્યય) ક્યાંથી
**कुत्र** - (અવ્યય) ક્યાં
**कुप्** - ગ. ૪ પરસ્મૈ. કોપ કરવો, ગુસ્સે થવું
**कुमारी** - સ્ત્રી. કુંવારી, કુમારીકા
**कुम्भकार** - પું. કુંભાર
**कुरु** - પું. (બ.વ.) એક દેશનું નામ
**कुर्वत्** - (**कृ** નું પરસ્મૈ. વ.કૃ.) કરતું
**कुर्वाण** - (**कृ** નું આત્મને. વ.કૃ.) કરતું
**कुलीन** - વિશે. કુળવાન
**कुश** - પું. રામના પુત્રનું નામ
**कुशलिन्** - વિશે. કુશળ, સુખી
**कुस्** - ગ. ૪ પરસ્મૈ. ભેટવું
**कुसुम** - ન. ફૂલ
**कूप** - પું. કૂવો
**कूर्म** - પું. કાચબો
**कृ** - કરવું,
**अधि + कृ** - અધિકાર આપવો, ઠરાવવું,
**अलम् + कृ** - અલંકૃત કરવું, શણગારવું,
**आविस् + कृ ( आविष्कृ )** - દેખાડવું, બતાવવું
**कृत** - (**कृ** નું ભૂ.કૃ.) કરાયેલું
**कृतज्ञता** - સ્ત્રી. કૃતજ્ઞતા
**कृति** - સ્ત્રી. કૃત્ય, કામ
**कृते** - (અવ્યય) માટે, સારુ, વાસ્તે
**कृपा** - સ્ત્રી. કૃપા, મહેરબાની
**कृष्** - ગ.૧ પરસ્મૈ. અથવા ગ. ૬ ઉભય. આકર્ષણ કરવું, ખેડવું
**कृषीवल** - પું. ખેડૂત
**कृष्ण** - પું. કૃષ્ણ
**क्लृप्** - ગ. ૧ આત્મને. સમર્થ થવું
**केवल** - વિશે. કેવળ
**केवलम्** - (અવ્યય) કેવળ, માત્ર
**कैकेयी** - સ્ત્રી. દશરથ રાજાની એક રાણીનું નામ
**कोश** - પું. ભંડાર
**कौमुदी** - સ્ત્રી. ચાંદની
**कौशल** - ન. કુશળતા, હોંશિયારી, પ્રવીણતા
**कौशाम्बी** - સ્ત્રી. એક શહેર

**कौशिक** - પું. કુશિક નો વંશજ
**क्रमेण** - (**क्रम** શબ્દની તૃતીયાનું એકવચન) ધીમે ધીમે, આસ્તે
**क्रीड्** - ગ. ૪ પરસ્મૈ. ક્રીડા કરવી, ખેલવું, રમવું
**क्रीडा** - સ્ત્રી. ક્રીડા, રમત
**क्रीत** - (**क्री** નું ભૂ.કૃ.) વકરાથી લીધેલું, ખરીદેલું
**क्रुध्** - ગ.૪ પરસ્મૈ. ક્રોધ કરવો, ગુસ્સે થવું
**क्रोध** - પું. ક્રોધ
**क्रोश** - પું. કોશ, ગાઉ
**क्लेश** - પું. ક્લેશ, દુઃખ
**क्व** - (અવ્યય) ક્યાં
**क्षम्** - ગ.૧ આત્મને. ક્ષમા કરવી, માફ કરવું, ખમવું
**क्षम् ( क्षाम् )** - ગ. ૪ પરસ્મૈ. ક્ષમા કરવી, માફ કરવું
**क्षमा** - સ્ત્રી. ક્ષમા, માફી
**क्षयिन्** - વિશે. ક્ષય પામવું, ઓછું થતું
**क्षल् ( क्षाल् )** - ગ. ૧૦ ધોવું,
**प्र + क्षल्** - પખાળવું, ધોવું
**क्षि ( क्षय् )** - ગ. ૧ પરસ્મૈ. ક્ષય થવો, ઘસાઈ જવું
**क्षिप्** - ગ.૬ ઉભય. ફેંકવું
**क्षुद्र** - વિશે. ક્ષુદ્ર, તુચ્છ, હલકું
**क्षुभ्** - ગ. ૪ પરસ્મૈ. ખળભળવું, ગભરાવું
**क्षुधित** - વિશે. ક્ષુધિત, ભૂખ્યો
**क्षेत्र** - ન. ક્ષેત્ર, ખેતર
**क्षेत्रगामिन्** - વિશે. તીર્થ ભણી જતું

## ख

**खञ्ज** - પું. લંગડો, વિશે. લંગડું
**खड्ग** - પું. ખડગ, તલવાર
**खन्** - ગ. ૧ ઉભય. ખણવું, ખોદવું,
**उद् + खन्** - ખોદવું
**खनित्र** - ન. કોદાળો
**खल** - પું. લુચ્ચો

## ग

**गङ्गा** - સ્ત્રી. ગંગા નદી
**गच्छत्** - (**गम्** ગ.૧ પરસ્મૈ. નું વ.કૃ.) જતું
**गज** - પું. હાથી
**गण्** - ગ. ૧૦ ગણવું, ધારવું, ગણકારવું
**गत** - (**गम्** નું ભૂ.કૃ.) ગયેલું
**गति** - સ્ત્રી. ગતિ
**गन्तृ** - વિશે. ગમન કરનાર, જનાર
**गन्धर्व** - પું. ગંધર્વ, સ્વર્ગમાં રહેનારા દેવોની એક જાત
**गम् [ गच्छ् ]** - ગ.૧ પરસ્મૈ. ગમન કરવું, જવું,
**अधि + गम्** - મેળવવું,
**अनु + गम्** - અનુસરવું, પાછળ જવું,
**अव + गम्** - જાણવું,
**निर् + गम्** - નીકળવું,
**शरणम्** કે **वशम् + गम्** - શરણે જવું, તાબે થવું,

**सम् + गम्** - આત્મને. એકઠા થવું, મળવું,
**प्रति + आ + गम्** - પાછા આવવું.
**गमन** - ન. ગમન, જવું એ
**गर्ता** - સ્ત્રી. ખાડો
**गर्ह्य** - વિશે. નિંદવા લાયક
**गल्** - ગ. ૧ પરસ્મૈ. ગળવું, ટપકવું
**गल्भ्** - ગ. ૧ આત્મને.(**प्र** સાથે) બડાઈ મારવી
**गात्र** - ન. અવયવ
**गान** - ન. ગાયન
**गाह्** - ગ.૧ આત્મને. (**अव** સાથે) નાહવું
**गायक** - પું. ગાયક, ગવૈયો
**गिरि** - પું. ગિરિ, પર્વત
**गीत** - ન. ગીત
**गुण** - પું. ગુણ
**गुणज्ञ** - વિશે. (**गुण**- ગુણ+**ज्ञा**- જાણવું) ગુણ જાણનાર
**गुणवत्** - વિશે. ગુણવાન
**गुणिन्** - વિશે. ગુણવાન
**गुरु** - વિશે. ગુરુ, લાંબું
**गुरु** - પું. ગુરુ, આચાર્ય, પૂજ્ય માણસ
**गृध्रराज** - પું. ગીધ પક્ષીઓનો રાજા, જટાયુ, જે દશરથનો મિત્ર થાય
**गृह** - ન. ઘર
**गेहिनी** - સ્ત્રી. વહુ
**गै** - ગ. ૧ પરસ્મૈ. ગાવું
**गोत्र** - ન. ગોત્ર, કુળ
**गोदावरी** - સ્ત્રી. ગોદાવરી નદી
**गोप** - પું. ગોપ, ગોવાળ
**गोष्ठ** - પું. ન. ગાયની ગમાણ
**ग्रथन** - ન. ગૂંથવું એ
**ग्रन्थ** - પું. ગ્રંથ, પુસ્તક
**ग्रहण** - ન. ગ્રહણ કરવું એ, પકડવું એ
**ग्राम** - પું. ગામ
**ग्रीष्म** - પું. ગ્રીષ્મ ઋતુ, ઉનાળો

## घ

**घट** - પું. ઘડો
**घुष्** - ગ. ૧૦ જાહેર કરવું
**घृत** - ન. ઘી

## च

**च** - (અવ્યય) અને
**चकोर** - પું. ચકોર પક્ષી
**चक्र** - ન. ચક્ર, પૈડું
**चक्षुस्** - ન. ચક્ષુ, આંખ
**चञ्चल** - વિશે. ચંચળ, ચપળ
**चण्ड** - વિશે. પ્રચંડ, ઉગ્ર
**चन्द्र** - પું. ચંદ્ર
**चन्द्रापीड** - પું. એક રાજપુત્રનું નામ
**चर्** - ગ. ૧ પરસ્મૈ. ચાલવું,
**आ + चर्** - આચરણ કરવું
**चरित** - ન. ચરિત્ર, આચરણ
**चर्मन्** - ન. ચામડું
**चल्** - ગ. ૧ પરસ્મૈ. ચાલવું, વળવું
**चातुर्य** - ન. ચતુરાઈ
**चाप** - પું. કામઠું
**चारु** - વિશે. સુંદર

**चित्त** - न. ચિત્ત
**चित्रकुट** - પું. એક પહાડનું નામ
**चिन्त्** - ગ. ૧૦ ચિંતન કરવું, વિચારવું
**चिन्ता** - સ્ત્રી. ચિંતા, ફિકર
**चिन्तित** - (**चिन्त्** નું ભૂ.કૃ.), ચિંતન કરેલું, વિચારેલું
**चिर** - વિશે. ચિરકાળનું, લાંબા વખતનું
**चिरम्** - (અવ્યય) ચિરકાળ, લાંબા વખત સુધી
**चिह्न** - ન. ચિહ્ન
**चुर्( चोर्)** - ગ. ૧૦ ચોરવું
**चोदयत्** - (**चुद्** ગ. ૧૦ નું વર્તમાન કૃદંત) પ્રેરતું, હાંકતું
**चोर** - પું.ચોર
**चौर्य** - ન. ચોરી

**छ**

**छन्दस्** - ન. છંદ, વેદ
**छन्न** - (**छद्** નું કર્મણિ ભૂતકૃદંત) ઢાંકેલું, સંતાડેલું
**छात्र** - પું. વિદ્યાર્થી, શિષ્ય
**छाया** - સ્ત્રી. છાયા
**छिद्** - (કર્મણિ પ્રયોગમાં) કપાવું

**ज**

**जगत्** - ન. જગત
**जगत्कर्तृ** - પું. જગતનો રચનાર, પરમેશ્વર
**जन्[ जा ]** - ગ. ૪ આત્મને. જનમવું, ઉત્પન્ન થવું.
**जन** - પું. માણસ, લોક
**जनक** - પું. બાપ, સીતાનો બાપ
**जननी** - સ્ત્રી. મા
**जम्बुक** - પું. શિયાળ
**जयत्** - (**जि** ગ.૧ પરસ્મૈ. નું વ. કૃ.) જીતતું, વિજયી
**जयन्त** - પું. ઈંદ્રનો પુત્ર
**जरठ** - પું. ઘરડો માણસ
**जरा** - સ્ત્રી. ઘડપણ
**जल** - ન. જળ, પાણી
**जल्प्** - ગ. ૧ પરસ્મૈ. બડબડવું
**जव** - પું. ઉતાવળ, ત્વરા
**जाड्य** - ન. આળસ, સુસ્તી
**जात** - (**जन्** નું ભૂ.કૃ.) જન્મેલું
**जाति** - સ્ત્રી. જાતિ
**जामातृ** - પું. જમાઈ
**जायापती** - પું. (દ્વિ. વ.) વરવહુ
**जाल** - ન. જાળ, પાશ
**जाल्म** - લુચ્ચો, ઠગ
**जि** - ગ. ૧ પરસ્મૈ. જય પામવો, જીતવું,
**वि + जि** - આત્મને. વિજય પામવો, જીતવું
**जिह्वा** - સ્ત્રી. જીભ
**जिह्वाग्र** - ન. (**जिह्वा** - સ્ત્રી. જીભ + **अग्र**- ન. ટોચ) જીભનું ટેરવું
**जीर्ण** - (**जॄ** નું ભૂ.કૃ.) જીર્ણ
**जीव्** - ગ.૧ પરસ્મૈ. જીવવું
**जीव** - પું. જીવ
**जीविका** - સ્ત્રી. આજીવિકા

**जीवित** - ન. જીવિત, જિંદગી
**जेतृ** - વિશે. જીતનાર
**ज्यायस्** - વિશે. વધારે મોટું
**ज्योत्स्ना** - સ્ત્રી. ચાંદની
**ज्ञा** - જ્ઞાન થવું, જાણવું
**ज्ञाति** - સ્ત્રી. સગું
**ज्ञान** - ન. જ્ઞાન
**ज्ञानामृत** - ન. (**ज्ञान** - ન. જ્ઞાન + **अमृत** - ન. અમૃત) જ્ઞાનરૂપી અમૃત

**ड**

**डिम्भ** - પું. બાળક
**डी** - ગ.૧ આત્મ ને. ઊડવું

**त**

**तड् ( ताड् )** - ગ. ૧૦ તાડન કરવું, મારવું
**तडाग** - પું. તળાવ
**तण्डुल** - પું. ચોખા
**ततः** - (અવ્યય) તેથી, પછી
**तत्त्व** - ન. તત્ત્વ
**तत्र** - (અવ્યય) ત્યાં
**तथा** - (અવ્યય) તે પ્રમાણે
**तदा** - (અવ્યય) ત્યારે
**तनय** - પું. તનય, દીકરો
**तनु** - વિશે. નાનું, થોડું
**तन्त्र्** - ગ.૧૦ આત્મને. સંભાળવું, રક્ષણ કરવું
**तप्** - ગ.૧ પરસ્મૈ. તપવું
**तपस्** - ન. તપ
**तमस्** - ન. તમ, અંધારું
**तमिस्रा** - સ્ત્રી. રાત
**तरु** - પુ. ઝાડ
**तस्थिवस्** - વિશે. ઊભેલું
**ताडन** - ન. મારવું એ
**तारक** - ન. તારો
**तारागण** - પું. (**तारा** - સ્ત્રી. તારો + **गण** - પું. જથ્થો) તારાનો જથ્થો
**तालु** - ન. તાળવું
**तिल** - પું. તલ
**तीर** - ન. તીર, તટ, કાંઠો
**तु** - (અવ્યય) પરંતુ, પણ, તોપણ (વાક્યની શરૂઆતમાં વપરાતો નથી)
**तुद्** - ગ. ૬ ઉભય. કનડવું, દુઃખ દેવું
**तुल् ( तोल् )** - ગ. ૧૦ તોળવું
**तुल्य** - વિશે. તુલ્ય, સરખું
**तुष्** - ગ. ૪ પરસ્મૈ. સંતોષ પામવો, ધરાવું
**तूल** - પું. કપાસ, રૂ
**तूष्णीम्** - (અવ્યય) મૂંગાં, શાંતતાથી
**तृण** - ન. તરણું, તણખલું
**तृषित** - વિશે. તરસ્યું
**तृष्णा** - સ્ત્રી. તૃષ્ણા, તરસ, ઈચ્છા, લોભ
**तॄ** - ગ. ૧ પરસ્મૈ. તરવું, ઓળંગવું,
**अव** + **तॄ** - ઊતરવું
**तेजस्** - ન. તેજ
**त्यज्** - ગ.૧ પરસ્મૈ. તજવું
**त्याग** - પું. ત્યાગ
**त्वर्** - ગ. ૧ આત્મને. ઉતાવળ કરવી,

અધીરા થવું
**त्वष्टृ** - પું. વિશ્વકર્મા, દેવોનો શિલ્પી

## द

**दक्ष** - વિશે. ઉદ્યોગી, ખંતીલું, મહેનતુ
**दक्षिणा** - સ્ત્રી. દક્ષિણા
**दण्ड्** - ગ.૧૦ દંડવું, સજા કરવી
**दण्ड** - પું. લાકડી, શિક્ષા
**दण्डका** - સ્ત્રી. એ નામનું વિંધ્યાચળ ઉપરનું જંગલ
**दरिद्र** - વિશે. દરિદ્રી, ગરીબ
**दर्शन** - ન. દર્શન, દેખાવ
**दर्शनीय** - વિશે. દર્શન કરવા યોગ્ય, ખુબસૂરત
**दशरथ** - પું. સૂર્યવંશી રાજા, રામનો બાપ
**दह्** - ગ. ૧ પરસ્મૈ. દાહ કરવો, બાળવું
**दा** - (કર્મણિરૂપ **दी**) દાન કરવું, આપવું
**दा [ यच्छ् ]** - ગ. ૧ પરસ્મૈ. દાન કરવું, આપવું,
**प्र + दा** - આપવું, દાન કરવું,
**प्रति + दा** - બદલે આપવું
**दातृ** - વિશે. દાતા, દાતાર, આપનાર
**दारिद्र्य** - ન. દળદર, ગરીબપણું
**दारुण** - વિશે. ભયંકર, ઘોર
**दासजन** - પું. (**दास** - પું. દાસ + **जन** - પું. માણસ) દાસ, ચાકર માણસ
**दासी** - સ્ત્રી. દાસી
**दिन** - ન. દિવસ
**दिवा** - (અવ્યય) દિવસે
**दिवौकस्** - પું. દેવ
**दिश्** - સ્ત્રી. દિશા
**दिश्** - ગ. ૬ ઉભય. દેખાડવું, બતાવવું,
**आ + दिश्** - ફરમાવવું,
**उप + दिश्** - ઉપદેશ કરવો, સમજાવવું, શિખવવું,
**निर् + दिश्** - બતાવવું, દેખાડવું
**दीन** - વિશે. ગરીબ, દીન
**दीप** - પું. દીવો
**दीर्घ** - વિશે. દીર્ઘ, લાંબું
**दुःख** - ન. દુઃખ
**दुःखित** - વિશે. દુઃખી
**दुःखोदधि** - પું. (**दुःख** - ન. દુઃખ + **उदधि** - પું. સમુદ્ર) દુઃખનો દરિયો
**दुराचार** - પું. દુષ્ટ આચાર, ખરાબ ચાલ
**दुराप** - વિશે. દુર્લભ, મુશ્કેલીથી મળી શકે એવું
**दुर्ग** - ન. સંકટ, કિલ્લો
**दुर्गा** - સ્ત્રી. દુર્ગા, દેવીનું નામ
**दुर्जन** - દુર્જન, ખરાબ માણસ
**दुर्दशा** - સ્ત્રી. અવદશા, માઠી હાલત
**दुर्भिक्ष** - ન. દુકાળ
**दुर्वासस्** - પું. દુર્વાસા ઋષિ
**दुष्कृत** - ન. દુષ્કૃત, દુષ્ટ કામ
**दुष्कृति** - સ્ત્રી. ખરાબ કામ
**दुष्ट** - (**दुष्** ગ. ૪ પરસ્મૈ. નું ભૂ.કૃ.) દુષ્ટ
**दुहितृ** - સ્ત્રી. દીકરી
**दूत** - પું. દૂત, જાસૂસ

**दूर** - વિશે. દૂર
**दूरम्** - (અવ્યય) દૂર
**दूषित** - (**दुष्** પ્રેરકનું ભૂ.કૃ.) દોષવાળું, અપવિત્ર કરાયેલું
**दृढम्** - (અવ્યય) દઢ, મજબૂત રીતે
**दृश् [ पश्य् ]** - ગ.૧ પરસ્મૈ. દર્શન કરવું, જોવું
**दृशद्** - સ્ત્રી. પથ્થર
**दृष्ट** - (**दृश्** નું ભૂ.કૃ.) દીઠેલું
**दृश्य** - વિશે. દશ્ય, દેખાય એવું
**दृष्टिप्रसाद** - પું. (**दृष्टि** - સ્ત્રી. નજર + **प्रसाद**-પું. મહેરબાની) જોવાની મહેરબાની, નિધા
**दृ ( दार् )** - ગ. ૧૦ ફાડવું
**देव** - પું. દેવ, ઈશ્વર
**देवता** - સ્ત્રી. દેવ
**देवदत्त** – પું. વિશેષ નામ
**देवदारु** – પું. દેવદાર
**देवायतन** – ન. દેવાલય, દેવળ
**देवी** – સ્ત્રી. દેવી
**देवृ** – પું. દિયર
**देश** – પું. દેશ
**देह** – પું. દેહ
**दैन्य** – ન. દીનપણું, ગરીબપણું, હલકાપણું
**दैव** – ન. દૈવ, નસીબ
**द्यावापृथिवी** – સ્ત્રી. (દ્વિવચનમાં) આકાશ અને પૃથ્વી
**द्युत्** – ગ. ૧ આત્મને. પ્રકાશવું
**द्रव्य** – ન. દ્રવ્ય, ધન
**द्रष्टृ** – વિશે. દર્શન કરનાર, જોનાર
**द्रु** – ગ.૧ પરસ્મૈ. ગળવું, પીગળવું, દયાથી પીગળવું
**द्रुतम्** – (અવ્યય) જલદી, તરત
**द्रुह्** – ગ. ૪ પરસ્મૈ. દ્રોહ કરવો
**द्वारका** – સ્ત્રી. એક શહેરનું નામ
**द्विज** – પું. બ્રાહ્મણ
**द्वीप** – પું. દ્વીપ, બેટ, ખંડ
**द्वेष्टृ** – પું. શત્રુ, વિશે. દ્વેષી, દ્વેષ કરનાર

## ध

**धन** – ન. ધન
**धनपति** – પું. કુબેર
**धनभाज्** – વિશે. ધનાઢ્ય
**धनिक** – પું. ધનિક, વિશે. ધનાઢ્ય
**धनुस्** – ન. ધનુષ, કામઠું
**धर्म** – પું. ધર્મ, ફરજ
**धा** – (**धी** કર્મણિ પ્રયોગમાં) **अभि** + **धा** - બોલાવવું, નામ દેવું આપવું,
**नि + धा** - મૂકવું
**धातृ** – પું. પેદા કરનાર, પરમેશ્વર
**धान्य** – ન. ધાન્ય, અનાજ
**धार्तराष्ट्र** – પું. ધૃતરાષ્ટ્રનો પુત્ર
**धाव्** – ગ. ૧ પરસ્મૈ. ધાવું, દોડવું
**धीमत्** – વિશે. ડાહ્યું, બુદ્ધિમાન
**अव + धीर्** – ગ. ૧૦ તિરસ્કારવું
**धीर** – વિશે. ધીર, ધીરજવાન, હિમ્મતવાળું
**धीर** – પું. ધૈર્યવાન માણસ, ડાહ્યો માણસ
**धूर्जटि** – પું. શિવ

**धृ** - ગ. ૧૦ ઉભય. ધારવું, ધીરવું
**धृ** - ગ.૧ ઉભય. પકડવું,
**उद् + धृ** - ઉદ્ધાર કરવો, છોડાવવું
**धृति** - સ્ત્રી. ધીરજ, હિંમત
**धेनु** - સ્ત્રી. ધેનુ, ગાય
**ध्यान** - ન. ધ્યાન
**ध्रुव** - વિશે. સ્થિર
**ध्वंस्** - ગ. ૧ આત્મને. નાશ પામવું
**ध्वनि** - પું. અવાજ, શબ્દ

## न

**न** - (અવ્યય) નહિ
**न कदापि** - (અવ્યય) કદીએ નહિ
**नख** - ન. નખ
**नगर** - ન. નગર, શહેર
**नगरी** - સ્ત્રી. શહેર
**नटी** - સ્ત્રી. નટ
**नद** - પું. નદી
**नदी** - સ્ત્રી. નદી
**ननान्दृ** - સ્ત્રી. નણંદ
**अभि + नन्द्** - ગ.૧ પરસ્મૈ. ખુશ થવું, આનંદ પામવો, ચાહવું
**नन्दिनी** - સ્ત્રી. છોકરી
**नप्तृ** - દીકરીનો દીકરો, પૌત્ર
**नभस्** - ન. આકાશ
**नम्** - ગ. ૧ પરસ્મૈ. નમવું,
**अव + नम्** - નમવું, નમી જવું
**नमस्** - (અવ્યય) નમસ્કાર
**नयन** - ન. નયન, નેણ, આંખ
**नर** - પું. નર, પુરુષ
**नल** - પું. નળરાજા
**नव** - વિશે. નવું
**नश्** - ગ.૪ પરસ્મૈ. નાશ પામવું
**नष्ट** - (**नश्** નું ભૂ.કૃ.) નાશ પામેલું
**नाग** - પું. હાથી
**नाट्** - ગ. ૧૦ ઉભય. ભજવવું
**नाटक** - ન. નાટક
**नाम** - (અવ્યય) નામે, એટલે કે
**नामन्** - ન. નામ
**नायक** - પું. નાયક, આગેવાન
**नारद** - પું. એક દેવઋષિ
**नारायण** - પું. વિશેષ નામ
**नारी** - સ્ત્રી. નારી, સ્ત્રી
**नाविक** - પું. નાવ ચલાવનાર, ખલાસી
**नाश** - પું. નાશ
**नित्यम्** - (અવ્યય) નિત્ય, નિત, હંમેશ
**निधि** - પું. ભંડાર
**निन्द्** - ગ. ૧ પરસ્મૈ. નિંદવું
**निन्दा** - સ્ત્રી. નિંદા
**निपुण** - વિશે. હોંશિયાર
**निमग्न** - (**नि + मस्ज्** નું ભૂ.કૃ.) ડૂબેલું
**निमित्त** - ન. નિમિત્ત, કારણ, હેતુ
**निरतिशय** - વિશે. પૂર્ણ, અપ્રતિમ, અનુપમ, જેનાથી બીજું ચડિયાતું ન હોય તેવું
**निरस्त** - (**निर् + अस्** ગ. ૪ પરસ્મૈ. નું ભૂ.કૃ.) વિખરાયેલું, નાશ કરાયેલું
**निरूपति** - (**नि + रूप्** નું ભૂ.કૃ.) જોવાયેલું, ખોળી કઢાયેલું
**निर्देश** - પું. સૂચના

**निर्बन्ध** - પું. કાલાવાલા, આજીજી
**निर्मित** - (**निर्** + **मा** નું ભૂ.કૃ.) નિર્માણ કરેલું, સરજાયેલું, ઉપજાવાયેલું કરાયેલું
**निर्वृत्तिमत्** - વિશે. નિરાંતવાળું
**निवृत्त** - (**नि** + **वृत्** નું ભૂતકૃદંત) પાછું આવેલું
**निवेशित** - (**नि** + **विश्** ના પ્રેરક પ્રયોગનું કર્મણિ ભૂતકૃદંત) મૂકેલું
**निशा** - સ્ત્રી. રાત
**निशाचर** - પું. દૈત્ય
**निशित** - વિશે. તીક્ષ્ણ ધારવાળું.
**निश्चेष्ट** - વિશે. સ્તબ્ધ, સ્થિર, નિશ્ચળ
**निषण्ण** - (**नि** + **सद्** નું. ભૂતકૃદંત) બેઠેલું
**निष्क** - પું. સોનામહોર
**निष्णात** - (**नि** + **स्ना** નું ભૂ.કૃ.) પ્રવીણ
**निष्फल** - વિશે. ફળરહિત, વ્યર્થ
**नी** - ગ. ૧ ઉભય. લઈ જવું, દોરી જવું,
**आ** + **नी** - આણવું, લાવવું,
**परि** + **नी** - પરણવું,
**प्र** + **नी** - રચવું,
**अप** + **नी** - ખસેડવું,
**वि** + **नी** - શિખવવું, વિનય શિખવવો
**नीचैराख्य** - વિશે. (**नीचैस्** + **आख्या** - સ્ત્રી. નામ) જેનું નામ નીચૈસ્ છે તે
**नीति** - સ્ત્રી. નીતિ, રાજનીતિ
**नृ** - પું. નર, પુરુષ
**नृत्** - ગ. ૪ પરસ્મૈ. નૃત્ય કરવું
**नृत्य** - ન. નૃત્ય
**नृप** - પું. રાજા
**नृपति** - પું. રાજા
**नृपत्व** - ન. રાજાપણું
**नृशंस** - વિશે. ક્રૂર, દુષ્ટ
**नेत्र** - ન. નેત્ર, આંખ
**नैयायिक** - પું. ન્યાયશાસ્ત્રી
**नौ** - સ્ત્રી. વહાણ, નાવ, **कायनौ** - સ્ત્રી. શરીરરૂપી વહાણ
**न्याय** - પું. ન્યાયશાસ્ત્ર
**न्यायसभा** - સ્ત્રી. (**न्याय** - પું. ઈન્સાફ + **सभा** - સ્ત્રી. કચેરી) ઈન્સાફની કચેરી

## प

**पक्षिन्** - પું. પક્ષી, પંખી
**पङ्क** - પું. કાદવ
**पच्** - ગ.૧ ઉભય. પાક કરવો, રાંધવું
**पञ्चवटी** - સ્ત્રી. પંચવટી
**पञ्जर** - પું. પાંજરું
**पठ्** - ગ.૧ પરસ્મૈ. પાઠ શીખવો, ભણવું, શીખવું
**पण्डित** - પું. પંડિત
**पण्य** - ન. મૂલ્ય, **पुण्यपण्य** - ન. પુણ્યરૂપી કીમત
**पत्** - ગ.૧ પરસ્મૈ. પતન પામવું, પડવું,
**आ** + **पत्** - બનવું,
**उद्** + **पत्**-ઊડવું, ફરવું
**पतन** - ન. પડવું એ
**पतित** - (**पत्** નું ભૂ.કૃ.) પડેલું
**पत्ति** - પું. પાળો
**पत्नी** - સ્ત્રી. પત્ની, વહુ

**पथ्य** - ન. શરીરને સુખાકારી આપે એવું ઓસડ, હિતકારક વસ્તુ

**पद्** - ગ. ૪ આત્મને. **उद्** + **पद्** - ઊપજવું, ઉત્પન્ન થવું,

**निस्** + **पद्** - નીપજવું,

**प्रति** + **पद्** - તરફ જવું, કરવું

**पद** - ન. પગલું

**पद्म** - ન. કમળ

**पयस्** - ન. પાણી

**पर** - વિશે. પરમ, શ્રેષ્ઠ

**परकीय** - વિશે. પારકું

**परम्** - (અવ્યય) તોપણ

**परम** - વિશે. પરમ, અત્યંત

**परवत्** - વિશે. પરાધીન

**परशु** - પું. ફરશી, કુહાડો

**परशुराम** - પું. પૃથ્વી નક્ષત્રી કરનાર બ્રાહ્મણ યોદ્ધો

**पराक्रम** - પું. પરાક્રમ

**परार्ध** - પું. પાછલો અર્ધ ભાગ

**परिणाम** - પું. પરિણામ

**परिहर्तव्य** - વિશે. તજવા લાયક

**परिहित** - (**परि** + **धा** નું ભૂ.કૃ.) પહેરેલું

**पर्ण** - ન. પાંદડું

**पर्याकुल** - વિશે. વ્યાકુળ થયેલું, ગભરાયેલું

**पर्वत** - પું. પર્વત

**पल्लव** - પું. પલ્લવ, ફણગો

**पल्वल** - પું. ન. તળાવડું

**पवन** - પું. પવન

**पवि** - પું. વજ્ર

**पशु** - પું. પશુ

**पश्चात्** - (અવ્યય) પછી

**पश्यत्** - (**दृश्** ગ.૧ પરસ્મૈ. નું વ. કૃ.) જોતું

**पा [ पिब् ]** - ગ.૧ પરસ્મૈ. પાન કરવું, પીવું (કર્મણિરૂપ **पी**)

**पांसु** - પું. ધૂળ

**पाठ** - પું. પાઠ

**पाठशाला** - સ્ત્રી. પાઠશાળા

**पाणि** - પું. હાથ

**पाण्डव** - પું. પાંડુ રાજાનો પુત્ર

**पात** - પું. પડવું એ, પતન

**पात्र** - ન. યોગ્ય માણસ, યોગ્ય વસ્તુ

**पाद** - પું. પગ

**पादप** - પું. ઝાડ

**पान्थ** - પું. મુસાફર, પંથે ચાલનારો

**पाप** - ન. પાપ, વિશે. પાપી

**पाप** - પું. પાપી માણસ

**पार्** - ગ. ૧૦ પાર પામવું, ઓળંગવું

**पार** - પું. પાર, છેડો

**पारितोषिक** - ન. ઈનામ

**पार्थिव** - પું. રાજા

**पालक** - વિશે. પાળનાર

**पिण्ड** - પું. પિંડ, પ્રેતને બળિદાનમાં આપેલો ભાતનો ગોળો

**पितृ** - પું. પિતા, બાપ, દ્વિ. મા - બાપ

**पितृव्य** - પું. કાકો

**पीड्** - ગ. ૧૦ પીડવું

**पीडा** - સ્ત્રી. પીડા

**पुच्छकावलम्बन** - ન. (**पुच्छक** - ન.

પૂંછડું + **अवलम्बन** - ન. ટેકો) પૂંછડાનો ટેકો
**पुण्य** - ન. પુણ્ય, વિશે. પવિત્ર
**पुण्यवत्** - વિશે. પુણ્યવાન, પુણ્યશાળી
**पुत्र** - પું. પુત્ર. દીકરો
**पुत्रजन्मसम** - વિશે. દીકરાના જન્મ જેવું
**पुत्रीकृत** - વિશે. (**पुत्र** - દીકરો + **कृत** - કરેલું) દીકરા તરીકે માનેલું. દત્તક લીધેલું
**पुनर्** - (અવ્યય) ફરી
**पुरस्** - (અવ્યય) આગળ, સામે
**पुरतस्** - (અવ્યય) આગળ, સમક્ષ, રૂબરૂ
**पुरा** - (અવ્યય) પૂર્વે
**पुराण** - ન.પુરાણ, વિશે. પુરાણું
**पुरी** - સ્ત્રી. પુરી, શહેર
**पुरुष** - પું. પુરુષ, મરદ
**पुष्** - ગ. ૪ પરસ્મૈ. પોસવું
**पुष्पधारिन्** - વિશે. પુષ્પ ધરાવનારું, ફુલવાળું
**पुष्पित** - વિશે. પુષ્પવાળું, ફૂલેલું
**पुस्तक** - ન. પુસ્તક
**पूज्** - ગ. ૧૦ પૂજવું
**पूज्य** - વિશે. પૂજ્ય
**पूजा** - સ્ત્રી. પૂજા
**पूजास्थान** - ન. સત્કારનું કારણ, પાત્ર
**पूत** - (**पू** નું ભૂ. કૃ.) પવિત્ર કરાયેલું, પાવન
**पूर्** - ગ. ૧૦ પૂર્ણ કરવું, ભરવું
**पूर्वार्ध** - પું. પહેલો અર્ધ ભાગ
**पृथ्वी** - સ્ત્રી. પૃથ્વી
**पृष्ट** - (**प्रच्छ्** નું ભૂ. કૃ.) પૂછાયેલું
**पौर** - પું. પુરવાસી, નગરવાસી
**प्रकर्ष** - પું. ઉત્કૃષ્ટતા, અત્યંતતા
**प्रकाश** - પું. પ્રકાશ
**प्रकृति** - સ્ત્રી. પ્રધાનમંડળ, પ્રધાન, પ્રકૃતિ, સ્વભાવ
**प्रकृतिसिद्ध** - વિશે. (**प्रकृति** - સ્ત્રી. સ્વભાવ + **सिद्ध** - ગ. ૧ કે ગ. ૪ નું ભૂ. કૃ.) સિદ્ધ થયેલું, સ્વભાવસિદ્ધ, સ્વાભાવિક
**प्रच्छ् [ पृच्छ् ]** - ગ. ૬ પરસ્મૈ. પ્રશ્ન કરવો, પૂછવું,
**आ + प्रच्छ्** - આત્મને. નીકળતી વેળાએ પૂછવું, વિદાય લેવી
**प्रजा** - સ્ત્રી. પ્રજા, રૈયત, સંતતિ
**प्रज्ञ** - પું. ડાહ્યો માણસ
**प्रतनु** - વિશે. થોડું, નાનું
**प्रतिकृति** - સ્ત્રી. છબી, નકલ
**प्रतिक्रिया** - સ્ત્રી. બદલો, વેર વાળવું એ, વેર લેવાની રીત
**प्रतिज्ञात** - (**प्रति + ज्ञा** નું ભૂ. કૃ.) પ્રતિજ્ઞા કરીને કહેલું, કબૂલેલું
**प्रतिपद्** - સ્ત્રી. પડવો
**प्रतिष्ठापन** - ન. સ્થાપના
**प्रतिहत** - (**प्रति + हन्** નું કર્મણિ ભૂતકૃદંત) અડચણ કરેલી છે એવું, અટકાવેલું, બંધ કરેલું

**प्रत्यय** - પું. વિશ્વાસ
**प्रथ्** - ગ. ૧૦ પ્રસિદ્ધ કરવું
**प्रथम** - વિશે. પ્રથમ, પહેલું
**प्रथमसुकृत** - ન. (**प्रथम** - પહેલું + **सुकृत** - સત્કર્મ) પૂર્વનું સત્કર્મ
**प्रदेय** - વિશે. આપવાનું, લગ્નમાં આપવા યોગ્ય
**प्रपन्न** - (**प्र** + **पद्** ગ. ૪નું કર્મણિ ભૂતકૃદંત) જોડાયેલું, યુક્ત
**प्रबल** - વિશે. પ્રબળ, મજબૂત
**प्रभव** - પું. ઉત્પત્તિસ્થાન, ઉત્પત્તિ
**प्रभा** - સ્ત્રી. પ્રભા, તેજ
**प्रभु** - પું. પ્રભુ, ઈશ્વર
**प्रभूत** - વિશે. પુષ્કળ
**प्रमदा** - સ્ત્રી. જુવાન સ્ત્રી
**प्रमाण** - ન. પ્રમાણ
**प्रयाग** - ન. પ્રયાગ, અલાહાબાદ
**प्रवर्तन** - ન. પ્રેરણા, સ્થાપના
**प्रवाह** - પું. પ્રવાહ, વહેણ
**प्रविष्ट** - (**प्र** +**विश्** નું ભૂ. કૃ.) પ્રવેશ કરેલું
**प्रवृत्ति** - સ્ત્રી. પ્રવૃત્તિ, વલણ, માહિતી, ખબર
**प्रशस्य** - વિશે. પ્રશંસાને પાત્ર, વખાણવા લાયક
**प्रश्रय** - પું. સભ્યતા, વિનય
**प्रसन्न** - (**प्र** + **सद्** નું ભૂ. કૃ.) પ્રસન્ન, ખુશ
**प्रसाद** - પું. કૃપા, મહેરબાની
**प्रस्थापित** - (**प्र** + **स्था** ના પ્રેરક પ્રયોગનું કર્મણિ ભૂ. કૃ.) મોકલેલું
**प्राची** - સ્ત્રી. પૂર્વ દિશા
**प्राज्ञ** - પું. ડાહ્યો માણસ
**प्राण** - પું. (બહુવચનમાં) પ્રાણ, જીવ
**प्राणिन्** - પું. પ્રાણી
**प्रातर्** - (અવ્યય) પ્રાતઃ કાળે, પરોઢિયે, સવારે
**प्राप्त** - (**प्र** + **आप्** નું ભૂ. કૃ.) પ્રાપ્ત થયેલું, પામેલું, પહોંચેલું
**प्रायस्** - (અવ્યય) ઘણું કરીને
**प्रावीण्य** - ન. પ્રવીણતા, હોંશિયારી
**प्राश्निक** - પું. પ્રશ્ન કરનારો
**प्रासाद** - પું. મહેલ
**प्रासादतल** - ન. (**प्रासाद** - પું. મહેલ + **तल** - ન.પૃષ્ટ) મહેલની આગાશી
**प्रिय** - વિશે. પ્રિય, વહાલું
**प्रियंवदा** - સ્ત્રી. શકુન્તલાની સખીનું નામ
**प्रियतमा** - સ્ત્રી. અતિપ્રિય સ્ત્રી
**प्रियवादिन्** - વિશે. મીઠું બોલનાર
**प्रियवादित्व** - ન. મીઠાબોલાપણું
**प्रियाप्रवृत्ति** - સ્ત્રી. (**प्रिया** - સ્ત્રી. વહાલી + **प्रवृत्ति** - સ્ત્રી. ખબર) વહાલીની ખબર
**प्री [ प्रीण् ]** - ગ. ૧૦ પ્રસન્ન કરવું, ખુશ કરવું
**प्रीति** - સ્ત્રી. પ્રીતિ, પ્રસન્નતા
**प्रेमन्** - પું. ન. પ્રેમ, પ્રીતિ
**प्रेयस्** - વિશે. વધારે પ્રિય, વધારે વહાલું, વહાલું

## फ

**फल** - ન. ફળ

**फल्** - ગ. ૧ પરસ્મૈ. ફળરૂપ થવું, ફળદાયક થવું

**फलाशिन्** - વિશે. ફળ ખાનાર

## ब

**बन्धु** - પું. બંધુ, સગો

**बल** - ન. બળ, લશ્કર

**बलि** - પું. બળિદાન

**बलि** - પું. બલિરાજા

**बहिस्** - (અવ્યય) બહાર

**बहु** - વિશે. બહુ

**बहुशस्** - (અવ્યય) ઘણી વખત, વારંવાર

**बाण** - પું. બાણ, તીર

**बान्धव** - પું. ભાઈ, સગો

**बाल** - પું. બાળક, છોકરો

**बाहु** - પું. બાહુ, હાથ

**बाहुल्य** - ન. પુષ્કળતા, બહુપણું, બહુત્વ

**बिडाल** - બિલાડો

**बिन्दु** - પું. ટપકું, ટીપું

**बिम्ब** - ન. બિંબ

**बीज** - ન. બીજ, બી

**बुद्धि** - સ્ત્રી. બુદ્ધિ

**बुद्धिप्रभाव** - પું. (**बुद्धि** - બુદ્ધિ + **प्रभाव** - પું. શક્તિ) બુદ્ધિની શક્તિ

**बुध्** - ગ. ૧ ઉભય. બોધ થવો, જાણવું, સમજવું

**बुध** - ડાહ્યો માણસ

**ब्रह्मन्** - પું. બ્રહ્મા, ન. પરબ્રહ્મા

**ब्रह्मविद्** - વિશે. બ્રહ્મને જાણનાર, તત્ત્વજ્ઞાની

**ब्रह्मारण्य** - ન. એક જંગલનું નામ

**ब्राह्मण** - પું. બ્રાહ્મણ

**ब्रूते** - (**ब्रू** ગ. ૨ નું આત્મને. વર્ત. તૃ. પુ. નું એક. વ.) કહે છે.

## भ

**भक्त** - (**भज्** નું ભૂતકૃદંત) તલ્લીન, તત્પર, પરાયણ

**भक्त** - પું. ભક્ત, ભગત

**भक्ति** - સ્ત્રી. ભક્તિ

**भक्ष्** - ગ. ૧૦ ભક્ષણ કરવું, ખાવું

**भगवत्** - વિશે. દિવ્ય, પૂજ્ય

**भगिनी** - સ્ત્રી. બહેન

**भगीरथ** - પું. એક સૂર્યવંશી રાજા

**भङ्ग** - પું. ભંગ

**भज्** - ગ. ૧ ઉભય. ભજવું, સેવવું, આશરો લેવો, પકડવું

**भद्र** - ન. ભલું, સુખ, કલ્યાણ

**भय** - ન. ભય

**भयंकर** - વિશે. ભયંકર

**भर** - પું. ભાર, વજન

**भर्तृ** - પું. ભર્તા, ધણી, શેઠ

**भवत्** - સર્વ. તું, તમે, આપ

**भवत्सकाश** - પું. (**भवत्** - આપ + **सकाश** - પું. પડોશ) આપની હજૂર

**भविष्यति** - (**भू** ના ભવિષ્યકાળનું તૃ.

પુ. નું એ. વ.) થશે.
**भागीरथी** - સ્ત્રી. ભાગીરથી, ગંગા
**भार** - પું. ભાર
**भारतवर्षीय** - પું. ભારતવર્ષનો એટલે હિંદુસ્તાનનો રહેવાસી
**भार्या** - સ્ત્રી. ભાર્યા, વહુ
**भावय** - (ભૂના પ્રેરકનું આજ્ઞાર્થ દ્વિ. પુ. એ. વ.) કર, સમઝ, બનાવ, **संभाव्यते** (પ્રેરકનું કર્મણિરૂપ) સંભવતું જણાય છે.
**भाविन्** - વિશે. ભાવી, થનાર, થવાનું
**भाष्** - ગ. ૧ આત્મને. કહેવું,
**प्रति + भाष्** - જવાબ આપવો, ઉત્તર આપવો
**भास्वरशुक्ल** - વિશે. ચળકતો, ધોળો (રંગ)
**भिक्ष्** - ગ. ૧ આત્મને. ભિક્ષા માગવી, ભીખવું
**भिक्षा** - સ્ત્રી. ભિક્ષા
**भिक्षुक** - પું. ભિક્ષુક, માગનાર, યાચક
**भिद्** - ભેદવું
**भीति** - સ્ત્રી. ભીતિ, બીક
**भीम** - પું. પાંડુના બીજા દીકરાનું નામ
**भीरू** - સ્ત્રી. બીકણ સ્ત્રી
**भू** - ગ. ૧ પરસ્મૈ. હોવું, થવું,
**अनु + भू** અનુભવવું,
**उद् + भू** ઉત્પન્ન થવું, નીપજવું
**भूत** - ન. પ્રાણી
**भूतार्थ** - પું. સત્ય, વસ્તુતા
**भूति** - સ્ત્રી. ચડતી, આબાદી
**भूप** - પું. ભૂપ, રાજા
**भूभृत्** - પું. રાજા, પર્વત
**भूमि** - સ્ત્રી. ભૂમિ, ભોંય, પૃથ્વી
**भूयस्** - વિશે. બહુ મોટું, વધારે મોટું
**भूरि** - વિશે. બહુ
**भूष्** - ગ. ૧૦ ભૂષિત કરવું, શણગારવું, શોભાવવું
**भूषण** - ન. ભૂષણ, ઘરેણું
**भृ** - ગ. ૧ ઉભય. ભરવું (કર્મણિરૂપ **भ्रियते**)
**भृत्य** - પું. ચાકર
**भोग** - પું. ઉપભોગ
**भोजन** - ન. ભોજન, જમણ
**भोस्** - (અવ્યય) અરે, અહો
**भ्रमर** - પું. ભમરો, મધમાખ
**भ्रातृ** - પું. ભ્રાતા, ભાઈ
**भ्रान्त** - (**भ्रम्** નું ભૂ. કૃ.) ભ્રમમાં પડેલું, બાવરું

## म

**मणि** - પું. મણિ
**मणिकार** - પું. ઝવેરી
**मण्डप** - પું. મંડપ, માંડવો
**मति** - સ્ત્રી. મતિ, બુદ્ધિ
**मत्स्य** - પું. માછલું
**मद्** [ **माद्** ] - ગ. ૪ પરસ્મૈ. મદમાં હોવું. ગાંડા થવું, ભૂલ ખાવી,
**प्र + मद्** [ **प्रमाद्** ] - ભૂલ કરવી, ભૂલ ખાવી.
**मद** - પું. મદ
**मदन** - પું. મદન, કામદેવ

**मदिरा** - સ્ત્રી. મદિરા, દારૂ
**मदिराक्षी** - સ્ત્રી. મનોહર નેત્રવાળી સ્ત્રી
**मधु** - ન. મધ
**मधुकर** - પું. મધ કરનારો, ભમરો
**मधुरम्** - (અવ્યય) મધુર રીતે
**मन्** - ગ. ૪ આત્મને. માનવું, વિચારવું,
**अनु + मन्** - કબૂલ રાખવું,
**अव + मन्** - અપમાન કરવું, અવજ્ઞા કરવી, તિરસ્કાર કરવો.
**मनःसंयम** - પું. (**संयम** - પું. નિગ્રહ, કબજામાં રાખવું તે) મનને કબ્જામાં રાખવું એ
**मनस्** - ન. મન
**मनु** - પું. વિશેષ નામ
**मन्त्र्** - ગ. ૧૦ આત્મને. વિચારવું,
**नि + मन्त्र्** - ગ. ૧૦ નિમંત્રણ કરવું, નોંતરવું
**मन्त्र** - પું. મંત્ર
**मन्द** - વિશે. મંદ, ધીમું
**मयूर** - પું. મોર
**मरण** - ન. મરણ, મોત
**मरुत्** - પું. પવન, વાયુદેવ, દેવ
**महत्** - વિશે. મહા, મહાન, મોટું
**महात्मन्** - પું. મહાત્મા, મહાપુરુષ
**महारिपु** - પું. (**रिपु** - પું. શત્રુ) મોટો શત્રુ
**महिमन्** - પું. મહિમા
**महिष** - પું. પાડો
**महिषासुर** - પું. એક દૈત્યનું નામ
**महिषी** - સ્ત્રી. પટરાણી
**मही** - સ્ત્રી. પૃથ્વી
**महोत्सव** - પું. મહોત્સવ
**मा** - (અવ્યય) ના, નહિ
**मा** - (**निर्** સાથે) નિર્માણ કરવું, નિપજાવવું, **निर्मीयते** - કર્મણિરૂપ
**मांस** - ન. માસ
**माणवक** - પું. વિશેષ નામ
**मातृ** - સ્ત્રી. માતા, મા
**माधुर्य** - ન. મધુરપણું, મીઠાશ
**मानव** - પું. માણસ, માનવ
**मानिनी** - સ્ત્રી. માનવાળી સ્ત્રી
**मारुत** - પું. પવન, વાયુદેવ
**मार्ग्** - ગ. ૧૦ પરસ્મૈ. શોધવું
**मार्ग** - પું. માર્ગ, રસ્તો
**माला** - સ્ત્રી. માળા
**माष** - પું. અડદ
**मास** - પું. માસ મહિનો
**मासचतुष्टय** - ન. (**मास** - પું. મહિનો + **चतुष्टय** - ન. ચોકઠું) ચાર મહિના
**मित्र** - ન. મિત્ર
**मित्रता** - સ્ત્રી.મિત્રતા, મિત્રાઈ
**मिलित्वा** - (**मिल्** નું સબંધક ભૂ. કૃ.) મળીને
**मुक्त** - (**मुच्** નું ભૂ. કૃ.) મુક્ત, છૂટું થયેલું
**मुक्ता** - સ્ત્રી. મોતી
**मुक्ति** - સ્ત્રી. મુક્તિ, મોક્ષ
**मुख** - ન. મુખ, મોં
**मुख्य** - વિશે. મુખ્ય
**मुच् [ मुञ्च् ]** - ગ. ૬ ઉભય. મુક્ત

કરવું, મૂકવું, છૂટા કરવું
**मुद्** - ગ. ૧ આત્મને. ખુશ થવું
**मुष्टि** - પું. મુઠી
**मुह्** - ગ. ૪ પરસ્મૈ. મોહ પામવો, ઘેલા થવું, બેભાન થવું
**मूक** - વિશે. મૂંગો, શાંત
**मूर्ख** - પું. મૂર્ખ, મુરખ
**मूर्खशत** - ન. (**शत** - ન. સો) સો મુર્ખાઓ
**मूर्च्छ्** - ગ. ૧ પરસ્મૈ. મૂર્છા આવવી, બેભાન થવું
**मूर्ति** - સ્ત્રી. મૂર્તિ, પ્રતિમા
**मूर्तिमत्** - વિશે. મૂર્તિમાન, સાક્ષાત્, પ્રત્યક્ષ
**मूर्धन्** - પું. માથું, મસ્તક
**मूल** - ન. મૂળ, તળીયું
**मृ [ म्रिय् ]** - ગ. ૬ આત્મને. મરવું
**मृग्** - ગ. ૧૦ આત્મને. શોધવું
**मृग** - પું. હરણ
**मृत्यु** - પું. મૃત્યુ, મોત
**मृद्** - સ્ત્રી. માટી, મટોડી
**मृश्** - ગ. ૬ પરસ્મૈ. **वि + मृश्** - પરખ કરવી, પરીક્ષા કરવી
**मेघ** - પું. મેઘ, વાદળું
**मेघजाल** - ન. વાદળનો જથ્થો
**मेदिनी** - સ્ત્રી. પૃથ્વી
**मेधाविन्** - વિશે. બુદ્ધિમાન, ડાહ્યું
**मेल** - પું. મેળાપ, સંપ
**मैत्रावरुण** - પું. સોમયજ્ઞ કરાવનારમાંનો એક ગોર
**मोक्ष** - પું. મોક્ષ
**मोदक** - પું. લાડુ
**मौक्तिक** - ન. મોતી
**मौन** - ન. મૂંગાપણું

## य

**यक्ष** - પું. યક્ષ, કુબેરનો સેવક
**यज्** - ગ. ૧ ઉભય. યજ્ઞ કરવો, પૂજવું
**यजमान** - પું. યજમાન, યજ્ઞ કરનાર
**यज्ञिय** - વિશે. યજ્ઞ સંબંધી
**यत्** - ગ. ૧ આત્મને. યત્ન કરવો, મથવું, મહેનત કરવી
**यत्** - (**उद्**-સાથે = **उद्यत्**-વર્ત. કૃદંત), ઊગતું, તૈયાર થતું
**यति** - પું. જતી, યોગી
**यतः** - (અવ્યય) જેથી, કારણ કે
**यत्न** - પું. યત્ન
**यत्र** - (અવ્યય) જ્યાં
**यथा** - (અવ્યય) જે પ્રમાણે, જેમ
**यदा** - (અવ્યય) જ્યારે
**यदि** - (અવ્યય) જો
**यन्त्र** - ન. યંત્ર, સાંચો
**यशस्** - ન. યશ, જશ
***यशस्वत्*** - *વિશે. જશવાળું, પ્રખ્યાત*
**याच्** - ગ. ૧ ઉભય. યાચના કરવી, યાચવું, માગવું
**याचक** - પું. યાચક, માગનાર
**यात** - (**या** નું ભૂ. કૃ.) ગયેલું
**या, ( आ + या )** - આવવું
**सम् + आ + या** - આવવું (**समायात** ભૂ. કૃ.)

**यातृ** - સ્ત્રી. દેરાણી, જેઠાણી
**यात्रिक** - પું. યાત્રાળુ
**यावत्** - (અવ્યય) જ્યાં સુધી
**युक्त** - (**युज्** નું ભૂ. કૃ.) યુક્ત, જોડાયેલું
**युद्ध** - ન. યુદ્ધ, લડાઈ
**युध्** - સ્ત્રી. યુદ્ધ, લડાઈ
**युध्** - ગ. ૪ આત્મને. યુદ્ધ કરવું, લડવું.
**यूथ** - ન. જથ્થો, ટોળું
**योगिन्** - પું. યોગી, જોગી
**योजन** - ન. જોજન, ચાર ગાઉ
**योध** - પું. યોદ્ધો, લડવૈયો

## र

**रक्ष्** - ગ. ૧ પરસ્મૈ. રક્ષણ કરવું, બચાવવું
**रक्षण** - ન. રક્ષણ, બચાવ
**रक्षस्** - ન. રાક્ષસ
**रक्षा** - સ્ત્રી. રક્ષા, બચાવ, રક્ષણ
**रक्षित** - (**रक्ष्** નું કર્મ. ભૂ. કૃ.) વિશે. રક્ષણ કરનાર
**रक्षितृ** - પું. રક્ષક, વિશે. રક્ષણ કરનાર
**रक्त** - વિશે. રાતું, લાલ
**रघु** - પું. (બહુ.) રઘુ રાજાના વંશજ
**रघुनाथ** - પું. રઘુઓમાં શ્રેષ્ઠ, રામ
**रच्** - ગ. ૧૦ રચવું, ગોઠવવું
**रजनी** - સ્ત્રી. રાત
**रजस्** - ન. રજ, ધૂળ, પરાગ
**रज्जु** - સ્ત્રી. દોરડી
**रति** - સ્ત્રી. કામદેવની સ્ત્રીનું નામ, ખુશી, મજા
**रत्न** - ન. રત્ન
**रथ** - પું. રથ
**रथ्य** - પું. ઘોડો
**रथ्या** - સ્ત્રી. શેરી
**रभ्** - ગ. ૧ આત્મને. આરંભકરવો, હાથમાં લેવું,
**आ + रभ्** - શરૂ કરવું
**रम्** - ગ. ૧ આત્મને. રમવું, આનંદ થવો,
**वि + रम्** - પરસ્મૈ. થોભવું, બંધ કરવું
**रमण** - પું. વહાલો, ધણી
**रमा** - સ્ત્રી. લક્ષ્મી
**रवि** - પું. રવિ, સૂર્ય
**रस** - પું. રસ
**राक्षस** - પું.રાક્ષસ, દુષ્ટ પુરુષ
**वि + राज्** - ગ. ૧ ઉભય. બિરાજમાન થવું, શોભાયમાન દેખાવું
**राजद्वार** - ન. (**द्वार** - ન. બારણું) દરબાર, સરકાર, કચેરી
**राजन्** - પું. રાજા
**राजपुत्र** - પું. રાજાનો કુંવર
**राजपुरुष** - પું. રાજાનો માણસ, અધિકારી
**राज्ञी** - સ્ત્રી. રાણી
**राज्य** - ન. રાજ્ય
**राज्यलोभाकृष्ट** - વિશે. (**राज्य** - ન. રાજ્ય + **लोभ** - પું. લોભ + **आकृष्ट** - ખેંચાયેલું) રાજ્યના લોભથી ખેંચાયેલું
**रात्रि** - સ્ત્રી. રાત્રિ, રાત
**राम** - પું. વિશેષ નામ

**रावण** - પું. રામનો શત્રુ, લંકાનો રાજા
**राशि** - પું. ઢગલો
**राष्ट्र** - ન. દેશ
**रीति** - સ્ત્રી. રીત
**रुच्** - ગ. ૧ આત્મને. રુચિ થવી, ગમવું
**रुद्** - રડવું
**अनु + रुध्** - ગ. ૪ આત્મને. માનવું, તાબે થવું,
**निरुध्** (કર્મણિ પ્રયોગમાં) - અટકવું, થોભવું
**रुह्** - ગ. ૧ પરસ્મૈ. ચડવું,
**प्र + रुह्** - ઊગવું
**रेरे** - (અવ્યય) અરે ! અરે !
**रोदन** - ન. રુદન, રડવું એ

## ल

**सम् + लक्ष्** - ગ. ૧૦ લક્ષ્ય આપવું, જોવું, પરીક્ષા કરવી, સાબિત કરવું
**लक्ष्मण** - પું. રામનો ભાઇ
**लक्ष्मी** - સ્ત્રી. લક્ષ્મી
**लग्नवेला** - સ્ત્રી. મુહૂર્તની ઘડી
**लघिमन्** - પું. થોડાપણું, હલકાપણું
**लघु** - વિશે. લઘુ,થોડું, નાનું
**लङ्घ्** - ગ. ૧ આત્મને. ઓળંગવું, હરાવવું
**लज्ज्** - ગ. ૬ આત્મને. લજ્જા પામવી, લાજવું, શરમાવું
**लज्जा** - સ્ત્રી. લજ્જા, લાજ
**लता** - સ્ત્રી. લતા, વેલ
**लतागृह** - ન. લતામંડપ, વેલનો માંડવો
**लभ्** - ગ. ૧ આત્મને. લાભ થવો, મેળવવું
**अव + लम्ब्** - ગ. ૧ આત્મને. આશરો લેવો, પકડવું
**ललना** - સ્ત્રી. સ્ત્રી
**लव** - પું. રામનો પુત્ર
**लव** - પું. લવલેશ, રજકણ, અણુ
**लवण** - ન. લૂણ, મીઠું, વિશે. ખારું
**लाङ्गूल** - ન. પૂંછડું
**लाभ** - પું. લાભ
**लिङ्ग** - ન. જાતિ (સ્ત્રીવર્ગમાં કે પુરુષવર્ગમાં હોવાપણું) ચિહ્ન
**लुट्** - ગ. ૪ પરસ્મૈ. લોટવું, આળોટવું
**लुभ्** - ગ. ૪ તથા ૬ પરસ્મૈ. લોભ કરવો-રાખવો, તકાસવું, મોહિત થવું
**लोक** - પું. લોક, દુનિયા
**लोभ** - પું. લોભ

## व

**वंश** - પું. વંશ, કુળ
**वक्तृ** - વિશે. વક્તા
**वक्षस्** - ન. છાતી
**वचन** - ન. વચન, ઉપદેશ, વિનંતિ
**वचनीय** - વિશે. નિંદ્ય, ન. નિંદા, જે કોઇ નિંદ્ય હોય તે
**वचस्** - ન. વચન
**वञ्चक** - પું. ઠગારો
**वत्स** - પું. બચ્ચું
**वद्** - ગ. ૧ પરસ્મૈ. વદવું, કહેવું
**वध** - પું. વધ, મારવું એ

**वधू** - સ્ત્રી. વહુ, જુવાન સ્ત્રી
**वन** - ન. વન
**वनवासिन्** - વિશે. વનમાં વસનાર, રહેનાર
**वनौकस्** - પું. વનમાં રહેનાર
**वन्द्** - ગ. ૧ આત્મને. વંદન કરવું
**वयस्** - ન. વય, ઉંમર
**वयस्य** - પું. મિત્ર
**वर** - પું. વરદાન, બક્ષિસ, પ્રસાદ
**वरतनु** - વિશે. ખુબસૂરત અંગવાળું
**वरम्** - (અવ્યય) વારું, બહેતર, ઠીક
**वराह** - પું. ડુક્કર, ભૂંડ
**वर्ण्** - ગ. ૧૦ વર્ણવવું, વખાણવું
**वर्ण** - પું. વર્ણ, જાત, રંગ
**वर्त्मन्** - ન. રસ્તો
**वल्लभ** - પું. વહાલો, ધણી
**वशा** - સ્ત્રી. હાથણી, હાથીની પત્ની
**वस्** - ગ. ૧ પરસ્મૈ. વસવું, રહેવું,
**अधि + वस्** - રહેવું
**वसत्** - (**वस्** નું વ. કૃ.) વસતું
**वसति** - સ્ત્રી. વાસ, રહેઠાણ
**वसन** - ન. વસ્ત્ર
**वसन्त** - પું. વસન્ત ઋતુ
**वसु** - ન. વસુ, ધન
**वसुदेव** - પું. કૃષ્ણનો બાપ
**वसुधा** - સ્ત્રી. પૃથ્વી
**वस्तु** - ન. વસ્તુ, વાસ્તવિક પદાર્થ
**वस्त्र** - ન. વસ્ત્ર
**वह्** - ગ. ૧ ઉભય. વહેવું, લઇ જવું
**वा** - (અવ્યય) અથવા
**वाक्पटुता** - સ્ત્રી. (**पटुता** - સ્ત્રી. હોંશિયારી) બોલવાની છટા
**वाक्य** - ન. વાક્ય, શબ્દ
**वाच्** - સ્ત્રી. વાચા, વાણી
**वाचा** - સ્ત્રી. વાચા, વાણી
**वाञ्छ्** - ગ. ૧ પરસ્મૈ. ઈચ્છવું
**वाणी** - સ્ત્રી. વાણી
**वात** - પું. વા, પવન
**वातायन** - ન. બારી
**अभि + वाद्** - ગ. ૧૦ આત્મને. નમવું
**वापी** - સ્ત્રી. વાવ
**वायस** - પું. કાગડો
**वायु** - પું. વાયુ
**वारि** - ન. પાણી
**वार्ता** - સ્ત્રી. વાર્તા, વાત
**वास** - પું. વાસ
**वासस्** - ન. વસ્ત્ર, કપડું
**वासित** - વિશે. ખુશબોદાર થયેલું
**वासुदेव** - પું. કૃષ્ણ
**विकार** - પું. વિકાર, રૂપાંતર, ફેરફાર
**विकास** - પું. વિકાસ, પ્રકાશ, વિસ્તાર
**विग्रहसंधि** - પું (**विग्रह** - પું. લડાઇ + **संधि** - પું. સલાહ) લડાઇ અને સલાહ
**विघ्न** - પું. વિધ્ન, અડચણ
**विचित्र** - વિશે. વિચિત્ર, રંગબેરંગી
**वित्त** - ન. દોલત, ધન, વિત્ત
**विद्** [ **विन्द्** ] - ગ. ૬ ઉભય. મેળવવું
**विद्** - ગ. ૪ આત્મને. વિદ્યમાન હોવું, હોવું
**विद्या** - સ્ત્રી. વિદ્યા

**विद्युत्** - સ્ત્રી. વીજળી
**विद्वत्त्व** - ન. વિદ્વત્તા, વિદ્વાનપણું
**विद्वस्** - વિશે. વિદ્વાન, ભણેલું
**विधि** - પું. વિધિ, ધર્મશાસ્ત્રની આજ્ઞા
**विधृत** - (**वि** + **धृ** નું કર્મણિ ભૂતકૃદંત) ઉંચકી રાખેલું, આધાર-આશરો આપેલું
**विधेय** - વિશે. કરવા યોગ્ય
**विनय** - પું. વિનય, નમ્રતા
**विना** - (અવ્યય) વિના, સિવાય
**विनाश** - પું. નાશ
**विपत्ति** - સ્ત્રી. વિપત્તિ, આફત
**विपद्** - સ્ત્રી. વિપત્તિ, આફત
**विप्रिय** - ન. અપ્રિય કામ, તકસીર, વિશે. અણગમતું
**विभव** - પું. ધન, દૌલત, વૈભવ
**विमार्ग** - પું. આડો માર્ગ - રસ્તો
**विमुख** - વિશે. અવળા મોંવાળું
**वियत्** - ન. આકાશ
**वियोग** - પું. વિયોગ
**विराव** - પું. ચીસ
**विरूप** - વિશે. વિરૂપ, કદરૂપું
**विवर** - ન. ગુફા
**विवाह** - પું. વિવાહ, વેવિશાળ
**विविध** - વિશે. વિવિધ તરેહનું
**विश्** - ગ. ૬ પરસ્મૈ. પ્રવેશ કરવો, પેસવું,
**उप** + **विश्** - બેસવું
**विशुद्ध** - (**वि** + **शुध्** - ગ. ૪ પરસ્મૈ. નું કર્મ ભૂ. કૃ.) શુદ્ધ
**विशुद्धि** - સ્ત્રી. શુદ્ધિ, સ્વચ્છતા
**विश्रामहेतोः** - (**विश्राम** - પું. વિસામો + **हेतु** - પું. સબબ. એ શબ્દનો સમાસ **विश्रामहेतु** - પું. એની પંચમી વિભક્તિનું એકવચન) વિસામો ખાવાના સબબથી
**विश्व** - સર્વ. વિશ્વ, બધું
**विश्वकर्मन्** - પું. વિશ્વકર્મા
**विश्वामित्र** - પું. એક ઋષિ
**विश्वासकारण** - ન. (**विश्वास** - પું. ભરોસો + **कारण** - ન. કારણ) વિશ્વાસનું કારણ
**विष** - ન. વિષ, ઝેર
**विष्णु** - પું. વિષ્ણુ
**विहग** - પું. પક્ષી
**विहित** - (**वि** + **धा** નું ભૂ. કૃ.) ફરમાવેલું, સ્થાપેલું, કરેલું
**वीथि** - સ્ત્રી. રસ્તો, શેરી
**वीर** - પું. વીર, શૂરો, લડવૈયો
**वीर्य** - ન. વીર્ય, પરાક્રમ
**वृ** - (**परि** ઉપસર્ગ સાથે) વીંટાળવું, ઘેરવું
**वृक्ष** - પું. વૃક્ષ, ઝાડ
**वृत्** - ગ. ૧ આત્મને. વર્તવું, હોવું, **नि** + **वृत्** - પાછા આવવું,
**प्र** + **वृत्** - શરૂ કરવું, લઈ બેસવું,
**परा** + **वृत्** - પાછા વળવું, **परावृत्य** - સં. ભૂ. કૃ. પાછા વળીને,
**प्रति** + **नि** + **वृत्** - પાછા આવવું
**वृत्ति** - સ્ત્રી. વૃત્તિ, ધંધો
**वृथा** - (અવ્યય) વૃથા, ફોગટ
**वृद्धिमत्** - વિશે. વધતું, લંબાતું

**वृध्** - ગ. ૧ આત્મને. વૃદ્ધિ થવી, વધવું,

**सम् + वृध्** - વૃદ્ધિ થવી, વધવું, આબાદ થવું

**वृन्त** - ન. થડ, સાંઠો

**वृष** - પું. બળદ

**वृषभध्वज** - પું. મહાદેવ

**वेद** - પું. વેદ

**वेधस्** - પું. બ્રહ્મા

**वेप्** - ગ. ૧ આત્મને. ધ્રુજવું, થરથરવું

**वैकुण्ठ** - ન. વિષ્ણુનું રહેવાનું ઠેકાણું

**वैयात्य** - ન. અસભ્યતા, ધૃષ્ટતા

**वैर** - ન. વેર, શત્રુત્વ, દુશ્મનાઇ

**व्यथा** - સ્ત્રી. વ્યથા, પીડા, ઇજા

**व्यसन** - ન. વ્યસન, દુઃખ, સંકટ, ટેવ, લત

**व्याख्येय** - વિશે. અર્થ સમજાવવા યોગ્ય, અર્થ કરવા યોગ્ય

**व्याघ्र** - પું. વાઘ

**व्याध** - પું. પારધી

**व्याधि** - પું. રોગ

**व्याली** - સ્ત્રી. વાઘણ, સાપણી

**व्रज्** - ગ. ૧ પરસ્મૈ. જવું

**व्रीहि** - પું. ચોખા કે ચોખાનો દાણો

## श

**शंस्** - ગ. ૧ પરસ્મૈ. પ્રશંસા કરવી, વખાણવું, કહેવું,

**आ + शंस्** - ગ.૧ આત્મને. આશા રાખવી, તકાસવું

**शकुन्तला** - સ્ત્રી. વિશેષ નામ

**शङ्क्** - ગ. ૧ આત્મને. શંકા લાવવી, વહેમ આણવો

**शङ्का** - સ્ત્રી. શંકા, વહેમ

**शठ** - પું. લુચ્ચો, ઠગ

**शत** - પું. સો, શતક

**शत्रु** - પું. શત્રુ, દુશ્મન

**शत्रुविग्रह** - પું. શત્રુ સાથે લડાઇ

**शनैस्** - (અવ્યય) ધીમે ધીમે, હળવે હળવે

**शम् [ शाम् ]** - ગ. ૪ પરસ્મૈ. શાંત થવું

**शम्बूक** - પું. વિશેષ નામ

**शम्भु** - પું. શંભુ, શિવ, મહાદેવ

**शय्या** - સ્ત્રી. સેજ, પથારી

**शर** - પું. તીર

**शरद्** - સ્ત્રી. શરદ ઋતુ

**शरीर** - ન. શરીર

**शरीरस्थ** - વિશે. શરીરમાં રહેતું

**शव** - પું. ન. શબ, મડદું

**शस्त्र** - ન. શસ્ત્ર, હથિયાર

**शाखा** - સ્ત્રી. શાખા, ડાળી

**शान्ता** - સ્ત્રી. રામની બહેન

**शान्ति** - સ્ત્રી. શાંતિ

**शाला** - સ્ત્રી. શાળા

**शास्** - રાજ્ય ચલાવવું

**शासत्** - (**शास्** નું. વ. કૃ.) રાજ્ય ચલાવતું

**शासन** - ન. શાસન, હુકમ

**शास्त्र** - ન. શાસ્ત્ર

**शिक्ष्** - ગ. ૧ આત્મને. શીખવું

**शिखर** - પું. ન. શિખર
**शिखरिन्** - પું. પર્વત
**शिरस्** - ન. શિર, માથું
**शिला** - સ્ત્રી. શિલા, પથ્થર
**शिव** - ન. કલ્યાણ, સુખ
**शिवालय** - ન. શીવનું દેરું
**शिशिर** - પું. શિશિર ઋતુ
**शिशु** - પું. બાળક
**शिष्य** - પું. શિષ્ય, વિદ્યાર્થી
**शीर्ष** - ન. શીશ, માથું
**शुक** - પું. સુડો, પોપટ
**शुक्लपक्ष** - પું. (**शुक्ल** - વિશે. ધોળું + **पक्ष** - પું. પખવાડિયું) શુક્લ પક્ષ, સુદિ, અજવાળિયું
**शुच्** - ગ. ૧ પરસ્મૈ. શોચવું, શોક કરવો
**शुभ्** - ગ. ૧ આત્મને. શોભવું, ઘટારત હોવું
**शुभ** - વિશે. શોભા આપનારું, સારું
**शुष्** - ગ. ૪ પરસ્મૈ. સુકાવું
**शूद्र** - પું. શૂદ્ર
**शूद्रक** - પું. વિશેષ નામ
**शूलिन्** - પું. શિવનું નામ
**शृगाल** - પું. શિયાળ
**शोभन** - વિશે. શોભા આપનારું, સારું
**शोभा** - સ્ત્રી. શોભા
**शौर्य** - ન. શોર્ય, પરાક્રમ
**श्मशान** - ન. સ્મશાન, મસાણ
**श्याम** - વિશે. શ્યામ, કાળો
**श्यामिका** - સ્ત્રી. મેલ, અસ્વચ્છતા
**श्रद्धा** - સ્ત્રી. શ્રદ્ધા, વિશ્વાસ
**श्रद्धेय** - વિશે. વિશ્વાસ રાખવા યોગ્ય, વિશ્વાસનીય
**श्रम्** [ **श्राम्** ] - ગ. ૪ પરસ્મૈ. શ્રમ કરવો, થાકવું,
**वि + श्रम्** [ **श्राम्** ] - વિશ્રામ લેવો, વિશ્રાંતિ લેવી, થાક ખાવો
**श्रम** - પું. શ્રમ, મહેનત
**श्रवण** - ન. શ્રવણ કરવું એ, સાંભળવું એ
**आ + श्रि** - ગ. ૧ ઉભય. આશ્રય લેવો, આશરે જવું - રહેવું, શરણે જવું
**श्रीमत्** - વિશે. શ્રીમંત, આબાદ, સુખી
**श्रीषेण** - પું. વિશેષ નામ
**श्रु** - શ્રવણ કરવું, સુણવું, સાંભળવું
**श्रुति** - સ્ત્રી. ધર્મશાસ્ત્ર, વેદ, સાંભળવું એ, કાન
**श्रुतिमत्** - વિશે. વેદ જાણનાર, વેદ પારંગત
**श्रेष्ठ** - વિશે. શ્રેષ્ઠ
**श्रेयस्** - વિશે. બહેતર, કલ્યાણકારક ન. કલ્યાણ
**श्रोतृ** - વિશે. શ્રોતા, સાંભળનાર
**श्लथ** - વિશે. ઢીલું થયેલું
**श्लाघ्** - ગ. ૧ આત્મને. વખાણવું
**श्लिष्** - ગ. ૪ પરસ્મૈ. ભેટવું,
**आ + श्लिष्** - ભેટવું
**श्लोक** - પું. શ્લોક, કવિતા, છંદ
**श्वश्रू** - સ્ત્રી. સાસુ
**श्वस्** - (અવ્યય) આવતી કાલે

**श्वापद** - પું. શિકારી, પ્રાણી
**श्वेत** - વિશે. સફેદ, ધોળું

## स

**संकट** - ન. સંકટ, સંકડામણ
**संगत** - ન. સંગત, મેળાપ
**संगम** - પું. સંગમ
**संगीत** - ન. સંગીત, ગાયન
**संगमोत्सुक** - વિશે. મેળાપને માટે આતુર, મળવાને ઇન્તેજાર
**संघात** - પું. જથ્થો, સમુદાય
**संचलन** - ન. આમતેમ ચાલવું એ
**संतप्त** - (**सम्** + **तप्** નું ભૂ. કૃ.) તપેલું, બળેલું
**संदेश** - પું. સંદેશો
**संदेह** - પું. સંદેહ, શંકા
**संनिधि** - પું. પાડોશ
**संपद्** - સ્ત્રી. સંપત્તિ, આબાદી
**संपर्क** - પું. સંબંધ, સંસર્ગ
**संभार** - પું. તૈયારી, સામગ્રી
**संमार्जन** - ન. વાસીદું વાળવું એ, કચરો કાઢવો એ
**संश्रय** - પું. આશ્રય
**संसार** - પું. સંસાર, ભવ, દુનિયા
**सखि** - પું. મિત્ર, દોસ્ત
**सखी** - સ્ત્રી. બહેનપણી
**सगर** - પું. સૂર્યવંશી રાજાનું નામ
**सचिव** - પું. પ્રધાન
**सत्** - (**अस्** - હોવું, થવું એ ધાતુનું વર્તમાન કૃદંત) છતાં, સારું, ભલું, પું. સજ્જન, ભલો માણસ, સાધુ
**सत्तत्त्व** - ન. ખરેખરું તત્ત્વ
**सत्त्व** - ન. સત્ય, ભલમનસાઇ, પું. પ્રાણી
**सत्य** - ન. સત્ય, વિશે. ખરું, સત્ય
**सत्यम्** - (અવ્યય) ખરેખર
**सत्वरम्** - (અવ્યય) સત્વર, જલદી
**अव** + **सद्** [ **सीद्** ] - ગ. ૧ પરસ્મૈ. દુ:ખી થવું,
**नि** + **सद्** [ **निषीद्** ] - બેસવું
**सदस्** - ન. સભા
**सदा** - (અવ્યય) સદા, સર્વકાળ, હંમેશા
**सदाचार** - પું. સદાચાર
**सदैव** ( **सदा** + **एव** ) - (અવ્યય) હંમેશાં, સદા
**सद्मन्** - ન. ઘર
**सन्** - (**अस्** - ગ. ૨ ના વ. કૃ. **सत्** નું પ્રથમા એ. વ.) છતાં
**सभा** - સ્ત્રી. સભા, ઘર
**समचित्त** - વિશે. (**सम** - વિશે. સરખું + **चित्त** - ન. ચિત્ત) સરખા દિલવાળું, સમાન ગણતું
**समराङ्गण** - ન. રણભૂમિ
**समर्थ** - વિશે. સમર્થ, બળવાન, જોરાવર
**समाज** - પું. સમાજ, સભા, મંડળ
**समुद्र** - પું. સમુદ્ર, દરિયો
**समूह** - પું. સમૂહ, સમુદાય
**समृद्धि** - સ્ત્રી. સમૃદ્ધિ, વિપુલતા
**सम्यक्** - (અવ્યય) સારું ઠીક

**सरस्** - ન. સરોવર
**सर्प** - પું. સર્પ, સાપ
**सर्वत्र** - (અવ્યય) સર્વ ઠેકાણે, બધે
**सर्वथा** - (અવ્યય) સર્વથા, સર્વ રીતે
**सर्वदा** - (અવ્યય) સર્વદા, સદા, હંમેશાં
**सवितृ** - પું. સવિતા, સૂર્ય
**सव्येष्ट** - પું. સારથિ
**सह** - (અવ્યય) સાથે
**सह्** - ગ. ૧ આત્મને. સહન કરવું, સહેવું
**सहचरी** - સ્ત્રી. સહિયર, સોબતણ, સોબતમાં રહેનારી
**सहसा** - (અવ્યય) એકદમ, એકાએક
**साक्षिन्** - પું. સાક્ષી
**साधयितव्य** - વિશે. સાધી શકાય તેવું, કર્તવ્ય (વસ્તુ)
**साधु** - પું. સાધુ, સત્પુરુષ, વિશે. સારું
**साध्य** - વિશે. મળી શકે એવું, કરી શકાય એવું, લભ્ય
**सान्त्व्** - ગ. ૧૦ શાંત પડવું - પાડવું
**सामर्थ्य** - ન. સામર્થ્ય, જોર
**सारङ्ग** - પું. એક જાતનું પક્ષી
**सारथि** - પું. સારથિ
**सारमेय** - પું. કૂતરો
**सार्थ** - પું. સાર્થ, ટોળું, કાફલો
**साशङ्क** - વિશે. શક ભરેલું, વહેમી
**साष्टाङ्गपातम्** - (સામાસિક અવ્યય) સાષ્ટાંગ નમસ્કાર કરીને
**साहस** - ન. સાહસ, જોખમનું કામ
**सिंह** - પું. સિંહ
**सिंहासन** - ન. સિંહાસન
**सिच्** [ **सिञ्च्** ] - ગ. ૬ ઉભય. અભિષેક કરવો, સિંચવું, છાંટવું
**सीता** - સ્ત્રી. વિશેષ નામ
**सीमन्** - સ્ત્રી. સીમા, હદ
**सु** - (નામને આરંભે અવ્યય તરીકે) સારું
**सुकृत** - ન. ┐
**सुकृति** - સ્ત્રી ├ સત્કર્મ
**सुचरित** - ન. ┘
**सुख** - ન. સુખ, સ્વસ્થતા, નિરાંત
**सुखभाज्** - વિશે. સુખી
**सुखलेश** - પું. (**लेश** - પું. અંશ) સુખનો અંશ
**सुगन्धि** - વિશે. સુગંધી, સુવાસિત, ખુશબોદાર
**सुजन** - પું. સજ્જન, સારો માણસ
**सुमन्त्र** - પું. રામનો સારથિ
**सुरभि** - વિશે. ખુશબોદાર
**सुवर्ण** - ન. સોનું
**सुवर्णकार** - પું. સોની
**सुवृत्त** - વિશે. સારી ચાલનું
**सुष्ठु** - (અવ્યય) સારું, ઠીક
**सुहृद्** - પું. મિત્ર
**सुक्त** - ન. વેદનો મંત્ર
**सूत्रधार** - પું. સૂત્રધાર
**सूद्** - ગ. ૧૦ **नि** + **सूद्** [ **निषूद्** ] - નાશ કરવો, ફના કરવું
**सूद** - પું. રસોઈઓ
**सूनु** - પું. દીકરો
**सूर्य** - પું. સૂર્ય

**सृ (सर्)** - ગ. ૧ પરસ્મૈ. સરકવું, ખસવું, જવું,
**प्र + सृ** - પ્રસરવું, ફેલાવું,
**अनु + सृ** - અનુસરવું, પાછળ જવું
**सृज्** - ગ. ૬ પરસ્મૈ. સરજવું, નિપજાવવું, મૂકી - છોડી દેવું,
**अति + सृज्** - આપવું
**सृष्टि** - સ્ત્રી. સૃષ્ટિ
**सेना** - સ્ત્રી. સેના, લશ્કર
**सेनापति** - પું. સેનાપતિ, લશ્કરનો સરદાર
**सेव्** - ગ. ૧ આત્મને. સેવા કરવી, સેવવું,
**परि + सेव्** - સેવવું, અંગીકાર કરવું
**सैनिक** - પું. લશ્કરી સિપાઇ, લડવૈયો
**सोत्कण्ठ** - વિશે. ચિંતાતુર
**सोम** - પું. સોમવલ્લી કે સોમરસ
**सोमवासर** - સોમવાર
**सोढ** - (**सह्** નું ભૂ. કૃ.) સહેવાયેલું
**सौन्दर्य** - ન. સુંદરપણું, ખુબસૂરતી
**स्तुति** - સ્ત્રી. સ્તુતિ, વખાણ, પ્રાર્થના
**स्तेन** - પું. ચોર
**स्त्रीरत्न** - ન. રત્નરૂપી સ્ત્રી
**स्था [ तिष्ठ् ]** - ગ. ૧ પરસ્મૈ. સ્થિતિ હોવી, ઊભા રહેવું, (કર્મણિરૂપ **स्थी**),
**अनु + स्था** - પ્રમાણે વર્તવું, હુકમ બજાવવો
**उद् + स्था** - ઉઠવું,
**प्र + स्था** - આત્મને. નીકળવું, બહાર જવું
**स्थान** - ન. સ્થાન, જગ્યા, ઠેકાણું
**स्निह्** - ગ. ૪ પરસ્મૈ. સ્નેહ રાખવો
**स्निग्ध** - (**स्निह्** નું ભૂતકૃદંત) માયાળુ, મમતાવાળુ, સ્નેહશીલ
**स्नेह** - પું. સ્નેહ
**स्पन्द्** - ગ. ૧ આત્મને. ફરકવું, ધડકવું
**स्पर्ध्** - ગ. ૧ આત્મને. બરોબરી કરવી, સરસાઇ કરવી.
**स्पृश्** - ગ. ૬ પરસ્મૈ. સ્પર્શ કરવો, અડકવું
**स्पृष्ट** - (**स्पृश्** નું ભૂ. કૃ.) સ્પર્શ કરેલું, અડકેલું.
**स्पृह्** - ગ. ૧૦ ઝંખવું, તૃષ્ણા રાખવી
**स्फुर्** - ગ. ૬ પરસ્મૈ. ફરકવું, તરફડવું
**स्मि** - ગ. ૧ આત્મને. હસવું, મોં મલકાવવું,
**वि + स्मि** - વિસ્મય પામવો, આશ્ચર્ય પામવું.
**स्मृ ( स्मर् )** - ગ. ૧ પરસ્મૈ. સ્મરણ કરવું, સંભારવું, યાદ રાખવું,
**वि + स्मृ ( स्मर् )** - વીસરવું, ભૂલી જવું
**स्मृति** - સ્ત્રી. સ્મરણ, યાદદાસ્ત, સ્મૃતિ (ધર્મશાસ્ત્ર)
**स्रंस्** - ગ. ૧ આત્મને. ખરવું, નીચે પડવું
**स्रष्टृ** - પું. સૃષ્ટિકર્તા, વિશે. સરજનહાર
**स्वकृत्य** - ન. પોતાની ફરજ
**स्वदेश** - પું. (**स्व** - પોતાનો + **देश** - પું. મુલક) સ્વદેશ
**स्वप्न** - પું. સ્વપ્ન, શમણું.
**स्वर्ग** - પું. સ્વર્ગ

**स्वविषय** - પું. (**विषय** - પું. મુલક) પોતાનો મુલક

**स्वसृ** - સ્ત્રી. બહેન

**स्वस्ति** - (અવ્યય) સ્વસ્તિ, અખંડ કલ્યાણ

**स्वस्थ** - વિશે. સ્વસ્થ, શાંત

**स्वाद्** - ગ. ૧ આત્મને. સ્વાદ પડવો, ચાખવું, ભાવવું

**स्वादु** - વિશે. સ્વાદવાળું

**स्वामिगुणोपेत** - વિશે. (**स्वामिन्** - ધણી + **गुण** - ગુણ + **उपेत** - યુક્ત) ધણીના ગુણોથી યુક્ત

**स्वामिन्** - પું. સ્વામી, ધણી

**स्वास्थ्य** - ન. સ્વસ્થતા, શાંતિ

**स्वीय** - વિશે. પોતાનું

## ह

**हन्** - હણવું, મારવું

**हरण** - ન. હરણ કરવું એ, લઇ જવું એ

**हरि** - પું. વિશેષ નામ

**हरिण** - પું. હરણ

**हर्म्य** - ન. હવેલી

**हलाहल** - ન. હળાહળ, ઝેર

**हविस्** - ન. બળિદાન

**हस्** - ગ. ૧ પરસ્મૈ. હસવું,

**वि + हस्** - મશ્કરીમાં હસવું, મશ્કરી કરવી

**हस्त** - પું. હાથ

**हि ( प्र + हि )** - મોકલવું

**हित** - વિશે. હિતકારક, ન. હિત, ભલું

**हितकर** - વિશે. હિતકર, ફાયદાકારક

**हिम** - ન. બરફ

**हुतभुज्** - પું. અગ્નિ

**हृ** - ગ. ૧ ઉભય. હરણ કરવું, લઇ લેવું, હરી જવું,

**आ + हृ** - આહાર કરવો, ખાવું, (યજ્ઞ) કરવો,

**परि + हृ** - ખસેડવું, દૂર કરવું,

**प्र + हृ** - પ્રહાર કરવો, મારવું,

**वि + हृ** - ક્રીડા કરવી

**हृदय** - ન. હૃદય, હૈયું

**हे** - (અવ્યય) અહો, અરે

**हेमन्** - ન. સોનું

**होतृ** - પું. પુરોહિત, ગોર, હવન કરનારો

**ह्यस्** - (અવ્યય) ગઇકાલે

**आ + ह्लाद्** - ગ. ૧૦ ખુશ કરવું, આનંદ પામવો, આહ્લાદિત થવું

**ह्वे** - ગ. ૧ ઉભય. બોલાવવું

विद्या कुरूपिणां रूपम् । - કુરૂપ લોકોનું રૂપ વિદ્યા છે.

# ગુજરાતી સંસ્કૃત શબ્દકોશ

## અ

અખંડ કલ્યાણ - **स्वस्ति** (અવ્યય)
અગ્નિ - **अग्नि** પું., **हुतभुज्** પું., **अनल** પું.
અગ્ર - **अग्र** ન.
અંગ્રેજ - **अङ्ग्ल** પું., **आङ्ग्ल** પું.
અગણિત - **असंख्येय** વિશે.
અગાશી - **प्रासादतल** ન. (**प्रासाद** – મહેલ + **तल** – તળિયું, પૃષ્ઠ)
અગોચર - **अभूमि** સ્ત્રી.
અંગીકાર કરવું - **परि** + **सेव्** ગ. ૧ આત્મને.
અજવાળિયું - **शुक्लपक्ष** પું.
અજ્ઞાન - **अज्ञान** ન.
અટકવું - **वि** + **रम्** ગ. ૧ પરસ્મૈ.
અટકાવવું – **नि** + **रुध्** (કર્મણિ પ્રયોગમાં)
અટકાયેલું – **कुण्ठित** (**कुण्ठ्** નું કર્મ. ભૂ. કૃ.)
અટકાવાયેલું - **प्रतिहत** (**प्रति** + **हन्** નું કર્મણિ ભૂ.કૃ.)
અડકવું - **स्पृश्** ગ. ૬ પરસ્મૈ.
અડચણમાં આવેલું - **प्रतिहत** (**प्रति** + **हन्** નું કર્મણિ ભૂ.કૃ.)
અડકેલું - **स्पृष्ट** (**स्पृश्** નું કર્મ. ભૂ. કૃ.)
અડદ - **माष** પું.
અણગમતું - **विप्रिय** વિશે.
અણભરોસાદાર - **अविश्वास्य** વિશે.
અતિશય - **अतीव** (અવ્યય)
અત્યંત - **परम** વિશે.
અત્યંતતા - **प्रकर्ष** પું.
અથવા - **अथवा** (અવ્યય), **उत** (અવ્યય), **वा** (અવ્યય)
અદેખાઈ - **अक्षमा** સ્ત્રી.
અધર્મ - **अधर्म** પું.
અધિકારી - **राजपुरुष** પું.
અધિકાર આપવો - **अधिकृ** ( **अधि** + **कृ** )
અધિપતિ - **अधिपति** પું., **भर्तृ** પું.
અધીરા થવું - **त्वर्** ગ. ૧ આત્મને.
અનર્થ - **अनर्थ** પું.
અનાજ - **धान्य** ન.
અનાથ - **अशरण** વિશે.
અનિષ્ટ - **अनर्थ** પું., **अनिष्ट** ન.
અનુભવવું - **अनु** + **भू** ગ. ૧ પરસ્મૈ. - **भावय** (**भू**ના પ્રેરક પ્રયોગના આજ્ઞાર્થનું દ્વિ.પુ. એકવચન)
અનુસરવું - **अनु** + **सृ** ( **सर्** ) ગ.૧ પરસ્મૈ., **अनु** + **गम्** [ **गच्छ्** ] ગ. ૧ પરસ્મૈ.
અને - **च** (અવ્યય)
અંતઃકરણ - **अन्तःकरण** ન.
અંતઃપુરનો વડો અધિકારી - **कञ्चुकिन्** પું.
અંતરાય - **आवरण** ન.
અંદરનો આત્મા – જીવ - **अन्तरात्मन्** પું.

અંધારું - **तमस्** ન.
અપરાધનો લેશ - **अपराधलव** પું.
અપવિત્ર કરાયેલું - **दूषित** (**दुष्**ના પ્રેરકનું ભૂ.કૃ.)
અપ્રિય - **अप्रिय** વિશે.
અભિષેક - **अभिषेक** પું.
અભિષેક કરવાને - **अभिषेक्तुम्** (**अभि** + **सिच्** ગ. ૬ ઉભય.નું હે.કૃ.)
અભ્યાસ - **अध्ययन** ન.
અમૃત - **अमृत** ન.
અંબોડો - **कबरी** સ્ત્રી.
અરે - **भोस्** (અવ્યય), **हा** (અવ્યય), **हे** (અવ્યય), **रे रे** (અવ્યય)
અર્ઘ્ય - **अर्घ्य** ન.
અર્થ કરવા યોગ્ય - **व्याख्येय** વિશે.
અવકાશ - **अवकाश** પું.
અવજ્ઞા - **अवधीरणा** સ્ત્રી.
અવજ્ઞા કરવી - **अव** + **मन्** ગ. ૪ આત્મને.
અવદશા - **दुर्दशा** સ્ત્રી.
અવયવ - **गात्र** ન.
અવળા મોંવાળું - **विमुख** વિશે.
અવાજ - **ध्वनि** પું.
અવિષય - **अभूमि** સ્ત્રી.
અંશ - **लेश** પું.
અશુદ્ધ - **दूषित** (**दुष्** પ્રેરકનું ભૂ.કૃ.)
અસત્ય - **अनृत** ન., **असत्य** ન.
*અસ્થિર - **अध्रुव** વિશે.*
અસભ્યતા - **वैयात्य** ન.
અસ્વચ્છતા - **श्यामिका** સ્ત્રી.
અહીં - **अत्र** (અવ્યય)
અહીંયા - **इह** (અવ્યય)
અહો - **भोस्** (અવ્યય), **हे** (અવ્યય), **रे रे** (અવ્યય)

## આ

આંખ - **नयन** ન., **चक्षुस्** ન., **नेत्र** ન.
આંસુ - **अश्रु** ન.
આકાશ - **अम्बर** ન., **वियत्** ન., **नभस्** ન.
આકાશ અને પૃથ્વી - **द्यावापृथिवी** સ્ત્રી. (દ્વિવચનમાં)
આગળ - **पुरस्** (અવ્યય), **पुरतस्** (અવ્યય)
આગેવાન - **नायक** પું.
આચરવું - **आ** + **चर्** ગ. ૧ પરસ્મૈ.
આચાર્ય - **आचार्य** પું., **गुरु** પું.
આચ્છાદન - **आवरण** ન.
આજ - **अद्य** (અવ્યય)
આ જાતનું - **एतादृश** વિશે.
આજીજી - **निर्बन्ध** પું.
આજ્ઞા - **आदेश** પું., **आज्ञा** સ્ત્રી.
આડો રસ્તો - **विमार्ग** પું.
આણવું - **आ** + **नी** ગ. ૧ ઉભય.
આત્મા - **आत्मन्** પું., **अन्तरात्मन्** પું.
આતુર - **सोत्कण्ठ** વિશે.
આથી - **अतः** (અવ્યય)
*આદર - **आदर** પું.*
આધ્યાત્મિક - **आध्यात्मिक** વિશે.
આનંદ થવો - **रम्** ગ. ૧ આત્મને.

આનંદ પામવો - **अभि + नन्द्** ગ. ૧ પરસ્મૈ.
આપ - **भवत्** સર્વનામ
આપનાર - **दातृ** વિશે.
આપની હજૂર - **भवत्सकाश** પું. (**भवत्** - સર્વ. આપ + **सकाश** - પું. પાડોશ)
આપવું - **दा [ यच्छ् ]** ગ.૧ પરસ્મૈ., **अति + सृज्** ગ. ૬ પરસ્મૈ., **प्र + दा** - (કર્મણિ રૂપ **दी**) આપવા યોગ્ય - **प्रदेय** વિશે.
આફત - **आपद्** સ્ત્રી., **विपद्** સ્ત્રી., **विपत्ति** સ્ત્રી.
આબરૂદાર માણસ - **आर्य** પું.
આબાદ - **श्रीमत्** વિશે.
આબાદ થવું - **सम् + ऋध्** ગ. ૪ પરસ્મૈ.
આબાદી - **भूति** સ્ત્રી., **संपद्** સ્ત્રી., **समृद्धि** સ્ત્રી.
આમતેમ ચાલવું એ - **संचलन** ન.
આયુષ્ય - **जीवित** ન.
આરાધના - **आराधन** ન.
આરંભ - **आरम्भ** પું.
આરોપ - **आरोप** પું.
આર્ય - **आर्य** પું.
આવવું - **आ + या, सम् + आ + या**
આવતી કાલે - **श्वस्** (અવ્યય)
આશરે જવું - **आ + श्रि** ગ. ૧ ઉભય.
આશરો આપેલો - **विधृत** (**वि + धृ** નું કર્મણિ ભૂ.કૃ.)
આશરો લેવો - **अव + लम्ब्** ગ. ૧ આત્મને., **भज्** ગ. ૧ ઉભય., **परि + सेव्** ગ. ૧ આત્મને.
આશા - **आशा** સ્ત્રી.
આશા રાખવી - **आ + शंस्** ગ. ૧ આત્મને.
આશ્ચર્ય પામવું - **वि + स्मि** ગ. ૧ પરસ્મૈ.
આશીર્વાદ - **आशीर्वाद** પું.
આશ્રય - **संश्रय** પું.
આશ્રિત - **अनुजीविन्** પું.
આસન - **आसन** ન.
આસ્તે - **क्रमेण** (**क्रम्** ની તૃતીયાનું એકવચન), **शनैस्** (અવ્યય)
આળસ - **जाड्य** ન.
આળોટવું - **लुट्** ગ. ૪ પરસ્મૈ.

## ઇ - ઈ

ઈંગ્લિશ - **आङ्ग्लभोम** પું., **अङ्ग्ल** પું., **आङ्ग्ल** પું.
ઈંગ્લાંડ - **आङ्ग्लभूमि** સ્ત્રી.
ઈચ્છવું - **इष् [ इच्छ् ]** ગ. ૬ પરસ્મૈ., **वाञ्छ्** ગ. ૧ પરસ્મૈ.
ઈચ્છા - **अभिरुचि** સ્ત્રી., **अभिलाष** પું., **इच्छा** સ્ત્રી., **काम** પું., **लोभ** પું., **तृष्णा** સ્ત્રી.
ઈચ્છેલું - **इष्ट** (**इष्** ગ. ૬ પરસ્મૈ. નું ભૂ.કૃ.)
ઈજા - **अहित** ન., **व्यथा** સ્ત્રી.
ઈન્સાફની કચેરી - **न्यायसभा** સ્ત્રી.
ઈનામ - **पारितोषिक** ન.
ઈન્દ્રની રાજધાની - **अमरावती** સ્ત્રી.

## ઉ

ઉગ્ર - **चण्ड** વિશે.
ઉજળો - **उज्ज्वलम्** (અવ્યય)
ઉતરતું - **अवतरत्** ( **अव** + **तृ** ગ. ૧ પરસ્મૈ. નું વ. કૃ. )
ઉતાવળ - **जव** પું.
ઉતાવળથી - **सत्वरम्** (અવ્યય)
ઉત્કંઠા - **उत्कण्ठा** સ્ત્રી.
ઉત્કૃષ્ટતા - **प्रकर्ष** પું.
ઉત્પત્તિ - **प्रभव** પું.
ઉત્પન્ન થવું - **जन्** [ **जा** ] ગ. ૪ આત્મને., **उद्** + **भू** ગ. ૧ પરસ્મૈ., **उद्** + **पद्** - ગ. ૪ આત્મને.
ઉત્પન્ન થયેલું - **जात** (ભૂ.કૃ.)
ઉત્પત્તિસ્થાન - **प्रभव** પું.
ઉત્સાહ - **उत्साह** પું.
ઉદ્ધાર કરવો - **उद्** + **धृ** ગ. ૧, ૧૦ ઉભય.
ઉદ્યમ - **उद्यम** પું.
ઉદ્યમ જેવું - **उद्यमसम** વિશે.
ઉદ્યોગ - **उद्योग** પું.
ઉદ્યોગી - **दक्ष** વિશે.
ઉનાળો - **ग्रीष्म** પું.
ઉપકાર - **उपकार** પું.
ઉપજાવેલું - **निर्मित** (**निर्** + **मा** નું ભૂ.કૃ.)
ઉપજીવિકા - **जीविका** સ્ત્રી.
ઉપદેશ - **उपदेश** પું., **वचन** ન.
ઉપભોગ - **भोग** પું.
ઉપરી - **अधिपति** પું.
ઉપાય - **उपाय** પું.
ઉંમર - **वयस्** ન.
ઉવેખવું - **उप** + **ईक्ष्** ગ. ૧ આત્મને.

## ઊ

ઊગવું - **प्र** + **रुह्** ગ. ૧ પરસ્મૈ.
ઊઠવું - **उद्** + **स्था** [ **तिष्ठ्** ] ગ. ૧ પરસ્મૈ.
ઊઠીને - **उत्थाय** (**उद्** + **स्था** નું સંબંધક ભૂ.કૃ.)
ઊડવું - **उद्** + **डी** ગ. ૧ આત્મને.
ઊતરવું - **अवतरत्** (**अव** + **तृ** ગ. ૧ પરસ્મૈ. નું વ.કૃ.)
ઊભા રહેવું - **स्था** [ **तिष्ठ्** ] ગ. ૧ પરસ્મૈ.
ઊભેલું - **तस्थिवस्** વિશે.

## ઋ

ઋતુ - **ऋतु** પું.
ઋષિ - **ऋषि** પું.

## એ

એ - **अपि** (અવ્યય)
એક - **एक** સર્વ.
એકઠું કરવું એ - **अवचय** પું.
એકઠા મળવું - **सम्** + **गम्** [ **गच्छ्** ] ગ. ૧ આત્મને.
એકદમ, એકાએક - **सहसा** (અવ્યય)
એટલા માટે - **अतः एव**
એ પ્રમાણે - **एवम्** (અવ્યય)

એમ - **इति** (અવ્યય)
એવી રીતે - **इत्थम्** (અવ્યય)

## ઓ

ઓચ્છવ - **उत्सव** પું.
ઓછું થતું - **क्षयिन्** વિશે.
ઓપાવવું - **कत्थ्** ગ. ૧ આત્મને.
ઓસડ - **अगद** પું. **औषध** ન.
ઓળંગવું - **तॄ** ગ. ૧ પરસ્મૈ., **पार्** ગ. ૧૦, **लङ्घ्** ગ. ૧ આત્મને., **सम्** કે **उद्** + **तॄ** ગ. ૧ પરસ્મૈ.

## ક

કંકાસ - **कलि** પું. ,**कलह** પું.
કંજુસ માણસ - **कदर्य** પું.
કંઠ - **कण्ठ** પું.
કથા - **कथा** સ્ત્રી.
કચરો કાઢવો એ - **संमार्जन** ન.
કચેરી - **सभा** સ્ત્રી.
કદીયે નહિ - **न कदापि** (અવ્યય)
કનડવું - **तुद्** ગ. ૧ ઉભય.
કપટ - **कपट** ન.
કપાવું - **छिद्** (કર્મણિ પ્રયોગમાં)
કપાસ - **तूल** પું.
કબજામાં રાખવું એ - **संयम** પું.
કબૂલ રાખવું - **अनु** + **मन्** ગ. ૪ આત્મને.
કબૂલેલું - **प्रतिज्ञात** (**प्रति** + **ज्ञा** નું કર્મ. ભૂ.કૃ.)
કમળ - **कमल** ન., **पद्म** ન.
કંપવું - **कम्प्** ગ. ૧ આત્મને.
કર - **भावय** (**भू** ધાતુના પ્રેરક પ્રયોગનું આજ્ઞાર્થ દ્વિ. પુ. એ.વ.)
કરજદાર - **अधमर्ण** પું.
કરતું - **कुर्वत्** (**कृ** નું પરસ્મૈ. વ.કૃ.), **कुर्वाण** (**कृ** નું આત્મને. વ.કૃ.)
કરનાર - **कर्तृ** - વિશે.
કરવા યોગ્ય - **विधेय** વિશે.
કરાયેલું - **निर्मित** (**निर्** + **मा** નું ભૂ.કૃ.), **कृत** (**कृ** નું ભૂ.કૃ.), **विहित** (**वि** + **धा** નું ભૂ.કૃ.)
કરુણા - **कारुण्य** ન., **करुणा** સ્ત્રી.
કર્તવ્ય - **कर्तव्य** ન.
કર્પૂરતિલકની પાસે - **कर्पूरतिलकस-मीपम्** (અવ્યય)
કલંક - **कलङ्क** પું.
કલ્યાણ - **कल्याण** ન., **भद्र** ન., **शिव** ન.
કલ્યાણકારક - **श्रेयस्** વિશે.
કવિ - **कवि** પું.
કવિરાજ - **कवीश** પું.
કહે છે - **ब्रूते** (**ब्रू** ગ. ૨ નું આત્મને. વર્તમાનકાળનું તૃ.પુ.એ.વ.)
કહેલું - **उक्त** (**वच्** નું ભૂ.કૃ.)
કહેવું - **कथ्** ગ. ૧૦, **भाष्** ગ. ૧ આત્મને., **शंस्** ગ.૧ પરસ્મૈ., **वद्** ગ. ૧ પરસ્મૈ.
કહ્યા પ્રમાણે ચાલવું - **अनु** + **स्था** [**तिष्ठ्**] ગ. ૧ પરસ્મૈ.
કળા - **कला** સ્ત્રી.

કાંટો - **कण्टक** પું.
કાંઠો - **तीर** ન., **पार** પું.
કાકો - **पितृव्य** પું.
કાગડો - **वायस** પું.
કાચબો - **कूर्म** પું.
કાદવ - **पङ्क** પું.
કાન - **कर्ण** પું., **श्रवण** ન., **श्रुति** સ્ત્રી.
કાંતિ - **कान्ति** સ્ત્રી.
કાફલો - **सार्थ** પું.
કામ - **कर्मन्** ન., **कृति** સ્ત્રી., **अनुष्ठान** ન., **कार्य** ન.
કામઠું - **चाप** પું., **धनुष्** ન.
કામદેવ - **मदन** પું.
કારણ - **कारण** ન., **निमित्त** ન.
કાર્તિક મહિનો - **कार्तिक** પું.
કાલાવાલા - **निर्बन्ध** પું.
કાળ - **काल** પું.
કાળો - **श्याम** વિશે.
કિંવા - **अथवा** (અવ્યય), **वा** (અવ્યય), **उत** (અવ્યય)
કીર્તિ - **कीर्ति** સ્ત્રી.
કુંભાર - **कुम्भकार** પું.
કુટુંબનું માણસ - **कुटुम्बिन्** પું.
કુબેર - **धनपति** પું.
કુમારિકા - **कन्या** સ્ત્રી., **कुमारी** સ્ત્રી.
કુશળ - **कुशलिन्** વિશે.
કુળ - **वंश** પું.
કુળવાન - **कुलीन** વિશે.
કૂતરો - **सारमेय** પું.
કૂવો - **कूप** પું.
કૃતજ્ઞતા - **कृतज्ञता** સ્ત્રી.
કૃપા - **कृपा** સ્ત્રી.
કે - **अथवा** (અવ્યય), **वा** (અવ્યય), **उत** (અવ્યય)
કેદખાનું - **कारागृह** ન.
કેમ - **कथम्** (અવ્યય)
કેરી - **आम्र** ન.
કેવળ - **केवल** વિશે., **केवलम्** (અવ્યય)
કૈકેયી - **कैकेयी** સ્ત્રી. (દશરથ રાજાની સ્ત્રીનું નામ)
કોદાળો - **खनित्र** ન.
કોશ - **क्रोश** પું. (ગાઉ)
ક્યાં - **क्व** (અવ્યય), **कुत्र** (અવ્યય)
ક્યાંથી - **कुतः** (અવ્યય)
ક્યારે - **कदा** (અવ્યય)
ક્લેશ - **क्लेश** પું.
ક્રીડા - **क्रीडा** સ્ત્રી.
ક્રીડા કરવી - **क्रीड्** ગ. ૧ પરસ્મૈ.
ક્રૂર - **नृशंस** વિશે.
ક્રોધ - **क्रोध** પું.
ક્ષમા - **क्षमा** સ્ત્રી.
ક્ષમા કરવી - **क्षम्** [ **क्षाम्** ] ગ. ૪ પરસ્મૈ., **क्षम्** ગ. ૧ આત્મને.

## ખ

ખંડ - **द्वीप** પું.
ખબર - **वार्ता** સ્ત્રી., **प्रवृत्ति** સ્ત્રી.
ખમવું - **क्षम्** ગ. ૪ આત્મને., **क्षम्** [ **क्षाम्** ] ગ. ૪ પરસ્મૈ.

ખરવું - **स्रंस्** ગ. ૧ આત્મને.
ખરાબ કામ - **दुष्कृति** સ્ત્રી.
ખરાબ ચાલ - **दुराचार** પું.
ખરાબ માણસ - **दुर्जन** પું.
ખરીદાયેલું - **क्रीत** (**क्री** નું ભૂ.કૃ.)
ખરેખર - **किल** (અવ્યય)
ખરેખરું તત્ત્વ - **सत्तत्त्व** ન.
ખરેખર - **सत्यम्** (અવ્યય)
ખલાસી - **नाविक** પું.
ખસવું - **सृ ( सर् )** ગ. ૧ પરસ્મૈ.
ખસેડવું - **परि + हृ** ગ. ૧ ઉભય., **अप + नी** ગ. ૧ ઉભય.
ખળભળવું - **क्षुभ्** ગ. ૪ પરસ્મૈ.
ખાડો - **गर्ता** સ્ત્રી.
ખારું - **लवण** વિશે.
ખાવું - **अद्** ગ. ૨ પરસ્મૈ., **आ + हृ** ગ. ૧ ઉભય., **भक्ष्** ગ. ૧૦
ખાસડું - **उपानह्** સ્ત્રી.
ખુશ કરવું - **प्री [ प्रीण् ]** ગ. ૧૦, **आ + ह्लाद्** ગ. ૧૦
ખુશકારક - **आह्लादक** વિશે.
ખુશ થવું - **मुद्** ગ. ૧ આત્મને., **प्र + मुद्** ગ.૧ આત્મને.
ખુશબોદાર - **वासित** વિશે., **सुगन्धित** વિશે., **सुरभि** વિશે.
ખુશી - **रति** સ્ત્રી.
ખુબસૂરત - **दर्शनीय** વિશે.
ખુબસૂરત સ્ત્રી - **वरतनु** સ્ત્રી.
ખુબસૂરતી - **सौन्दर्य** ન.
ખેંચેલું - **आकृष्ट** (**आ + कृष्** નું ભૂ.કૃ.)
ખેડવું - **कृष्** ગ. ૬ પરસ્મૈ.
ખેડૂત - **कृषीवल** પું.
ખેતર - **क्षेत्र** ન.
ખેલવું - **क्रीड्** ગ. ૧ પરસ્મૈ.
ખોટો રસ્તો - **विमार्ग** પું.
ખોદવું - **उद् + खन्** ગ. ૧ ઉભય.
ખોદેલું - **उत्खात** (**उद् + खन्** નું ભૂ.કૃ.)
ખોળામાં બેઠેલું - **उत्सङ्गवर्तिन्** વિશે. (**उत्सङ्ग** - પું. ખોળો)
ખોળી કઢાયેલું - **निरूपित** (**नि + रूप्** નું ભૂ.કૃ.)

## ગ

ગઈ કાલ - **ह्यस्** (અવ્યય)
ગંગા - **गङ्गा** સ્ત્રી., **भागीरथी** સ્ત્રી.
ગણવું - **गण्** ગ. ૧૦
ગણકારવું - **गण्** ગ. ૧૦, **ईक्ष्** ગ. ૧ આત્મને.
ગતિ - **गति** સ્ત્રી.
ગન્ધર્વ - **गान्धर्व** પું. (સ્વર્ગમાં રહેનારા દેવોમાંની એક જાત)
ગભરાયેલો - **भ्रान्त** (**भ्रम्** નું ભૂ.કૃ.), **पर्याकुल** વિશે.
ગભરાવું - **क्षुभ्** ગ. ૪ પરસ્મૈ.
ગમવું - **रुच्** ગ. ૧ આત્મને.
ગયેલું - **गत** (**गम्** નું ભૂ.કૃ.), **यात** (**या** નું ભૂ.કૃ.)
ગરમ - **चण्ड** વિશે.
ગરીબ - **दीन** વિશે.
ગરીબપણું - **दारिद्र्य** ન., **दैन्य** ન.

ગર્વિષ્ઠ - **उद्धत** (**उद्** + **हन्** નું કર્મણિ ભૂ.કૃ.)
ગવૈયો - **गायक** પું.
ગળવું - **गल्** ગ. ૧ પરસ્મૈ., **द्रु** ગ. ૧ પરસ્મૈ.
ગાંડા થવું - **मद्** [ **माद्** ] ગ. ૪ પરસ્મૈ.
ગાઉ - **क्रोश** પું.
ગાય - **धेनु** સ્ત્રી.
ગાયન - **गान** ન., **संगीत** ન.
ગાયની કોડ - **गोष्ठ** પું.ન.
ગાલ - **कपोल** પું.
ગાવું - **गै** ગ. ૧ પરસ્મૈ.
ગીત - **गीत** ન., **संगीत** ન.
ગુંથવું તે - **ग्रथन** ન.
ગુણ - **गुण** પું.
ગુણ જાણનાર - **गुणज्ञ** વિશે.
ગુણવાન - **गुणवत्** વિશે., **गुणिन्** વિશે.
ગુનેગાર - **अपराधिन्** વિશે.
ગુનો - **अपराध** પું.
ગુફા - **विवर** ન.
ગુરુ - **गुरु** પું., **आचार्य** પું.
ગુસ્સે થવું - **कुप्** ગ. ૪ પરસ્મૈ., **क्रुध्** ગ. ૪ પરસ્મૈ.
ગોઠવવું - **रच्** ગ. ૧૦
ગોર - **होतृ** પું.
ગોત્ર - **गोत्र** ન.
ગોવાળ - **गोप** પું.

## ઘ

ઘટારત હોવું - **शुभ्** ગ. ૧, આત્મને.
ઘડો - **घट** પું.
ઘણીવાર - **बहुशस्** (અવ્યય)
ઘણું કરીને - **प्रायस्** (અવ્યય)
ઘણું - **अतीव** (અવ્યય), **बहु** વિશે.
ઘર - **गृह** ન., **भवन** ન., **सद्मन्** ન.
ઘડપણ - **जरा** સ્ત્રી.
ઘરડો પુરુષ - **जरठ** પું.
ઘરેણું - **अलङ्कार** પું.
ઘસાઈ જવું - **क्षि** ( **क्षय्** ) ગ.૧ પરસ્મૈ.
ઘી - **घृत** ન.
ઘેરવું - **परि** + **वृ**
ઘેલા થવું - **मुह्** ગ. ૪ પરસ્મૈ.
ઘોડો - **अश्व** પું., **रथ्य** પું.

## ચ

ચકોર - **चकोर** પું.
ચડતી - **भूति** સ્ત્રી., **अभ्युदय** પું.
ચડવું - **आ** + **रुह्** ગ. ૧ પરસ્મૈ.
જેનાથી બીજું ચડિયાતું ન હોય એવું., **निरतिशय** વિશે.
ચતુરાઈ - **चातुर्य** ન.
ચપલ - **चञ्चल** વિશે.
ચાંદની - **कौमुदी** સ્ત્રી., **ज्योत्स्ना** સ્ત્રી.
ચન્દ્ર - **इन्दु** પું., **चन्द्र** પું., **चन्द्रमस्** પું.
ચંદ્રાપીડ - **चन्द्रापीड** પું. (એક રાજપુત્રનું નામ છે.)
ચમત્કારિક હથિયાર - **अस्त्र** ન.
ચરિત્ર - **चरित** ન.
ચળકતો ધોળો (રંગ) - **भास्वरशुक्ल** વિશે.

ચળકવું - **प्र + काश्** ગ. ૧ આત્મને.
ચળકાટથી - **उज्ज्वलम्** (અવ્યય)
ચાકર - **किङ्कर** પું., **भृत्य** પું.
ચાકર જેવો માણસ - **दासजन** પું. (**दास** - પું. ચાકર + **जन** - પું. માણસ)
ચાકરી કરનાર - **अनुजीविन्** વિશે.
ચાખવું - **स्वाद्** ગ.૧ આત્મને.
ચામડું - **चर्मन्** ન.
ચારનો જથ્થો - **चतुष्टय** ન.
ચાર મહિના - **मासचतुष्टय** ન.
ચાલ - **आचार** પું.
ચાલવું - **चर्** ગ. ૧ પરસ્મૈ., **चल्** ગ. ૧ પરસ્મૈ.
ચાહના - **अभिलाष** પું.
ચાહવું - **स्पृह्** ગ. ૧૦, **अभि + नन्द्** ગ. ૧ પરસ્મૈ.
ચિંતન કરવું - **चिन्त्** ગ. ૧૦
ચિંતાતુર - **सोत्कण्ठ** વિશે.
ચિત્ત - **चित्त** ન.
ચિહ્ન - **चिह्न** ન.
ચીસ - **विराव** પું.
ચોખા - **तण्डुल** પું.
ચોર - **स्तेन** પું., **चोर** પું.
ચોરવું - **चुर्( चोर्)** ગ. ૧૦
ચોરી - **चौर्य** ન.

## છ

છતાં - **सन्** (**अस्** ના વ. કૃ. **सत्** નું પું. પ્રથમા એ. વ.)
છંદ - **छन्दस्** ન., **श्लोक** પું.
છબી - **प्रतिकृति** સ્ત્રી.
છાંટવું - **सिच्** [ **सिञ्च्** ] ગ. ૧ પરસ્મૈ.
છાતી - **वक्षस्** ન.
છાયા - **छाया** સ્ત્રી.
છુપાવેલું - **छन्न** (**छद्** નું કર્મણિ ભૂ. કૃ.)
છૂટું કરવું - **मुच्** [ **मुञ्च्** ] ગ. ૧ ઉભય., **उद् + धृ** ગ. ૧, ૧૦ ઉભય.
છૂટું થયેલું - **मुक्त** (**मुच्** નું ભૂ. કૃ.)
છેડો - **पार** પું.
છેવટ - **परिणाम** પું.
છોકરી - **नन्दिनी** સ્ત્રી.
છોકરો - **बाल** પું., **डिम्भ** પું., **शिशु** પું.
છોડાવવું - **उद् + धृ** ગ. ૧, ૧૦ ઉભય.
છોડી દેવું - **त्यज्** ગ. ૧ પરસ્મૈ., **वि + सृज्** ગ. ૬ પરસ્મૈ.

## જ

જગત - **जगत्** ન.
જગ્યા - **स्थान** ન., **शाला** સ્ત્રી., **अवकाश** પું.
જંગલ - **अटवी** સ્ત્રી., **अरण्य** ન.
જટાયુ - **गृध्रराज** પું.
જતું - **गच्छत्** (**गम्** ગ. ૧ પરસ્મૈ. નું વ. કૃ.)
જથ્થો - **अवचय** પું., **संघात** પું., **समुदाय** પું.
જનાનખાનું - **अन्तःपुर** ન.
જનાર - **गन्तृ** વિશે.
જન્મ - **उद्भव** પું.

જન્મવું - **जन् [ जा ]** ગ. ૪ આત્મને.
જન્મેલું - **जात** (**जन्** નું ભૂ. કૃ.)
જમાઈ - **जामातृ** પું.
જમીન - **भूमि** સ્ત્રી.
જલદી - **द्रुतम्** (અવ્યય), **अचिरात्** (અવ્યય), **सत्वरम्** (અવ્યય)
જવાબ આપવો - **प्रति + भाष्** ગ. ૧ આત્મને.
જવું (ક્રિયાપદ) - **गम् [ गच्छ् ]** ગ. ૧ પરસ્મૈ., **व्रज्** ગ. ૧ પરસ્મૈ., **सृ** ગ. ૧ પરસ્મૈ.
જવું (ક્રિયાવાચકનામ) - **गमन** ન., **अत्यय** પું.
જશ - **यशस्** ન.
જાચક - **भिक्षुक** પું., **याचक** પું.
જાચવું - **याच्** ગ. ૧ ઉભય.
જાણવું - **ज्ञा, बुध्** ગ. ૧ પરસ્મૈ., **अव + गम् [ गच्छ् ]** ગ. ૧ પરસ્મૈ.
જાણે - **इव** (અવ્યય)
જાત - **वर्ण** પું.
જાતિ - **जाति** સ્ત્રી.
જાત્રાળુ - **यात्रिक** પું.
જાહેર કરવું - **घुष् ( घोष् )** ગ. ૧૦
જાસૂસ - **दूत** પું.
જાળ - **जाल** ન.
જીતતું - **जयत्** (**जि** ગ. ૧ પરસ્મૈ. નું વ. કૃ.)
જીભ - **जिह्वा** સ્ત્રી.
જીભનું ટેરવું - **जिह्वाग्र** ન. (**जिह्वा** - સ્ત્રી. જીભ + **अग्र** - ન. ટોચ).
જીર્ણ - **जीर्ण** (**जॄ** નું ભૂ. કૃ.)
જીવ - **जीव** પું.
જીવવું - **जीव्** ગ. ૧ પરસ્મૈ.
જિતાયેલું - **अभिभूत** (**अभि + भू** નું ભૂ. કૃ.)
જિંદગી - **जीवित** ન.
જુદી જુદી જાતનું - **विविध** વિશે.
જુવાન સ્ત્રી - **प्रमदा** સ્ત્રી.
જૂઠું - **अनृत** ન., **असत्य** ન.
જેથી - **यतः** (અવ્યય)
જે પ્રમાણે - **यथा** (અવ્યય)
જેમ - **यथा** (અવ્યય)
જો - **यदि** (અવ્યય)
જોઈને - **अवलोक्य** (**अव + लोक्** નું સં. ભૂ. કૃ.)
જોજન - **योजन** ન.
જોડાયેલું - **युक्त** (**युज्** નું ભૂ. કૃ.), **प्रपन्न** (**प्र + पद्** નું ભૂ. કૃ.)
જોડો - **उपानह्** સ્ત્રી.
જોતું - **पश्यत्** (**दृश्** ગ. ૧ પરસ્મૈ. નું વ. કૃ.)
જોનાર - **द्रष्टृ** વિશે.
જોર - **बल** ન., **सामर्थ्य** ન.
જોરાવર - **प्रबल** વિશે., **बलवत्** વિશે.
જોવાની મહેરબાની - **दृष्टिप्रसाद** પું. (**दृष्टि** - સ્ત્રી. નજર + **प्रसाद** - પું. મહેરબાની)
જોવાયેલું - **निरूपित** (**नि + रूप्** નું ભૂ. કૃ.)
જોવું - **दृश् [ पश्य् ]** ગ. ૧ પરસ્મૈ.,

**ईक्ष्** ગ. ૧ આત્મને., **प्र + ईक्ष्** ગ. ૧ આત્મને., **सम् + लक्ष्** ગ. ૧૦

જ્ઞાનરૂપી અમૃત - **ज्ञानामृत** ન. (**ज्ञान** - ન. જ્ઞાન + **अमृत** - ન. અમૃત)

જ્યાં - **यत्र** (અવ્યય)

જ્યાં સુધી - **यावत्** (અવ્યય)

જ્યારે - **यदा** (અવ્યય)

## ઝ

ઝંખવું - **स्पृह्** ગ. ૧૦

ઝાડ - **तरु** પું., **वृक्ष** પું., **पादप** પું.

ઝૂંપડું - **उटज** પું.

ઝેર - **विष** ન.

## ટ

ટંટો - **कलि** પું., **कलह** પું.

ટપકવું - **गल्** ગ. ૧ પરસ્મૈ.

ટપકું - **बिन्दु** પું.

ટેવ - **व्यसन** ન.

ટોચ - **अग्र** ન.

ટોળું - **यूथ** ન.

## ઠ

ઠગ - **शठ** પું., **जाल्म** પું., **खल** પું., **वञ्चक** પું.

ઠગારો - **वञ्चक** પું.

ઠપકો - **उपालम्भ** પું.

ઠરાવવું - **अधि + कृ**

ઠીક - **वरम्** (અવ્યય), **सम्यक्** (અવ્યય)

ઠેકાણું - **स्थान** ન.

## ડ

ડાઘ - **कलङ्क** પું.

ડાહ્યું - **धीमत्** વિશે., **मेधाविन्** વિશે.

ડાહ્યો માણસ - **प्रज्ञ** પું., **प्राज्ञ** પું., **बुध** પું.

ડાળી - **शाखा** સ્ત્રી.

ડુક્કર - **वराह** પું.

ડૂબેલું - **निमग्न** (**नि + मस्ज्** નું ભૂ. કૃ.)

## ઢ

ઢગલો - **राशि** પું.

ઢાંકણ - **आवरण** ન.

ઢાંકેલું - **छन्न** (**छद्** નું કર્મણિ ભૂ. કૃ.)

ઢીલું થયેલું - **श्लथ** વિશે.

## ત

તકસીર - **विप्रिय** ન.

તકાવવું - **लुभ्** ગ. ૪ પરસ્મૈ.

તકાસવું - **आ + शंस्** ગ. ૧ આત્મને.

તજવા લાયક - **परिहर्तव्य** વિશે.

તજવું - **त्यज्** ગ. ૧ પરસ્મૈ.

તડકો - **आतप** પું.

તપ - **तपस्** ન.

તપાવવું - **परि + ईक्ष्** ગ. ૧ આત્મને.

તપેલું - **संतप्त** (**सम् + तप्** નું ભૂ. કૃ.)

તમે - **भवत्** સર્વ., **युष्मद्** સર્વ.

તરત - **अचिरात्** (અવ્યય), **अनन्तरम्** (અવ્યય), **द्रुतम्** (અવ્યય)

તરફડવું - **स्फुर्** ગ. ૬ પરસ્મૈ.
તરસ - **तृष्णा** સ્ત્રી.
તરસ્યું - **तृषित** વિશે.
તરેહતરેહનું - **विविध** વિશે.
તલ - **तिल** પું.
તલવાર - **असि** પું., **खड्ग** પું.
તળાવ - **कासार** પું., **तडाग** પું.
તળાવડું - **पल्वल** પું. ન.
તળિયું - **मूल** ન.
તત્ત્વ - **तत्त्व** ન.
તત્ત્વજ્ઞાની - **ब्रह्मविद्** પું.
તત્પર - **उद्यत** વિશે.
તાબે થવું - **शरणम्** કે **वशम्** + **गम्** [ **गच्छ्** ] ગ. ૧ પરસ્મૈ., **अनु** + **रुध्** ગ. ૪ આત્મને.
તારો - **तारक** ન., **तारा** સ્ત્રી.
તારાનો જથ્થો - **तारागण** પું. (**तारा** - સ્ત્રી. તારો + **गण** - પું. જથ્થો)
તિરસ્કાર - **अवधीरणा** સ્ત્રી.
તિરસ્કાર કરવો - **अव** + **धीर्** ગ. ૧૦, **अव** + **मन्** ગ. ૪ આ.
તીક્ષ્ણ - **निशित** વિશે.
તીર - **इषु** પું., **शर** પું., **बाण** પું.
તીર્થ ભણી જતું - **क्षेत्रगामिन्** વિશે.
તુચ્છ - **क्षुद्र** વિશે.
તુલ્ય - **तुल्य** વિશે.
તેજ - **तेजस्** ન., **प्रभा** સ્ત્રી.
તેડ - **तीर** પું.
તેથી - **अतः** (અવ્યય), **ततः** (અવ્યય)
તે પ્રમાણે - **तथा** (અવ્યય)
તૈયારી - **उद्यत** (**उद्** + **यम्** નું કર્મણિ ભૂ. કૃ.), **सिद्ध** (**सिध्** ગ. ૧ કે ગ. ૪ નું ભૂ. કૃ.)
તૈયારી - **सम्भार** પું.
તોછડો - **उद्धत** (**उद्** + **हन्** નું કર્મણિ ભૂ. કૃ.)
તોપણ - **परम्** (અવ્યય), **तु** (અવ્યય)
તોળવું - **तुल्** ગ. ૧૦
ત્યાં - **तत्र** (અવ્યય)
ત્યાગ - **त्याग** પું.
ત્યારે - **तदा** (અવ્યય)
ત્વરા - **जव** પું.
ત્વરા કરવી - **त्वर्** ગ. ૧ આત્મને.

## થ

થડ - **वृन्त** ન.
થનાર , થવાનું - **भाविन्** વિશે.
થરથરવું - **वेप्** ગ. ૧ આત્મને.
થવું - **भू** ગ. ૧ પરસ્મૈ.
થશે - **भविष्यति** (**भू** ધાતુનું ભવિષ્યકાળ તૃ. પુ. એ. વ.)
થાકવું - **श्रम्** [ **श्राम्** ] ગ. ૪ પરસ્મૈ.
થાક ખાવો - **वि** + **श्रम्**
થોડાપણું - **लघिमन्** પું.
થોડું - **प्रतनु** વિશે., **अल्प** વિશે., **तनु** વિશે.

## દ

દક્ષિણા - **दक्षिणा** સ્ત્રી.

દગો દેવો - **द्रुह्** ગ. ૪ પરસ્મૈ.
દંડ - **दण्ड** પું.
દંડવું - **दण्ड्** ગ. ૧૦
દયા - **कारुण्य** ન.
દયાળુ - **कारुणिक** ન.
દર્શન - **दर्शन** ન.
દરબાર - **राजद्वार** ન.
દરિદ્ર - **दरिद्र** વિશે.
દરિયો - **उदधि** પું., **समुद्र** પું.
દાતાર - **दातृ** વિશે.
દારૂ - **मदिरा** સ્ત્રી.
દાસી - **दासी** સ્ત્રી.
દિયર - **देवृ** પું.
દિલગીર - **दुःखित** વિશે., **विषण्ण** (**वि** + **सद्** ગ. ૧ પરસ્મૈ. નું ભૂ. કૃ.)
દિવસ - **दिन** ન.
દિવસે - **दिवा** (અવ્યય)
દિવ્ય - **भगवत्** વિશે.
દિશા - **दिश्** સ્ત્રી.
દીકરો - **पुत्र** પું., **सूनु** પું., **आत्मज** પું.
દીકરા તરીકે કરેલું, દત્તક લીધેલું - **पुत्रीकृत** વિશે.
દીકરાના જન્મ જેવું - **पुत्रीजन्मसम** વિશે.
દીકરી - **आत्मजा** સ્ત્રી., **पुत्री** સ્ત્રી., **दुहितृ** સ્ત્રી., **कन्या** સ્ત્રી.
દીઠેલું - **दृष्ट** (**दृश्** નું ભૂ. કૃ.)
દીવો - **दीप** પું.
દુ:ખ - **क्लेश** પું., **दुःख** ન., **पीडा** સ્ત્રી., **व्यसन** ન., **अनिष्ट** ન., **विपद्** સ્ત્રી.
દુ:ખ દેવું - **तुद्** ગ. ૬ ઉભય., **पीड्** ગ. ૧૦
દુ:ખનો દરિયો - **दुःखोदधि** પું. (**दुःख** - ન. દુ:ખ + **उदधि** - પું. દરિયો)
દુ:ખી - **दुःखित** વિશે.
દુ:ખી થવું. - **अव** + **सद्** [ **सीद्** ] ગ. ૧ પરસ્મૈ.
દુકાળ - **दुर्भिक्ष** ન.
દુનિયા - **लोक** પું., **संसार** પું.
દુર્જન - **दुर्जन** પું.
દુષ્ટ - **दुष्ट** (**दुष्** ગ. ૪ પરસ્મૈ. નું ભૂ. કૃ.)
દુષ્ટ કામ - **दुष्कृत** ન.
દુશ્મનાઈ - **वैर** ન., **विग्रह** પું.
દૂત - **दूत** પું.
દૂર - **दूर** વિશે.
દૂર - **दूरम्** (અવ્યય)
દૂર કરવું - **अप** + **नी** ગ. ૧ ઉભય.
દેખાડવું - **आविस्** + **कृ** ( **आविष्कृ** ), **निर्** + **दिश्** ગ. ૬ ઉભય.
દેખાય એવું - **दृश्य** વિશે.
દેખાવ - **उद्गम** પું.
દેખાવડું - **वरतनु** વિશે.
દેણદાર હોવું - **धृ** ગ. ૧૦
દેરાણી કે જેઠાણી - **यातृ** સ્ત્રી.
દેવ - **दिवौकस्** પું., **देव** પું., **देवता** સ્ત્રી., **मरुत्** પું.
દેવદાર - **देवदारु** પું.
દેવાદાર - **अधमर्ण** પું.
દેવળ - **देवकुल** ન., **देवालय** પું.,

**देवायतन** न.

દેવોનો શિલ્પી - **त्वष्टृ** पुं.

દેશ - **देश** पुं., **जनपद** पुं., **राष्ट्र** न., **विषय** पुं.

દેહ - **देह** पुं., **शरीर** न.

દૈત્ય - **असुर** पुं., **राक्षस** पुं., **रक्षस्** न., **निशाचर** पुं.

દોડવું - **धाव्** ગ. ૧ પરસ્મૈ.

દોરડી - **रज्जु** સ્ત્રી.

દોરવું, દોરી જવું - **नी** ગ. ૧ ઉભય.

દોસ્તી - **संगत** ન., **मित्रता** સ્ત્રી.

દૃશ્ય - **दृश्य** વિશે.

દૃષ્ટિ - **दृष्टि** સ્ત્રી.

દ્વેષ કરનાર - **द्वेष्टृ** પું.

## ધ

ધડકવું - **स्पन्द्** ગ. ૧ આત્મને., **स्फुर्** ગ. ૬ પરસ્મૈ.

ધણી - **रमण** પું., **स्वामिन्** પું., **अधिपति** પું., **भर्तृ** પું.

ધણીના ગુણોથી યુક્ત - **स्वामिगुणोपेत** વિશે.

ધન - **अर्थ** પું., **द्रव्य** ન., **धन** ન., **वसु** ન., **वित्त** ન., **विभव** પું.

ધનવાન - **धनभाज्** વિશે., **धनिक** પું.

ધંધો - **वृत्ति** સ્ત્રી.

ધરાવું - **तुष्** ગ. ૪, પરસ્મૈ.

ધર્મ - **धर्म** પું.

ધર્મશાસ્ત્રની આજ્ઞા - **विधि** પું.

ધારણ કરવું - **धृ** ગ. ૧૦

ધારવાળું - **निशित** વિશે.

ધારવું - **गण्** ગ. ૧૦

ધીમેધીમે - **क्रमेण** (**क्रम** ની તૃતીયાનું એકવચન), **शनैस्** (અવ્યય)

ધીમું - **मन्द** વિશે.

ધીરજ - **धृति** સ્ત્રી.

ધ્રુજવું - **वेप्** ગ. ૧ આત્મને., **कम्प्** ગ. ૧ આત્મને.

ધૃતરાષ્ટ્રનો પુત્ર - **धार्तराष्ट्र** પું.

ધૃષ્ટતા - **वैयात्य** ન.

ધોવું - **क्षल्** ( **क्षाल्** ) ગ. ૧૦, **प्र** + **क्षल्** ( **क्षाल्** ) ગ. ૧૦

ધોળું - **धवल** વિશે., **श्वेत** વિશે.

ધ્યાન - **ध्यान** ન.

## ન

ન ઓળંગાય એવું - **अलङ्घनीय** વિશે.

નકલ - **प्रतिकृति** સ્ત્રી.

નક્કી - **एव** (અવ્યય)

નગરવાસી - **पौर** પું.

નજર - **दृष्टि** સ્ત્રી.

નટી - **नटी** સ્ત્રી.

નણંદ - **ननान्दृ** સ્ત્રી.

નદી - **नद** પું., **नदी** સ્ત્રી.

નમવું - **नम्** ગ. ૧ પરસ્મૈ., **वन्द्** ગ. ૧ આત્મને., **अभि** + **वाद्** ગ. ૧૦

નમસ્કાર - **नमस्** (અવ્યય)

નરમ - **मृदु** વિશે.

નવું - **नव** વિશે.

નસીબ - **दैव** ન.

નહિ - **न** (અવ્યય), (આજ્ઞાર્થમાં નકાર), **मा** (અવ્યય)
નાટક - **नाटक** ન.
નાત - **वर्ण** પું., **ज्ञाति** સ્ત્રી.
નાનું - **प्रतनु** વિશે., **अल्प** વિશે., **तनु** વિશે., **लघु** વિશે.
ના પાડવી - **नि + सिध् ( षेध् )** ગ. ૧ પરસ્મૈ., **अव + सद् [ सीद् ]** ગ. ૧ પરસ્મૈ.
નામ - **नामन्** ન., **अभिधान** ન.
નામ દેવું - **अभि + धा** (કર્મણિ પ્રયોગમાં **धी**)
નામે - **नाम** (અવ્યય)
નાયક - **नायक** પું.
નારી - **नारी** સ્ત્રી.
નાશ - **नाश** પું., **अत्यय** પું., **विनाश** પું.,
નાશ પામવું - **ध्वंस्** ગ. ૧ આત્મને., **नश्** ગ. ૪ પરસ્મૈ.
નાશ પામેલું - **नष्ट (नश्** ભૂ. કૃ.)
નાહવું - **अव + गाह्** ગ. ૧ આત્મને.
નિગ્રહ - ***संयम*** પું.
નિધા - **दृष्टिप्रसाद (दृष्टि** – સ્ત્રી. નજર + **प्रसाद** – પું. મહેરબાની)
નીચે નમવું - **अव + नम्** ગ. ૧ પરસ્મૈ.
નિંદવા લાયક - **गर्ह्य** વિશે., **वचनीय** વિશે.
નિંદવું - **निन्द्** ગ. ૧ પરસ્મૈ.
નિંદા - **निन्दा** સ્ત્રી.
નિપજાવવું - **निर् + मा (निर्मीयते** કર્મણિરૂપ), **सृज्** ગ. ૧ પરસ્મૈ.
નિરાંત - **सुख** ન.
નિરાંતવાળું - **निर्वृतिमत्** વિશે.
નિરુપયોગિતા - **असारता** સ્ત્રી.
નીકળવું - **निर् + गम् [ गच्छ् ]** ગ. ૧ પરસ્મૈ., **प्र + स्था** ગ. ૧ આત્મને.
નીપજવું - **उद् + भू** ગ. ૧ પરસ્મૈ., **निस् + पद् ( निष्पद् )** ગ. ૪ આત્મને.
નુકશાન - **अपाय** પું., **अहित** ન.
નૂર - **पण्य** ન.
નોતરવું - **नि + मन्त्र्** ગ. ૧૦ આત્મને.
ન્યાયશાસ્ત્ર જાણનાર – **नैयायिक** પું.

## પ

પકડવું - **अव + लम्ब्** ગ. ૧ આત્મને., **धृ** ગ. ૧ ઉભય., **भज्** ગ. ૧ ઉભય.
પકડવું તે (ક્રિયાવાચક નામ) - **ग्रहण** ન.
પક્ષી - **विहग** પું., **पक्षिन्** પું.
પખાળવું - **प्र + क्षल् ( क्षाल् )** ગ. ૧૦
પગ - **पाद** ન.
પગલું - **पद** ન.
પંખી - **पक्षिन्** પું.
પછી - **ततः** (અવ્યય), **पश्चात्** (અવ્યય), **अनन्तरम्** (અવ્યય)
પંચવટી - **पञ्चवटी** સ્ત્રી.
પટરાણી - **महिषी** સ્ત્રી.
પડવું (ક્રિયાપદ) - **पत्** ગ. ૧ પરસ્મૈ.
પડવું (ક્રયાવાચક નામ) - **पतन** ન., **पात** પું.
પડેલું - **पतित (पत्** નું ભૂ. કૃ.)
પડોશ - **संनिधि** સ્ત્રી., **सकाश** પું.

પણ - **अपि** (અવ્યય), **किन्तु** (અવ્યય), **परन्तु** (અવ્યય), **तु** (વાક્યની શરૂઆતમાં વપરાતો નથી) (અવ્યય)
પંડ - **आत्मन्** પું.
પંડિત - **पण्डित** પું.
પથારી - **शय्या** સ્ત્રી.
પથ્થર - **अश्मन्** પું., **दृशद्** સ્ત્રી., **शिला** સ્ત્રી.
પરણવું - **परि + नी** ગ. ૧ ઉભય.
પરબ્રહ્મ - **ब्रह्मन्** ન.
પરમેશ્વર - **जगत्कर्तृ** પું., **ईश्वर** પું., **देव** પું.
પરવાનગી - **अनुज्ञा** સ્ત્રી.
પરાક્રમ - **पराक्रम** પું., **वीर्य** ન., **शौर्य** ન.
પરાગ - **रजस्** ન.
પરાધીન - **परवत्** વિશે.
પરિણામ - **परिणाम** પું.
પરીક્ષા કરવી - **वि + मृश्** ગ. ૬ પરસ્મૈ., **सम् + लक्ष्** ગ. ૧૦
પરીક્ષા લેવી - **परि + ईक्ष्** ગ. ૧ આત્મને.
પરોઢિયે - **प्रातर्** (અવ્યય)
પરોણો - **अतिथि** પું.
પર્વત - **गिरि** પું., **पर्वत** પું., **शिखरिन्** પું.
પવન - **पवन** પું., **मरुत्** પું., **वात** પું., **मारुत** પું., **वायु** પું.
પવિત્ર - **पुण्य** વિશે.
પવિત્ર કરાયેલું - **पूत** (**पू** નું ભૂ. કૃ)

પશુ - **पशु** પું.
પસરવું - **प्र + सृ** ગ. ૧ પરસ્મૈ.
પહેરેલું - **परिहित** (**परि + धा** નું ભૂ. કૃ.)
પહેલાં - **पुरा** (અવ્યય)
પહેલું - **प्रथम** વિશે.
પહોંચેલું - **प्राप्त** (**प्र + आप्** નું ભૂ. કૃ.)
પાંજરું - **पञ्जर** પું.
પાંદડું - **पर्ण** ન.
પાછા આવવું - **नि + वृत्** ગ. ૧ આત્મને., **प्रति + नि + वृत्**, **प्रति + आ + गम्** ગ. ૧ પરસ્મૈ.
પાછા વળવું - **परा + वृत्** ગ. ૧ આત્મને.
પાછલો ભાગ - **परार्ध** પું.
પાછું વાળીને - **परावृत्य**
પાછું આવેલું - **निवृत्त** (**नि + वृत्** નું ભૂ. કૃ.)
પાઠ - **पाठ** પું.
પાઠશાળા - **पाठशाला** સ્ત્રી.
પાડો - **महिष** પું.
પાણી - **उदक** ન., **जल** ન., **वारि** ન., **पयस्** ન.
પાપ - **पाप** ન., **अधर्म** પું.
પાપી - **पापिन्** વિશે., **पाप** પું.
પામવું - **प्र + आप्**
પામેલું - **प्राप्त** (**प्र + आप्** નું ભૂ. કૃ.)
પાર - **पार** પું.
પારકું - **परकीय** વિશે.
પારખ કરવી - **वि + मृश्** ગ. ૬

પરસ્મૈ., **सम्** + **लक्ष्** ગ. ૧૦ ઉભય.
પારધી - **व्याध** પું.
પાવન - **पूत** (**पू** નું ભૂ. કૃ.)
પાળનાર - **पालक** વિશે.
પાળો - **पत्ति** પું.
પિંડ - **पिण्ड** પું.
પીગળવું - **द्रु** ગ. ૧ પરસ્મૈ.
પીડવું - **पीड्** ગ. ૧૦, **तुद्** ગ. ૬ ઉ.
પીડા - **पीडा** સ્ત્રી., **व्यथा** સ્ત્રી.
પીવું - **पा** [ **पिब्** ] ગ. ૧ પરસ્મૈ. (કર્મણિરૂપ **पी**)
પુણ્ય - **पुण्य** ન.
પુણ્યરૂપી મૂલ્ય - **पुण्यपण्य** ન.
પુણ્યશાલી - **पुण्यवत्** ન.
પુત્ર - **पुत्र** પું., **आत्मज** પું., **सूनु** પું.
પુરાણ - **पुराण** ન.
પુરુષ - **पुरुष** પું., **नृ** પું., **नर** પું., **जन** પું., **मानव** પું.
પુષ્કળ - **प्रभूत** વિશે., **भूरि** વિશે.
પુસ્તક - **ग्रन्थ** પું.,**पुस्तक** ન.
પૂછડાનો ટેકો - **पुच्छकावलम्बन** ન. (**पुच्छक** - ન. પૂછડું + **अवलम्बन** - ન. ટેકો.)
પૂછડું - **लाङ्गूल**, **पुच्छक** ન.
પૂછવું - **प्रच्छ्** [ **पृच्छ्** ] ગ. ૧ પરસ્મૈ.
પૂછેલું - **पृष्ट** (**प्रच्छ्** નું ભૂ. કૃ.)
પૂજવું - **पूज्** ગ. ૧૦, **यज्** ગ. ૧ ઉભય.
પૂજા - **पूजा** સ્ત્રી., **अर्चन** ન.
પૂજાનો સામાન - **अर्घ्य** ન.
પૂજ્ય - **भगवत्** વિશે., **पूज्य** વિશે.
પૂરતું - **अलम्** (ચતુર્થી સાથે)
પૂર્ણ - **निरतिशय** વિશે.
પૂર્વનું સત્કર્મ - **प्रथमसुकृत** ન. (**प्रथम** - પહેલું + **सकृत** - ન. સત્કર્મ)
પૃથ્વી - **पृथ्वी** સ્ત્રી., **पृथिवी** સ્ત્રી., **वसुधा** સ્ત્રી., **भूमि** સ્ત્રી., **मही** સ્ત્રી., **मेदिनी** સ્ત્રી.
પેઠે - **इव** (અવ્યય)
પેઠેલું - **प्रविष्ट** (**प्र** + **विश्** નું ભૂ. કૃ.)
પેદા કરનાર - **धातृ** પું.
પેદા થયેલું - **जात** (**जन्** નું ભૂ. કૃ.)
પેસવું - **विश्** ગ. ૬ પરસ્મૈ.
પહેલો ભાગ - **पूर्वार्ध** પું.
પૈડું - **चक्र** ન.
પૈસો - **अर्थ** પું., **द्रव्य** ન., **धन** ન., **वसु** ન., **वित्त** ન., **विभव** પું.
પોતાની ફરજ - **स्वकर्तव्य** ન.
પોતાનું - **स्वीय** વિશે., **आत्मीय** વિશે., **स्व** (સર્વનામ)
પોતાનો મુલક - **स्वविषय** પું.
પોપટ - **शुक** પું.
પોષવું - **पुष्** ગ. ૪ પરસ્મૈ.
પ્રકાશ - **प्रकाश** પું.
પ્રકાશ - **द्युत्** ગ. ૧ આત્મને., **प्र** + **काश्** ગ. ૧ આત્મને., **वि** + **राज्** ગ. ૧ ઉભય.
પ્રખ્યાત - **यशस्वत्** વિશે.
પ્રતિમા - **मूर्ति** સ્ત્રી.
પ્રધાન - **अमात्य** પું., **सचिव** પું.,

**प्रकृति** સ્ત્રી.
પ્રધાનમંડળી - **प्रकृति** સ્ત્રી.
પ્રમાણ - **प्रमाण** ન.
પ્રયત્ન - **आयास** પું., **यत्न** પું.
પ્રવાહ - **प्रवाह** પું.
પ્રવીણતા - **कौशल** ન., **प्रावीण्य** ન.
પ્રશ્ન કરનારો - **प्राश्निक** પું.
પ્રસન્ન - **प्रसन्न** (**प्र** + **सद्** નું ભૂ. કૃ.)
પ્રસન્ન થવું - **तुष्** ગ. ૪ પરસ્મૈ.
પ્રસન્નતા - **अनुरञ्जन** ન., **प्रीति** સ્ત્રી.
પ્રસાદ - **वर** પું.
પ્રસિદ્ધ કરવું - **प्रथ्** ગ. ૧૦
પ્રાણ - **प्राण** પું. (બહુવચનમાં)
પ્રાણી - **प्राणिन्** પું., **भूत** ન., **सत्त्व** પું. ન.
પ્રમાણિકપણું - **ऋजुता** સ્ત્રી.
પ્રાર્થના - **प्रार्थना** સ્ત્રી., **स्तुति** સ્ત્રી.
પ્રાર્થના કરવી - **प्र** + **अर्थ्** ગ. ૧૦ આત્મને., **अभि** + **अर्थ्** ગ. ૧૦ આત્મને.
પ્રીતિ - **प्रीति** સ્ત્રી., **प्रेमन्** પું.ન., **स्नेह** પું., **अनुराग** પું., **अनुरक्ति** સ્ત્રી.
પ્રેમ - **प्रेमन्** પું. ન.
પ્રેરણા - **प्रेरणा** સ્ત્રી., **प्रवर्तन** ન., **प्रतिष्ठापन** ન.

## ફ

ફણગો - **पल्लव** પું.
ફરકવું - **स्पन्द्** ગ. ૧ આત્મને., **स्फुर्** ગ. ૧ ઉભય.
ફરજ - **धर्म** પું.
ફરમાવેલું - **विहित** (**वि** + **धा** નું ભૂ. કૃ.)
ફરશી - **परशु** પું.
ફરીને - **पुनर्** (અવ્યય)
ફળ - **फल** ન.
ફળ ખાનાર - **फलाशिन्** વિશે.
ફળદાયક થવું - **फल्** ગ. ૧ પરસ્મૈ.
ફલ રહિત - **निष्फल** વિશે.
ફાડવું - **दॄ** ( **दार्** ) ગ. ૧૦
ફૂલ - **कुसुम** ન., **पुष्प** ન.
ફૂલવાળું - **पुष्पधारिन्** વિશે.
ફૂલેલું - **पुष्पित** વિશે.
ફેંકવું - **अस्** ગ. ૪ પરસ્મૈ., **क्षिप्** ગ. ૬ પરસ્મૈ.
ફેરફાર - **विकार** પું.
ફોગટ - **वृथा** (અવ્યય)

## બ

બકરો - **अज** પું.
બક્ષિસ - **वर** પું.
બચાવ - **रक्षण** ન., **रक्षा** સ્ત્રી.
બચાવવું - **रक्ष्** ગ. ૧ પરસ્મૈ.
બચાવાયેલું - **रक्षित** (**रक्ष्** નું ભૂ. કૃ.)
બચ્ચું - **वत्स** પું.
બડાઈ મારવી - **प्र** + **गल्भ्** ગ. ૧ આત્મને.
બતાવવું - **दिश्** ગ. ૬ ઉભય., **निर्** + **दिश्** ગ. ૬, **आविस्** + **कृ** ( **आविष्कृ** ) ઉભય.

બદલે આપવું - **प्रति + दा [ यच्छ् ]** ગ. ૧ પરસ્મૈ.
બદલો - **प्रतिक्रिया** સ્ત્રી.
બદલાય નહિ એવું - **अक्षर** વિશે.
બધું - **अखिल** વિશે.
બધે - **सर्वत्र** (અવ્યય)
બનાવ - **अर्थ** પું.
બનાવ (મનથી) - **भावय** (**भू** ના પ્રેરકનું આજ્ઞાર્થ દ્વિ. પુ. એ. વ.)
બબડવું - **जल्प्** ગ. ૧ પરસ્મૈ.
બરફ - **हिम** ન.
બરોબરી કરવી - **स्पर्ध्** ગ. ૧ આત્મને.
બસ - **अलम्** (તૃતીયા સાથે)
બહાનું - **निमित्त** ન., **कारण** ન.
બહાર - **बहिस्** (અવ્યય)
બહુ - **भूरि** વિશે., **बहु** વિશે., **प्रभूत** વિશે.
બહુપણું - **बाहुल्य** ન.
બહુ મોટું - **भूयस्** વિશે.
બહેતર - **वरम्** (અવ્યય)
બહેન - **भगिनी** સ્ત્રી., **स्वसृ** સ્ત્રી.
બહેનપણી - **सखी** સ્ત્રી.
બળ - **बल** ન.
બળતણ - **इन्धन** ન.
બળદ - **वृषभ** પું., **वृष** પું.
બળવાન - **बलवत्** વિશે., **प्रबल** વિશે.
બળિદાન - **बलि** પું., **हविस्** ન.
બળેલું - **संतप्त** (**सम् + तप्** નું ભૂ. કૃ.)
બાગ - **उपवन** ન., **उद्यान** ન.
બાપ - **पितृ** પું., **जनक** પું.
બારણું - **द्वार** ન.
બારી - **वातायन** ન.
બાવરું - **भ्रान्त** (**भ्रम्** નું ભૂ. કૃ.)
બાળક - **डिम्भ** પું., **बाल** પું., **शिशु** પું.
બાળવું - **दह्** ગ. ૧ પરસ્મૈ.
બિના - **अर्थ** પું.
બિંબ - **बिम्ब** ન.
બિરાજવું - **वि + राज्** ગ. ૧ ઉભય.
બિલાડો - **बिडाल** પું.
બી - **बीज** ન.
બીક - **भीति** સ્ત્રી., **भय** ન.
બીકણ સ્ત્રી - **भीरू** સ્ત્રી.
બીજે ઠેકાણે - **अन्यत्र** (અવ્યય)
બુદ્ધિ - **बुद्धि** સ્ત્રી., **मति** સ્ત્રી.
બુદ્ધિની શક્તિ - **बुद्धिप्रभाव** પું. (**बुद्धि** – સ્ત્રી. + **प्रभाव** – પું. શક્તિ)
બુદ્ધિમાન - **बुद्धिमत्** વિશે., **मेधाविन्** વિશે., **धीमत्** વિશે.
બેટ - **द्वीप** પું.
બેઠેલું - **निषण्ण** (**निषद्** નું ભૂ. કૃ.)
બેડોળ - **विरूप** વિશે.
બેભાન થવું - **मुह्** ગ. ૪ પરસ્મૈ.
બેસવું - **उप + विश्** ગ. ૬ પરસ્મૈ., **नि + सद्** ( **निषद्** ) ગ.૧ પરસ્મૈ.
બોલવાની છટા - **वाक्पटुता** સ્ત્રી. (**वाक्** – સ્ત્રી. વાણી + **पटुता** – સ્ત્રી. હોંશિયારી)
બોલાવવું - **ह्वे** ગ.૧ ઉભય., **अभि + धा** (કર્મણિપ્રયોગમાં **धी**)

બોલનારો - **वक्तृ** વિશે.
બોલેલું - **उक्त** (**वच्** નું ભૂ.કૃ.)
બ્રહ્મને જાણનારો - **ब्रह्मविद्** વિશે.
બ્રહ્મા - **ब्रह्मन्** પું., **वेधस्** પું.
બ્રાહ્મણ - **ब्राह्मण** પું.

## ભ

ભક્ત - **भक्त** પું.
ભક્તિ - **भक्ति** સ્ત્રી.
ભંગ - **भङ्ग** પું.
ભજવવું - **नाट्** ગ. ૧૦
ભજવું - **भज्** ગ. ૧ ઉભય.
ભટકવું - **अट्** ગ. ૧ પરસ્મૈ.
ભંડાર - **भाण्डागार** પું., **कोश** પું., **निधि** પું.
ભમરો - **भ्रमर** પું., **अलि** પું., **मधुकर** પું.,
ભમવું - **अट्** ગ. ૧ પરસ્મૈ.
ભય - **भय** ન. **भीति** સ્ત્રી.
ભયંકર - **भयङ्कर** વિશે., **दारुण** વિશે.
ભરવું - **भृ** ગ. ૧ ઉભય. (**भ्रियते** કર્મણિરૂપ), **पूर्** ગ. ૧૦ ઉભય.
ભલમનસાઇ - **कारुण्य** ન.
ભલું - **हित** ન., **सत्** (**अस्** નું કર્તરિ વર્તમાન કૃદંત)
ભલો માણસ - **सत्** પું.
ભાઇ - **भ्रातृ** પું., **बान्धव** પું.
ભાત - **ओदन** પું.
ભાર - **भार** પું.
ભાવવું - **स्वाद्** ગ. ૧ આત્મને., **रुच्** ગ. ૧ આત્મને.
ભિક્ષા - **भिक्षा** સ્ત્રી.
ભીખ માગવી, ભીખવું - **भिक्ष्** ગ.૧ આત્મને.
ભીમ - **भीम** પું. (પાંડુના એક પુત્રનું નામ)
ભુજ - **भुज** પું., **बाहु** પું.
ભૂખ્યો - **क्षुधित** વિશે.
ભૂંડ - **किरि** પું., **वराह** પું.
ભૂલ ખાવી - **मद्** [ **माद्** ] ગ. ૪ પરસ્મૈ., **प्र** + **मद्** [ **माद्** ] ગ. ૪ પરસ્મૈ.
ભેટ - **उपहार** પું.
ભેટવું - **कुस्** ગ. ૪ પરસ્મૈ., **श्लिष्** ગ.૪ પરસ્મૈ.
ભેદવું - **भिद्**
ભોંય - **भूमि** સ્ત્રી.
ભોજન - **भोजन** ન.
ભોમિયો - **मार्गोपदेष्टृ** પું., **मार्गदर्शक** પું.

## મ

મજબૂત રીતે - **दृढम्** (અવ્યય)
મજા - **रति** સ્ત્રી.
મઠ - **मठ** પું., **आश्रम** પું.,
મડદું - **शव** પું. ન.
મથવું - **यत्** ગ. ૧ આત્મને.
મદ - **मद** પું.
મધ - **मधु** ન.
મધુર રીતે - **मधुरम्** (અવ્યય)
મન - **मनस्** ન., **मानस** ન.
મનને કબજામાં રાખવું તે - **मनःसंयम** પું.

મનોહર નેત્રવાળી સ્ત્રી - **मदिराक्षी** સ્ત્રી.
મમતાળું - **स्निग्ध** વિશે. (**स्निह्** નું ભૂ. કૃ.)
મરણ - **मरण** ન.
મરદ - **पुरुष** પું.
મરવું - **मृ [ म्रिय् ]** ગ. ૬ આત્મને.
મશ્કરીમાં હસવું - **वि + हस्** ગ. ૧ પરસ્મૈ.
મહાત્મા - **महात्मन्** પું.
મહાદેવ - **महादेव** પું., **वृषभध्वज** પું.
મહારાજા - **महाराज** પું.
મહિનો - **मास** પું.
મહિમા - **महिमन्** પું.
મહેનત કરવી - **यत्** ગ. ૧ આત્મને.
મહેનતુ - **दक्ष** વિશે.
મહેરબાની - **कृपा** સ્ત્રી., **प्रसाद** પું.
મહેરબાની મેળવવી - **आराधन** ન.
મહેલ - **प्रासाद** પું.
મળવાને મુશ્કેલ - **दुर्लभ** વિશે., **दुराप** વિશે.
મળીને - **मिलित्वा** (**मिल्** નું સંબંધક ભૂ. કૃ.)
મળે એવું - **साध्य** વિશે.
માંડવો - **लतागृह** ન.
માંસ - **मांस** ન.
મા- **जननी** સ્ત્રી., **मातृ** સ્ત્રી.
મા (=નહિ)- **मा** (અવ્યય)
માગનાર -**भिक्षुक** પું., **याचक** પું.
માગવું - **याच्** ગ. ૧ ઉભય., **प्र + अर्थ्** ગ. ૧૦ આત્મને., **अभि + अर्थ्** ગ. ૧૦ આત્મને.
માટી - **मृद्** સ્ત્રી.
માટે - **कृते** (અવ્યય)
માઠી હાલત - **दुर्दशा** સ્ત્રી.
માણસ - **जन** પું., **मानव** પું., **नर** પું.
માત્ર - **केवलम्** (અવ્યય)
માથું - **मस्तक** ન., **शिरस्** ન., **शीर्ष** ન., **मूर्धन्** પું.
માનવાળી સ્ત્રી. - **मानिनी** સ્ત્રી.
માનવું - **मन्** ગ. ૪ આત્મને., **अनु + रुध्** ગ. ૪ આત્મને.
માફ કરવું - **क्षम्** ગ. ૧ આત્મને., **क्षम् [ क्षाम् ]** ગ. ૪ પરસ્મૈ.
માફી - **क्षमा** સ્ત્રી.
માબાપ - **पितृ** પું. (દ્વિ.વ.)
માયાળુ - **स्निग्ध** વિશે.
માર્ગ - **मार्ग** પું.
માર - **ताडन** ન.
માર મારવો - **तड् [ ताड् ]** ગ. ૧૦
મારવું - **प्र + हृ** ગ. ૧ ઉભય., **तड् [ ताड् ]** ગ. ૧૦
મારવું એ (ક્રિયાવાચક નામ) - **ताडन** ન.
માળા - **माला** સ્ત્રી.
મિત્ર - **मित्र** ન., **वयस्य** પું., **सुहृद्** પું.
મિત્રાઈ - **मित्रता** સ્ત્રી.
મિથ્યા પદાર્થ - **अवस्तु** ન.
મિથ્યા પદાર્થની કલ્પના - **अवस्त्वारोप** પું.
મીઠાબોલાપણું - **प्रियवादित्व** ન.
મીઠાશ - **माधुर्य** ન.
મીઠું - **लवण** ન.
મીઠું બોલનાર - **प्रियवादिन्** વિશે.

મૂકાયેલું - **मुक्त** (**मुच्** નું ભૂ. કૃ.)
મુખ્ય - **मुख्य** વિશે., **प्रधानतम** વિશે.
મુશ્કેલીથી મળી શકે એવું - **दुर्लभ** વિશે., **दुराप** વિશે.
મુસાફર - **पान्थ** પું.
મુસાફરીનો થાક - **अध्वखेद** પું. (**अध्वन्** - પું. રસ્તો + **खेद** - પું. થાક)
મુહૂર્તની ઘડી - **लग्नवेला** સ્ત્રી.
મૂકવું (છોડી દેવું) - **मुच्** [ **मुञ्च्** ] ગ. ૬ પરસ્મૈ., (ઉપર, અંદર રાખવું) **नि + धा**
મૂર્છા આવવી - **मूर्च्छ्** ગ. ૧ પરસ્મૈ.
મૂકેલું - **निवेशित** (**नि + विश्** ના પ્રેરક પ્રયોગનું કર્મણિ ભૂ. કૃ.)
મૂંગાપણું - **मौन** ન.
મૂંગા મૂંગા- **तूष्णीम्** (અવ્યય)
મૂંગો - **मूक** વિશે.
મૂઠી - **मुष्टि** પું.
મૂર્ખાઇ - **वैयात्य** ન.
મૂલ - **मूल्य** ન., **पण्य** ન.
મૂળ - **मूल** ન.
મેળવવું - **प्र + आप्** , **अव + आप्**, **अधि + गम्** [ **गच्छ्** ] ગ. ૧ પરસ્મૈ., **लभ्** ગ. ૧ આત્મને., **विद्** [ **विन्द्** ] ગ. ૬ ઉભય.
મેળાપને માટે આતુર - **सङ्गमोत्सुक** *વિશે.*
મૈત્રી - **मैत्री** સ્ત્રી., **स्नेह** પું.
મોં - **मुख** ન.
મોં મલકાવવું - **स्मि** ગ. ૧ આત્મને.
મોકલવું - **प्र + हि**
મોકલેલું - **प्रस्थापित** વિશે.
મોક્ષ - **मुक्ति** સ્ત્રી., **मोक्ष** પું.
મોટું - **महत्** વિશે., **ज्यायस्** વિશે., **अवदात** વિશે., **पर** વિશે.
મોટો શત્રુ - **महारिपु** પું.
મોત - **मृत्यु** પું.
મોતી - **मुक्ता** સ્ત્રી., **मौक्तिक** ન.
મોર - **मयूर** પું.

## ય

યક્ષ - **यक्ष** પું.
યજ્ઞ - **यज्ञ** પું.
યજ્ઞ કરનાર - **यजमान** પું.
યજ્ઞ કરવો - **यज्** ગ. ૧ ઉભય., **आ+हृ** ગ. ૧ ઉભય.
યજ્ઞનું, યજ્ઞ સંબંધી **यज्ञिय** વિશે.
યંત્ર - **यन्त्र** ન.
યાદદાસ્ત - **स्मृति** સ્ત્રી.
યાદ રાખવું - **स्मृ** ગ. ૧ પરસ્મૈ.
યુક્ત - **युक्त** (**युज्** નું ભૂ. કૃ.), **प्रपन्न** ( **प्र+पद्** ) ગ. ૪ આત્મને. નું ભૂ. કૃ., **उपेत** ભૂ. કૃ.
યોગી - **योगिन्** પું., **यति** પું.
યોગ્ય - **योग्य** વિશે., **उचित** વિશે.
યોગ્ય માણસ - **पात्र** ન.
યોગ્ય વસ્તુ - **पात्र** ન.
યોગ્ય વર્તણૂક - **आचार** પું.

## ર

રક્ષક - **रक्षक** પું., **रक्षितृ** પું.

રક્ષણ - **रक्षण** ન., **रक्षा** સ્ત્રી.
રક્ષણ કરનાર - **रक्षितृ** વિશે.
રક્ષણ કરવું - **रक्ष्** ગ. ૧ પરસ્મૈ., **तन्त्र्** ગ. ૧ આત્મને.
રક્ષવું - **रक्ष्** ગ. ૧ પરસ્મૈ., **अव्** ગ. ૧ પરસ્મૈ.
રક્ષાયેલું - **रक्षित** (**रक्ष्** નું ભૂ. કૃ.)
રઘુઓનો રાજા - **रघुनाथ** પું.
રઘુરાજાના વંશજ - **रघु** પું. (બ. વ.)
રંગ - **रङ्ग** પું., **वर्ण** પું.
રંગબેરંગી - **विचित्र** વિશે.
રચવું - **रच्** ગ. ૧૦, **प्र+नी** ગ. ૧ ઉભય.
રજા - **अनुज्ञा** સ્ત્રી.
રડવું - **रुद्**
રડવું (ક્રિયાવાચક નામ) - **रोदन** ન.
રણભૂમિ - **रणभूमि** સ્ત્રી., **समराङ्गण** ન.
રત્ન - **रत्न** ન.
રત્નરૂપ સ્ત્રી. - **स्त्रीरत्न** ન.
રથ - **रथ** પું.
રમત - **क्रीडा** સ્ત્રી.
રમવું - **क्रीड्** ગ. ૧ પરસ્મૈ., **रम्** ગ. ૧ આત્મને.
રસ - **रस** પું.
રસ્તો - **वर्त्मन्** ન., **वीथी** સ્ત્રી.
રહેઠાણ - **वास** પું.
રહેલું - **अध्यूषिवस्** વિશે.
રહેવું - **वस्** ગ. ૧ પરસ્મૈ., **अधि + वस्** ગ. ૧ પરસ્મૈ.
રાંધવું - **पच्** ગ. ૧ પરસ્મૈ.
રાક્ષસ - **राक्षस** પું., **रक्षस्** ન.
રાજનીતિ - **राजनीति** સ્ત્રી., **नीति** સ્ત્રી.
રાજપુત્ર - **राजपुत्र** પું.
રાજા - **राजन्** પું., **नृप** પું., **नृपति** પું., **भूप** પું., **भूभृत्** પું., **पार्थिव** પું.
રાજાપણું - **नृपत्व** ન., **राज्य** ન.
રાજાનો માણસ - **राजपुरुष** પું.
રાજા બનાવવાને - **अभिषेक्तुम्** (**अभि + सिच्** નું હે. કૃ.)
રાજ્ય - **राज्य** ન.
રાજ્ય કરતું - **शासत्** (**शास्** નું વ. કૃ.)
રાજ્ય ચલાવવું - **शास्**
રાજ્યના લોભથી ખેંચાયેલું - **राज्यलोभाकृष्ट** વિશે.
રાતું - **रक्त** વિશે.
રામના પુત્રનું નામ - **कुश** પું.
રામની બહેન - **शान्ता** સ્ત્રી.
રીત - **रीति** સ્ત્રી.
રુચિ - **रुचि** સ્ત્રી., **अभिरुचि** સ્ત્રી.
રુદન - **रोदन** ન.
રૂ - **तूल** પું.
રૈયત - **प्रजा** સ્ત્રી.
રોગ - **रोग** પું., **व्याधि** પું.
રોપવુંએ (ક્રિયાવાચક નામ) - **आरोपण** ન.

## લ

લઈ જવું – **नी** ગ. ૧ ઉભય., **वह्** ગ. ૧ ઉભય.
લઈ જવુંએ (ક્રિયાવાચક નામ) - **हरण** ન.

લઈ બેસવું - **प्र + वृत्** ગ. ૧ આત્મને.
લઈ લેવું - **हृ** ગ. ૧ ઉભય.
લક્ષ્મી- **लक्ष्मी** સ્ત્રી., **रमा** સ્ત્રી.
લખેલું - **प्रणीत** ભૂ. કૃ., **लिखित** ભૂ. કૃ.
લંગડો - **खञ्ज** વિશે.
લંબાઈવાળું - **वृद्धिमत्** વિશે.
લગ્નમાં આપવા યોગ્ય - **प्रदेय** વિશે.
લડવું - **युध्** ગ. ૪ આત્મને.
લડવૈયો - **योध** પું., **वीर** પું.
લડાઈ - **युद्ध** ન., **युध्** સ્ત્રી., **विग्रह** પું.
લડાઈ અને સલાહ - **विग्रहसंधि** પું.
લત - **व्यसन** ન.
લશ્કરી સિપાઈ - **सैनिक** પું.
લાંબા વખત સુધી - **चिरम्** (અવ્યય)
લાંબી આવરદાવાળું -**आयुष्मत्** વિશે.
લાકડી - **दण्ड** પું.
લાકડું - **काष्ठ** ન.
લાજ - **लज्जा** સ્ત્રી.
લાજવું - **लज्ज्** ગ. ૬ આત્મને.
લાડુ - **मोदक** પું.
લાભ - **लाभ** પું.
લાયક થવું - **अर्ह्** ગ. ૧ પરસ્મૈ.
લાલ - **रक्त** વિશે.
લાવવું - **आ + नी** ગ. ૧ ઉભય.
લુચ્ચો - **खल** પું., **शठ** પું., **वञ्चक** પું., **जाल्म** પું.
લેશભાગ - **लव** પું.
લોક - **लोक** પું., **जन** પું.
લોટવું - **लुट्** ગ. ૪ પરસ્મૈ.
લોભ - **लोभ** પું.
લોભ રાખવો - **लुभ्** ગ. ૪ પરસ્મૈ.

## વ

વંશ - **वंश** પું.
વક્તા - **वक्तृ** પું.
વખત - **काल** પું.
વખાણ - **स्तुति** સ્ત્રી.
વખાણવું - **वर्ण्** ગ. ૧૦ ઉભય., **शंस्** ગ. ૧ પરસ્મૈ., **श्लाघ्** ગ. ૧ આત્મને.
વખાણવા લાયક - **प्रशस्य** વિશે.
વચન - **वचन** ન., **वचस्** વિશે.
વજ્ર - **वज्र** પું. ન., **पवि** પું.
વધ - **वध** પું.
વધવું - **सम् + वृध्** ગ. ૧ આત્મને.
વધતું - **वृद्धिमत्** વિશે.
વધારે નાનું - **कनीयस्** વિશે.
વધારે મોટું - **ज्यायस्** વિશે.
વધારે વહાલું - **प्रेयस्** વિશે.
વન - **वन** ન., **अटवी** સ્ત્રી., **अरण्य** ન.
વનમાં રહેનાર - **वनवासिन्** વિશે., **वनौकस्** વિશે.
વરદાન - **वरदान** ન., **वर** પું.
વરવહુ - **जायापति** પું. (દ્વિ.વ.)
વર્ણવવું- **वर्ण्** ગ. ૧૦ ઉભય.
વસતું - **वसत्** (**वस्** નું વ. કૃ.)
વસંત - **वसन्त** પું.(ઋતુ)
વસવું - **वस्** ગ.૧ પરસ્મૈ.
વસ્તુ - **वस्तु** ન., **अर्थ** પું.
વહાણ - **नौका** સ્ત્રી., **नौ** સ્ત્રી.
વહાલામાં વહાલી - **प्रियतमा** સ્ત્રી.

વહાલી - **कान्ता** સ્ત્રી., **गेहिनी** સ્ત્રી.
વહાલું - **प्रिय** વિશે., **प्रियतम** વિશે., **प्रेयस्** વિશે.
વહાલો - **वल्लभ** પું., **रमण** પું.
વહેવું - **वह्** ગ. ૧ ઉભય.
વહેમ - **शङ्का** સ્ત્રી.
વહેમ આણવો - **शङ्क्** ગ. ૧ આત્મને.
વલણ - **प्रवृत्ति** સ્ત્રી., **मति** સ્ત્રી.
વળી - **अपि** (અવ્યય)
વાંક - **अपराध** પું.
વાંદરો - **वानर** પું., **कपि** પું.
વાક્ય- **वाक्य** ન.
વાઘ -**व्याघ्र** પું.
વાઘણ- **व्याघ्री** સ્ત્રી., **व्याली** સ્ત્રી.
વાડી- **वाटिका** સ્ત્રી., **उद्यान** ન., **उपवन** ન.
વાણી - **वाणी** સ્ત્રી., **वाचा** સ્ત્રી., **वाच्** સ્ત્રી.
વાત - **कथा** સ્ત્રી.
વાદળ - **मेघ** પું.
વાદળનો જથ્થો - **मेघजाल** ન.
વાયુ - **वायु** પું., **वात** પું.
વાયુદેવતા - **मरुत्** પું.
વાર્તા - **कथा** સ્ત્રી.
વારંવાર - **वारंवारम्** (અવ્યય), **अनेकशस्** (અવ્યય), **बहुशस्** (અવ્યય)
વાવ- **वापी** સ્ત્રી.
વાવવું - **वप्** ગ. ૧ ઉભય.
વાવવુંએ (ક્રિયાવાચક નામ)-**आरोपण** ન.
વાસ્તે- **कृते** (અવ્યય)
વાસ - **वास** પું.
વિખરાયેલું - **निरस्त** (**निर्** + **अस्** ગ. ૪ નું ભૂ. કૃ.)
વિખેરવું - **निर्** + **अस्** ગ. ૪ પરસ્મૈ.
વિઘ્ન- **विघ्न** પું.
વિચાર - **विचार** પું., **मति** સ્ત્રી.
વિચારવું - **चिन्त्** ગ. ૧૦, **सम्** + **ईक्ष्** ગ. ૧ આત્મને.
વિચારાયેલું -**चिन्तित** (**चिन्त्** નું ભૂ. કૃ.)
વિચિત્ર - **विचित्र** વિશે.
વિદાય લેવી - **आ** + **प्रच्छ्** [ **पृच्छ्** ] ગ. ૧ આત્મને.
વિદ્યા - **विद्या** સ્ત્રી., **विद्वत्त्व** ન.
વિદ્યાર્થી - **विद्यार्थिन्** પું., **शिष्य** પું., **छात्र** પું.
વિદ્વાન - **विद्वस्** વિશે.
વિદ્વાનપણું, વિદ્વત્તા - **विद्वत्त्व** ન.
વિનંતિ - **विज्ञप्ति** સ્ત્રી.
વિનંતિ કરવી - **अभि** + **अर्थ्** ગ. ૧૦ આત્મને., **प्र** + **अर्थ्** ગ. ૧૦ આત્મને.
વિના - **विना** (અવ્યય)
વિયોગ - **वियोग** પું.
વિવાહ - **विवाह** પું.
વિશ્વ - **विश्व** ન.
વિશ્વકર્મા - **विश्वकर्मन्** પું., **त्वष्टृ** પું.
વિશ્વાસ -**विश्वास** પું., **श्रद्धा** સ્ત્રી.
વિશ્વાસનું કારણ - **विश्वासकरण** ન.

વિસ્તાર - **विकास** પું.
વિસામો ખાવાના સબબથી - **विश्रा - महेतोः**
વીંટાળવું - **परि + वृ**
વીજળી - **विद्युत्** સ્ત્રી.
વીણવું - **उञ्छ्** ગ. ૬ પરસ્મૈ.
વીનવવું - **प्र + अर्थ्** ગ. ૧૦ આત્મને.
વીર્ય - **वीर्य** ન.
વેણી - **कबरी** સ્ત્રી.
વેદ - **वेद** પું., **छन्दस्** ન., **श्रुति** સ્ત્રી.
વેદ જાણનાર - **श्रुतिमत्** વિશે.
વેર વાળવું એ - **प्रतिक्रिया** સ્ત્રી.
વેરુળ - **एलापुर** ન.
વેલ - **लता** સ્ત્રી.
વહેમી- **साशङ्क** વિશે.
વૈકુંઠ (વિષ્ણુનું રહેવાનું ઠેકાણું) - **वैकुण्ठ** ન.
વૈભવ - **प्रभाव** પું., **विभव** પું.
વ્રીહિ, વ્રીહિનો દાણો - **व्रीहि** પું.

## શ

શંકા - **शङ्का** સ્ત્રી., **संदेह** પું.
શંકા ભરેલું - **साशङ्क** વિશે.
શણગારવું - **भूष्** ગ. ૧૦ ઉભય., **अलम् + कृ** (કર્મણિપ્રયોગમાં **क्रि**)
શતક - **शत** ન.
શત્રુ - **अरि** પું., **शत्रु** પું., **रिपु** પું., **द्वेष्टृ** પું.
શત્રુ સાથે લડાઈ - **शत्रुविग्रह** પું.
શરણે જવું - **शरणम्** કે **वशम् + गम्** [ **गच्छ्** ] ગ. ૧ પરસ્મૈ., **आ + श्रि** ગ. ૧ ઉભય.
શરદઋતુ - **शरद्** સ્ત્રી.
શરમાવું - **लज्ज्** ગ. ૬ આત્મને.
શરીર - **शरीर** ન.
શરીરરૂપી વહાણ - **कायनौ** સ્ત્રી.
શરીરમાં રહેતું - **शरीरस्थ** વિશે.
શરૂઆત - **आरम्भ** પું.
શરૂ કરવું - **आ + रभ्** ગ. ૧ આત્મને., **प्र + वृत्** ગ. ૧ આત્મને.
શહેર - **नगर** ન., **नगरी** સ્ત્રી., **पुर** ન., **पुरी** સ્ત્રી.
શાણી સ્ત્રી - **आर्या** સ્ત્રી.
શાંત - **मूक** વિશે., **स्वस्थ** વિશે.
શાંતતા - **मौन** ન.
શાંત રીતે - **तूष्णीम्** (અવ્યય)
શાંત થવું - **शम्** [ **शाम्** ] ગ. ૪ પરસ્મૈ.
શાંત પડવું - **सान्त्व्** ગ. ૧૦
શાંતિ - **शान्ति** સ્ત્રી., **स्वास्थ्य** ન.
શાસ્ત્ર - **शास्त्र** ન.
શાળા - **शाला** સ્ત્રી.
શિકારી - **व्याध** પું.
શિકારી પ્રાણી - **श्वापद** પું.
શિક્ષા - **दण्ड** પું.
શિયાળ - **शृगाल** પું., **जम्बूक** પું.
શિયાળો - **शिशिर** પું. ન.
શિવ - **शिव** પું., **धूर्जटि** પું., **शूलिन्** પું., **शम्भु** પું.
શિવનું દેરું - **शिवालय** ન.
શિશિરઋતુ - **शिशिर** પું. ન.

શિષ્ય - **शिष्य** પું., **छात्र** પું., **विद्यार्थिन्** પું.
શીખવવું - **उप + दिश्** ગ. ૧ ઉભય., **वि+नी** ગ. ૧ ઉભય.
શીખવું -**शिक्ष्** ગ. ૧ આત્મને., **पठ्** ગ. ૧ પરસ્મૈ.
શુદ્ધ - **शुद्ध** વિશે., **विशुद्ध** (**वि+शुध्** ગ. ૪ પરસ્મૈ. નું ભૂ. કૃ.)
શુદ્ધિ - **शुद्धि** સ્ત્રી., **विशुद्धि** સ્ત્રી.
શૂદ્ર - **शूद्र** પું.
શૂર - **शूर** પું., **वीर** પું.
શેરી - **रथ्या** સ્ત્રી.
શોક કરવો, શોચવું - **शुच्** ગ. ૧ પરસ્મૈ.
શોધવું - **मृग्** ગ. ૧૦ આત્મને. **मार्ग्** ગ. ૧૦ ઉભય., **अनु+इष्** ગ. ૪ પરસ્મૈ.
શોભવું - **वि + राज्** ગ. ૧ ઉભય.
શૌર્ય - **शौर्य** ન., **पराक्रम** પું.

## સ

સંકટ - **संकट** ન., **दुर्ग** ન., **व्यसन** ન., **अनिष्ट** ન., **विपद्** સ્ત્રી.
સંકડામણ - **संकट** ન.
સંગમ- **संगम** પું.
સંગતિ - **संगति** સ્ત્રી., **संगम** પું.
સંગીત - **संगीत** ન.
સંતતિ - **संतति** સ્ત્રી., **प्रजा** સ્ત્રી.
સંતોષ પામવો - **तुष्** ગ. ૪ પરસ્મૈ.
સંદેશો - **संदेश** પું.
સંપ - **मेल** પું.
સંપત્તિ - **संपत्ति** સ્ત્રી., **संपद्** સ્ત્રી.
સંબંધ - **संपर्क** પું.
સંભવતું જણાય છે. - **संभाव्यते** (**सम्+भू** નું પ્રેરક કર્મણિ વર્તમાન તૃ. પુ. એ. વ)
સંભારવું - **स्मृ** ગ. ૧ પરસ્મૈ.
સંભાળવું - **रक्ष्** ગ. ૧ પરસ્મૈ., **तन्त्र्** ગ. ૧ આત્મને.
સંસર્ગ - **संपर्क** પું.
સંસાર - **संसार** પું.
સગો- **ज्ञाति** પું., **बन्धु** પું., **बान्धव** પું.,
સઘળું - **सकल** વિશે., **अखिल** વિશે.
સજા કરવી - **दण्ड्** ગ. ૧૦
સજ્જન - **सज्जन** પું., **आर्य** પું., **सत्** પું.
સજ્જ થયેલો - **उद्यत** (**उद्+यम्** નું કર્મણિ ભૂ. કૃ.)
સતાવવું - **तुद्** ગ. ૬ ઉભય.
સત્કર્મ - **सुकृति** સ્ત્રી., **सुचरित** ન.
સત્કારનું કારણ - **पूजास्थान** ન.
સત્પુરુષ - **सत्पुरुष** પું., **साधु** પું.
સત્ય - **सत्य** ન., **भूतार्थ** પું., **सत्त्व** ન.
સદા - **सदैव** (**सदा+एव** અવ્યય)
સદાચાર - **सदाचार** પું.
સભા - **सभा** સ્ત્રી., **सदस्** સ્ત્રી., **समाज** પું.
સભ્યતા- **सभ्यता** સ્ત્રી., **प्रश्रय** પું.
સમક્ષ - **पुरतस्** (અવ્યય)
સમજ - **भावय** (**भू** ના પ્રેરકના આજ્ઞાર્થ નું દ્વિ. પુ. એ. વ.)
સમજ - **बुध्** ગ. ૧ ઉભય.

સમજાવવું - **उप+दिश्** ગ. ૬ ઉભય.
સમર્થ - **समर्थ** વિશે.
સમર્થ થવું - **क्लृप्** ગ. ૧ આત્મને.
સમાન ગણતું - **समचित्त** વિશે.
સમુદાય - **सङ्घात** પું., **समूह** પું., **अवचय** પું.
સમુદ્ર - **समुद्र** પું., **उदधि** પું.
સમૂહ - **समूह** પું.
સરકવું - **सृ** ગ. ૧ પરસ્મૈ.
સરકારી કચેરી - **राजद्वार** ન.
સરખા દિલવાળું - **समचित्त** વિશે.
સરખું - **तुल्य** વિશે., **सम** વિશે.
સરજનાર - **स्त्रष्टृ** પું.
સરજવું- **सृज्** ગ. ૬ પરસ્મૈ.
સરજાયેલું - **निर्मित (निर्+मा** નું ભૂ. કૃ.)
સરવું - **सृ** ગ. ૧ પરસ્મૈ.
સરસાઈ કરવી - **स्पर्ध्** ગ. ૧ આત્મને.
સરોવર - **कासार** પું., **सरस्** ન.
સર્વ રીતે - **सर्वथा** (અવ્યય)
સવારે - **प्रातर्** (અવ્યય)
સહિયર - **सहचरी** સ્ત્રી.
સહેવાયેલું - **सोढ (सह्** નું ભૂ. કૃ.)
સહેવું - **सह्** ગ. ૧ આત્મને.
સાંચો- **यन्त्र** ન.
સાંભળનાર - **श्रोतृ** વિશે.
સાંભળવું (ક્રિયાપદ) - **श्रु**
*સાંભળવું એ (ક્રિયાવાચક નામ)*- **श्रुति** સ્ત્રી., **श्रवण** ન.

સાંસતાં સ્હેવું-થવું - **शम्[ शाम्]** ગ. ૪ પરસ્મૈ.
સાક્ષાત્ - **मूर्तिमत्** વિશે.
સાક્ષી - **साक्षिन्** પું.
સાથે - **सह** (અવ્યય)
સાદડી - **कट** પું.
સાધવા - યોગ્ય **साधयितव्य** વિશે.
સાધુ - **सत्** પું.
સાપ - **सर्प** પું.
સાબિત કરવું- **सम्+लक्ष्** ગ. ૧૦ ઉભય.
સામર્થ્ય - **सामर्थ्य** ન., **प्रभाव** પું.
સારથિ - **सारथि** પું., **सव्येष्टृ** પું.
સારી ચાલનું - **पुण्यवत्** વિશે., **सुवृत्त** વિશે.
સારું - **कृते** (અવ્યય)
સારું - **शुभ** વિશે., **शोभन** વિશે.
સારું કામ - **सुकृत** ન., **सुकृति** સ્ત્રી., **सुचरित** ન., **पराक्रम** પું., **विक्रम** પું.
સારું - **सम्यक्** (અવ્યય)
સાષ્ટાંગ નમસ્કાર સાથે - **साष्टाङ्गपातम्** (સામાસિક અવ્યય)
સાસુ - **श्वश्रू** સ્ત્રી.
સાહસ કર્મ - **साहस** ન.
સિંહ - **सिंह** પું.
સિંહાસન - **सिंहासन** ન.
સીંચવું - **सिच्[ सिञ्च्]** ગ. ૬ ઉભય.
સીમા - **सीमन्** સ્ત્રી.
સુંવાળું - **मृदु** વિશે.
સુંદર - **चारु** વિશે.

સુખ - **सुख** ન., **कल्याण** ન., **भद्र** ન.
સુખનો અંશ- **सुखलेश** પું.
સુખી - **सुखिन्** વિશે., **निवृत्तिमत्** વિશે., **श्रीमत्** વિશે., **सुखभाज्** વિશે., **कुशलिन्** વિશે.
સુકાવું - **शुष्** ગ. ૪ પરસ્મૈ.
સૂચન - **निर्देष** પું.
સૂત્રધાર - **सूत्रधार** પું.
સૂર્ય - **सूर्य** પું., **रवि** પું., **सवितृ** પું.
સૃષ્ટિ-**सृष्टि** સ્ત્રી.
સૃષ્ટિકર્તા - **स्रष्टृ** પું.
સજ્જા - **शय्या** સ્ત્રી.
સેના - **सेना** સ્ત્રી.
સેનાપતિ - **सेनापति** પું.
સેવવું - **सेव्** ગ. ૧ આત્મને., **भज्** ગ. ૧ ઉભય., **परि+सेव्** ગ. ૧ આત્મને., **नि+सेव्** ગ. ૧ આત્મને.
સો - **शत** ન.
સોનામહોર - **निष्क** પું.
સોની - **सुवर्णकार** પું.
સોનું-**सुवर्ण** ન., **काञ्चन** ન., **हेमन्** ન.
સોબતણ, સોબતમાં રહેનારી - **सहचरी** સ્ત્રી.
સોમયજ્ઞ કરાવનાર યાજ્ઞિકમાંનો એક - **मैत्रावरुण** પું.
સોમરસ, સામવલ્લી - **सोम** પું.
સો મૂર્ખા- **मूर्खशत** ન.
સૌથી મોટું - **वर** વિશે.
સ્ત્રી - **नारी** સ્ત્રી., **ललना** સ્ત્રી., **गेहिनी** સ્ત્રી.
સ્તબ્ધ - **निश्चेष्ट** વિશે.
સ્થળ - **स्थल** ન., **शाला** સ્ત્રી.
સ્થાપના- **प्रतिष्ठापन** ન., **प्रवर्तन** ન.
સ્થાપેલું - **विहित** (**वि** + **धा** નું ભૂ. કૃ.)
સ્થિર - **स्थिर** વિશે., **ध्रुव** વિશે., **अक्षर** વિશે., **निश्चेष्ट** વિશે., **अविचलित** (**अ+विचलित- वि+चल्** નું ભૂ. કૃ.)
સ્નેહ - **स्नेह** પું., **प्रीति** સ્ત્રી., **प्रेमन्** પું. ન.
સ્નેહ રાખવો - **स्निह्** ગ. ૪ પરસ્મૈ.
સ્મૃતિ (=ધર્મશાસ્ત્ર) - **स्मृति** સ્ત્રી.
સ્વચ્છ - **अवदात** વિશે.
સ્વદેશ - **स्वदेश** પું., **स्वविषय** પું.
સ્વપ્ન - **स्वप्न** પું.
સ્વભાવ - **प्रकृति** સ્ત્રી.
સ્વર્ગ - **स्वर्ग** પું.
સ્વસ્થ - **स्वस्थ** વિશે.
સ્વર્ગમાં રહેનારા દેવોમાંની એક જાત - **गन्धर्व** પું.
સ્વસ્થતા - **स्वास्थ्य** ન., **सुख** ન.
સ્વાદિષ્ટ - **स्वादु** વિશે.
સ્વાભાવિક - **प्रकृतिसिद्ध** વિશે.

## હ

હણવું - **हन्**
હદ - **सीमन्** સ્ત્રી.
હમણાં - **अधुना** (અવ્યય)
હંમેશ - **सदा** (અવ્યય), **सदैव= सदा + एव** (અવ્યય)

હરકત - **अपाय** પું.
હરણ - **मृग** પું., **हरिण** પું.
હરણ કરવું એ (ક્રિયાવાચક નામ) - **हरण** ન.
હરાયેલું - **अभिभूत** (**अभि** + **भू** નું ભૂ. કૃ.)
હરાવવું - **लङ्घ्** ગ. ૧ આત્મને., **अभि** + **भू** ગ. ૧ પરસ્મૈ.
હરીફાઈ - **अक्षमा** સ્ત્રી.
હરવું, હરી જવું - **हृ** ગ. ૧ ઉભય.
હલકાપણું - **लघिमन्** પું.
હલકું - **क्षुद्र** વિશે.
હવન કરનારો - **होतृ** પું.
હવેલી - **हर्म्य** ન., **प्रासाद** પું.
હસવું- **स्मि** ગ.૧ આત્મને.
હળવે હળવે - **शनैस्** (અવ્યય)
*હળાહળ ઝેર - **हलाहल** ન.*
હાથ - **हस्त** પું., **कर** પું., **पाणि** પું., **बाहु** પું.
હાથણી - **वशा** સ્ત્રી.
હાથમાં લેવું - **आ+रभ्** ગ. ૧ આત્મને.
હાથી - **हस्तिन्** પું., **गज** પું., **नाग** પું.
હાથીનું બચ્ચું - **करभक** પું.
હાર ખાવી - **परा** + **जि** ( **जय्** ) ગ. ૧ આત્મને.
હાલવું - **कम्प्** ગ. ૧ આત્મને.
હાલે નહિ એવું - **अविचलित** (**अ** + **वि** + **चल्** નું ભૂ. કૃ.)
હિંદુસ્તાનનો રહેવાસી - **भारतवर्षीय** પું.
હિતકારક - **हित** વિશે., **हितकर** વિશે.
હિતકારક વસ્તુ - **पथ्य** ન.
હિંમત - **धृति** સ્ત્રી.
હુકમ - **आज्ञा** સ્ત્રી., **आदेश** પું., **शासन** ન.
હુકમ બજાવવો - **अनु+स्था** [ **तिष्ठ्** ] ગ. ૧ પરસ્મૈ.
હૈયું - **हृदय** ન., **अन्तःकरण** ન.
*હોવું - **भू** ગ. ૧ પરસ્મૈ., **अस्** ગ. ૨* પરસ્મૈ., **वृत्** ગ. ૧ આત્મને., **विद्** ગ. ૪ આત્મને.
હોંશિયાર - **निपुण** વિશે.
હોંશિયારી - **कौशल** ન., **प्रावीण्य** ન., **पटुता** સ્ત્રી.

---

**आचारः प्रथमो धर्मः । - આચાર સર્વોત્તમ ધર્મ છે.**

**जलबिन्दुनिपातेन क्रमशः पूर्यते घटः। - ટીપે-ટીપે ઘડો ભરાય છે.**

# નિયમાવલિ

## ૧. સ્વર-સંધિ

૧. નામ કે ક્રિયાપદના દ્વિવચનને છેડે **ई, ऊ** (દીર્ઘ) કે **ए** + સ્વર = સંધિ થતી નથી.
<u>દા.ત.</u> **गिरी + आरोहन्ति = गिरी आरोहन्ति ।**

૨. પદાંતે **ए, ऐ, ओ, औ** + સ્વર = અનુક્રમે **अय्, आय्, अव्, आव्** મૂકાય છે.
<u>દા.ત.</u> **ने + अ = नय । गै + अ = गाय ।**
**भो + अ = भव । अश्वौ + उत्पततः = अश्वावुत्पततः ।**
→ આ નિયમમાં વિકલ્પે **य्, व्** લોપાય છે, લોપાય ત્યારે સંધિ થતી નથી.
<u>દા.ત.</u> **मन्यते + आत्मानम् = मन्यतयात्मानम् ।** અથવા **मन्यत आत्मानम् ।**

૩. **ए** કે **ओ** પછી **अ** આવે તો **अ** ના સ્થાને ऽ (અવગ્રહ) મૂકાય છે.
<u>દા.ત.</u> **वने + अश्व = वनेऽश्व । अश्वो + अस्ति = अश्वोऽस्ति ।**

૪. હ્રસ્વ કે દીર્ઘ **इ, उ, ऋ, लृ** + વિજાતીય (એના સિવાયના બીજા) સ્વર = અનુક્રમે **य्, व्, र्, ल्** મુકાય છે.
<u>દા.ત.</u> **अति + उष्ण = अत्युष्ण । मधु + अलभत = मध्वलभत ।**
**मातृ + आदि = मात्रादि । लृ + आकृतिः = लाकृतिः ।**

૫. દીર્ઘ કે હ્રસ્વ **अ, इ, उ, ऋ, लृ** + સ્વજાતીય (એના એજ) દીર્ઘ કે હ્રસ્વ સ્વર = દીર્ઘ સ્વર થાય છે.
<u>દા.ત.</u> **जिन + आज्ञा = जिनाज्ञा । भवति + इति = भवतीति ।**
**मधु + उर्मि = मधूर्मि । मातृ + ऋण = मातृण ।**

૬. **अ** કે **आ** + **इ** કે **ई, उ** કે **ऊ, ऋ** કે **ॠ** હોય તો બંને મળીને પાછળના સ્વરનો ગુણ થાય છે.
<u>દા.ત.</u> **दिन + ईश = दिनेश । सूर्य + उदय = सूर्योदय ।**
**राजा + ऋषि = राजर्षि ।**

૭. **अ** કે **आ** + **ए** કે **ऐ = ऐ**
<u>દા.ત.</u> **सीता + ऐक्षत = सीतैक्षत ।**

૮. **अ** કે **आ** + **ओ** કે **औ = औ**
<u>દા.ત.</u> **नृप + औ = नृपौ ।**

૯. **अ, ई, ऊ, ऋ, लृ** દીર્ઘ કે હ્રસ્વ + **ॠ** = સંધિ કરવી અથવા સંધિ ન કરતાં માત્ર પૂર્વનો સ્વર દીર્ઘ હોય તો હ્રસ્વ કરવો.
<u>દા.ત.</u> **राजा + ऋषि = राजर्षि ।** અથવા **राज ऋषि ।**

## ૨. વ્યંજન-સંધિ

૧. નામના પદાંતે એકથી વધુ વ્યંજન હોય તો પ્રથમ વ્યંજન રહે, બાકીના વ્યંજન લોપાય અને પ્રથમ વ્યંજનના સ્થાને સ્વવર્ગનો પ્રથમ કે તૃતીય થાય છે.

<u>દા.ત.</u> **मरुत् + स् = मरुत् / मरुद् ।**

૨. ૨૦ + અઘોષ વ્યંજન = સ્વવર્ગનો પ્રથમ + અઘોષ.

<u>દા.ત.</u> **अद् + ति = अत्ति ।**

૩. ૨૦ + ઘોષ કે સ્વર = પૂર્વ વ્યંજનના વર્ગનો ત્રીજો + ઘોષ કે સ્વર.

<u>દા.ત.</u> **उत् + गमः = उद्गमः । वनात् + आगच्छति = वनादागच्छति ।**

૪. ૨૦ + અનુનાસિક = સ્વવર્ગનો અનુનાસિક અથવા સ્વવર્ગનો ત્રીજો.

<u>દા.ત.</u> **एतद् + मुरारि = एतन्मुरारि / एतद्मुरारि ।**

૫. તાલવ્ય કે મૂર્ધન્યના યોગમાં દંત્ય દુર્બળ બનીને તેટલામો તાલવ્ય કે મૂર્ધન્ય મૂકાય છે.

<u>દા.ત.</u> **तत् + च = तच्च । तत् + टीका = तट्टीका ।**

૬. દંત્ય + **ल = ल् + ल**

<u>દા.ત.</u> **भगवत् + लीला = भगवल्लीला ।**

૭. **न् + ल** = સાનુનાસિક (ँ) **ल् + ल**

<u>દા.ત.</u> **अस्मिन् + लोके = अस्मिँल्लोके ।**

૮. હ્રસ્વ સ્વર **ङ्, ण्, न्** + સ્વર = **ङ्, ण्, न्** બેવડાય છે.

<u>દા.ત.</u> **भगवन् + इति = भगवन्निति ।**

૯. **च्** કે **ज्** + અઘોષ વ્યંજન = **च्** કે **ज्** નો **क्** થાય.

<u>દા.ત.</u> **वाच् + सु = वाक्षु ।**

૧૦. **च्** કે **ज्** + ૨૪માંનો ઘોષ વ્યંજન = **च्** કે **ज्** નો **ग्** થાય.

<u>દા.ત.</u> **वाच् + भ्याम् = वाग्भ्याम् ।**

૧૧. હ્રસ્વ સ્વર, **मा** અવ્યય કે **आ** ઉપસર્ગ + **छ् = छ्** નો **च्छ्** થાય.

<u>દા.ત.</u> **मा + छिन्धि = माच्छिन्धि ।**

→ દીર્ઘ સ્વરમાં વિકલ્પે **छ्** નો **च्छ्** થાય છે.

<u>દા.ત.</u> **लक्ष्मी + छाया = लक्ष्मीछाया ।** કે **लक्ष्मीच्छाया ।**

૧૨. પદાંતે **न्** + ઉષ્માક્ષર **र्** કે **ह्** = **न्** નો અનુસ્વાર થાય.

<u>દા.ત.</u> **हन् + सि = हंसि । रन् + रम्यते = रंरम्यते ।**

૧૩. પદાંતે **न् + च्, छ्, ट्, ठ्, त्, थ् = न्** ને ઠેકાણે અનુસ્વાર તથા વિસર્ગ સંધિના

નિયમ મુજબ ફેરફાર થાય છે.

<u>દા.ત.</u> **नरान्** + **च** = **नरांश्च** । **नरान्** + **टीकते** = **नरांष्टीकते** ।

**बिडालान्** + **ताडयति** = **बिडालांस्ताडयति** ।

૧૪. **ऋ**, **र्** કે **ष्** પછી અપદાન્ત **न्** આવે તો **न्** નો **ण्** થાય છે તથા બેની વચ્ચે કંઠ્ય, ઓષ્ઠ્ય, **य्**, **व्**, **ह्** કે સ્વર આવે તો **न्** નો **ण्** થાય છે.

<u>દા.ત.</u> **प्र** + **नमति** = **प्रणमति** । **ऋन** = **ऋण** । **राम** + **इन** = **रामेण** ।

→ જો પદાંતે **न्** હોય તો **न्** નો **ण्** થતો નથી.

<u>દા.ત.</u> **नरान्** ।

૧૫. પદાંતે **र्** કે **स्** + અઘોષ કે શૂન્ય = **र्** કે **स्** નો વિસર્ગ થાય.

<u>દા.ત.</u> **पुनर्** + **पुनर्** = **पुनः पुनः** । **शनैस्** + **शनैस्** = **शनैः शनैः** ।

૧૬. **त्** + **श्** + અંતઃસ્થ, અનુનાસિક કે **સ્વર** = **श्** નો વિકલ્પે **छ्** થાય છે.

<u>દા.ત.</u> **अवदत्** + **शठः** = **अवदत्छठः** । નિયમ ૫ પરથી **अवदच्छठः** ।

૧૭. **उद्** ઉપસર્ગ + **स्** = **स्** નો લોપ થાય છે.

<u>દા.ત.</u> **उद्** + **स्था** + **य** = **उद्** + **थाय** ।

**उद्** + **स्तम्भते** = **उद्तम्भते** = **उत्तम्भते**। (નિયમ ૨ મુજબ)

૧૮.૨૦ + **ह्** = **ह्** ના સ્થાને સ્વવર્ગનો ચોથો મૂકાય છે.

<u>દા.ત.</u> **उद्** + **हार** = **उद्धार** ।

૧૯. **उपानह्** શબ્દનો **ह्** અઘોષ વ્યંજનાદિ પ્રત્યય પર હોતા **त्** થાય છે.
ઘોષ વ્યંજનાદિ પ્રત્યય પર હોતા **द्** થાય છે. અને પદાંતે **त्** અથવા **द्** થાય છે.

૨૦. **अ**, **आ** સિવાયનો સ્વર, કંઠ્ય કે **र्** + **स्** = **स्** નો **ष्** થાય.

<u>દા.ત.</u> **वाक्**+ **सु** = **वाक्** + **षु** = **वाक्षु** । **रामे** + **सु** = **रामेषु** ।

૨૧. **र्** + **र्** કે **ढ्** + **ढ्** આવે તો પૂર્વનો **र्** કે **ढ्** લોપાય અને તેની પૂર્વનો સ્વર દીર્ઘ થાય.

<u>દા.ત.</u> **हरिः** + **रटति** = **हरिर्** + **रटति** = **हरी रटति** । **लिढ्** + **ढि** = **लीढि** ।

૨૨. **सम्**, **परि**, **उप** + **कृ** = **कृ** નું **स्कृ** થાય છે.

<u>દા.ત.</u> **सम्** + **क्रियते** = **संस्क्रियते** । **परि** + **कार** = **परिष्कार** ।

**उप** + **कारः** = **उपस्कारः** ।

→ આ નિયમ બધેય લાગુ પડતો નથી. <u>દા.ત.</u> **उपकार** ।

૨૩. એક જ પદમાં **र्**, + **क्**, **ख्**, **प्**, **फ्** = **र्** નો **ष्** થાય છે.

<u>દા.ત.</u> **निर्** + **कासः** = **निष्कासः** । **निर्** + **पद्यते** = **निष्पद्यते** ।

**निर्** + **खनति** = **निष्खनति** । **निर्** + **फलम्** = **निष्फलम्** ।

## ૩. વિસર્ગ સંધિ

૧. अ પછી વિસર્ગ + ઘોષ કે अ આવે તો વિસર્ગ(:) નો उ થાય છે. તે પૂર્વના अ માં મળી જતાં ओ થાય છે.

દા.ત. रामः गच्छति = रामो गच्छति । रामः अटति = रामोऽटति ।

૨. अ પછી વિસર્ગ + अ સિવાયનો કોઈપણ સ્વર = વિસર્ગ લોપાય છે.

દા.ત. रामः आगच्छति = राम आगच्छति । रामः इति = राम इति ।

૩. अ, आ સિવાયનો કોઈ પણ સ્વર પછી વિસર્ગ + ઘોષ કે સ્વર આવે તો વિસર્ગનો र् થાય છે.

દા.ત. हरिः + आगच्छति = हरिरागच्छति । हरिः + गच्छति = हरिर्गच्छति ।

૪. आ પછી વિસર્ગ + સ્વર કે ઘોષ = વિસર્ગ લોપાય.

દા.ત. बालाः + आगच्छन्ति = बाला आगच्छन्ति ।

बालाः + गच्छन्ति = बाला गच्छन्ति।

૫. વિસર્ગ + च्, छ्, ट्, ठ्, त्, थ् આવે તો અનુક્રમે श्, ष्, स् થાય છે.

દા.ત. बालः + चलति = बालश्चलति । बालः + टीकते = बालष्टीकते ।

बालः + तरति = बालस्तरति ।

૬. વિસર્ગ + श्, ष्, स् આવે તો વિસર્ગ + श्, ष्, स् તથા વિકલ્પે श्, ष्, स् + श्, ष्, स् થાય છે.

દા.ત. नृपः + शास्ति = नृपःशास्ति । કે नृपश्शास्ति ।

बालः + षट्कोणम् = बालःषट्कोणम् । કે बालष्षट्कोणम् ।

बालः + सरति = बालःसरति । કે बालस्सरति ।

૭. भोः + ઘોષ કે સ્વર = વિસર્ગ લોપાય છે.

દા.ત. भोः + भोः + भव्याः = भो भो भव्याः । भोः + नृत्यम् = भो नृत्यम् ।

૮. सः, एषः + अ સિવાયનો વર્ણ = વિસર્ગ લોપાય છે.

દા.ત. सः, एषः + आगच्छति = स, एष आगच्छति ।

सः, एषः + गच्छति = स, एष गच्छति ।

विद्याधनं सर्वधनप्रधानम् । - સર્વ ધનમાં વિદ્યા-ધન પ્રધાન છે.

## ૪. અનુસ્વાર-સંધિ

૧. પદાંતે म् + ઉષ્માક્ષર, અંતઃસ્થ કે મહાપ્રાણ = म् નો પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર થાય છે.

દા.ત. अहम् + सहे = अहं सहे । अहम् + वदामि = अहं वदामि ।

૨. પદાંતે म् + સ્પર્શ વ્યંજન = म् નો પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર થાય અથવા વિકલ્પે પાછળના વ્યંજનનો અનુનાસિક થાય.

દા.ત. कथम् + भवामि = कथं भवामि / कथम्भवामि ।

सायम् + गच्छति = सायं गच्छति / सायङ्गच्छति ।

अहम् + चरामि = अहं चरामि / अहञ्चरामि ।

वयम् + तिष्ठामः = वयं तिष्ठामः / वयन्तिष्ठामः ।

૩. અનુસ્વાર નો म् + કોઈપણ સ્વર = તે સ્વર म् માં ભળી જાય છે.

દા.ત. अहम् + अस्मि = अहमस्मि ।

---

विद्या ददाति विनयम् । - વિદ્યાથી નમ્રતા આવે છે.

विद्या प्रवासेषु मित्रम् । - વિદ્યા વિદેશમાં મિત્ર છે.

शीलं हि विदुषां धनम् । - શીલ જ વિદ્વાનોનું ધન છે.

सत्यं कण्ठस्य भूषणम् । - સત્ય કંઠનું ભૂષણ છે.

## ૫. ધાતુ રૂપ નિયમો

૧. પહેલા ગણના ધાતુઓને ગણની નિશાની **अ** લાગતાં અંત્ય કોઈ પણ સ્વર તથા ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

<u>દા.ત.</u> **भू + अ + ति = भवति । नी + अ + ति = नयति ।**

**बुध् + अ + ति = बोधति । जीव् + अ + ति = जीवति ।**

૨. દશમાગણના ધાતુઓને ગણની નિશાની **अय** લાગતાં અંત્ય કોઈપણ સ્વર અને ઉપાન્ત્ય **अ** ની વૃદ્ધિ થાય છે. તથા ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

<u>દા.ત.</u> **दृ + अय + ति = दारयति । तड् + अय + ति = ताडयति ।**

**घुष् + अय + ति = घोषयति ।**

<u>અપવાદ</u> - **कथ्, गण्, रच्, प्रथ्, मृग्, स्पृह्** આ છ ધાતુઓ દશમા ગણના હોવા છતાં ધાતુના સ્વરમાં ગુણ વૃદ્ધિ થતી નથી.

૩. **म** કે **व** થી શરૂ થતા પ્રત્યયો પૂર્વે અંગના અંત્ય **अ** નો **आ** થાય છે. તથા **अ** થી શરૂ થતા પ્રત્યયો પૂર્વે અંગના અંત્ય **अ** નો લોપ થાય છે.

<u>દા.ત.</u> **गच्छ + मि, वः, मः = गच्छामि । गच्छावः । गच्छामः ।**

**गच्छ + अन्ति = गच्छन्ति ।**

૪. હ્યસ્તન ભૂતકાળના પ્રત્યયો લાગતાં વ્યંજનાદિ ધાતુઓની પૂર્વે **अ** આવે તથા સ્વરાદિ ધાતુના આદ્ય સ્વરની વૃદ્ધિ થાય છે.

<u>દા.ત.</u> **अ + गच्छ् + अम् = अगच्छम् । इक्ष् + महि = ऐक्षामहि ।**

---

**मृत्योः सर्वत्र तुल्यता । - મોતની સામે બધાય સમાન છે.**

**विद्या गुरूणां गुरुः । - વિદ્યા ગુરુનો પણ ગુરુ છે.**

## ૬. વિભક્તિના નિયમો

૧. **नमः, स्वस्ति, स्वाहा** ના યોગમાં ચતુર્થી આવે.

<u>દા.ત.</u> **महावीराय नमः । जनाय स्वस्ति ।**

૨. **विना** ના યોગમાં દ્વિતીયા, તૃતિયા અને પાંચમી આવે.

<u>દા.ત.</u> **रामं - रामेण - रामात् विना ।**

૩. **ऋते** ના યોગમાં દ્વિતીયા અને પાંચમી આવે.

<u>દા.ત.</u> **रामं - रामात् ऋते ।**

૪. **दा** ના યોગમાં કર્મને ચતુર્થી લાગે.

<u>દા.ત.</u> **नृपः ब्राह्मणाय धनं यच्छति ।**

૫. **धृ** ધારણ કરવું, દેવાદાર થવું, જે લેણદાર હોય તેનું નામ ચતુર્થીમાં આવે.

<u>દા.ત.</u> **रामः हरये शतं निष्कान् धारयति ।**

૬. ક્રોધ, દ્રોહ કે ઈર્ષા, અદેખાઈ કરવી હોય તો તેના ક્રિયાપદ સાથે કર્મને ચતુર્થી લાગે.

<u>દા.ત.</u> **रामः किङ्कराय कुप्यति ।**

૭. **स्पृह्** ના યોગમાં ચતુર્થી લાગે.

<u>દા.ત.</u> **भक्तः ईश्वराय स्पृहयति।**

૮. **प्रति + दा** ના કર્મને દ્વિતીયા લાગે તથા બદલામાં જે લેવાનું હોય તે પંચમીમાં આવે.

<u>દા.ત.</u> **तेलेभ्यः प्रतियच्छति मासान् ।**

૯. **कथ्** નો કર્મ દ્વિતીયા, ચતુર્થી અને ષષ્ઠીમાં આવે છે.

<u>દા.ત.</u> **आचार्यः शिष्यम् - शिष्याय - शिष्यस्य कथां कथयति ।**

૧૦. ખોડ-ખાંપણ બતાવવાના અંગને તૃતીયા લાગે.

<u>દા.ત.</u> **नेत्रेण काणः ।**

૧૧. **रुच्** અને એવા અર્થના બીજા ક્રિયાપદો સાથે, ખુશ થનારનું નામ ચતુર્થીમાં આવે.

<u>દા.ત.</u> **मोदको बालकाय रोचते ।**

૧૨. જેનાથી ભય હોય તેને પંચમી લાગે.

<u>દા.ત.</u> **व्याघ्रात् भयम् ।**

૧૩. જેના પ્રતિ સ્નેહ હોય તેને સપ્તમી લાગે.

<u>દા.ત.</u> **पुत्रो जनके स्निह्यति**

૧૪. **अलम्** – આ અવ્યય તૃતીયા વિભક્તિ સાથે વપરાય છે.

<u>દા.ત.</u> **अलं धनेन ।**

૧૫. જેમાંથી ઉત્પન્ન થાય તેને પંચમી લાગે.

<u>દા.ત.</u> **पङ्कज्जायते पङ्कजम्।**

૧૬. **आ + रुह्** ધાતુમાં જ્યાં ચઢવાનું હોય તેને દ્વિતીયા લાગે.

<u>દા.ત.</u> **गिरिं आरोहति ।**

૧૭. **श्रेष्ठ, प्रधान, प्रथम** વગેરે હોય તેને ષષ્ઠી કે સપ્તમી લાગે.

<u>દા.ત.</u> **रामः नृणां नृषु वा श्रेष्ठः ।**

૧૮. જેનું હિત ઈચ્છવાનું હોય તેને ચતુર્થી લાગે.

<u>દા.ત.</u> **शिष्याय हितं इच्छति ।**

૧૯. (સતિ સપ્તમી પ્રયોગ) બે વાર સપ્તમી આવે તો તેનો અર્થ જ્યારે... ત્યારે .... કરવો.

<u>દા.ત.</u> **तनुषु विभवेषु ज्ञातिभिस्त्यज्यन्ते नराः ।**

૨૦. **गम्** આદિ ધાતુમાં જવાના સ્થાનને દ્વિતીયા લાગે.ક્યારેક ચતુર્થી પણ લાગે.

<u>દા.ત.</u> **ग्रामं गच्छति । ग्रामाय गच्छति ।**

૨૧. **स्मृ** વગેરેમાં જેનું સ્મરણ કરવાનું હોય તેને દ્વિતીયા અથવા ષષ્ઠી લાગે.

<u>દા.ત.</u> **पितरं पितुः वा स्मरति ।**

૨૨. **सह** – આ અવ્યય જેની સાથે હોય તે વ્યક્તિને તૃતીયા વિભક્તિ લાગે.

<u>દા.ત.</u> **रामेण सह सीता वनं गच्छति ।**

---

**माया दुर्गतिकारणम् । – માયા દુર્ગતિનું કારણ છે.**

**मुर्खैर्हि संगः कस्यास्ति शर्मणे ? – મૂર્ખની સંગતિ કોને સુખ આપે છે ?**

## ૭. સામાન્ય નિયમો

૧. **रम्** ધાતુ આત્મનેપદી છે. પરંતુ જો તેની પૂર્વે **आ, परि** કે **वि** ઉપસર્ગ આવે તો તે પરસ્મૈપદી થાય છે અને **उप** ઉપસર્ગ આવે તો વિકલ્પે પરસ્મૈપદી થાય છે.

<u>દા.ત.</u> **आरमति । परिरमति । विरमति । उपरमते । उपरमति ।**

૨. વિશેષણ અને વિશેષ્યના લીંગ, વિભક્તિ અને વચન સમાન હોય છે.

<u>દા.ત.</u> **प्रबलेनापि वातेन पर्वतो न कम्पते ।**

૩. જે પદ જોડવાના હોય કે છૂટા પાડવાના હોય તે સઘળાંને છેડે એક જ વાર કે દરેકને છેડે જુદી જુદી વાર **च** કે **वा** મુકાય છે.

<u>દા.ત.</u> **हरिश्च गोविन्दश्च जल्पतः । हरिर्गोविन्दश्च जल्पतः ।**

૪. દેશનું નામ અને **प्रजा** શબ્દ બહુવચનમાં વપરાય છે.

૫. **लक्ष्मी** શબ્દની પ્રથમાના એકવચનમાં **स्** (:) પ્રત્યય લાગે છે.

૬. નિષેધ બતાવવા માટે વ્યંજનથી શરૂ થતા શબ્દને આરંભે **अ** અને સ્વરથી શરૂ થતા શબ્દને આરંભે **अन्** મુકાય છે.

<u>દા.ત.</u> **अ + धर्म = अधर्म । अन् + आचार = अनाचार ।**

૭. સામાન્યથી ૧૦ મા ગણના ધાતુઓ ઉભયપદી છે.

૮. વીસર્ગ અથવા કોઈ વર્ણના લોપ પછી સંધી થતી નથી.

<u>દા.ત.</u> **रामः + इति = राम इति ।**

૯. **किम्** સર્વનામના રૂપોને **चित्** અથવા **अपि** (અને **चन**) પ્રત્યય લગાડવાથી પ્રશ્નાર્થ જતો રહીને અનિશ્ચયાર્થ થાય છે, **किंचित्** (ન.) કોઈ, **कश्चित्** (પું.) કોઈ, વગેરે. (આમ **किम्** ના ત્રણ જાતિના રૂપોને **चित् - अपि - चन** લાગે છે.)

---

**अविद्याजीवनं शून्यम् । - અવિદ્યાપૂર્ણ જીવન શૂન્ય છે.**

**अशीलस्य हतं कुलम् । - શીલ રહિતની કુલીનતા વ્યર્થ છે.**

## ८. કર્મણિના નિયમો

૧. મુળ ધાતુને અંતે **य** લાગે તથા આત્મનેપદના પ્રત્યય લાગે.
દા.ત. **गम् = गम्यते ।**

૨. દશમા ગણમાં ગુણવૃદ્ધિ થયા પછી **य** લાગે.
**चुर् = चोर्यते ।**

૩. ધાતુના અંતે હ્રસ્વ **इ, उ** નો દીર્ઘ **ई, ऊ** થાય છે.
દા.ત. **नु = नूयते । जि = जीयते ।**

૪. હ્રસ્વ **ऋ** હોય તો તેનો **रि** થાય, સંયુક્ત વ્યંજન પરના હ્રસ્વ **ऋ** નો **अर्, ऋ** તથા **जागृ** નો **अर्** થાય.
દા.ત. **कृ = क्रियते । स्मृ = स्मर्यते । । ऋ = अर्यते । जागृ = जागर्यते ।**

૫. અંતે દીર્ઘ **ॠ** આવે તો **ईर्,** ઓષ્ઠ્ય તથા **व** પર દીર્ઘ **ॠ** તો **ऊर्** થાય.

દા.ત. **जॄ = जीर्यते । पॄ = पूर्यते । वॄ = वूर्यते**

૬. **दा, धा, मा, स्था, गै, पा [ पिब् ], सो, हा** (ગ. ૩ પરસ્મૈ.) આટલા ધાતુમાં અંત્ય સ્વરનો દીર્ઘ **ई** થાય છે.
દા.ત. **दा = दीयते । पा = पीयते ।**

૭. **अञ्च्, अञ्ज्, भञ्ज्, रञ्ज्, सञ्ज्, स्वञ्ज्, दंश्, ध्वंस्, भ्रंश्, स्रंश्, ग्रन्थ्, बन्ध्, मन्थ्, स्कन्द्, स्तम्भ्, इन्ध्, उन्द्, तृंह्** માં અનુનાસિક લોપાય છે.
દા.ત. **ग्रन्थ = ग्रथ्यते । मन्थ = मथ्यते ।**

૮. **वच्, यज्, वप्, वह्, वस्, वश्, वे, व्ये, ह्वे, श्वि, वद्, स्वप्, ज्या, व्यच्, प्रच्छ्, व्रश्च्, भ्रस्ज्, ग्रह्, व्यध्** માં સંપ્રસારણ થાય છે. (સંપ્રસારણ = **य्, व्, र्** ને બદલે **इ, उ, ऋ** થાય.)
દા.ત. **यज् = इज्यते । वच् = उच्यते । ग्रह् = गृह्यते ।**

૯. **नी, हृ, कृष्, वह्** માં મુખ્ય કર્મ પ્રથમામાં તથા ગૌણ કર્મ દ્વિતીયામાં આવે.
દા.ત. **गोपेन अजा ग्रामं नीयते ।**

૧૦. **दुह्, याच्, पच्, वच्, दण्ड्, प्रच्छ्, चि, ब्रू, शास्, मुष्, मन्थ्, कथ्** માં ગૌણ કર્મ પ્રથમામાં તથા મુખ્ય કર્મ દ્વિતીયામાં આવે.
દા.ત. **गुरुणा शिष्यः कथां कथ्यते ।**

૧૧. **अस्** નો આદેશ **भू** થાય. દા.ત. **भूयते ।**
**ब्रू** નો આદેશ **वच्** થાય. દા.ત. **उच्यते ।**

घस् નો આદેશ अद् થાય. <u>દા.ત.</u> अद्यते ।

शी નો આદેશ शय् થાય. <u>દા.ત.</u> शय्यते ।

૧૨. खन्, जन्, तन् માં વિકલ્પે न् લોપાય તથા અનુક્રમે खा, जा, ता થાય.

<u>દા.ત.</u> खायते = खन्यते । जायते = जन्यते । तायते = तन्यते ।

૧૩. કર્મણિ અને ભાવે પ્રયોગમાં કર્તાને તૃતીયા અને કર્મને પ્રથમા વિભક્તિ લાગે તથા ક્રિયાપદ કર્મને અનુસરે છે.

<u>દા.ત.</u> बालाः शालां गच्छन्ति = बालैः शाला गम्यते ।

૧૪. (જેમાં કર્મ નથી તે) ભાવે પ્રયોગમાં ક્રિયાપદ ત્રી.પુ.એ.વ. લે છે.

<u>દા.ત.</u> जनाः क्रीडन्ति = जनैः क्रीड्यते ।

---

जातस्य हि ध्रुवो मृत्यु : । - જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે.

जैनं जयति शासनम् । - જૈન શાસન જય પામે છે

ज्येष्ठ भ्राता पितुः समः । - મોટો ભાઈ પિતા સમાન છે.

तपोऽधीना हि संपद : । - સંપત્તિઓ તપને આધીન છે.

त्रैलोक्ये दीपको धर्मः । - ધર્મ ત્રણે લોકનો દીપક છે.

तृष्णेऽधुना मुंच माम् । - હે તૃષ્ણા ! હવે તો મને છોડ !

## ૯. કૃદંતના નિયમો

### ૧. હેત્વર્થ કૃદંત

૧. ધાતુને **तुम्** લગાડવાથી હેત્વર્થ કૃદંત બને છે. તેનો અર્થ '...વાને માટે' એવો થાય છે.

<u>દા.ત.</u> **श्रु** (સાંભળવું) = **श्रोतुम्** । (સાંભળવાને માટે)

૨. **तुम्** લગાડતા પહેલા અંત્ય સ્વરનો તથા ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

<u>દા.ત.</u> **नी = नेतुम् । क्षिप् = क्षेप्तुम् ।**

૩. દશમા ગણનો ગુણ-વૃદ્ધિનો નિયમ લાગે છે તથા દશમા ગણમાં ગણની નિશાની લાગે અને **इ** ઉમેરાય, તે પહેલાં **अय** નો અંત્ય **अ** લોપાય.

<u>દા.ત.</u> **चुर् = चोरयितुम् । दॄ = दारयितुम् । तड् = ताडयितुम् ।**

૪. **तुम्** લગાડતા પૂર્વે સેટ્ ધાતુને **इ** લાગે, અનિટ્‌ને **इ** ન લાગે તથા વેટ્ ને વિકલ્પે **इ** લાગે છે. (જુઓ મન્દિરાન્ત. પાઠ ૧૩)

<u>દા.ત.</u> **मद्** (૪.૫. સેટ્) = **मदितुम् ।** **मन्** (૪.આ.અનિટ્) = **मन्तुम् ।**

**अञ्ज्** (૭.૫.વેટ્) = **अञ्जितुम् / अङ्क्तुम् ।**

### ૨.સંબંધક ભૂતકૃદંત

૧. ધાતુને **त्वा** લગાડવાથી આ કૃદંત થાય છે. તેનો અર્થ '...ઈને' એવો થાય છે.

<u>દા.ત.</u> **श्रु = श्रुत्वा** । (સાંભળીને)

૨. ઉપસર્ગવાળા ધાતુને તથા **च्वि** પ્રત્યયાન્ત ધાતુઓને **त्वा** ને બદલે **य** પ્રત્યય લાગે છે તથા ઉપસર્ગવાળા ધાતુને છેડે હ્રસ્વ હોય તો **त्य** લગાડાય છે.

<u>દા.ત.</u> **अनु + भू = अनुभूय । अनु + कृ = अनुकृत्य ।**

**शुक्लीभूय** (**च्वि** પ્રત્યયાંત, મન્દિરાન્ત. પાઠ ૧૮ જુઓ)

૩. હેત્વર્થ કૃદંતનો નિયમ ૩ અને ૪ લાગુ પડે છે.

<u>દા.ત.</u> **चुर् = चोरयित्वा । अञ्ज् = अञ्जित्वा / अंङ्क्त्वा ।**

**मद् = मदित्वा ।**

<u>અપવાદ</u> - **य** લાગતા પૂર્વે ગુણ - વૃદ્ધિ થાય છે પણ **इ** નથી લાગતી તેમજ ગણની નિશાની **अय** પણ નથી લાગતી.

<u>દા.ત.</u> **अव + दॄ = अवदार्य । वि + दॄ = विदार्य ।**

૪. **इ** ન લાગે ત્યારે કર્મણિ ભૂતકૃદંતનો નિયમ ૯,૧૦,૧૧ લાગે પરંતુ ઉપસર્ગવાળા ધાતુને નિયમ ૯ વિકલ્પે લાગે.

<u>દા.ત.</u> **नम् = नत्वा । प्रणत्य । प्रणम्य ।**

૫. કર્મ.ભૂ.કૃ.નો ત્રીજો નિયમ લાગે
**દા.ત.** **वस् = उषित्वा ।**

## ૩. કર્મણિ ભૂતકૃદંત

૧.(A) ધાતુને **त** લગાડવાથી આ કૃદંત બને છે.
**દા.ત.** **श्रु = श्रुत** । (સાંભળેલું)
(B) પુંલિંગ - **राम** ની જેમ, નપુંસકલિંગ - **वन** ની જેમ, સ્ત્રીલીંગ અંગમાં **आ** ઉમેરી **शाला** ની જેમ રૂપો થાય છે.

૨. દશમા ગણના ધાતુઓને **त** લાગતાં **इ** ચોક્કસ ઉમેરાય છે અને ગુણ વૃદ્ધિ થાય છે.
**દા.ત.** **चुर् = चोरित । दृ = दारित ।**

૩. સંપ્રસારણ થાય છે. (સંપ્રસારણ એટલે ધાતુની શરૂઆતના **य् ,व् , र् , ल्** ના સ્થાને **इ , उ , ऋ , लृ** મૂકવું)
**દા.ત.** **वस् = उषितः ।**

૪. ગતિ અર્થક ધાતુ, **पिब् , भुज्** અને અકર્મક ધાતુઓનું કર્મ ભૂ.કૃ. એ કર્ત.ભૂ.કૃ. તરીકે પણ વપરાય છે.

| **દા.ત.** કર્તરિ | કર્મણિ |
|---|---|
| **रामो ग्राममगच्छत्** | **रामेण ग्रामोऽगम्यत ।** |
| **रामो ग्रामं गतः** | **रामेण ग्रामो गतः** |
| **रामो ग्रामं गतवान्** | |

૫. કર્મનું વિશેષણ બનતાં તેના લિંગાદિ લાગે.
**દા.ત.** **अजेन घटाः कृताः ।**

૬. કર્મ. ભૂ. કૃ. ભાવે પ્રયોગમાં નપું. એ.વ.માં વપરાય.
**દા.ત.** **बालः सुप्तः । = बालेन सुप्तम् ।**

૭. હેત્વર્થ કૃદંતનો નિયમ ૪, પાઠ-૧૨ નો નિયમ ૩ લાગે છે. પરંતુ હ્રસ્વ કે દીર્ઘ **उ** - **ऋ** કારાંતમાં આ નિયમ લાગતો નથી.
**દા.ત.** **चल् = चलितः । नु = नुतः । भू = भूतः ।**
**कृ = कीर्णः । कृ = कृतः ।**

૮. (A) **र् - द्** અંતવાળા ધાતુમાં **त** ના બદલે **न** લાગે.
**દા.ત.** **शृ = शीर्णः । भिद् = भिन्नः ।**
(B) સંયુક્ત વ્યંજનવાળા ધાતુમાં બીજો વર્ણ અંતઃસ્થ હોય તથા એકસ્વરી અને **आ** કારાંત હોય તો **त** ના બદલે **न** લાગે.

દા.ત. ग्लै = ग्ला = ग्लानः ।

અપવાદ - ध्या , ख्या , मद् , માં त નો न ન થાય.

દા.ત. ध्यातः । मत्तः ।

(C) नुद् , विद् , उन्द् , त्रै , घ्रा , ह्री ધાતુમાં વિકલ્પે न લાગે

દા.ત. नुद् = नुन्नः / नुत्तः ।

૯. यम् , रम् , नम् , गम् , हन् , मन् , तन् , क्षण् , क्षिण् , ऋण् અને वन् માં અનુનાસિક લોપાય.

દા.ત. गम् = गतः । रम् = रतः । नम् = नतः ।

૧૦. નિયમ ૯ સિવાયના म् કે अन् અંતવાળા ધાતુઓમાં इ ન લાગે ત્યારે ઉપાંત્ય સ્વર દીર્ઘ થાય છે.

દા.ત. क्षम् = क्षान्तः । शम् = शान्तः ।

૧૧. ઉપાંત્ય અનુનાસિકવાળા ધાતુમાં इ ન લાગે ત્યારે અનુનાસિક લોપાય.

દા.ત. रञ्ज् = रक्तः । अञ्ज् = अक्तः ।

૧૨. शी, स्विद् (ગ. ૧), भिद् , क्ष्विद् અને धृष् એટલા જ્યારે इ લે છે ત્યારે તેમના સ્વરનો ગુણ થાય છે.

દા.ત. शी = शयित । धृष् = धर्षित ।

## ૪. કર્તરિ ભૂતકૃદંત

૧. (A) ધાતુને અંતે तवत् લગાડતાં આ કૃદંત બને છે.

દા.ત. गम् = गतवत् ।

(B) પુંલિંગમાં - कृतवत् ⟹ भगवत् પ્રમાણે

નપુંસકલિંગ - कृतवत् ⟹ जगत् પ્રમાણે

સ્ત્રીલિંગ - कृतवती ⟹ नदी પ્રમાણે

૨. કર્તાનું વિશેષણ બનવાથી કર્તાના લિંગાદિ લાગે.

દા.ત. रामो घटानकरोत् । = रामो घटान् कृतवान् ।

૩. કર્મ.ભૂ.કૃ. ને वत् લગાડવાથી પણ કર્ત.ભૂ.કૃ. બને છે.

દા.ત. कृत = कृतवत् ।

## ૫. વર્તમાન કર્મણિકૃદંત

૧. કર્મણિ, વ.કા.તૃ.પુ.બ.વ.ના રૂપમાંથી अन्ते નીકાળી मान લગાડતાં આ કૃદંત બને છે.

દા.ત. नीयन्ते = नीय + मानः = नीयमानः ।

૨. કર્મનું વિશેષણ બને. કર્તાને તૃતીયા લાગે.
<u>દા.ત.</u> **हरिणा नीयमानं घटं पश्यति ।**
(હરિવડે લઇ જવાતા ઘડાને તે જુએ છે.)

## ૬. વર્તમાન કર્તરિકૃદંત

૧. (A) કર્ત.તૃ.પુ.બ.વ. ના રૂપમાંથી **अन्ति** (પ.) અને **अन्ते** (આ.) નીકાળી તેના અંગને ક્રમશઃ **अत्** અને **मान** લગાડતાં આ કૃદંત બને છે.
<u>દા.ત.</u> **नयन्ति = नय + अत् = नयत् ।**
**वन्दन्ते = वन्द + मानः = वन्दमानः ।**
(B) ગણકાર્ય રહિત કાળમાં **मान** ને બદલે **आन** લાગે છે.

---

**दया मांसाशिनः कुतः ? - માંસભક્ષોમાં દયા કેવી ?**

**दंभात्कीर्तिश्रियोर्हानि । - દંભથી કીર્તિ ને લક્ષ્મીની હાનિ થાય છે.**

**चित्रा गति : कर्मणाम् । - કર્મોની ગતિ ન્યારી છે.**

**चिंतातुराणां न सुखं न निद्रा । - ચિંતાતુરને સુખ કે નિદ્રા ન હોય**

**चिन्तया नश्यते बुद्धिबलम् । - ચિન્તાથી બુદ્ધિ અને બળ નાશ પામે છે.**

આયડ તીર્થોદ્ધારક, વૈરાગ્યવારિધિ પ.પૂ.આ.ભ.

## શ્રી કુલચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની સાહિત્ય યાત્રા

૧. શ્રી કલ્પસૂત્ર-અક્ષરગમનિકા (પ્રતાકાર).
• ૨. શ્રી શ્રાદ્ધવિધિ પ્રકરણ-સંસ્કૃત (પ્રતાકાર)
• ૩. શ્રી આચારાંગ સૂત્ર-અક્ષરગમનિકા (પ્રથમ શ્રુતસ્કન્ધ)
• ૪. શ્રી આચારાંગ સૂત્ર-અક્ષરગમનિકા (દ્વિતીય શ્રુતસ્કન્ધ)
૫. શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર-અક્ષરગમનિકા (પ્રથમ શ્રુતસ્કન્ધ)
૬. શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર-અક્ષરગમનિકા (દ્વિતીય શ્રુતસ્કન્ધ)
૭. શ્રી શ્રાદ્ધ-જીત કલ્પ
૮. નવ્ય યતિ જીત કલ્પ
૯. શ્રી મહાનિશીથ સૂત્ર
૧૦. શ્રી પંચકલ્પ ભાષ્ય ચૂર્ણિ
• ૧૧. ન્યાયાવતાર-સટીક.
• ૧૨. મુહપત્તિ ચર્ચા. હિન્દી-ગુજરાતી
• ૧૩. શ્રી વિંશતિ વિંશિકા પ્રકરણ-સટીક.
• ૧૪. શ્રી વિંશતિ વિંશિકા પ્રકરણ-સટીક
• ૧૫. શ્રી માર્ગપરિશુદ્ધિ પ્રકરણ-સટીક
૧૬. સુલભ ધાતુ રૂપ કોશ.
૧૭. સંસ્કૃત શબ્દ રૂપાવલી.
• ૧૮. સંસ્કૃત અદ્યતનાદિ રૂપાવલી.
૧૯. સુબોધ સંસ્કૃત માર્ગોપદેશિકા (સંસ્કૃત બુક-૧)
૨૦. સુબોધ સંસ્કૃત મન્દિરાન્ત: પ્રવેશિકા (સંસ્કૃત બુક-૨)
• ૨૧. કર્મ નચાવત તિમહિ નાચત (ગુજરાતી)
• ૨૨. સુખી જીવનની માસ્ટર કી (ગુજરાતી)
• ૨૩. જીવથી શિવ તરફ (ગુજરાતી)
• ૨૪. તત્ત્વની વેબસાઇટ (ગુજરાતી)
• ૨૫. ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ (ગુજરાતી)
• ૨૬. કૌન બનેગા ગુરુગુણજ્ઞાની (ગુજરાતી)
૨૭. સુબોધ પ્રાકૃત વિજ્ઞાન પાઠમાલા (પ્રાકૃત બુક)
• ૨૮. જૈન ઇતિહાસ (હિન્દી)
૨૯. જૈન શ્રાવકાચાર (હિન્દી અને ગુજરાતી)
• ૩૦. જીવવિચાર એવં તત્ત્વજ્ઞાન (હિન્દી)
૩૧. ઓઘો છે અણમૂલો...(દીક્ષા ગીતોનો સંગ્રહ)
૩૨. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ ૧ (પોકેટ સાઇઝ)
૩૩. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ ૨ (પોકેટ સાઇઝ)
૩૪. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ ૩ (પોકેટ સાઇઝ)
૩૫. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ ૪ (પોકેટ સાઇઝ)
૩૬. શ્રી શ્રાદ્ધવિધિ પ્રકરણ (હિન્દી)
૩૭. તત્વાર્થાધિગમ સૂત્રમ ભાગ: ૧-૨,
(સ્વોપજ્ઞભાષ્ય શ્રી સિધ્ધસેનીય ટીકા સાથે)

• *નિશાનીવાળા પુસ્તકો અપ્રાપ્ય છે.*

આયડ તીર્થોદ્ધારક, વૈરાગ્યવારિધિ, પ.પૂ.આચાર્ય

## શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મ.સા. ની સાહિત્ય યાત્રા

૧. શ્રી કલ્પસૂત્ર-અક્ષરગમનિકા (પ્રતાકાર).
• ૨. શ્રી શ્રાદ્ધવિધિ પ્રકરણ-સંસ્કૃત (પ્રતાકાર)
• ૩. શ્રી આચારાંગ સૂત્ર-અક્ષરગમનિકા (પ્રથમ શ્રુતસ્કન્ધ)
• ૪. શ્રી આચારાંગ સૂત્ર-અક્ષરગમનિકા (દ્વિતીય શ્રુતસ્કન્ધ)
૫. શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર-અક્ષરગમનિકા (પ્રથમ શ્રુતસ્કન્ધ)
૬. શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર-અક્ષરગમનિકા (દ્વિતીય શ્રુતસ્કન્ધ)
૭. શ્રી શ્રાદ્ધ-જીત કલ્પ
૮. નવ્ય યતિ જીત કલ્પ
૯. શ્રી મહાનિશીથ સૂત્ર
૧૦. શ્રી પંચકલ્પ ભાષ્ય ચૂર્ણિ
• ૧૧. ન્યાયાવતાર-સટીક.
• ૧૨. મુહપત્તિ ચર્ચા. હિન્દી-ગુજરાતી
• ૧૩. શ્રી વિંશતિ વિંશિકા પ્રકરણ-સટીક.
• ૧૪. શ્રી વિંશતિ વિંશિકા પ્રકરણ-સટીક
• ૧૫. શ્રી માર્ગપરિશુદ્ધિ પ્રકરણ-સટીક
૧૬. સુલભ ધાતુ રૂપ કોશ.
૧૭. સંસ્કૃત શબ્દ રૂપાવલી.
• ૧૮. સંસ્કૃત અદ્યતનાદિ રૂપાવલી.
૧૯. સુબોધ સંસ્કૃત માર્ગોપદેશિકા (સંસ્કૃત બુક-૧)
૨૦. સુબોધ સંસ્કૃત મન્દિરાન્ત: પ્રવેશિકા (સંસ્કૃત બુક-૨)
• ૨૧. કર્મ નચાવત તિમહિ નાચત (ગુજરાતી)
• ૨૨. સુખી જીવનની માસ્ટર કી (ગુજરાતી)
• ૨૩. જીવથી શિવ તરફ (ગુજરાતી)
• ૨૪. તત્ત્વની વેબસાઇટ (ગુજરાતી)
• ૨૫. ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ (ગુજરાતી)
• ૨૬. કૌન બનેગા ગુરુગુણજ્ઞાની (ગુજરાતી)
૨૭. સુબોધ પ્રાકૃત વિજ્ઞાન પાઠમાલા (પ્રાકૃત બુક)
• ૨૮. જૈન ઇતિહાસ (હિન્દી)
૨૯. જૈન શ્રાવકાચાર (હિન્દી અને ગુજરાતી)
• ૩૦. જીવવિચાર એવં તત્ત્વજ્ઞાન (હિન્દી)
૩૧. ઓઘો છે અણમૂલો...(દીક્ષા ગીતોનો સંગ્રહ)
૩૨. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ ૧ (પોકેટ સાઇઝ)
૩૩. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ ૨ (પોકેટ સાઇઝ)
૩૪. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ ૩ (પોકેટ સાઇઝ)
૩૫. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ ૪ (પોકેટ સાઇઝ)
૩૬. શ્રી શ્રાદ્ધવિધિ પ્રકરણ (હિન્દી)
૩૭. તત્વાર્થાધિગમ સૂત્રમ ભાગ: ૧-૨,
(સ્વોપજ્ઞભાષ્ય શ્રી સિધ્ધસેનીય ટીકા સાથે)

• નિશાનીવાળા પુસ્તકો અપ્રાપ્ય છે.

RAJUL
© 25149863